સાપ્તાહિક · સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 18

■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ચૈત્ર વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૫ મે, ૨૦૨૪, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૬ થી ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભાજપ છે ત્યાં સુધી અનામતને કોઈ હાથ લગાડી શકવાનું નથીઃ અમિત શાહ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જ્યાં સુધી ભાજપ સરકાર છે ત્યાં સુધી અનામતને હાથ લગાવવાનો કોઈને અધિકાર નથી. આ અધિકાર એસસી, એસટી, ઓબીસી ભાઈનો છે, તેમની પાસેથી ક્યારે છીનવામાં આવશે નહીં એવું છોટાઉદેપુરમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહએ લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર જશુ રાઠવાની સભામાં જણાવ્યું હતું.

અમિત શાહએ વધુમાં જણાવ્યું હતું કે, હમણાં રાહુલબાબા એન્ડ કંપની કહે છે કે, મોદી વડા પ્રધાન બનશે તો અનામત જતી રહેશે અને રાહુલબાબા કોઈ સલાહકાર તો સારા રાખો, ૨૦૧૪માં ભાજપ પાસે બહુમતી હતી, ૨૦૧૯માં પણ બહુમતી હતી પરંતુ નરેન્દ્રભાઈએ એસી,એસ.ટી, ઓબીસીની અનામત હટાવવાનું કામ નથી કર્યું. તેમણે કૉંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, આપણી સામે કૉંગ્રેસ અને આઈએનડીઆઈએ ગઠબંધન ચૂંટણી લડી રહ્યું છે, ત્યારે તે જીતવાના તો છે નહીં, પરંતુ ભગવાન ન કરે અને તે જીતી જાય તો છોટાઉદેપુરની જનતાને પૂછવા માગું છું કે, વડા પ્રધાન પ્રધાન કોણ બનશે.

અમારો તો ચોખ્ખો હિસાબ છે કે, ભાજપ જીતશે એટલે મોદી વડા પ્રધાન બનશે. આ સાથે જ તેમણે કહ્યું કે અરે અકલના ઓથમિરો આ ભાગીદારી નથી, દેશ ચલાવવાનો છે. અમિત શાહે સભામાં કહ્યું હતું કે, તમે જશુભાઈને જે વોટ આપશો તે દિલ્હીમાં મોદીને વડા પ્રધાન બનાવવાનું કામ કરશે. નરેન્દ્ર મોદીએ ગુજરાતથી દેશ સુધી સુરક્ષા, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ, શિક્ષાનું કામ કર્યું છે.

## કાંદાની નિકાસની છૂટ અપાઈ, પણ લઘુતમ ભાવ નક્કી કર્યો

નવી દિલ્હીઃ સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ શનિવારે ઉઠાવી લીધો હતો, પરંતુ કાંદાની નિકાસનો લઘુતમ ભાવ ટન દીઠ ૫૫૦ ડૉલર નક્કી કર્યો હતો. સરકારે આ પગલું લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને લીધું હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

સરકારે કાંદાની નિકાસ પર ૪૦ ટકા ડ્યૂટી નાખવાની જાહેરાત શુક્રવારે મોડી રાતે કરી હતી.

અગાઉ, ભારતે કાંદાની નિકાસ પર ગયા વર્ષ (૨૦૨૩)ના ઑગસ્ટથી ૨૦૨૩ની ૩૧ ડિસેમ્બર સુધી ૪૦ ટકા ડ્યૂટી નાખી હતી.

વિદેશ વ્યાપારને લગતા ડિરેક્ટરેટ જનરલે જાહેરનામામાં જણાવ્યું હતું કે સરકારે કાંદાની નિકાસ

(જુઓ પાનું ૨) ▸▸

## લાસલગાંવ બજારમાં કાંદાના ભાવ વધ્યા

નાશિકઃ કેન્દ્ર સરકારે કાંદાની નિકાસ પરનો પ્રતિબંધ શનિવારે હટાવી લીધા બાદ મહારાષ્ટ્રના નાશિક જિલ્લાસ્થિત લાસલગાંવ બજારમાં કાંદાના ભાવમાં ક્વિન્ટલદીઠ સરેરાશ રૂ. ૨૦૦નો વધારો થયેલો જોવા મળ્યો હતો.

સરકારના આ નિર્ણયને કારણે ખેડૂતોને લાભ થશે, પરંતુ આની સાચી અસર તો સોમવારે જ્યારે બજાર ખૂલશે ત્યારે જ ખબર પડશે, એમ

(જુઓ પાનું ૨) ▸▸

## સાયબર ક્રાઈમ્સ રોકવા આંતરરાષ્ટ્રીય સહકાર જરૂરીઃ ચંદ્રચૂડ

કાઠમંડુઃ ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે શનિવારે જણાવ્યું હતું કે યુવાનોને લગતા સાયબરક્રાઇમ્સ (સાયબર-ગુના) રોકવા માટે આંતરરાષ્ટ્રીય સહકારની જરૂર છે. નેપાળના મુખ્ય ન્યાયાધીશ વિશ્વમ્ભરપ્રસાદ શ્રેષ્ઠના આમંત્રણને લીધે ચંદ્રચૂડ ત્રણ દિવસ નેપાળની મુલાકાતે ગયા છે. તેમણે બાળકો અને યુવાનોને લગતા ગુનાને સંબંધિત કાયદા અંગેના રાષ્ટ્રીય પરિસંવાદને સંબોધતા જણાવ્યું હતું કે દુનિયામાં સાયબર ટૅક્નોલૉજી ક્ષેત્રે ઝડપથી ક્રાંતિ આવી રહી છે અને યુવાનો હૅકિંગ, સાયબરબુલિંગ, ઓનલાઇન છેતરપિંડી, ડિજિટલ સતામણી જેવા સાયબરક્રાઇમ્સમાં વધુ ને વધુ સંડોવાઇ રહ્યા છે. આવા ગુના આચરનારી વ્યક્તિનું નામ જલદી જાહેર નથી થતું અને ડિજિટલ પ્લેટફૉર્મ્સ સરળતાથી ઉપલબ્ધ હોવાથી યુવાનો સાયબરક્રાઇમ્સ કરવા લલચાય છે.

તેમણે આ સંબંધમાં દાખલો આપતા જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ્સ દ્વારા ૨૦૧૯માં 'મોમો ચેલેન્જ' નામનું 'વાઇરલ હૉક્સ' ફેલાવાયું હતું અને તેમાં બાળકો તેમ જ યુવાનોને પોતાના શરીરને ઇજા પહોંચાડવા કે આત્મહત્યા કરવા પ્રેરવામાં આવતા હતા.

ચંદ્રચૂડે જણાવ્યું હતું કે ઘણી વેબસાઇટ દ્વારા બાળકો અને યુવાનોને ઉશ્કેરવામાં આવે છે. તેને રોકવા માટે યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. (એજન્સી)■

## વાવાઝોડું તીવ્ર બનતાં તાન્ઝાનિયામાં અંધારપટ

નૈરોબી : તાન્ઝાનિયાની ઊર્જા વિતરણ કરતી કંપનીએ શનિવારે જાહેરાત કરી હતી કે વાવાઝોડું હૈદયા આગળ વધી રહ્યું છે ત્યારે પાવર ગ્રીડની વિફળતાને લીધે દેશના મોટા ભાગમાં અંધારપટ છવાઈ ગયો છે. હવામાન ખાતાએ કહ્યું હતું કે વાવાઝોડું સમુદ્રતટ તરફ આગળ વધી રહ્યું છે. સમુદ્રતટના વિસ્તારો મિવારા અને લિન્ડીમાં ભારે વરસાદ અને જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. હવામાન ખાતાએ કહ્યું હતું કે તાન્ઝાનિયાના કમર્શિયલ હબ દારે સલામ પર વાવાઝોડાની માઠી અસર થઈ શકે.

(જુઓ પાનું ૨) ▸▸

## વડા પ્રધાન છઠ્ઠી મેના ઓડિશામાં

ભુવનેશ્વરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા એક સાથે લોકસભા અને વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે આગામી થોડા દિવસોમાં ઓડિશાની મુલાકાતે જવાના છે.

પાર્ટીના એક નેતાના જણાવ્યા મુજબ મોદી સવારે બેરહામપુર અને નબરંગપુર લોકસભા મતવિસ્તારમાં બે રાજકીય રેલીઓને સંબોધિત કરવાના છે. વિદેશ પ્રધાન એસ. જયશંકર પણ શનિવારથી રાજ્યની બે દિવસીય મુલાકાતે આવવાના છે. તે

(જુઓ પાનું ૨) ▸▸

## નિજ્જર હત્યાકેસઃ કૅનેડામાં ત્રણ ભારતીયની ધરપકડ

ઑટાવા/ન્યૂ યૉર્કઃ ખાલિસ્તાન અલગતાવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાને મામલે કૅનેડામાં ત્રણ ભારતીયની શુક્રવારે સવારે ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવતાં કૅનેડિયન વહીવટકર્તાઓએ કહ્યું હતું કે આ મામલે અમારી તપાસ હજુ પૂરી નથી થઈ ને આ હત્યામાં અન્ય લોકોની પણ ભૂમિકા છે. ધરપકડ કરાયેલા ભારતીયમાં કરણ બ્રાર (૨૨), કમલપ્રિત સિંહ (૨૨) અને કરણપ્રિત સિંહ (૨૮)નો સમાવેશ થાય છે. આ ત્રણે ઍડમૉન્ટનના રહેવાસી છે અને તેમના પર હત્યા તેમ જ હત્યાનું કાવતરું ઘડી કાઢવાના આરોપ મૂકવામાં આવ્યા છે. તપાસકર્તાઓનું માનવું છે કે નિજ્જરની હત્યા સાથે સંકળાયેલી હોવાનું મનાતી ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી ટુકડીના આ ત્રણે કથિત સભ્ય છે.

૪૫ વર્ષના નિજ્જરની ૧૮ જૂન ૨૦૨૩ના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેસ્થિત ગુરુદ્વારાની બહાર હત્યા કરવામાં આવી હતી. (એજન્સી)■

## આદિત્યનાથે કૉંગ્રેસની ઝાટકણી કાઢીઃ ચૂંટણીઢંઢેરામાં જજિયા કર, ગૌ હત્યાના મુદ્દાને ઉખેળતાં કહ્યું, ઔરંગઝેબનું શાસન

ભોપાલઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે કહ્યું હતું કે કૉંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં (મધ્યયુગીન ભારતમાં બિનમુસ્લિમો પર લાદવામાં આવેલો) જજિયા કર અને ગો હત્યાને પ્રોત્સાહન આપવાની વાત કરવામાં આવી છે અને તેની સરખામણી ક્રૂર મોગલ શાસક ઔરંગઝેબની સાથે કરી હતી. તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે કૉંગ્રેસ એસસી, એસટી અને ઓબીસી વર્ગનો અનામતનો લાભ છીનવી લેવા માગે છે અને પોતાની 'વોટ બૅન્ક'ને આપવા માગે છે.

ગુના લોકસભા મતદારસંઘના અશોકનગરમાં ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાના પ્રચાર માટે આયોજિત જંગી રેલીને સંબોધતાં તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વને બિરદાવતાં કહ્યું હતું કે ગરીબો માટે કલ્યાણની યોજનાઓ લાવ્યા છે અને દેશના માનમાં વધારો કર્યો છે. તમે ક્રૂર મોગલ શાસક ઔરંગઝેબનું નામ તો સાંભળ્યું હશે. સારા મુસ્લિમ પરિવારો પોતાના સંતાનોના નામ તેમના પરથી પાડતા નથી. તેણે જજિયા કર લાદ્યો હતો. તે શું હતું? અત્યારે કૉંગ્રેસવાળા જે ઈનહેરિટેન્સ ટેક્સની વાત કરે છે તે જ હતું, એવો દાવો આદિત્યનાથે કર્યો હતો.

બીજી તરફ વડા પ્રધાન મોદી કહે છે કે ઐતિહાસિક વારસાનું સન્માન કરવું જોઈએ. આપણી અયોધ્યામાં રામ મંદિર માટેની ચળવળ પાંચસો (૫૦૦) વર્ષથી ચાલતી હતી અને લાખો લોકોએ પોતાનું બલિદાન આપ્યું હતું. ઐતિહાસિક વારસાને સન્માન આપવાની વાત જવા દો, કૉંગ્રેસ તો તમારા પૂર્વજો જે સંપત્તિ આપીને ગયા છે તેના પર વેરો લગાવવાની વાત કરી રહી છે. રાહુલ ગાંધી કહે છે કે તેમની પાર્ટી સત્તામાં આવશે તો તેઓ તમારી પ્રોપર્ટીનો એક્સ-રે કાઢશે અને તેમાંથી અડધી સંપત્તિ છીનવી લેશે અને તેને કહેશે વિરાસત વેરો (ઈનહેરિટેન્સ ટેક્સ). શું તમે જજિયા વેરો આપવા માગો છો? કોઈ ભારતીય આ બાબતનો સ્વીકાર કરી શકે નહીં. તેમણે કૉંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની વધુ ટીકા કરતાં કહ્યું હતું કે આ પાર્ટી અનુસૂચિત જાતી, અનુસૂચિત જનજાતી અને ઓબીસી સમાજના અનામતના લાભ છીનવીને તેને પોતાની વોટ બૅન્કને આપવા માગે છે. જેવી રીતે તેમણે આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં કર્યું છે. આદિત્યનાથે એવો દાવો કર્યો હતો કે કૉંગ્રેસ દેશમાં લઘુમતી કોમને ખાવા-પીવાનું બધું જ સ્વાતંત્ર્ય આપવા માગે છે અને તેને ગો હત્યા અને ગોમાંસના સેવનની સાથે તેને સાંકળ્યું હતું.

શું લઘુમતી કોમની ખાદ્ય આદતો બહુમતી કરતાં અલગ છે? સામાન્ય ખાદ્ય આદતો તો સમાન છે, પરંતુ બહુમતી સમાજ ગોમાંસનું સેવન કરતો નથી અને ગૌ હત્યાનો વિરોધ કરે છે. હવે કૉંગ્રેસ એટલી નીચલા સ્તરે જતી રહી છે કે તે ગો હત્યાને સમર્થન આપી રહી છે, એવો આક્ષેપ આદિત્યનાથે કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે આ એ કૉંગ્રેસ નથી જેણે આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો. શું તમે આવા પાપમાં સહભાગી થવા માગો છો? રામ અને કૃષ્ણની ધરતી પર ગો હત્યા થશે? (પીટીઆઈ)■



**અકસ્માતઃ** મસૂરીમાં શનિવારે ડ્રાઈવરે કાર પરનો અંકુશ ખોતાં થયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા પાંચ જણનાં મોત થયા હતા. અકસ્માત અંગે તપાસ કરી રહેલા પોલીસ અધિકારીઓ. (એજન્સી)

## રાષ્ટ્રની પ્રગતિમાં નિવૃત્ત સૈનિકોની ભૂમિકાને ઉજાગર કરવા માટે આઠ મેએ સમિટનું આયોજન

નવી દિલ્હીઃ રાષ્ટ્રની પ્રગતિમાં ચાલક બળ તરીકે લશ્કરી અનુભવીઓની ક્ષમતાઓ, અનુભવ અને કૌશલ્યોને પ્રકાશિત કરવાના ઉદ્દેશ્ય સાથે આર્મી વેલ્ફેર પ્લેસમેન્ટ ઓર્ગેનાઈઝેશન (એડબલ્યુપીઓ) આઠ મેના રોજ એક સમિટનું આયોજન કરશે.

એક સૈન્ય અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે આ ઇવેન્ટ નિવૃત્ત સૈનિકો રાષ્ટ્ર માટે વિકાસના એન્જિન તરીકે કેવી રીતે સેવા આપી શકે છે તેની વ્યાપક સમજ પૂરી પાડવા માટે છે, તે રાષ્ટ્રની પ્રગતિમાં ચાલક બળ તરીકે લશ્કરી નિવૃત્ત સૈનિકોની ક્ષમતાઓ, અનુભવ અને કૌશલ્યોને પ્રકાશિત કરશે.

કોર્પોરેટ નેતાઓ, લશ્કરી નિવૃત્ત સૈનિકો, અગ્રણી ઉદ્યોગ હસ્તીઓ અને અનુભવી ઉદ્યોગ સાહસિકોની સહભાગિતા સાથે, સમિટનો ઉદ્દેશ્ય તાલીમ, અભિગમ અને તૈયારીમાં નડતા અંતરને દૂર કરવાનો છે, જે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં અનુભવી સૈનિકો માટે નોંધપાત્ર યોગદાન આપવાનો માર્ગ મોકળો કરશે, તેવું સેનાએ જણાવ્યું હતું.

આ સમિટ ત્રણ મુખ્ય થીમ પર કેન્દ્રિત હશે - પીઢ સૈનિકોની સંભવિતતા અને અનુભવનો ઉપયોગ, જાહેર અને ખાનગી ક્ષેત્રની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી કૌશલ્યો અને ભારતનાં વિકાસમાં અનુભવીઓ માટે તકોનું અનાવરણ.

દર વર્ષે વ્યાવસાયિકતા, નેતૃત્વ, તકનીકી અને વ્યવસ્થાપક ક્ષમતાઓને વ્યાપક તાલીમ દ્વારા સાવચેતીપૂર્વક સન્માનિત કરવામાં આવેલા

લગભગ ૬૦,૦૦૦ નિપૂણ સૈનિકો સેવામાંથી નિવૃત્ત થયા છે. સેનાએ કહ્યું કે તેણે છેલ્લા બે વર્ષમાં તેના પ્લેસમેન્ટમાં ૩૦ ટકાનો વધારો દર્શાવ્યો છે. તાજેતરના બલ્ક પ્લેસમેન્ટમાં ભારતીય રેલવેમાં ૩,૦૦૦, ફ્રેઇટ કોરિડોરમાં ૧,૨૦૦ અને બિહાર પોલીસ માટે આશરે ૩,૨૦૦ ડ્રાઇવરોનો સમાવેશ કરાયો છે. ■

## માજી વડા પ્રધાન દેવ ગોવડાના દીકરાની અપહરણ કેસમાં ધરપકડ

બેંગલૂરુઃ કર્ણાટક જનતા દળ (એસ)ના વિધાનસભ્ય અને ભૂતપૂર્વ વડા પ્રધાન એચ. ડી. દેવ ગોવડાના દીકરા એચ. ડી. રેવન્નાની એક અપહરણના કેસમાં શનિવારે ધરપકડ કરાઇ હતી.

અગાઉ, અહીંની એક અદાલતે તેમની આગોતરા જામીન નકારી હતી અને તેને પગલે ખાસ તપાસ ટુકડીએ એચ. ડી. રેવન્નાની ધરપકડ કરી હતી.

એક મહિલાના અપહરણના સંબંધમાં ભૂતપૂર્વ પ્રધાન એચ. ડી. રેવન્ના અને તેમના સાથી સતીશ બબન્નાની સામે મૈસુરમાં ગુરુવારે કેસ નોંધાયો હતો.

એચ. ડી. રેવન્નાને પદ્મનાભનગર ખાતેના તેમના પિતા એચ. ડી. દેવ ગોવડાના નિવાસસ્થાનેથી પકડવામાં આવ્યા હતા. એક મહિલાના દીકરાએ ફરિયાદ કરી હતી કે ભાજપ અને જનતા દળ (એસ)ના લોકસભાની હસન બેઠકના સંયુક્ત ઉમેદવારે પ્રજ્વલ રેવન્ના દ્વારા મારી માતાની જાતીય સતામણી કરાઇ હતી. આ પ્રકરણમાં બબન્નાની પણ ધરપકડ કરાઇ હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આ મહિલા પ્રજ્વલ રેવન્નાની સામે જુબાની આપી ન શકે, તે માટે તેનું અપહરણ કરાયું હોવાની ફરિયાદ છે.

રેવન્ના પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૪ (એ) (નાણાં પડાવવા માટે અપહરણ કરવું વગેરે), ૩૬૫ (વ્યક્તિને ખોટી રીતે કબજામાં રાખવા માટે તેનું અપહરણ કરવું) અને ૩૪ હેઠળ આરોપ મુકાયા હતા.

રેવન્નાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે ખાસ અદાલતની સમક્ષ આગોતરા જામીન અરજી કરી હતી, પરંતુ કોર્ટે અરજી નકારી કાઢી હતી.

રેવન્નાના વકીલે અદાલતે જણાવ્યું હતું કે મારા અસીલ ખાસ તપાસ ટુકડીને સહકાર આપવા તૈયાર છે. આમ છતાં, સરકારી વકીલે આગોતરા જામીન અરજીની સામે વાંધો ઉઠાવ્યો હતો.

પોલીસે અપહરણ કરાયેલી આ મહિલાને શનિવારે ઉગારી લીધી હતી.

દેવ ગોવડાના ૩૩ વર્ષીય પૌત્ર પ્રજ્વલે અનેક મહિલાની જાતીય સતામણી કરી હોવાનું દર્શાવતી વીડિયો ક્લિપિંગ્સ ફેલાતા આ આખું પ્રકરણ બહાર આવ્યું હતું. જનતા દળ (એસ)એ પ્રજ્વલને પક્ષમાંથી તાજેતરમાં સસ્પેન્ડ પણ કર્યો હતો. (એજન્સી)■

### યુવતી પર બળાત્કારનો પ્રયાસ

## મેઘાલયમાં ટોળાં દ્વારા બે જણની હત્યા

શિલોંગઃ મેઘાલયના વાયવ્ય ખાસી હિલ જિલ્લામાં ૧૮ વર્ષની યુવતી પર બળાત્કારનો પ્રયાસ કરવા બદલ ટોળાંએ બે વ્યક્તિની હત્યા કરી હોવાનું પોલીસે શનિવારે કહ્યું હતું.

જિલ્લા વડામથક માઈરાન્ગ નજીક નોન્ગથલ્યૂ ગામ ખાતે શુક્રવારે બપોરે આ ઘટના બની હોવાનું પોલીસે કહ્યું હતું.

યુવતીએ આક્ષેપ કર્યો હતો કે તે ઘરમાં એકલી હતી ત્યારે આ બંનેએ ચાકુથી હુમલો કરી મારા પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો હતો. મારી ચીસો સાંભળીને પડોશીઓ દોડી આવ્યા હતા અને બંનેને પકડી લીધા હતા, એમ તેણે કહ્યું હતું. ત્યાર બાદ ટોળું બંનેને નજીકના કમ્યુનિટી હૉલમાં લઈ ગયું હતું અને તેમના પર હુમલો કર્યો હતો. જુદી જુદી હૉસ્પિટલમાં સારવાર દરમિયાન બંનેનું મૃત્યુ થયું હોવાનું પોલીસે કહ્યું હતું. ઘટનાને મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

## કેરળના બાર જિલ્લા માટે યલો એલર્ટ જારી કરાયું

તિરુવનંતપુરમઃ ભારતીય હવામાન વિભાગે શનિવારે કેરળના ૧૪માંથી ૧૨ જિલ્લા માટે છઠ્ઠી મે સુધી હિટ વેવ અને ભેજની સંભાવનાને કારણે યલો એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે પલક્કડમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ, કોલ્લમ, થ્રિસુર અને કોઝિકોડમાં લગભગ ૩૮ ડિગ્રી સેલ્સિયસ, અલપ્પુઝા, કોટ્ટાયમ, પથનમથિટ્ટા અને કન્નુર જિલ્લામાં ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને થિઅન્તકુહાલમ, મલપ્પુરમ અને કાસરગોડ જિલ્લા છઠ્ઠી મે સુધી ૩૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

યલો એલર્ટમાં જણાવાયું હતું કે ઉચ્ચ તાપમાન અને ભેજને કારણે ચોથી મે થી છઠ્ઠી મે દરમિયાન પર્વતીય વિસ્તારો સિવાય આ જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે. તેણે અલાપ્પુઝા અને કોઝિકોડ જિલ્લાઓ માટે શનિવારે પણ ત્યાં ગરમ રાત્રિની સ્થિતિની સંભાવનાને કારણે યલો એલર્ટ જારી કર્યું છે. કેરળ ઘણા દિવસોથી ગરમ હવામાનની સ્થિતિમાં છે, જેના કારણે કેરળમાં શૈક્ષણિક સંસ્થાઓ છઠ્ઠી મે સુધી બંધ રાખવામાં આવી છે.

વધુમાં, સરકારે કેટલાક નિર્દેશો પણ જારી કર્યા છે જેમાં બાંધકામ કામદારો, ખેડૂતો, ફેરિયાઓ વગેરે દ્વારા સવારે ૧૧ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી તડકામાં કામ કરવાનું ટાળવાનો સમાવેશ થાય છે. દરેકને દિવસના આ કલાકો દરમિયાન સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાનું ટાળવા અને સતત પાણી પીવાની સલાહ આપવામાં આવી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૫-૫-૨૦૨૪ થી તા. ૧૧-૫-૨૦૨૪

ગ્રહગોચરઃ આ સપ્તાહમાં સૂર્યનારાયણ મેષ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સમ ગતિએ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. સપ્તાહમાં માર્ગી બુધ મીન રાશિમાં તેજ ગતિએ ભ્રમણ કરે છે. બુધ મેષ રાશિમાં તા.૧૦મીએ પ્રવેશે છે. ગુરુ વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. સમગ્ર સપ્તાહમાં માર્ગી શુક્ર મેષ રાશિમાં સમ ગતિએ ભ્રમણ કરે છે. સમગ્ર સપ્તાહમાં શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર મીન રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૬મીએ મેષમાં તા. ૮મીએ વૃષભમાં, તા. ૧૦થીએ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામજાજમાં અનુકૂળ રહે છે. નવા રોકાણની તક મેળવશો. સપ્તાહનાં અંતે તેજીનો વેપાર શક્ય છે.નોકરીમાં પરિવર્તનો આવશે. તા.૭, ૮, ૧૦ સફળતા દર્શાવે છે. નાણાંની વસૂલી એકાંતરે સફળતાથી પૂર્ણ થશે. મહિલાઓ સ્વાસ્થ્યની અનુકૂળતા તથા કામકાજ પ્રગતી જોશે. મિત્રોની મદદ મળે. વિદ્યાર્થીઓ અપેક્ષિત સફળતા મળવાથી આત્મ વિશ્વાસ અનુભવશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપારથી ણાણાં લાભ મેળવશો.વર્તમાન પોર્ટફોલિઓમાં વધુ શેરનાં ઉમેરા થશે.નોકરીમાં તા.૬૭,૮,૧૧ અનુકૂળતા જણાશે. કામકાજમાં, પ્રવાસમાં, સફળતા મેળવશો. અકારણ નાણાં ખર્ચ તાળવા જરૂરી છે.મહિલાઓનો સપ્તાહનો નાણાં ખર્ચનો વિચાર સફળ બની શકશે.સબંધીઓ પ્રસંગોમાં ઉપયોગી થશે.વિદ્યાર્થીઓ અદ્યયનમાં સરળતા અનુભવશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપારથી લાભ થાય. નૌકરી માં તા.૬.૭.૧૦ સફળતા જણાશે.નાણાં ઉઘરાણી માટનો પ્રવાસ સફળ રહેશે.નવા કામકાજનો પ્રારંભ ગોચર ફળ દર્શાવે છે.જુના કોર્ટ કાયદાનાં પ્રશ્નનો ઉકેલ આવશે.નોકરીમાં મહિલાઓને સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.નવાં કામકાજનો પ્રારંભ થશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અદ્યયનમાં નિયમિત રહેશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાનાં વેપારમાં લાભ થશે. ઈચ્છિત રોકાણ થાય.તા.૫,૬,૯ નોકરી ક્ષેત્રે સફળતા દર્શાવે છે.મિલકતનાં નિર્ણય લઇ શકશો.નવાં કામોનો પ્રારંભ થઇ શકશે.નાણાંની આવક જણવાશે.સ્થળાંતર થાય.મહિલાઓને પતિનો સહયોગ સમસ્યાનાં ઉકેલ માટે પ્રાપ્ત થશે.નોકરી ક્ષેત્રે સફળતા જણાશે. વિદ્યાર્થીઆનો સહપરિવાર પ્રવાસ સફળ જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની તક મેળવશો. નોકરીનાં કામકાજ સફળ બની રહેશે.પ્રવાસ દ્વારા નોકરીમાં કામકાજ સફળ બની રહેશે.મિલકતનાં નિર્ણયો લઇ શકશો. મહિલાઓને મિલકતની ખરીદીમાં સરળતા જણાશે.વિદ્યાર્થીઓનો સપ્તાહનો પ્રવાસ શૈક્ષણિક પ્રવાસ સફળ બની રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર સાપ્તાહિક વેપાર સફળ રહેશે.તા.૫,૬,૧૧ નાં કામોમાં યશ મેળવશો.નવી નોકરીનો પ્રારંભ થશે.ભાગીદાર સાથેનાં વિવાદોનો ઉકેલ આવશે. નાણાં આવકનાં નવાં સાધનો મેળવશો. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ દઢ બનશે.ગૃહિણીઓનાં પ્રાસંગિક કામો સપ્તાહમાં સંપન્ન થાય. વિદ્યાર્થીઓના અભ્યાસનાં નિર્ણયો સફળ પુરવાર થશે. સંશોધન ક્ષેત્રે સફળ રહેશો.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતી અપનાવી શકશો. નોકરીમાં સફળતાનો અનુભવ કરશો. નોકરીમાં અધિકારીનો સહારો મેળવશો. કાર્યક્ષેત્રે યશ મેળવશો. મિત્રોનો સાથ સહકાર મેળવશો. મહિલાઓનાં પ્રાસંગિક જવાબદારીનાં કામકાજ સ્વપ્રયત્ને સફળ રહેશે.વિદ્યાર્થીઓનાં અભ્યાસમાં સફળ બની રહેશે.મિત્રા સાથેનાં વિવાદો દૂર થશે

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક, સાપ્તાહિક વેપાર લાભહદાયી પુરવાર થશે. તા.૬,૭ ૧૦નાં નોકરીનાં કામકાજ સફળ બની રહેશે.પ્રવાસ દ્વારા વેપારનાં કામકાજ ઉપયોગી બની રહેશે. નવાં કામકાજનાં નિર્ણયો યશસ્વી બની રહેશે.મહિલાઓને સગાસબંધીઓમાં યશસ્વીપણાનો અનુભવ થશે. સ્વાસ્થ્ય જાળવણી માટેની સતર્કતા ઉપયોગી બની રહેશે. કુટુંબીજનોનો સહયોગ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની તક પ્રાપ્ત કરશો.તા.૮,૯,૧૦ નોકરી માટે ઉપયોગી બની રહેશે. વાહન મિલકતનાં નિર્ણયો ઉપયોગી પુરવારથશે. નવી ખરીદી સફળ બની રહેશે.કાર્ય ક્ષેત્રે મહિલાઓને સફળતાનો અનુભવ થશે. સહપરિવાર પ્રવાસ સપ્તાહમાં શક્ય જણાય છે.કુટુંબીજનોમાં યશસવી બનશો. વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયમિતપણે જળવાયી રહેશે. સહ અદ્યાયીઓમાં યશ મેળવશો.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવાં રોકાણનીતક મેળવશો.તા.૫,૬,૧૧નાં કારોબારમાં યશ મેળવશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. વાહન, મિલકત, સગવડતાનાં સાધનોની ખરિદી સફળ બની રહેશે.ભાઇઓ સાથેનાં નાણાં વ્યવહાર સંપન્ન થશે. મહિલાઓ સગાં સબંધીઓમાં યશ મેળવશો.વિદ્યાથીઓના અભ્યાસનાં કામકાજ નિયમિત પણે જળવાઈ રહેશે. સ્વાસ્થ્ય જાળવણી માટેનાં પ્રયત્નો સફળ બની રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં કામકાજથી લાભ થશે. મિલકતનાં અયોજનો થઇ શકશે. નવી નોકરીનો પ્રારંભ થશે. નાણાંની અનુકૂળતાઓ અનુભૂવશો. કાર્યક્ષેત્રે સરળતા અનુભવશો.મહિલાઓનાં ભાઇ બહેનો સાથેનાં મતભેદો દૂર થશે. સહપરિવાર યાત્રા સફળ નીવડશે. વિદ્યાર્થીઓના અભ્યાસ નિયમિત જળવાઇ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે.નોકરીનાં અધિકારીનો સહયોગ મેળવશો.સામાજિક જીવનમાં યશ મેળવશો.નાણાંની આવક જળવાશે. નવાં નાણાં આવકનાં સાધનો મેળવશો મહિલાઓનો ભાઇ બહેનોમાં સંપ જળવાશે. કુટુંબના પ્રસંગો સફળતાથી ઉજવી શકશો. વિદ્યાર્થીઓનાં અભ્યાસનાં નિર્ણયોસફળ પુરવાર થશે.જરુરી સાધનો મેળવી શકશો.

## આજનું પંચાંગ

### (ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), રવિવાર, તા. ૫-૫-૨૦૨૪ પ્રદોષ.

ભારતીય દિનાંક ૧૫, માહે વૈશાખ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૧૨
જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૧૨
પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
મીસરી રોજ ૨૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૧૯-૫૬ સુધી, પછી રેવતી.
ચંદ્ર મીનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૯, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતી : સવારે ક.૦૮-૫૩, રાત્રે ક. ૨૧-૦૯
ઓટઃ બપોરે ક. ૧૪-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૦ (તા.૫)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - દ્વાદશી. પ્રદોષ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ પ્રદોષ વ્રત ઉપવાસ, શિવ પાર્વતી પૂજા, રાત્રિ જાગરણ, નામ સંકીર્તન, ભજન, ભક્તિ સૂર્ય-શનિ ગ્રહે દેવતાનું પૂજન, અહિરબુધ્નયાય દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, લીમડાનું પૂજન, લીમડો વાવવો. સર્વશાંતિ-શાંતિ પોષ્ટિક પૂજા, પાટ અભિષેક પૂજા, બગીચો બનાવવો, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચડાવવી, શ્રી વિષ્ણુ સહસ્રનામ વાંચન, નવાં વસ્ત્રો, આભૂષણ. દુકાન-વેપાર, નોકરી, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડી.
આચમનઃ ચંદ્ર મંગળ ઉદ્યમી સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ શુક્ર ભરણી પ્રવેશ, ચંદ્ર મંગળ યુતિ.
ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન, માર્ગી બુધ-મીન, ગુરુ-વૃષભ, શુક્ર-મેષ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૫-૫-૨૦૨૪ થી તા. ૧૧-૫-૨૦૨૪

રવિવાર, ચૈત્ર વદ-૧૨, વિ. સં. ૨૦૮૦, તા. ૫મી મે, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૧૯-૫૬ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પ્રદોષ. પંચક,શુભ દિવસ.રાજ યોગ

સોમવાર, ચૈત્ર વદ-૧૩, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૭-૪૨ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૭-૪૨ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, પંચક સમાપ્તિ સાંજે ક. ૧૭-૪૨, , વિષ્ટિ બપોરે ક. ૧૪-૪૦ થી મધ્યરાત્રિ પછી ક.૨૫-૧૧. શુભ દિવસ.

મંગળવાર, ચૈત્ર વદ-૧૪, તા. ૭મી, નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૫-૩૧ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. દર્શ અમાસ, અન્વાધાન, મંગળ અશ્વિની અને મેષ રાશિ પ્રવેશ. મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી બપોરે ક. ૧૫-૩૧. શુભ કાર્ય વર્જ્ય છે.રાત્રિસુક્ત,દેવી સુક્ત શ્રી સુક્ત પાઠ ગુરુનો પશ્ચિમમાં અસ્ત,

બુધવાર, ચૈત્ર વદ-૩૦,તા. ૮મી મે, નક્ષત્ર ભરણી બપોરે ક. ૧૩-૩૩ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં રાત્રે ક. ૧૯-૦૬ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, શુભ કાર્ય વર્જ્ય છે,દેવ દામોદે તિથિ આસામ. કવિવર રવીન્દ્રનાથ ટાગોર જયંતી

ગુરુવાર, વૈશાખ સુદ-૧, તા. ૯મી નક્ષત્ર કૃત્તિકા સવારે ક. ૧૧-૫૪ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. વૈશાખ શુક્લ પક્ષ પ્રારંભ, ચંદ્રદર્શન ઉત્તર શૃંગોન્નતિ, બીજનો ક્ષય. શુભ દિવસ.

શુક્રવાર, વૈશાખ સુદ-૩, તા. ૧૦મી નક્ષત્ર રોહિણી સવારે ક. ૧૦-૪૬ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૨-૨૫ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. અખાત્રીજ, પરશુરામ જયંતી, મન્વાદિ, કલ્પાદિ, યુગાદિ, બદ્રીનાથ યાત્રા, બુધ મેષ રાશિમાં ક. ૧૮-૫૧. મુસ્લિમ ૧૧મો જિલ્કાદ શરૂ. મુહૂર્ત રાજ શ્રેષ્ઠ દિવસ હોઈ નવા મુહૂર્તો, દુકાન, વેપાર પ્રારંભ, નવા કામકાજના પ્રારંભ.

શનિવાર, વૈશાખ સુદ-૪, તા. ૧૧મી, નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૧૦-૧૪ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, શ્રી રામાનુજાચાર્ય જયંતી, ભદ્રા ક.૧૪.૨૦ થી ક.૨૬-૦૩ સૂર્ય કૃત્તિકા પ્રવેશ ક. ૦૭-૦૧. શુભ કાર્ય વર્જ્ય છે.

# મોદીએ ગોધરા ટ્રેન અગ્નિકાંડને યાદ કરીને વિપક્ષ પર તુષ્ટિકરણનો આક્ષેપ કર્યો

દરભંગા (બિહાર) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ૨૦૦૨ના ગોધરા અગ્નિકાંડને યાદ કરીને રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુ પ્રસાદ પર આક્ષેપ કર્યો હતો કે નસોનિયા મેડમથના શાસન વખતે તેમણે ૬૦ કારસેવકને જીવતા બાળી દેવા માટે જવાબદાર લોકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

ઉત્તર બિહારના દરભંગામાં જાહેર સભાને સંબોધતાં કહ્યું હતું કે તેમણે યાદ કર્યું હતું કે હું ગુજરાતનો મુખ્ય પ્રધાન હતો ત્યારે આ બનાવ બન્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે બિહારના નશાહજાદાથ (તેજસ્વી યાદવનો આડકતરો ઉલ્લેખ) ના પિતાએ આ તૃષ્ટિકરણ રાજકારણને લીધે ગોધરા ટ્રેનમાં લાગેલી આગ માટે જવાબદારને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ વખતે સોનિયા મેડમનું શાસન હતું એમ કહીને મોદીએ એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે સોનિયા ગાંધી યુપીએના અધ્યક્ષાં હતા.

મોદીએ કહ્યું હતું કે તકસીરવાર ઠરેલા (ઘાસચારા કૌભાંડમાં) લાલુ પ્રસાદ ત્યારે રેલવે પ્રધાન હતા અને તેમણે એક તપાસ સમિતિની રચના કરી હતી અને અહેવાલમાં જઘન્ય અપરાધ કરનારને નિર્દોષ જાહેર કરાયા હતા, પરંતુ અદાલતે એ અહેવાલ ફેંકી દીધો હતો. અનુસૂચિત જાતિ અને જનજાતિ તથા આદિવાસી ઈન્ડિયા બ્લોક તરફ ભ્રમ ધરાવતા હોવાથી વિરોધ પક્ષો તેમની અનામત લૂંટી લેવા માગે છે એવો આક્ષેપ મોદીએ કર્યો હતો. ઈન્ડિયા બ્લોક અનામત મુસ્લિમો તરફ વાળવા માગે છે. તેઓ બાબાસાહેબ આંબેડકર અને દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરૂના મંતવ્યો વિરૂદ્ધ આમ કરવા માગે છે. આ બન્ને મહાનુભાવો ધર્મના આધારે અનામત રાખવાના વિરોધી હતા.

અગ્નિપથ યોજના વિશે વાત કરતાં હિન્દુ-મુસ્લિમ વિચાર મૂકવા માટે તેમણે તેજસ્વી યાદવની ટીકા કરી હતી. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવનું નામ લીધા વિના તેમણે કહ્યું હતું કે દિલ્હીના શાહજાદા અને પટણાના શાહજાદા એમ માને છે કે દિલ્હી તેમની જાગીર છે. જ્યારે તેઓ સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલ ઉઠાવે કે લશ્કરી દળો માટે ખરાબ બોલે ત્યારે તેમની વિચારસરણી ઊઘાડી પડી જાય છે. (એજન્સી)

# ઇંદોરમાં કૉંગ્રેસના ઉમેદવારનું પગલું આશ્ચર્યજનકઃ સુમિત્રા મહાજન

ઇંદોરઃ લોકસભાનાં ભૂતપૂર્વ સ્પીકર સુમિત્રા મહાજને જણાવ્યું હતું કે ઇંદોરની બેઠક પરના કૉંગ્રેસના ઉમેદવારનું છેલ્લી ઘડીએ ઉમેદવારી પાછી ખેંચવાનું પગલું આશ્ચર્યજનક ગણાય. લોકતંત્રમાં મતદારોને પોતાના પ્રતિનિધિ ચૂંટવાનો અધિકાર મળવો જોઇએ.

ઇંદોરની બેઠક પરના કૉંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બામે ઉમેદવારી પાછી ખેંચવાના છેલ્લા દિવસ ૨૯ એપ્રિલે પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી અને ભાજપમાં જોડાયા હતા.

તેમણે જણાવ્યું હતું કે ઇંદોરમાં ભાજપના ઉમેદવારને હરાવવો મુશ્કેલ જ હતો, પણ કૉંગ્રેસના ઉમેદવારે છેલ્લી ઘડીએ પોતાની ઉમેદવારી શું કામ પાછી ખેંચી? તે મોટો સવાલ છે.

મધ્ય પ્રદેશના આર્થિક પાટનગર ઇંદોર ભાજપનો ગઢ ગણાય છે. સુમિત્રા મહાજને ૧૯૮૯થી સતત આઠ વખત આ બેઠકનું લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું.

'તાઇ' તરીકે લોકપ્રિય ૮૧ વર્ષીય સુમિત્રા મહાજને જણાવ્યું હતું કે ઉમેદવારીપત્ર ભર્યા પછી પીછેહઠ કરવી ન જોઇએ. મતદાનમાં કોઇ પણ ઉમેદવારને મત નહિ આપવાનો પણ વિકલ્પ 'નન ઑફ ધિ અબાઉ' છે.

ભાજપના ઉમેદવાર શંકર લાલવાણીએ ૨૦૧૯માં આ બેઠક પરથી કૉંગ્રેસના ઉમેદવાર પંકજ સંઘવીને ૫.૪૮ લાખ મતના તફાવતથી હરાવ્યા હતા. (એજન્સી)

# જે લોકો ભ્રષ્ટાચાર કરશે તેઓ પાંચ વર્ષમાં કાનૂની કાર્યવાહીનો સામનો કરશેઃ વડા પ્રધાન મોદી

સિસાઈ (ઝારખંડ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે એનડીએ સરકારે ભ્રષ્ટાચારી ચહેરાઓ પરનો નકાબ કાઢી નાખ્યો છે અને જે લોકો ભ્રષ્ટાચારમાં લિપ્ત હતા તે બધા આગામી પાંચ વર્ષમાં કાનૂની કાર્યવાહીનો સામનો કરશે.

જેલમાં બંધ થયેલા રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનનું નામ લીધા વગર તેમની ટીકા કરતાં મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસના નેતાઓ અને ઈન્ડી ગઠબંધનના લોકો ભ્રષ્ટાચારીઓના સમર્થનમાં રેલીઓ કાઢી રહ્યા છે.

ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભ્રષ્ટાચાર બદલ જેલમાં બંધ છે અને મોદી આગામી પાંચ વર્ષમાં ભ્રષ્ટાચારના દૂષણને ખતમ કરી નાખવા માટે કટિબદ્ધ છે. આગામી પાંચ વર્ષમાં ભ્રષ્ટાચારમાં લિપ્ત બધા જ લોકોને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે, એમ તેમણે લોહારડાગા લોકસભા બેઠક પર પ્રચાર રેલીમાં કહ્યું હતું.

ઈન્ડી ગઠબંધનના નેતાઓ ગળા સુધી ભ્રષ્ટાચારમાં લિપ્ત છે. તેઓ દિલ્હી અને રાંચીમાં રેલીઓ કાઢીને ભ્રષ્ટ લોકોને સમર્થન જાહેર કરી રહ્યા છે અને તેમાં તેમનું ખરું ચરિત્ર જાહેર થઈ રહ્યું છે, એમ વડા પ્રધાને કહ્યું હતું.

આદિવાસી જિલ્લા પછાત રહેવા માટે કૉંગ્રેસને દોષી ગણાવતાં તેમણે કહ્યું હતું કે યુપીએના ૨૦૦૪થી ૨૦૧૪ના શાસનકાળમાં અનાજ ગોદામોમાં સડી રહ્યું હતું અને બીજી તરફ આદિવાસી બાળકો ભૂખમરીને કારણે મૃત્યુ પામી રહ્યા હતા.

વડા પ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે આખી દુનિયામાં કોઈપણ વ્યક્તિ ગરીબોને મફત અનાજનું વિતરણ રોકી શકશે નહીં આ મોદીની ગેરેન્ટી છે.

મોદીએ કહ્યું હતું કે એનડીએ સરકારે સુનિશ્ચિત કર્યું છે કે ગરીબો ઈન્ટરનેટનો લાભ મેળવી શકે, જે યુપીએના શાસનકાળમાં ફક્ત અમીરો સુધી મર્યાદિત હતું. વડા પ્રધાને માઓવાદીઓ સામે વોટ બૅન્કની લાલસામાં કોઈ કાર્યવાહી ન કરવાની ટીકા કરી હતી. (પીટીઆઈ)

# ઇન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર પૂર અને ભૂસ્ખલનથી ૧૪નાં મોત

જકાર્તાઃ ઇન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર પૂર અને ભૂસ્ખલનને કારણે ૧૪ લોકોના મોત થયા હોવાનું અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. સ્થાનિક બચાવ એજન્સીના વડા મેક્સિયાનસ બેકાબેલે જણાવ્યું હતું કે દક્ષિણ સુલાવેસી પ્રાંતના લુવુ જિલ્લામાં ગુરુવારથી મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન થયું હતું. પૂરથી ૧૩ પેટા જિલ્લા પ્રભાવિત થયા છે. આ વિસ્તારમાં મોટા ભાગના સ્થળોએ પાણી અને કાદવ જોવા મળે છે. વરસાદને કારણે ૧,૦૦૦થી વધુ મકાનો પ્રભાવિત થયા છે, જેમાંથી ૪૨ મકાનો ધરાશાયી થયા છે.

શોધ અને બચાવ ટીમે રબર બોટ અને અન્ય વાહનોનો ઉપયોગ કરીને રહેવાસીઓને સલામત સ્થળે ખસેડ્યા હતા. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના પ્રવક્તા અબ્દુલ મુહરીએ શનિવારે જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારની બહાર ૧૦૦થી વધુ રહેવાસીઓને મસ્જિદો અથવા તેમના સંબંધીઓના ઘરોમાં ખસેડવામાં આવ્યા છે.

નોંધનીય છે કે ઇન્ડોનેશિયામાં મોસમી ધોધમાર વરસાદ વારંવાર ભૂસ્ખલન અને પૂરનું કારણ બને છે. એપ્રિલમાં મુશળધાર વરસાદને કારણે દક્ષિણ સુલાવેસી પ્રાંતના તાના તોરાજા જિલ્લામાં ભૂસ્ખલન થયું હતું અને ૨૦ લોકોના મોત થયા હતા.

# ઈડીએ યુટ્યુબર એલ્વિશ યાદવ અને અન્યો સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો

લખનઊઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ યુટ્યુબર સિદ્ધાર્થ યાદવ ઉર્ફે એલ્વિશ યાદવ અને કેટલાક અન્ય લોકો વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો છે. જેમાં તેણે પાર્ટીઓમાં માદક પદાર્થ તરીકે સાપના ઝેરનો શંકાસ્પદ ઉપયોગ કર્યો હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

કેન્દ્રીય એજન્સીએ ગયા મહિને ઉત્તર પ્રદેશમાં ગૌતમ બુદ્ધ નગર(નોએડા) જિલ્લા પોલીસ દ્વારા એલ્વિશ અને તેની સાથે જોડાયેલા અન્ય લોકો સામે દાખલ કરવામાં આવેલી એફઆઇઆર અને ચાર્જશીટની નોંધ લીધા પછી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ કેસ નોંધ્યો છે. સૂત્રોએ જણાવ્યું કે તપાસ દરમિયાન યાદવ અને આ કેસ સાથે જોડાયેલા અન્ય કેટલાક લોકોની પૂરપરછ કરવામાં આવશે. યાદવ દ્વારા કથિત રીતે આયોજિત પાર્ટીઓમાં માદક પદાર્થ તરીકે સાપના ઝેરના ઉપયોગની તપાસના સંદર્ભમાં નોએડા પોલીસે ૧૭ માર્ચે યાદવની ધરપકડ કરી હતી.

નોએડા પોલીસે રિયાલિટી શો 'બિગ બોસ ઓટીટી-૨'ના વિજેતા યાદવ(૨૬) વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ અને સાકોટ્રોપિક(એનડીપીએસ) એક્ટ, વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ અને ઇન્ડિયન પીનલ કોડ(આઇપીસી)ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. ગત વર્ષે ત્રણ નવેમ્બરના રોજ નોએડાના સેક્ટર ૪૯ પોલીસ સ્ટેશનમાં પ્રાણી અધિકાર એનજીઓ પીપલ ફોર એનિમલ્સ(પીએફએ)ના પ્રતિનિધિની ફરિયાદ પર નોંધાયેલી એફઆઇઆરમાં યાદવનું નામ છ લોકોમાં સામેલ હતું.

# અમેરિકાના હ્યુસ્ટનમાં ભારે તોફાનને પગલે પૂરની સ્થિતિ વધુ વણસવાનો ખતરો

હ્યુસ્ટનઃ અમેરિકાના હ્યુસ્ટનમાં વાવાઝોડાને પગલે આવેલા પૂરની સ્થિતિ વધુ ખરાબ થવાનો ખતરો તોળાતો હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ધસી આવે તે પહેલા ખાલી કરવાની ચેતવણી આપવામાં આવી હતી.

શુક્રવારે ત્રાટકેલા વાવાઝોડાં બાદ આગાહીકારોએ શનિવારે રાત્રે વધુ વરસાદની આગાહી કરી હતી. કુદરતી આફતનો સામનો કરી રહેલા પ્રદેશમાં વધુ ૧ થી ૩ ઇંચ પાણી ભરાશે અને મોટા પૂરની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. અધિકારીઓએ નીચાણવાળા વિસ્તારોના રહેવાસીઓને સ્થળાંતર કરવાની સૂચનાઓ બમણી કરી હતી. હજુ વધુ ખરાબ પરિસ્થિતિ ઊભી થવાની બાકી હોવાના સંકેત આપ્યા હતા. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા અનુસાર સ્પ્રિંગના ઉત્તરીય હ્યુસ્ટન ઉપનગરમાં શુક્રવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકના સમયગાળા દરમિયાન ૧૧ ઇંચ(૨૮ સેન્ટિમીટર) કરતાં વધુ વરસાદ પડ્યો હતો. હ્યુસ્ટનના સત્તાવાળાઓએ કોઇ મૃત્યુ કે ઇજાના અહેવાલ આપ્યા ન હતા. હ્યુસ્ટનના મેયર જહોન વ્હાઇટમારે જણાવ્યું હતું કે સાન જેકિન્ટો નદીમાંથી વધતા પૂરના પાણી શુક્રવાર અને શનિવારના અંતમાં કિંગવુડને અસર કરે તેવી સંભાવના છે.

# આપના પ્રચાર ગીતને ચૂંટણી પંચની મંજૂરી

નવી દિલ્હીઃ દિલ્હીના સીઇઓ કાર્યાલયે આમ આદમી પાર્ટી(આપ)ના લોકસભા ચૂંટણી પ્રચાર ગીતમાં સંશોધન બાદ તેને મંજૂરી આપી દીધી છે. અધિકારીઓએ શુક્રવારે આ જાણકારી આપી હતી. ગીત લખનાર અને કંઠ આપનાર આપ ધારાસભ્ય દિલીપ પાંડેએ ગીતને મંજૂરી મળી ગઇ હોવાની પુષ્ટિ કરી છે.

આમ આદમી પાર્ટીએ ૨૮ એપ્રિલે દાવો કર્યો હતો કે ચૂંટણી પંચે તેના પ્રચાર ગીત 'જેલ કા જવાબ વોટ સે દેંગે' પર પ્રતિબંધ લગાવી દીધો છે. જો કે દિલ્હી ચૂંટણી સંસ્થાના અધિકારીઓએ જણાવ્યું હતું કે આપને ગીતની સામગ્રીમાં ફેરફાર કરવા માટે કહેવામાં આવ્યું હતું કારણ કે તે ચૂંટણી પંચના માર્ગદર્શિકા અને જાહેરાત કોડનું ઉલ્લંઘન કરે છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે પક્ષે ફેરફાર કર્યા પછી મુખ્ય ચૂંટણી અધિકારી(સીઇઓ)ની ઓફિસમાં તેની દરખાસ્ત ફરીથી સબમિટ કરી હતી. જેના પગલે ગીતને મંજૂરી આપવામાં આવી હતી. આ ગીત ગયા મહિને રિલીઝ થયું હતું. એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં પાંડેએ કહ્યું કે સત્ય પરેશાન થઇ શકે છે, હરાવી શકાય નહીં! 'જેલ કા જવાબ વોટ સે' એ આપનું એક પ્રચાર ગીત નથી પરંતુ તે લોકોના મનમાં ચાલી રહેલી ભાવનાનો સાર છે. તેથી જ આખરે સત્યનો વિજય થયો અને ચૂંટણી પંચે સત્યમેવ જયતેના પ્રચાર ગીતને મંજૂરી આપી. દિલ્હી સીઇઓની ઓફિસના સૂત્રોએ જણાવ્યું હતું કે ગીત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી પરંતુ આપને કેબલ ટેલિવિઝન નેટવર્ક નિયમો ૧૯૯૪ હેઠળ નિર્ધારિત જાહેરાત કોડ્સ અને પત્ર દ્વારા પ્રસારિત કરાયેલ ચૂંટણી પંચની માર્ગદર્શિકા/ધારાધોરણો અનુસાર અમુક ફેરફારો સાથે તેની દરખાસ્ત ફરીથી સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું.

## પહેલા પાનાનું ચાલુ

### લાસલગાંવ બજારમાં

એપીએમસીના અધ્યક્ષ બાળાસાહેબ ક્ષિરસાગરે કહ્યું હતું. ખેડૂતોનું કહેવું છે કે નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લેવાનો નિર્ણય યોગ્ય છે, પરંતુ તે ઓછામાં ઓછો એક વર્ષ સુધી અમલમાં રહેવો જોઈએ.

એક્સપોર્ટ પરનો કરવેરો ખેડૂતોનો નફો ખાઈ જશે, એમ અન્ય એક ખેડૂતે કહ્યું હતું. કાંદાની નિકાસ પર મુકવામાં આવેલા પ્રતિબંધને કારણે થયેલું નુકસાન કોણ વેઠશે, એવો પ્રશ્ન ખેડૂતોએ કર્યો હતો. લાસલગાંવસ્થિત એગ્રીકલ્ચર પ્રોડ્યૂસ માર્કેટ કમિટી (એપીએમસી)ને ભારતમાં કાંદાની સૌથી મોટી હોલસેલ બજાર માનવામાં આવે છે. લોકસભાની ચૂંટણી ચાલી રહી હોવા વચ્ચે સરકારે શનિવારે કાંદાની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો હતો, પરંતુ કાંદાની નિકાસ પરની મિનિમમ એક્સપોર્ટ પ્રાઈસ (એમઈપી) પ્રતિટન ૫૫૦ ડૉલર મુકરર કરી હતી. શુક્રવારે રાતે સરકારે કાંદાની નિકાસ પર ૪૦ ટકા કરવેરો લાદ્યો હતો. (એજન્સી)

### કાંદાની નિકાસની

પરનો પ્રતિબંધ તાત્કાલિક ઉઠાવી લીધો છે અને નિકાસ કરાતી ડુંગળીનો લઘુતમ ભાવ મેટ્રિક ટન દીઠ ૫૫૦ ડૉલર નક્કી કર્યો છે. આ આદેશનો અમલ ભાવિ સૂચના સુધી ચાલુ રહેશે.

અગાઉ, કેન્દ્ર સરકારે કાંદાની નિકાસ પર ચાલુ વર્ષની ૩૧ માર્ચથી પ્રતિબંધ મૂક્યો હતો. કેન્દ્રના કૃષિ મંત્રાલયે કાંદાના ઉત્પાદનના આંકડા જાહેર કર્યા હતા. ડુંગળીનું ૨૦૨૩-૨૦૨૪માં ઉત્પાદન ૨૫૪.૭૩ લાખ ટન થવાનો પ્રાથમિક અંદાજ છે. ગયા વર્ષે આ સમયગાળા દરમિયાન કાંદાનું ઉત્પાદન ૩૦૨.૦૮ લાખ ટન હતું. મહારાષ્ટ્રમાં ડુંગળીના ઉત્પાદનમાં ભારે ઘટાડો થયો છે. રાજ્યના ખેડૂતો કાંદાની નિકાસ પરના પ્રતિબંધનો વિરોધ કરતા હતા. (એજન્સી)

### વાવાઝોડું તીવ્ર બનતાં

સત્તાવાળાઓએ રહેવાસીઓને ચેતવણી આપી હતી કે વાવાઝોડાની તીવ્રતા વધી રહી છે. હવામાન ખાતાએ કહ્યું હતું કે શુક્રવારે રાત્રે સમુદ્રતટ વિસ્તારોમાં સામાન્ય કરતાં પણ વધારે વરસાદ પડ્યો, તાન્ઝાનિયા રેડ ક્રોસ સોસાયટીએ કહ્યું હતું કે સમુદ્રતટે અમે વાવાઝોડાનો સામનો કરવાની તૈયારી ઝુંબેશ કરી રહ્યા છીએ.

છેલ્લાં કેટલાંયે અઠવાડિયાઓથી તાન્ઝાનિયા સહિત આખા પૂર્વ આફ્રિકામાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે અને પૂર આવ્યા છે. પૂરથી ૧૫૫ લોકો મરણ પામ્યા છે અને બીજા બે લાખને વિપરિત અસર પહોંચી છે. (એજન્સી)

### વડા પ્રધાન

દરમિયાન તેઓ બૌદ્ધિકો અને પત્રકારોને મળશે. ભાજપના રાજ્ય એકમના ઉપાધ્યક્ષ ગોલક મહાપાત્રાએ પત્રકારોને જણાવ્યું હતું કે નડ્ડાએ ૨૮ એપ્રિલના રોજ બેરહામપુરમાં એક રેલીને સંબોધિત કરી હતી. તેઓ ચૂંટણી વ્યૂહરચના ઘડવા માટે રવિવારે ફરીથી ઓડિશાની મુલાકાત લેશે.

મહાપાત્રાએ જણાવ્યું હતું કે ભાજપના વડા ભુવનેશ્વર અને કટકમાં પાર્ટીના કાર્યક્રમોમાં હાજરી આપશે. ઇએએમ ઓડિશાની બે દિવસની મુલાકાતે જશે. જે દરમિયાન તે ભુવનેશ્વર, કટક અને સંબલપુરમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ૨૫ એપ્રિલે સોનેપુરથી ઓડિશામાં ભાજપના ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે ઓડિશામાં ૧૩ મેથી ચાર તબક્કામાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ એક સાથે યોજાશે.

# ઈફકોમાં રાદડિયા અને ગોતા વચ્ચે જંગઃ ભાજપના બે જૂથ આમને-સામને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીના પડઘમ વચ્ચે દેશની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોની બેઠક માટે બે નેતાએ પીછેહઠ ન કરતા ભાજપના બે જૂથો વચ્ચેની લડાઈ સ્પષ્ટ બની છે. રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન જયેશ રાદડિયા અને અમદાવાદસ્થિત પ્રદેશ ભાજપ કોઓપરેટિવ સેલના પ્રમુખ બિપિન પટેલ ઉર્ફે બિપિન ગોતા એક જ બેઠક માટે ચૂંટણી લડશે. ભાજપે પ્રથમ વખત ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બી. પી. ગોતાને મેન્ડેટ આપ્યો છે. જ્યારે રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન જયેશ રાદડિયા જેઓ બે ટર્મથી ચૂંટાયા છે તેમણે પણ ફોર્મ ભર્યું છે. ભાજપના બંને નેતાઓના ફોર્મ યથાવત્ રહ્યા છે. ઈફકોની એક બેઠક પર કુલ ૧૮૨ મતદારો છે, જેમાં સૌરાષ્ટ્રના ૯૮ મતદારો છે. અમરેલી જીલ્લા બેંકના ચેરમેન દિલીપ સંઘાણી ઈફકોના ચેરમેન છે અને તેમના જીલ્લામાં ૨૭ મત છે. જ્યારે રાજકોટ જિલ્લામાં ૬૮ મત છે. છેલ્લા બે ટર્મથી ચૂંટાયેલા જયેશ રાદડિયા સામે ભાજપે અચાનક જ બિપિન પટેલને મેન્ડેટ આપતાં બંનેનું ફોર્મ યથાવત રહેતાં બંને વચ્ચે ચૂંટણી જંગ નિશ્ચિત બની ગયો છે. ૯મીએ મતદાન છે અને ૯મીએ સાંજ સુધીમાં જ પરિણામ આવી જશે. બીજી તરફ ઈફકોની ચૂંટણીમાં ભાજપના બે સહ-નેતાઓ વચ્ચે સીધો મુકાબલો છે તેમાં ભાજપની બે લોબી કામ કરી રહી હોવાનું મનાય છે. એવું પણ ચર્ચાઈ રહ્યુ છે કે ભાજપના બે રાજ્યકક્ષાના જૂથો વચ્ચેની લડાઈ હવે સહકારી ક્ષેત્રમાં ઊતરી આવી છે. ■

# રાજકોટ બેઠક પર પાટીદારોના મત ડાઈવર્ટ થાય તો કોંગ્રેસ બાજી મારશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ચૂંટણી પૂર્વે જ ક્ષત્રિય સમાજ સાથેના વિવાદમાં સપડાયેલા ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના કારણે રાજ્યભરમાં ચૂંટણી માહોલમાં ગરમાવો આવી ગયો છે. જોકે જે સીટ પર રૂપાલા ઊભા છે, તે રાજકોટ બેઠકના રાજકીય સમીકરણો, સ્થિતિ અને સંભવિત પરિણામો વિશે ચર્ચા-અટકળો જોર પકડવા લાગી છે. આ બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. ગત ૨૦૨૨ની વિધાનસભાની વાત કરીએ તો, સાત વિધાનસભામાંથી ટંકારા, વાંકાનેર, જસદણ અને રાજકોટ ઇસ્ટ એમ ચારમાં કોંગ્રેસ અને આપને ભાજપ કરતા વધુ મતો મળ્યા હતા, જ્યારે રાજકોટ વેસ્ટ, રાજકોટ રૂરલ અને રાજકોટ સાઉથમાં જ ભાજપ આગળ નીકળી ગયું હતું. આ મતો જોઇએ તો, ભાજપને કુલ ૬,૭૪,૦૬૯ મત કોંગ્રેસ પ્લસ આપના ૬,૦૧,૨૫૯ હતા. આમ ભાજપ તથા કોંગ્રેસ પ્લસ આપ વચ્ચેના મતોનું અંતર માત્ર ૭૩૦૦૦ રહ્યું હતું. હવે આ ચૂંટણીમાં જો ભાજપને મળેલા મતોમાંથી ૧૦ ટકા જેટલા મતો, જેમાં ક્ષત્રિયોના ૧.૬૮ લાખ મત અને લેઉઆ પાટીદારોના ૩.૬૦ લાખ મતમાંથી માત્ર પાંચ ટકા મત ડાયવર્ટ થાય તો આ સીટનું પરિણામ અનેકના ગણિત ખોટા પાડી શકે છે. આ વખતે રાજકોટ બેઠક પર કડવા પાટીદાર સમાજના પુરુષોત્તમ રૂપાલા અને કોંગ્રેસના લેઉઆ પાટીદાર પરેશ ધાનાણી વચ્ચે સીધો જંગ છે. રાજકોટ બેઠક પરના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાને વિવાદાસ્પદ નિવેદન બાદ પણ યથાવત્ રખાતા રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. રૂપાલા વિવાદને કારણે માત્ર રાજકોટ જ નહીં, સમગ્ર ગુજરાતની બાકીની ૨૫ બેઠકની ચૂંટણી રસપ્રદ બની ગઇ છે. રાજકોટની બેઠક તો હોટ સીટ બની જ છે, પરંતુ સાથોસાથ ક્ષત્રિયોની સારી એવી વસતિ ધરાવતી ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, આણંદ સહિતની અડધો ડઝનથી વધુ બેઠકોમાં પણ જંગ રસપ્રદ બનવાની શક્યતા છે. અત્યાર સુધી ક્ષત્રિયોનો વિરોધ માત્ર રૂપાલા સામે હતો તે હવે ભાજપ સામે વિરોધ જાહેર કરવામાં આવ્યો છે. ક્ષત્રિયોએ રાજ્યભરમાં ભાજપ વિરુદ્ધ આંદોલન ચલાવીને ભાજપને મત નહીં આપવાની ઘોષણા કરી છે.

રાજકીય વિશ્લેષકો માત્ર રૂપાલા વિવાદને જ ફેક્ટર નથી ગણતા, પરંતુ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પછીના બદલાયેલા સમીકરણોને પણ લક્ષ્યમાં લેવા માંડ્યા છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ હતો. રાજકોટ જિલ્લાની તમામ સાત બેઠક પર ભાજપે જીત મેળવી હતી. આમ આદમી પાર્ટીએ પણ ઝુકાવ્યું હતું એટલે ભાજપ-કોંગ્રેસના હજારો મત કપાયા હતા. આ વખતે કોંગ્રેસ-આપનું જોડાણ છે. ભાજપ સામે સીધો જંગ છે. એટલે ‘આપ’ના મત ક્યા પક્ષના ફાળે જાય છે તે પરિબળ મહત્ત્વપૂર્ણ બની જાય તેમ છે. ■

# મોદી ગુજરાત છોડી વારાણસીથી જ કેમ ચૂંટણી લડે છે? ગુજરાતમાં કેમ ચૂંટણી લડતા નથીઃ પ્રિયંકા ગાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)




અમદાવાદઃ ગુજરાતમાં પાંચમી મેથી પ્રચાર પડઘમ શાંત થશે ત્યારે શનિવારે કોંગ્રેસ દ્વારા ઠેર ઠેર પ્રચાર કરવામાં આવ્યો હતો. બનાસકાંઠામાં કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરને જીતાડવા માટે લાખણીમાં સભા સંબોધી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ મારા ભાઈને શેહજાદા કહે છે, હું તેઓને કહેવા માગું છું કે, આ જ શેહજાદા ચાર હજાર કિલોમીટર સુધી પદયાત્રા કરી છે, કન્યાકુમારીથી કાશ્મીર સુધી લોકોની સમસ્યાઓને સાંભળવા માટે પદયાત્રા કરી છે. મોદીજી ગુજરાત છોડી વારાણસીથી જ કેમ ચૂંટણી લડે છે? ગુજરાતમાં કેમ ચૂંટણી લડતા નથી. તમારા સમર્થનથી જ તેઓને સન્માન મળ્યું તેઓ વડા પ્રધાન બન્યા હતા. પણ હવે તેઓ તમને ભૂલી ગયા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે એક બાજુ તમારા શહેનશાહ નરેન્દ્ર મોદીજી. જેઓ મહેલોમાં રહે છે. તેમનો ચહેરો જોયો છે એક ડાગ નથી ચહેરા પર. તેઓ તમારી સમસ્યાઓને કેમ સમજી શકશે. આજે તમામ જગ્યાએ મોંઘવારી છે, તેલ, શાકભાજી, પેટ્રોલ-ડિઝલ તમામ જગ્યાએ મોંઘવારી છે. તમે કોઈ પણ વસ્તુ ખરીદો તો તેની સામે તમારે જીએસટી ચૂકવવું પડતું હોય છે, ત્યારે અમારી સરકાર આવશે તો ખેડૂતો જે સામાનની ખરીદી કરે છે તેની પરથી જીએસટી હટાવી લઈશું. ગુજરાતમાં હાલ ભાજપની સરકાર છે ત્યારે ૧૦ વર્ષની અંદર સરકારી પરીક્ષાના ૧૪ પેપર લીક થયા છે, વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે, જનતા બધુ જાણે છે, અને વિદ્યાર્થીઓ પણ જાણે છે. દેશમાં યુવાનો બેરોજગાર છે, ઘણા યુવાનોને નોકરીઓ મળી નથી, કેન્દ્ર સરકારમાં ૩૦ લાખ જગ્યાઓ ખાલી પડી છે, અમારી સરકાર આવશે તો અમે ૨૦ લાખ જગ્યા ભરીશું અને રોજગારી આપીશું.

તેમણે ઉમેર્યું હતું કે રાજપૂત સમાજની મહિલાઓનું કેવું અપમાન થયું છે, પણ મોદીજીએ શું તેમને હટાવ્યા? તમારી માગ ખાલી તે ઉમેદવારને હટાવવાની હતી, પણ તેમને ન હટાવ્યા. હું વચન આપું છું કે જો અમારી સરકાર બની તો દેશભરમાં અમે તમારી વાતને રજૂ કરીશું અને આ પ્રકારનું અપમાન અમે નહીં થવા દઈએ. જ્યાં જ્યાં મહિલાઓનું અપમાન થયું છે, ત્યાં ત્યાં મોદી સરકારે જેમણે મહિલાઓનું અપમાન કર્યું છે, અત્યાચાર કર્યા છે તેઓનો સાથ આપ્યો છે. ઓલિમ્પિકમાં મહિલાઓ મેડલ લઈને આવી ત્યારે મોદીજીએ તેઓની સાથે ફોટા પડાવ્યા પણ જ્યારે તે મહિલાઓ સાથે અત્યાચાર થયા હતા અને તેઓ રોડ પર ઉતરી હતી ત્યારે મોદીએ તેઓની મદદ કરી ન હતી. બંધારણથી પ્રજાને અધિકાર મળે છે, અનામત પણ બંધારણે જ આપ્યું છે, કોઈ નેતા સામે સવાલો ઉઠાવવા માગો છો તો તેનો અધિકાર પણ બંધારણે આપ્યો છે. દુનિયાની સૌથી મોટી હસ્તીઓ ગુજરાતે આપી છે. ■

# રાજકોટમાં પ્રેમી પંખીડાએ પોલીસ સ્ટેશનમાં બ્લેડના ઘા માર્યાઃ યુવતીનું મોત અને યુવક ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના યુનિવર્સિટી પોલીસ મથકમાં સામુહિક આપઘાતની ઘટના બની હતી. રાજકોટમાં આશરો લેનાર પ્રેમી પંખીડાને લોકેશન આધારે શોધી પોલીસ સ્ટેશને લાવતા પરિવાર એક નહીં થવા દે તેવી બીકે નાગરિક સુવિધા કેન્દ્રમાં રૂમનો દરવાજો અંદરથી બંધ કરી બંનેએ ગળામાં બ્લેડના ઘા ઝીંકી દેતા યુવતીનું મોત થયું હતું. જ્યારે યુવકને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ કચ્છના નખત્રાણાથી ભાગીને આવેલા પ્રેમી પંખીડાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આશરો લીધો હતો. આ અંગે નખત્રાણા પોલીસ મથકમાં જાણ કરાઈ હતી. આ દરમિયાન ત્યાંની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા રાજકોટનું લોકેશન આવતા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. જે આધારે પોલીસ દ્વારા પ્રેમી યુગલને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યું હતું. યુવતી પૂજા અને યુવક વિનોદ બંનેને નાગરિક સુવિધા કેન્દ્રમાં બેસાડવામાં આવ્યાં હતાં. હવે પોલીસ નખત્રાણા લઇ જશે અને પરિવાર એક નહીં થવા દે તેવી બીકે બંનેએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી પોતાના ગળે બ્લેડના ઘા ઝીંકી દેતા દેકારો થતા અન્ય પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો. પ્રેમી યુગલ લોહીલુહાણ હાલતમાં દેખાતા તુરંત ૧૦૮ને જાણ કરતા ૧૦૮નો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી તપાસ યુવતીને મૃત જાહેર કરી હતી. જ્યારે ૨૫ વર્ષીય યુવકની હાલત ગંભીર હોય તેને સારવાર માટે સિવિલ હૉસ્પિટલે ખસેડતા ઓપરેશન થિયેટરમાં લઈ જવાયો હતો. જો કે તેની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ક્ષત્રિય સમાજ બાદ કોળી સમાજે ભાજપનો કર્યો વિરોધઃ નાણાં પ્રધાન કનુ દેસાઇનું માગ્યું રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટિપ્પણીનો વિરોધ શાંત થયો નથી ત્યાં બીજો એક વિવાદ સામે આવ્યો છે. કેન્દ્રીય નેતાની ટિપ્પણી બાદ હવે રાજ્ય નાણાં પ્રધાનની કોળી સમાજને લઇને કરવામાં આવેલી ટિપ્પણીનો વિરોધ થઇ રહ્યો છે.

નાણાં પ્રધાન કનુ દેસાઇએ કોળી સમાજને લઇને ટિપ્પણી કરી હતી જેનો વિરોધ થઇ રહ્યો છે. અખિલ ભારતીય કોળી સમાજના ઉપપ્રમુખ પ્રવિણ સોલંકીએ કહ્યું હતું કે, નાણાં પ્રધાન દરજ્જાના વ્યક્તિ આ રીતનો વાણી વિલાસ કરે તો કોળી સમાજ કોઇ દિવસ સાથે નહીં રહે. આ ટિપ્પણીનું પરિણામ કનુભાઇએ ભોગવવું પડશે. બધા સમાજ માટે આવો બફાટ થાય છે તો ભાજપ હાઇકમાન્ડ ચૂપ કેમ છે? આ મોટા દરજ્જાના નેતાઓ બફાટ કરે છે તેને ભૂલ ન કહેવાય. અખિલ ભારતીય કોળી સમાજના ઉપપ્રમુખે કહ્યું હતું કે, કનુભાઇએ રાજીનામું આપવું જ પડશે ત્યાં સુધી કોળી સમાજ માફ નહીં કરે.

કનુ દેસાઇના નિવેદનથી વિવાદ સર્જાયો હતો. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે પણ કનુભાઇ દેસાઇના નિવેદન સામે સવાલ ઉઠાવ્યા હતા. શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે, કનુ દેસાઇએ કોળી સમાજનું અપમાન કર્યું છે, કનુભાઇ અહંકારમાં બોલી રહ્યાં છે. ■

# ઊંઝા તાલુકા ભાજપના ઉપપ્રમુખનું ચૂંટણી સભાપૂર્વે હાર્ટએટેકથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઊંઝા તાલુકાના કહોડા ગામે લોકસભા ભાજપના ઉમેદવાર હરિભાઇ પટેલની સભા પૂર્વે ઊંઝા તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભરત પટેલને હાર્ટએટેક આવતાં મોત નિપજ્યું હતું. જેને પગલે ભાજપના હોદ્દેદારો, કાર્યકરો સહિત ગ્રામજનોમાં શોક છવાઈ ગયો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ કહોડા ગામે ગોગા મહારાજની વાડીમાં મહેસાણા લોકસભા ભાજપના ઉમેદવાર હરિભાઇ પટેલની સભા યોજાનાર હતી. તે પૂર્વે કહોડા ગામના વતની અને ઊંઝા તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભરત પટેલને હાર્ટએટેક આવતાં તેઓ સભા સ્થળે ઢળી પડયા હતા. જેથી ઊંઝા તાલુકા પૂર્વ ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ પટેલ સહિત અગ્રણીઓ કહોડા સરકારી હૉસ્પિટલમાં સારવાર માટે લઇ ગયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે ઊંઝા ખાનગી હૉસ્પિટલમાં લઈ જતાં રસ્તામાં તેમનું મોત નિપજયું હતુ. ■

# જંતુનાશકોના અવશેષોને કાબૂમાં રાખવા ખેતી નિયામકે પગલાં જાહેર કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કૃષિ વિભાગે બજારમાં મળતા શાકભાજીમાં જંતુનાશક તત્ત્વોનું પ્રમાણ હોવાથી અને તે ઝડપથી નીકળી શકતું ન હોઈ સ્વચ્છ પાણીથી ધોયા વિના શાકભાજી નહીં વાપરવાની સલાહ આપી છે. તેમણે જણાવ્યું છે કે, શાકભાજીમાં આરોગ્યને હાનિકર્તા પદાર્થો હોવાથી સાવચેતીથી તેનો ઉપયોગ કરવો જોઇએ. જંતુનાશકોની વિઘટન પ્રક્રિયા ધીમી હોવાથી લાંબા સમય સુધી વાતાવરણમાં જળવાઈ રહે છે અથવા તો ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતિકરણની પ્રક્રિયાથી શરીરમાં જમા થાય છે.

રાજ્યના ખેડૂતોને ખેતી નિયામકે જણાવ્યું હતું કે, ખેત પેદાશની કાપણી કરીને ખોરાકમાં ઉપયોગમાં લેવામાં આવે ત્યાં સુધી તેમાં જંતુનાશકો રહેતા હોય છે. આ અર્વેશેષોને નિવારવા માટે જાહેર કરાયેલાં નિયંત્રણ પગલાંમાં જણાવ્યું છે કે જંતુનાશકોની વિઘટન પ્રક્રિયા ધીમી હોવાથી લાંબા સમય સુધી વાતાવરણમાં જળવાઈ રહે છે અથવા તો ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતિકરણની પ્રક્રિયાથી શરીરમાં જમા થાય છે.

પાક સંરક્ષણ રસાયણોની નોંધણી માટેની સંસ્થા અથવા કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેતી પાક, શાકભાજી, ફળો અને મસાલા પાકમાં દવાના વપરાશ અંગે કેટલાક નિયંત્રણો મૂકી મહત્ત્વની ભલામણ કરવામાં આવેલી છે. શાકભાજીને ઉપયોગમાં લેતાં પહેલાં સ્વચ્છ પાણીથી અચૂક ધોવા જોઈએ કારણ કે શાકભાજીને સ્વચ્છ પાણીથી ધોવાથી તેમાં રહેલા જંતુનાશકોના અવશેષો ઓછા થાય છે. જ્યારે શાકભાજી, ફળ-ફળાદી અને અનાજ વગેરેમાં જંતુનાશક રસાયણોની મહત્તમ અવશેષ માત્રા (એમઆરએલ) કેટલી હોવી જોઈએ તે ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈજેશન અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા નક્કી કરવામાં આવી છે.

અવશેષોની માત્રા એમઆરએલ કરતા વધુ હોય તો તે નુકસાનકારક સાબિત થાય છે. શક્ય હોય તો એમામેક્ટિન બન્ઝોએટ, સ્પિનોસાડ, ઈન્ડોક્ઝાકાર્બ અને નોવાલ્યૂરોન જેવી ઝડપથી વિઘટન પામતા કૃષિ રસાયણોનો ઉપયોગ કરવો જોઈએ. સંકલિત જીવાત વ્યવસ્થાપનનો ઉપયોગ કરવાથી જંતુનાશકોનો વપરાશ ઘટશે. ■

# વડોદરામાં શેરડીના રસમાં ઝેર નાખીને પરિવારને પીવડાવતા બેનાં મોતઃ બેની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં એક પરિવારને શેરડીના રસમાં ઝેર નાખીને પીવડાવી દેતા પિતા અને પત્નીનું મોત નિપજતાં પતિએ બન્ને મૃતદેહોની પોલીસ જાણ બહાર અંતિમસંસ્કાર કરી નાખ્યા હતા. શેરડીમાં ઝેર પીવડાવનારની પોલીસે ધરપકડ કરતાં તેણે પણ ઝેર પી લીધું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતા સોની પરિવારના ચેતનભાઈએ શેરડીના રસમાં ઝેર નાખીને પરિવારને પીવડાવી દીધું હતું. ચેતનભાઈની પત્ની બિંદુબેન સોની અને પિતા મનોહરલાલ સોનીનું મોત નીપજ્યું હતું. જે બાદ ચેતનભાઈએ પોલીસને જાણ કર્યા વગર જ બન્નેના અંતિમ સંસ્કાર કરી નાખ્યા હતા. જ્યારે ચેતનભાઈનો પુત્ર આકાશ સોની હાલ સયાજી હૉસ્પિટલમાં આઈસીયુમાં છે. ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે ચેતનભાઈની પૂછપરછ હાથ ધરી હતી. ત્યારે તેમણે પણ ઝેર પી લેતા સયાજી હૉસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની હાલત પણ ગંભીર હોવાનું જાણાવ્યુ હતું. પોલીસે ચેતનભાઈ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરતા ઘર બહાર જાળીમાં ચેતનભાઈના પિતા મહોનહરભાઈ અને પત્ની બિંદુબેનના અસ્થિના કળશ બાંધેલા મળ્યા હતા. પડોશીએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લાં પાંચ વર્ષથી ભાડે રહેતા હતા પરંતુ ક્યારેય કોઈ ઝઘડો કે કાંઈ સાંભળવા મળતું નહોતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ગુજરાતમાં આજે ૭૫ હજાર વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધોરણ ૧૨ સાયન્સ પછીના મેડિકલ કોર્સની બેઠકો પર પ્રવેશ માટેની ખૂબજ મહત્ત્વની ગણાતી યુજી નીટની પરીક્ષા રવિવારના રોજ યોજાવાની છે. મેડિકલ ક્ષેત્રની અલગ અલગ રાજ્યોની અંદાજે એક લાખ બેઠકો પર પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. દેશભરમાં ૨૪ લાખથી વધુ જ્યારે ગુજરાતમાં ૭૫ હજારથી વધુ અને અમદાવાદમાં નવ હજારથી વધુ પરીક્ષાર્થીઓ નીટ આપવાના છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મેડિકલમાં પ્રવેશ માટે દર વર્ષે નીટ લેવામાં આવે છે. આ વખતે તા.૫ મે એટલે કે રવિવારના રોજ નીટનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે બપોરે ૨થી ૫-૨૦ દરમિયાન નીટની પરીક્ષા લેવામાં આવશે. જે માટે સવારે ૧૧ વાગ્યાથી ૧-૩૦ વાગ્યા સુધીમાં સેન્ટર પર પહોંચી જવા માટે વિદ્યાર્થીઓને જણાવી દેવામાં આવ્યું છે. દેશભરમાં કુલ ૫૫૭ શહેરોમાં પરીક્ષા લેવાવાની છે. નીટની એક્ઝામ માટે ૭૨૦ માર્કસની પરીક્ષામાં ૧૮૦ પ્રશ્નો પૂછવામાં આવે છે.

આ વર્ષે દેશભરમાં નીટ આપવા માટે અંદાજે ૨૪ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ પહેલા સૌથી વધુ ૧૮ લાખ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી ચુક્યા છે. આ વર્ષે રેગ્યુલર વિદ્યાર્થીઓની સાથે રિપિટર વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં પરીક્ષા આપતા હોઈ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. ■

# અમદાવાદમાં ૧.૨૦ લાખની લાંચ લેનારા નાયબ કાર્યપાલક ઇજનેરના ઘરેથી ₹ 30 લાખ રોકડા મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધંધુકામાં ૧.૨૦ લાખની લાંચ લેનારા નાયબ કાર્યપાલક ઇજનેરના ઘરે એસીબીએ સર્ચ કર્યું હતું, જેમાં તેમના ઘરેથી વધુ ૩૦ લાખ રૂપિયાની રોકડ મળી આવતા એસીબીના અધિકારીઓ પણ ચોંકી ઊઠ્યા હતા. બીજી તરફ આરોપીને રિમાન્ડ માટે ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં ખાસ એસીબી જજે આરોપીના સોમવાર સુધીના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા.

૧.૨૦ લાખની લાંચ લેનારા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર (વર્ગ-૨) વૈભવ અચલકુમાર શ્રીવાસ્તવને ગ્રામ્ય કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાયા હતા, જ્યાં સરકારી વકીલે રિમાન્ડ અરજી અંગે એવી રજૂઆત કરી હતી કે, આરોપીએ લાંચ લીધાનું રેકોર્ડિંગ છે તે આરોપીના હાજરીમાં વેરિફાય કરવાનું છે, આરોપીએ જે પ્રમાણે લાંચ માગી હતી અને સ્વીકારી હતી તે જોતા અન્ય કોઇ સરકારી કર્મચારીની તેમાં સંડોવણી છે કે નહીં, આરોપીએ આ રીતે બીજા કોઇ કોન્ટ્રાક્ટર કે અન્ય લોકો પાસેથી લાંચ લીધી છે કે નહીં, આરોપીએ ત્રણ મહિનામાં ૨૮ લાખના બિલો કચેરીમાં મૂક્યા હતા, જેમાં કપાત ઓછી કરવામાં આવી હોવાનું ખૂલ્યું છે તો તેમાં આરોપીએ કોઇ નાણાકીય લાભ લીધો છે કે નહીં, આરોપીના ઘરેથી સર્ચ દરમિયાન ૩૦ લાખ રોકડા મળ્યા છે તે રકમ અંગે તે કોઇ ખુલાસો કરતો નથી તો આટલી મોટી રકમ ક્યાંથી આવી? આરોપીએ પોતાની ફરજ દરમિયાન લાંચ લઇ આટલી મોટી રકમ એકત્ર કરી છે તે અંગે પૂછપરછ માટે આરોપીની હાજરી જરૂરી છે. આરોપી સાથે બીજું કોણ કોણ સંડોવાયેલું છે, આરોપીએ ભ્રષ્ટાચાર થકી કેટલી મિલકત વસાવી છે, આરોપીના બેંક એકાઉન્ટોની તપાસ કરવાની છે, આરોપીએ આ રીતે સત્તાનો દુરુઉપયોગ કરી કોને કોને લાભ કરાવ્યો સહિતના વિવિધ મુદ્દાની તપાસ કરવા માટે પાંચ દિવસના રિમાન્ડની જરૂર છે.

જો કે, આરોપી તરફે એવી દલીલ કરવામાં આવી હતી કે, પોલીસ જે મુદ્દે તપાસ કરી રહી છે તેમાં આરોપીની હાજરી જરૂર નથી, પોલીસે તમામ મુદ્દે તપાસ કરી લીધી છે તેથી રિમાન્ડ ન આપવા જોઇએ. બન્ને પક્ષની દલીલ સાંભળી કોર્ટે આરોપીને સોમવાર સુધીના રિમાન્ડ પર સોંપ્યો હતો. ■

# ગાંજાના કેસમાં બે આરોપીને સુરત કોર્ટે ૧૫ વર્ષની સખત કેદ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં આવેલા ચલથાણ રેલવે સ્ટેશન ખાતે અમદાવાદ પૂરી એક્સપ્રેસ ટ્રેનમાં રેલવે પોલીસના ચેકિંગ દરમિયાન પકડાયેલા રૂ.૨.૧૦ લાખના ગાંજાના કેસમાં કોર્ટે બે આરોપીને કસૂરવાર ઠેરવી ૧૫ વર્ષની સખત કેદની સજા કરી હતી. સજા ઉપરાંત ૧.૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો.

આ કેસની વિગત મુજબ સુરત રેલવે પોલીસની ટીમ દ્વારા પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન ચલથાણ રેલવે સ્ટેશન પર પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં સુશાંત ઉર્ફે બુદ્ધ ભાસ્કર રઘુગૌડા (રહે. ગોકમમેરી, સિન્દુરપુર, પોડામારી, પાટાપુર, સાનખેમોડી, ગંજામ) અને કાંતિ જયારામ કાંતિ દેબરાજ ફકીર દોરા (રહે. કાન્સામરી, ખામ્બાકોટા, ધર્મપુર, દિગપહંડી, ગંજામ) પાસેથી પોલીસે રૂ.૨.૧૦ લાખનો ગાંજો પકડી પાડ્યો હતો. પોલીસે ગાંજાનો જથ્થો કબજે કરી આ બંને આરોપીઓની ધરપકડ કરી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. કેસ સુરતની સ્પેશ્યલ એન.ડી.પી.એસ. કોર્ટમાં ચાલ્યો હતો. પોલીસ તરફે રેકર્ડ ઉપરના પુરાવા રજૂ કરાયા હતાં. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈને આ કેસની અંતિમ સુનાવણી સ્પેશ્યલ એન.ડી.પી.એસ.ના જજની કોર્ટમાં ચાલી હતી. ■

# મહી નદીના જૂના પુલ પરથી કાર ખાબકતાં એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોધરા જિલ્લાના લુણાવાડા તાલુકાના હડોડ પાસેથી પસાર થતી મહીસાગર નદી ઉપર આવેલા જૂના બ્રિજ ઉપરથી પસાર થતી એક કાર બેકાબૂ બનીને નદીમાં ખાબકતા કારમાં સવાર યુવક મયુર પટેલનું મોત નીપજ્યું હતું. પોલીસે મૃતદેહને પીએમ માટે હૉસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર લુણાવાડા તાલુકાના હાડોડ ગામ પાસેથી પસાર થતી મહીસાગર નદીમાં જૂના પુલ પરથી કાર ખાબકી હતા. ઘટનાની જાણ થતા પોલીસ અને ફાયર વિભાગ ઘટનાસ્થળે દોડી આવી નદીમાં ખાબકેલી કારમાંથી લુણાવાડાના કાકચીયા ગામના વતની મયુર પટેલ નામના યુવકની લાશને બહાર કાઢી પીએમ માટે લુણાવાડાની સિવિલ હૉસ્પિટલ ખસેડી હતી. ■

# સુરતમાં એમ.ડી ડ્રગ્સના જથ્થા સાથે ત્રણ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના ખટોદરામાં પોલીસે ફિલ્મી ઢબે એમ.ડી ડ્રગ્સ સાથે ત્રણની ધરપકડ કરી હતી. પોલીસે ગુનો નોંધી ૧.૪૩ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર શહેર જૂની સબજેલ પાસેથી બે આરોપીઓ મોપેડ પર એમ.ડી ડ્રગ્સ લઈ પસાર થતા હતા. આ દરમિયાન પોલીસે બાતમીના આધારે બંને આરોપીને પકડી પાડયા હતાં. પોલીસે આરોપીઓ પાસેથી પોલીસે ૧.૪૩ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીએ સગરામપુરાના મોહમ્મદ ચાંદ પાસેથી ડ્રગ્સ ખરીદ્યું હોવાનું બહાર આવ્યું હતું. ■

# સાવલીમાં ડમ્પરચાલકે બાઇકસવારને અડફેટે લેતા બે સગા ભાઈનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના સાવલીમાં ડમ્પરચાલકે બાઇકચાલકને અડફેટે લેતાં બે સગા ભાઈનું ઘટના સ્થળે મોત થયું હતું. અકસ્માત સર્જી ઘટના સ્થળે ડમ્પર મૂકી ડમ્પર ચાલક ફરાર થઇ ગયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરાના સાવલી લાટના ગામે રહેતા ધર્મકુલ પરમાર (ઉ.વ.૨૧) તેના નાના ભાઈ તુષાર પરમાર (ઉ.વ.૧૭)ને મામાના ઘરે મુકવા જઈ રહ્યો હતો. દરમિયાન સમલાયા-ગાંગડીયા રોડ પર ફુલ સ્પીડમાં આવતા ડમ્પરચાલકે તેમની બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બંને સગાભાઈ હવામાં ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. બંને ભાઈઓને ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું. અકસ્માતના પગલે લોકોના ટોળા ઘટના સ્થળે ઊમટી પડ્યા હતા. ■

## નાટ્ય દર્પણ



### હાઉસ વાઈફની હુતુતુ

રંગમંચ પ્રોડક્ષન્સ-પિપલ એન્ટરટેઇનમેન્ટનું પ્રસ્તુતકર્તા : ચિત્રક શાહ, કિરણ માલવણકર. આ રવિવાર તા. ૫મે સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.

### ડેથ વૉરન્ટ

તરોનીશ આર્ટસ અને કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત. લેખકઃ પ્રવીણ સોલંકી, દિગ્દર્શકઃ ફિરોઝ ભગત. શોઃ રવિ. તા. ૫મે સાંજે ૭.૩૦ કલાકે નહેરૂ, વરલી.

# કૉંગ્રેસ સરકારે પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધનો પુરાવો દબાવી રાખ્યોઃ સીતારામન

પુણેઃ મહિલા યૌન શોષણના આરોપી જનતા દળ (એસ)ના નેતા પ્રજ્વલ રેવન્ના પ્રકરણ વિશે એક વર્ષથી જાણકારી હોવા છતાં કર્ણાટક કૉંગ્રેસ સરકારે તેની સામે કોઈ પગલાં નહોતા લીધા એવો દાવો કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને શનિવારે કર્યો હતો. ચુનંદા પત્રકારો સાથેની વાતચીતમાં શ્રીમતી સીતારામને એમ પણ જણાવ્યું હતું કે વોકાલીગાના મત ગુમાવવા પડશે એ બીકે લોકસભા ચૂંટણીનો પ્રથમ દોર સમાપ્ત થયો ત્યાં સુધી કૉંગ્રેસે મોઢું સીવેલું રાખ્યું હતું. હાલ ચાલી રહેલી ચૂંટણીમાં આ કૌભાંડની ભારતીય જનતા પક્ષના પરફોર્મન્સ પર કોઈ અસર પડશે કે કેમ એવા સવાલના જવાબમાં નાણાં પ્રધાને જણાવ્યું હતું કે 'મહિલાઓ વિરુદ્ધ થતા કોઈ પણ અન્યાય નહીં સાંખી લેવામાં આવે એ વાત કેન્દ્રીય ગૃહ પ્રધાન (અમિત શાહ)એ સ્પષ્ટપણે જણાવી છે. એ બાબતે અમારો એક મત છે. ભાજપના જોડાણ પક્ષનો આ મુદ્દો છે પણ આ અમને સ્વીકાર્ય નથી એમ અમે સ્પષ્ટપણે જણાવ્યું છે. એની તપાસ થવી જ જોઈએ.' ભાજપના વિવાદાસ્પદ સંસદ સભ્ય બ્રિજભૂષણ શરણ સિંહના પુત્ર કરણ સિંહને ઉત્તર પ્રદેશમાં ઉમેદવારી આપવા અંગે સવાલ કરવામાં આવતા શ્રીમતી સીતારામને જણાવ્યું હતું કે સંસદ સભ્ય વિરુદ્ધના આરોપો હજી સિદ્ધ નથી થયા. (પીટીઆઈ) ■

# મનસે ચૂંટણીના મેદાનમાં નથી, પણ રાજ ઠાકરે મહાયુતિ માટે મહત્ત્વનું પરિબળ?

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેને ભાજપનો સતત સાથ મળી રહ્યો છે અને એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેનાના નેતાઓ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં સમર્થન માટે તેમની મુલાકાત લે છે તેમ છતાં તેમની પાર્ટી રાજકીય ક્ષેત્રે સક્રિય ખેલાડી નથી. આ અઠવાડિયાની શરૂઆતમાં, મુખ્ય પ્રધાન શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે, જેઓ કલ્યાણથી ચૂંટણી લડી રહ્યા છે અને થાણેથી મેદાનમાં ઉતરેલા નરેશ મ્હસ્કે શિવાજી પાર્ક નિવાસસ્થાને એમએનએસ સુપ્રીમોને મળ્યા હતા. વકીલમાંથી રાજકારણી બનેલા ઉજ્જવલ નિકમ, જેમને મુંબઈ ઉત્તર મધ્યથી ભાજપ દ્વારા મેદાનમાં ઉતારવામાં આવ્યા છે, તેઓ પણ ઠાકરેને મળ્યા હતા. ભાજપ, શિવસેના અને અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી સાથે સત્તાધારી મહાયુતિનો સમાવેશ થાય છે, તે છેલ્લા કેટલાક સમયથી ઠાકરેને મળી રહ્યા છે. ગયા મહિને મુંબઈમાં એમએનએસની વાર્ષિક ગુડી પડવા રેલી દરમિયાન, ઠાકરેએ જાહેરાત કરી હતી કે તેમની પાર્ટી લોકસભાની ચૂંટણી લડશે નહીં પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બિનશરતી સમર્થન આપશે . તેમણે તેમના પક્ષના માણસોને ભાજપના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન માટે પ્રચાર કરવાનું પણ કહ્યું હતું. રાજકીય વિવેચકોના મતે રાજ ઠાકરેને ચૂંટણીમાં સફળતા મળી ન હોવા છતાં, તેઓ એક પ્રચંડ ચહેરો છે જે શિવસેના (યુબીટી )ના વડા ઉદ્ધવ ઠાકરે સામે આક્રમક રીતે બોલે છે. રાજ ઠાકરેની વકતૃત્વ કૌશલ્ય, કરિશ્મા અને મીડિયામાં સ્થાન મેળવવાની તેમની ક્ષમતા પર કોઈને શંકા નથી.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં, રાજ ઠાકરે શનિવારે રત્નાગિરી-સિંધુદુર્ગ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણે માટે રેલી કરશે, અને આ પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ રેલી યોજવાની અપેક્ષા છે. મનસે નેતા સંદીપ દેશપાંડેએ જણાવ્યું હતું કે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પાર્ટી અસફળ રહી હોવા છતાં મતદારો પર તેનો દબદબો છે. રાજ સાહેબ પાસે કરિશ્મા છે જે મતદારોને પ્રભાવિત કરી શકે છે, દેશપાંડેએ ભારપૂર્વક કહ્યું. (પીટીઆઈ) ■

# રાહુલ ગાંધી રાજકીય પ્રવાસીઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીને ઉત્તર પ્રદેશના રાયબરેલીમાંથી ઉમેદવારી આપવામાં આવ્યા બાદ એવી ટિપ્પણી કરી હતી કે રાહુલ ગાંધી રાજકીય પ્રવાસી છે. અહીં ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી વાયનાડથી સંસદસભ્ય છે.

રાહુલ ગાંધીની માતા સોનિયા ગાંધી રાયબરેલીથી છેલ્લા બે દાયકાથી સંસદસભ્ય રહ્યાં છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં રાહુલ ગાંધીનો ભાજપના સ્મૃતિ ઈરાની સામે અમેઠીની બેઠક પર પરાજય થયો હતો, જ્યાંથી તેઓ સળંગ ત્રણ વખત સંસદસભ્ય રહ્યા હતા. જોકે, કેરળના વાયનાડથી તેમનો વિજય થયો હતો.

તેમને પર્યટન કરવા દો, પ્રવાસીઓનું સ્વાગત છે, પરંતુ તેઓ કાયમી ઘર બનાવી શકશે નહીં, એમ ફડણવીસે શુક્રવારે કહ્યું હતું. વાયનાડમાં બીજા તબક્કામાં ૨૬ એપ્રિલના રોજ મતદાન થયું હતું. રાયબરેલીમાં ૨૦ મેના રોજ મતદાન થવાનું છે.

પાકિસ્તાનના એક પ્રધાન દ્વારા રાહુલ ગાંધીના સમર્થનમાં કરવામાં આવેલી સોશિયલ મીડિયા ટિપ્પણી અંગે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન અને સમાન વિચારધારા ધરાવતા લોકો તેમને કેન્દ્રની સત્તામાં વાંચ્છે છે. તેમને લાગે છે કે મોદી રહેશે (વડા પ્રધાન તરીકે) તો તેમની હાલત હજી વધુ ખરાબ થશે. અત્યારે જ તેઓ કટોરો લઈને ભીખ માગવા રખડી રહ્યા છે. ■

# ચોરેલાં વાહનો વેચી મારવાનું રેકેટઃ ત્રણ આરટીઓ અધિકારી સહિત નવ પકડાયા

થાણેઃ ચોરેલાં વાહનોના એન્જિન અને ચેસીસ નંબર બદલ્યા બાદ તેને વેચી મારવાનું રેકેટ થાણે પોલીસે પકડી પાડીને ત્રણ આરટીઓ અધિકારી સહિત નવની ધરપકડ કરી હતી. આરોપીઓએ ચોરેલાં રૂ. ૫.૫ કરોડની કિંમતના ૨૯ વાહનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. અન્ય રાજ્યોમાંથી ચોરાયેલાં વાહનોની મહારાષ્ટ્રમાં બનાવટી દસ્તાવેજોને આધારે નોંધણી કરવામાં આવી રહી હોવાની માહિતી મળ્યા બાદ થાણે ક્રાઇમ બ્રાન્ચે તપાસ આદરી હતી.

પોલીસ ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે મુખ્ય આરોપી જાવેદ અબ્દુલ્લા શેખ ઉર્ફે મનિયારને છત્રપતિ સંભાજીનગર ખાતેથી ઝડપી પાડ્યો હતો. આરોપી તેના સાથીદારો સાથે મળીને અન્ય રાજ્યોમાંથી ચોરેલાં વાહનોના એન્જિન અને ચેસીસ નંબર બદલી દેતો હતો. વાહનોની ત્યાર બાદ નાગપુર અને અમરાવતી રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આરટીઓ) ખાતે નોંધણી કરવામાં આવતી હતી.

પોલીસે આ પ્રકરણે અમરાવતીના આસિસ્ટન્ટ આરટીઓ અધિકારી, મોટર ટ્રાન્સપોર્ટ ઇન્સ્પેક્ટર અને આસિસ્ટન્ટ મોટર ટ્રાન્સપોર્ટ ઇન્સ્પેક્ટરની પણ ધરપકડ કરી હતી.

આરોપીઓએ આવાં વાહનોની નોંધણીને મંજૂરી આપી હતી અને તેની વિગતો પોર્ટલ પર અપલોડ કરી હતી, જેથી લોકો માને કે આવાં વાહનોમાં કોઇ સમસ્યા નથી. મુખ્ય આરોપી જાવેદ વિરુદ્ધ નવી મુંબઈ, થાણે, મીરા-ભાયંદર, ધુળે અને ઔરંગાબાદ આવા ગુના દાખલ છે. એ સિવાય ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં પણ તે આવા ગુનામાં સંડોવાયેલો છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સિહોર નિવાસી હાલ બોરીવલી ચંદનબેન નેમચંદ સંઘવીના પુત્ર અનંતરાય (ઉં. વ. ૮૦) તે ૩/૫/૨૪ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રાબેનના પતિ. સ્વ. રમણીકભાઇ, સ્વ.શાંતિભાઈ, સ્વ. શિવલાલભાઈ, હિંમતભાઈ, પ.પુ ઉપાધ્યાય શ્રી પુન્ડરિક વિજયજી મ. સા, સ્વ.પ્રવીણભાઈ તથા ચીમનભાઈના ભાઈ. વિજય-રાકેશ, વૈશાલી નિલેષકુમાર મહેતા તથા શીતલ દર્શકકુમારના પિતા. જીજ્ઞા તથા કિંજલના સસરા, જમનાદાસ છગનલાલ શાહ ભંડારીયાવાળાના જમાઈ. તેમના શ્રી શત્રુંજય ભાવયાત્રા ૬/૫/૨૪ સોમવાર ૯.૩૦ થી ૧૨.૦૦. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી રોડ બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ત્રાપજ નિવાસી હાલ મલાડ, ગુણવંતરાય વ્રજલાલ વોરા (ઉં. વ. ૮૪ ) તા. ૩/૫/૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે મંજુલાબેનના પતિ. તે કુમુદભાઈ, સ્વ. જયસુખભાઈ, વિરેન્દ્રભાઈ, મધુબેન, પદ્માબેન, હંસાબેન, પુષ્પાબેન, વિલાશબેન, કૈલાશબેન, ભદ્રાબેનના ભાઈ. કલ્પેશભાઈ, ધર્મેશભાઈ તથા બીનાબેનના પિતા. ભરતકુમાર,વૈશાલીબેન તથા પૂર્વીબેનના સસરા. સિદ્ધાર્થ, વિરતી, આરવના દાદા, સ્વ પ્રફુલકુમાર બાબુલાલ શાહ (ભદ્રાવળવાળા)ના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ધર્મેશભાઈ વોરા ચાલ નંબર ડી/૯, રૂમ નંબર ૭, ભાદરણનગર, એન.એલ. કોલેજની બાજુમાં, મલાડ વેસ્ટ.

**ઝાલાવાડી દશા સ્થાનકવાસી જૈન**

બરવાળા (ઘેલાશા) નિવાસી હાલ કાંદિવલી સ્વ. કમળાબેન રતિલાલ જેઠાલાલ દોશીના પુત્ર જશવંતભાઈ (ઉં. વ. ૭૬) તા. ૨/૦૫/૨૦૨૪ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે અરૂણાબેનના પતિ. તે વિપુલ તથા વિરલના પિતા. તે સૌ.કામિની તથા સૌ. જૈનાના સસરા. તે સ્વ.શારદાબેન વ્રજલાલ પોપટલાલ વોરાના જમાઇ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે. સી ૨, એલ -૧૭, શ્રી મહાવીરનગર, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ).

**હરસોલ સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

આગિયોલ નિવાસી હાલ મલાડ વિમલાબેન મુળચંદ મણીલાલ શાહ (ઉં. વ. ૮૦), તે અક્ષય-ચેતના, મમતાની માતા. આશાબેન-રશ્મિકાંત- જીકેશકુમારના સાસુ. રતીલાલ (પ્રેમીલાબેન), જશવંતલાલ (સ્વ. રંજનબેન), અશોકભાઈ હેમલતાબેન, વિનોદભાઈ (ઈન્દિરા બેન), કપિલાબેન રતીભાઈ, સ્વ. સવિતાબેન કિર્તીલાલ, ગુણવંતીબેન અરવિંદલાલ, ઈન્દીરાબેન પોપટલાલ, મધુબેન શાંતિલાલ, સ્વ. શાંતાબેન ધનપાલભાઈ, ભારતીબેન પ્રવિણચંદ્રના ભાભી. ઝીલ, ઉર્વીશ, અંકીની, ધવલ, વંશ, ડિમ્પલ, વિરલ, નિખિલ, ધ્રુવી, ધ્રુવેશ, અર્ચિત, અદિતના દાદી. પિયરપક્ષે હરસોલ નિવાસી સ્વ. મોહનલાલ સ્વરૂપચંદના દીકરી તા. ૩-૫-૨૦૨૪ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે. માતૃવંદના તા. ૬-૫-૨૦૨૪ સોમવારના ૩.૩૦ થી ૫.૩૦, માધવ બાગ, સી.પી.ટેન્ક, મુંબઈમાં રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા (રોહા) ના પ્રવિણ પ્રેમજી ગાલા (ઉં. વ. ૬૧) તા. ૨-૫-૨૪ના અવસાન પામેલ છે. શાંતાબેન પ્રેમજીના પુત્ર. નવલબેનના પતિ. રોહીત, ભાવિન, સાગરના પિતા. ચંદ્રીકા, હેમલતા, રમેશના ભાઇ. લક્ષ્મીબેન હેમરાજના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રોહીત પ્રવીણ ગાલા, દુબે મધુબન બિલ્ડીંગ, રૂમ નં. ૩, વિંગ એ, શિવ બસવ નગર, શિવ મંદિર રોડ, અંબરનાથ (ઇ.)

મેરાવાના ધનવંતી લક્ષ્મીચંદ ગાલા (ઉં. વ. ૮૦) ૩-૫ના અવસાન પામેલ છે. તે માતુશ્રી લક્ષ્મીબેન મણીબાઇ ગાંગજી દેવશીના પુત્રવધૂ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. સુનીલ, નિલેશ, જસ્મીનનાં માતુશ્રી. ના. ખાખર સુંદરબેન શામજી મોનજીના પુત્રી. ખુશાલ, પ્રવિણ, કાંડાગરા મણીબાઇ લાલજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિલેશ ગાલા, ૩૯૧/સી, સર્કલ હાઉસ, ભાઉદાજી રોડ, માટુંગા-૧૯.

ભોજાયના કેતન મગનલાલ મુરજી ગડા (ઉં. વ. ૪૦) તા. ૨-૫-૨૪ના અવસાન પામેલ છે. સરલાબેન મગનલાલના પુત્ર. રશ્મિના પતિ. સૃષ્ટિ, હસ્તીના પિતા. મનીષા, કુંજલના ભાઇ. મંજુલાબેન મુરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મગનલાલ ગડા, ૧૦૫, મધુરમ, સાઇનગર, વસઈ (વે) ૨૦૨.

**પાલનપુરી જૈન**

શ્રી. રસિકલાલ શેઠ (ઉં.વ. ૮૮) તા. ૩-૫-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંગુબેન ગફુરચંદ શેઠના પુત્ર. મંજુલાબેનના પતિ. સ્વ. સુરેશભાઈ, સ્વ. સુશીલાબેન સુરેશકુમાર બક્ષી અને બાબુલાલના ભાઈ. સ્વ. પ્રેરણા, નિલેશ, હિતેશ અને સમીરના પિતા. વિપુલ ઉદાણી, પૂર્વી અને કોમલના સસરા. પલક, નિરાલી, આંચલ, અનમોલ, મિતાલી, શાન, માલવિકા અને સુજયના દાદા. તેઓ શ્રીની પ્રાર્થનાસભા તા. ૬-૫-૨૪ને સોમવારના રોજ સવારે ૧૦.૩૦થી ૧૨.૦૦. પ્રાર્થનાસભા સ્થળઃ હિરાવતી બેન્કવેટ હોલ, ટાગોર રોડ, પોદાર સ્કૂલની પાછળ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના સ્વ. છગનલાલ કારીઆ (ઉં.વ. ૭૨) ગુરુવાર, તા. ૨-૫-૨૪ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી ગૌરીબેન રતનશી કારીઆના પુત્ર. તે સ્વ. અમૃતબેનના પતિ. ભાવેશ, વિપુલ, ગીતાના પિતાશ્રી. ભૂમિકા, દિપેશ, માનશીના સસરા. પોપટલાલ, ભીમશી, ચાંપશી, લક્ષ્મીબેન, રાજીબેન, મણીબેનના ભાઈ. ભચાઉના સ્વ. મોંઘીબેન વાલજી રવજી ગાલાના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૫-૫-૨૪ના પ્રા. ટાઈમ. ૧૦.૩૦થી ૧૨.૦૦ સ્થળઃ કરશન લઘુ હોલ, દાદર.

**ઘોઘારી વિસા ઓસવાળ જૈન**

અમરેલી નિવાસ રતિલાલ સુંદરજી શાહના પુત્રવધૂ અ.સૌ. ડૉ. સરલાબેન (ઉં. વ. ૮૭) તે ડૉ. પ્રવિણચંદ્ર રતિલાલ શાહના ધર્મપત્ની મુંબઈ મુકામે ગુરુવાર, ૨-૫-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ડૉ. બીરેન અને ડૉ. બિનિતાના માતુશ્રી. ડૉ. અંજલિ શાહ અને ડૉ. સંદીપકુમાર મહેતાના સાસુમા. તે રોહન અને રૂચિના દાદીમા. પિયર પક્ષે કપડવંજ નિવાસી ચંદુલાલ દામોદરદાસ પરીખના દીકરી. તેમની બંને પક્ષની સાદડી ગુરુવાર, ૯-૫-૨૪ના ૪થી ૬, સ્થળઃ વિલીંગ્ડન વ્યુ, ૧લા માળે, કોમ્યુનિટી હોલ, શાને ગુરુજી માર્ગ, તુલસી વાડી, મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન વેસ્ટ સામે. લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લાઠી નિવાસી હાલ બોરીવલી નિરંજનભાઈ પરમાણંદદાસ તુરખીયા (બટુકભાઈ) (ઉં. વ. ૮૮) ૩૦-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેન (રમાબેન)ના પતિ. ચેતનાબેન હેમેન્દ્ર તુરખીયાના સસરા. પરીન-રૂચિ-પાયલ રાહુલ પારેખના દાદા. અનસુયાબેન રમણીકભાઈ ટોલીયાં, સ્વ. ભારતીબેન જયવંતભાઈ મહેતા, ભદ્રાબેન ચંદુભાઈ શાહ, સ્વ. દિનેશભાઈ, સ્વ. કિરીટભાઈના ભાઈ. રણછોડદાસ ભાયચંદ ગોસલીયાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ ડોમ્બિવલી બીપીનભાઇ નરોત્તમદાસ બાવીશી (ઉં. વ. ૭૧) તે ઇંદીરાબેન નરોત્તમદાસ બાવીશીના સુપુત્ર. મોરબી નિવાસી જયશ્રીબેન કાંતિલાલ દોશીના જમાઇ. તે બીનાબેનના પતિ. નિકિતા, પૂજા, રીપાના પાપા અને ભાવેશકુમાર, નિશિતકુમાર, કેયુરકુમારના સસરા. સ્વ. નરેન્દ્રભાઇ, ભારતીબેન, નીલાબેનના ભાઇ. તે દિવીજા, નિવાંશી, હિતીષાના નાના. શનિવાર, તા. ૪-૫-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૬-૫-૨૪ના ૪થી ૬. ઠે. રોટરી કલબ સભાગૃહ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ).

## હિન્દુ મરણ

**વિસા નાગર વણિક**

વડનગર નિવાસી હાલ વિલેપાર્લે દિલીપભાઈ મહેતા (ઉં. વ. ૮૬) તે સ્વ. મંજુલાબેન મંગલદાસ મહેતાના સુપુત્ર. જયશ્રીબેનના પતિ. સ્વ. બિપીનભાઈ અને અરુણાબેન અશોક ભૂખણવાળાના ભાઇ. તે રાકેશ, સોનલ અને આરતીના પપ્પા. તે અ. સૌ. અલ્પા, સંદીપ શેઠ અને મેહુલ શાહના સસરા. તે નિસર્ગ - અ.સૌ. દિશા, નિરાલી, અવની, દીપન અને શ્રીના દાદા. તા. ૧/૦૫/૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૭, લક્ષ્મી મહેલ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, બાપુભાઈ વશી રોડ, વિલેપાર્લે પશ્ચિમ.

**કપોળ**

ભેરાઈવાળા, હાલ કાંદિવલી અ.સૌ.રમાબેન રમણલાલ અમીદાસ વોરાના સુપુત્ર અતુલ. (ઉં. વ. ૬૨) તે નિતિન તથા વિજયના ભાઈ. તે વર્ષાબેન અને બીનાબેનના દિયર/જેઠ. તે ભાવિક, ભૂષણ, દેવાંશીના કાકા. સ્વ.શામળદાસ - સ્વ.વિમળાબેન, સ્વ.અંદરજીભાઈ - સ્વ. હીરાબેન, સ્વ.વિઠ્ઠલદાસ - સ્વ. ભાનુમતી, સ્વ.ગંભીરદાસ - સ્વ. વસુમતીના નાનાભાઈના પુત્ર. તે અમરેલીવાળા સ્વ. છગનલાલ કાનજી મહેતાના દોહિત્ર. તા.૨.૫.૨૦૨૪ના ગુરૂવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા, તા.૬.૫.૨૦૨૪, સોમવારે ૫ થી ૭. હાલાઈ લુહાણા મહાજનવાડી, પહેલા માળે, એસ.વી.રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વે), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ભેરાઇવાળા સ્વ. મંજુલાબેન હિંમતલાલ ગાંધીના પુત્ર રોહિત (ઉં. વ. ૭૨) તે ૩/૫/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. પુલીન, મનનના પિતા. શિલ્પાના સસરા. ડેડાણવાળા સ્વ. જશવંતલાલ વિઠ્ઠલદાસ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ગં. સ્વ. ભાગીરથીબેન જગજીવનદાસ મેર (ઉં. વ. ૯૨) તે હરજીવનદાસ નરસિંહદાસ બોસમિયાના પુત્રી. તે ભરત, પંકજ, કેતન, નરેશ અને નલિની જયંતકુમાર મર્થકના માતુશ્રી. તે સોનલ, ધીમંત, યામિની, સ્નેહ, દેવાંશી, તૃષિયા, જહાનવી, દેવના દાદી. તે વિયા અને વાની ના પરદાદી. તે તા ૨૭/૦૪/૨૪ના શ્રીજીચરણ પામેલ છે તેમની પ્રાર્થનાસભા તા ૦૬/૦૫/૨૦૨૪ સોમવાર ના રોજ સાંજે ૪ થી ૫.૩૦ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ બોરીવલી વેસ્ટ ખાતે રાખેલ છે.

**ઇડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ બ્રહ્મપુરી, હાલ મીરારોડ નિવાસી ગં. સ્વ. પુષ્પાબેન જાની (ઉં. વ. ૮૯) તા. ૪/૫/૨૪ને શનિવારે દેવલોક પામ્યા છે. તે સ્વ. વિષ્ણુપ્રસાદ પિતાંબરદાસ જાનીના પત્ની. તે પ્રકાશ, પ્રતિક્ષા નરેન્દ્ર રાવલ, સનત અને સ્વ. બીપીનના માતુશ્રી, તે અંજના અને રીટાના સાસુ. તે જીત અને પરીના દાદી. તે હિરલ અને પલકના નાની. તે બ્રહ્મપુરી નિવાસી ઠાકર રેવાશંકર મોતીરામના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી,લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

આણંદપુરવાળા હાલ બોરીવલી નિવાસી હિતેન્દ્ર હરસુખલાલ સાંગાણી (ઉં. વ. ૬૦) તે હિનાબેનના પતિ તથા પ્રીતના પિતાશ્રી. તેમજ ગં.સ્વ.નિર્મળાબેન હરસુખલાલ સાંગાણીના પુત્ર તેમજ મીનાબેન, નયનાબેન તથા પંકજભાઈના મોટા ભાઈ તેમજ ગો.વા.મંજુલાબેન ચંપકલાલ મયાણીના જમાઈ તેમજ બીનાબેન, જયેશભાઇ, હર્ષદભાઈ તથા મીનાબેનના બનેવી તા.૨૯-૦૪-૨૦૨૪ને સોમવારનાં શ્રીજીચરણ પામ્યાં છે. તેમની પ્રાર્થના સભા તા. ૬-૫-૨૦૨૪ને સોમવાર ૫-૦૦ થી ૭-૦૦ અમારા નિવાસસ્થાને રાખેલ છે. સ્થળઃ ધરતી ૫, ઇન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, સત્યનગર, બોરીવલી, વેસ્ટ.

**કપોળ**

મહુવાવાળા હાલ મુંબઈ નિવાસી સ્વ.કમળાબેન નરસીંહદાસ મહેતાના પુત્ર રસીકલાલ (ઉં. વ. ૮૦) તા. ૨-૫-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે જશુબેનના પતિ. કિરણના પિતા. સ્વ.મગનભાઈ, સ્વ. રમણીકભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ.ઈલાબેન, અ.સૌ.ચેતનાબેનના ભાઈ. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

અમૃતલાલ આથા (ઠક્કર) (ઉં. વ. ૮૨) કચ્છ ગામ ઉગેડીવાળા હાલ મુલુંડ રહેવાસી ૩-૫-૨૪ શુક્રવારના અવસાન પામેલ છે. તે સ્વ. ખેતામા મોતીરામ ચાંપશી આથાના પુત્ર. દ્રુપદબેનના પતિ. સ્વ. અનિલ અને ભાવેશના પિતા. સ્વ. બાબુલાલ, સ્વ. શંકરલાલ, સ્વ. મંગલદાસ, સ્વ. નરોત્તમદાસ, સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. કસ્તુરબેન, સ્વ. જશોદાબેનના ભાઈ. વેલબાઈ વીરજી કરસનદાસ રૂપારેલ કચ્છ ગામ ટોડિયાવાળા હાલ બદલાપુરના મેઘજી હરિરામ કતિરાના જમાઈ. પ્રાગજી શાંતિલાલના બનેવી. ઠે. એ ૩૦૬, સાઈ વીહાર, સાઈ કોમ્પલેક્ષ, નવઘર રોડ, મુલુંડ (ઈસ્ટ). પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ કાંદિવલી, સ્વ. દમયંતીબેન હરીલાલ સંઘવીના પુત્રવધૂ. સ્વ. શશીકાંતભાઈના પત્ની ગં.સ્વ. ચંદ્રીકાબેન (ઉં. વ. ૭૯) ૪-૫-૨૪ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે દિનેશ-પૂજા, હીના-આશીતભાઈ સંઘવી, હેમા-તુષારભાઈ મહેતા, ફાલ્ગુની-યોગેશભાઈ મહેતા, હર્ષા-નીલેશભાઈ મહેતાના માતુશ્રી. તે ધનલક્ષ્મીબેન હરગોવિંદદાસ દોશીના પુત્રી. તે સ્વ. પ્રવીણભાઈ, ચીમનભાઈ, સ્વ. રાજુભાઈ, મંગળાબેન, ચંદનબેન, કુંદનબેન, ઉષાબેન, જયશ્રીબેનના ભાભી. તે ખુશ્બુ-જય, સ્વ. કરણ, અમન, રીષભ-મીતાલી, રાજ, રીશી, હર્નીશના દાદી/નાની. તેમની પ્રાર્થનાસભા લોહાણા મહાજન વાડી, ૨જે માળે, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), સમય. ૫થી ૭, ૬-૫-૨૪ના સોમવાર.

**નવગામ વીસા નગર વણિક**

માણસા નિવાસી હાલ મુંબઇ કાંદિવલી વીણાબેન શૈલેશભાઇ (બાબાભાઇ) શાહ (ઉં. વ. ૮૦) તા. ૩-૪-૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. તુલસીદાસ સીવલાલ શાહના પુત્રી. નીતાબેન મનીશભાઇ, મોનીકાબેનના માતા. સુરેશભાઇ, રીટાબેન, વીપુલભાઇના સાસુ. ભરતભાઇ અને જયોશનાબેનના ભાભી. બન્ને પક્ષનું બેસણું તા. ૫-૫-૨૪ રવિવારના ૫થી ૭. ઠે. બાલાશ્રમ બેનક્વેટ, અતુલ ટાવરની સામે, મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ).

**જૂનાગઢ ગિરિનારાયણ બ્રાહ્મણ**

મુંબઇ નિવાસી રુદ્રકાન્ત મુકુન્દરાય સેવક (ઉં. વ. ૭૧) તે સ્વ. મહેન્દ્રાબાળા તથા મુકુન્દરાય વિનોદરાય સેવકના પુત્ર કૌમુદીબેનના પતિ. સ્વ. મુકેશભાઇ, સ્વ. દિલીપભાઇ, ભરતભાઇ તથા બીના સંજય વોરાના ભાઇ. ધીરેન તથા પૂનમના પિતા. મોસમી તથા મલયનાં સસરા. માલા, હર્ષા મીનલના જેઠ. મોનાલી-ગૌરવ, પૂજા-મિતુલ, બિંદી, આલાપ, સૃષ્ટિના કાકા તા. ૩-૫-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સેવાસદન હોલ, ૧લે માળે, ગામદેવી, નાના ચોક, મુંબઇ-૭ ખાતે તા. ૬-૫-૨૪ના ૫થી ૭.

૧૪મા પાનાનું ચાલુ

### લિવ-ઈન પાર્ટનર

અને ડિસેમ્બર, ૨૦૨૩ સુધી બન્ને ભાયંદર પૂર્વના નવઘર પરિસરમાં સાથે રહેતાં હતાં. હુસેને એવો પણ દાવો કર્યો હતો કે અદાતે અક્ષય સોલંકી નામના યુવાન સાથે પરણી હતી અને તેમની વચ્ચે કોર્ટ કેસ ચાલી રહ્યો છે. હુસેન અને અદાતેએ મૌલાનાની હાજરીમાં મસ્જિદમાં નિકાહ કર્યા હોવાનો દાવો પણ ફરિયાદમાં કરાયો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે વર્ષના આરંભથી બન્ને વચ્ચે નજીવા મુદ્દે ઝઘડા થવા લાગ્યા હતા અને ત્યારથી અદાતે નાણાં માટે હુસેનને ત્રાસ આપતી હતી. જાન્યુઆરીથી બીજી મે દરમિયાન અદાતેએ અલગ અલગ વ્યક્તિઓ દ્વારા ફરિયાદીને ૩૦ લાખ રૂપિયા આપવા માટે મેસેજ મોકલાવ્યા હતા. રૂપિયા ન આપે તો હુસેન અને તેના મિત્રો વિરુદ્ધ સામૂહિક બળાત્કારનો ગુનો નોંધાવવાની ધમકી મહિલાએ આપી હતી. ડરના માર્યા હુસેને પોલીસને લેખિત ફરિયાદ કરી હતી. પોલીસે અદાતે વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસે અદાતેની ધરપકડ કરી હતી, પરંતુ હુસેને કરેલા આક્ષેપોની તપાસ હજુ કરવામાં આવી રહી છે. અદાતેએ જે વ્યક્તિઓ મારફત હુસેનને ધમકી આપી હતી તેમનાં નિવેદનો પોલીસ નોંધી રહી છે. પોલીસ અદાતેના અગાઉના પતિની પણ પૂછપરછ કરશે. ■

### જુહુ-ચોપાટી

રાખીને, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ભૂષણ ગગરાણી અને એડિશનલ મ્યુનિસિપલ કમિશનર (વેસ્ટર્ન સબર્બ્સ) ડૉ. સુધાકર શિંદેએ મહાનગરપાલિકાના તમામ આસિસ્ટન્ટ કમિશનરોને પોલીસ સાથે સંકલન કરવાની અપીલ કરી છે. તેમજ મહાનગરપાલિકાના સિક્યુરીટી ગાર્ડ અને લાઈફગાર્ડની મદદથી નાગરિકોને દરિયામાં જતા અટકાવવા સૂચનાઓ આપવામાં આવી છે. ખાસ કરીને ઉનાળાની રજાઓના અવસરે દરિયાકિનારા પર પ્રવાસીઓની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વધારાની તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા નાગરિકોને પણ ઊંચા મોજાના કારણે યોગ્ય સાવચેતી રાખવા તાકીદ કરવામાં આવી છે. ઉપરાંત, દરિયાકાંઠાના માછીમારોને આ સમયગાળા દરમિયાન તેમની બોટોને કિનારાથી સુરક્ષિત અંતરે રાખવા વિનંતી કરવામાં આવી છે. જેથી ઉછળતા મોજાંને કારણે બોટો એકબીજા સાથે અથડાઈ ન જાય તે માટે દરિયામાં માછીમારી કરતી વખતે તકેદારી રાખવા પણ તાકીદ કરવામાં આવી છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, મુંબઈ ફાયર બ્રિગેડ, મુંબઈ પોલીસ અને અન્ય એજન્સીઓ આ સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. બીએમસી દ્વારા દરિયા કિનારે તૈનાત મહાનગરપાલિકાના સુરક્ષા રક્ષકો, જીવરક્ષકો, અધિકારીઓ, કર્મચારીઓ અને તમામ તંત્રોને સહકાર આપવા નાગરિકોને વિનંતી કરવામાં આવી છે. ■

### મહારાષ્ટ્રમાં

ઑફ ઇન્સ્ટિટ્યૂટમાં આયોજિત યુવા સંવાદ મેળામાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે ભારત યુવાનોનો દેશ છે. ૬૫ ટકા નાગરિકોની ઉંમર ૩૫ વર્ષથી ઓછી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુવાનો માટે પરીક્ષા પે ચર્ચા જેવા કાર્યક્રમો કરે છે. તેનો હેતુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો છે. વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે. આપણા દેશને મહાસત્તા સુધી લઈ જવામાં યુવાનો મહત્વની ભૂમિકા ભજવશે. જ્યારે દેશ યોગ્ય અને મજબૂત હાથમાં જાય છે ત્યારે જ દેશનો વિકાસ થાય છે. હવે આપણો દેશ મજબૂત છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી દેશને વિકાસ તરફ લઈ જઈ રહ્યા છે. દેશ વિકાસ કરી રહ્યો છે.

મોદીજી દેશની યુવા શક્તિમાં વિશ્વાસ રાખે છે. તમે દેશનું નામ દુનિયામાં લઈ જવા માંગો છો. યુવા શક્તિમાં વિશ્વાસ દર્શાવતા હું કહીશ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેક્નોલોજીને પ્રાથમિકતા આપી છે. સ્ટાર્ટઅપ્સે દેશમાં ક્રાંતિ લાવી. શિક્ષણના નવા ક્ષેત્રો ખુલ્યા. મુખ્યમંત્રીએ કહ્યું કે, ઉદ્યોગોને કારણે યુવાનોના હાથને કામ મળ્યું છે. ■

### બાન્દ્રા-વરલી સી-લિંક

રિપેરિંગ કામ પણ વધી ગયું છે. આ સિવાય રોડ ટેક્સની વસુલાત ઝડપથી ન થતી હોવાથી વાહનોની કતારો વધતી જાય છે. તેથી, હવે સી-લિંક પર ટોલ કલેક્શન સિસ્ટમ બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, એમ એમએસઆરડીસીના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અત્યાધુનિક ઓટોમેટિક રોડ ટૅક્સ કલેક્શન સિસ્ટમ સ્થાપિત કરવાનો ખર્ચ ત્રણથી ચાર કરોડ રૂપિયાનો અપેક્ષિત છે.

એમએસઆરડીસીની તમામ સંબંધિત પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ જૂનના અંત સુધીમાં બાંદ્રા-વરલી સી-લિંક પર નવી રોડ ટોલ કલેક્શન સિસ્ટમ સ્થાપિત કરવાની યોજના બનાવી રહી છે. ■

### હીટવેવની ચેતવણી

ઉકળાટવાળું રહેવાની શક્યતા હવામાન ખાતા દ્વારા વર્તાવવામાં આવી છે. રાયગઢ સહિત રત્નાગિરી, સાંગલી, સોલાપુરમાં ચોથી અને પાંચમી મેના અને સિંધુદુર્ગ જિલ્લામાં ચોથી મેના દિવસે હીટવેવની આગાહી કરવામાં આવી છે. હીટવેવની સાથે મરાઠવાડા અને વિદર્ભના કેટલાક જિલ્લામાં વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે.

રવિવારે પણ મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યમાં હવામાન સુક્કું અને ગરમ હોવાની શક્યતા છે. પાંચમી મે મહારાષ્ટ્રના સાંગલી અને સોલાપુરમાં અનેક ઠેકાણે હીટવેવની આગાહી કરવામાં આવી છે. મરાઠવાડામાં ચોથી અને પાંચમી મેના દિવસે લાતુર અને ઉસ્માનાબાદ, નાંદેડ જિલ્લામાં પણ નાગરિકોને હીટવેવ અનુભવાશે. ■

### નવી મુંબઈ

કરી શકાશે.

ડિસેમ્બર, ૨૦૨૪માં પહેલી ટેકઓફ કરવાનું સિડકોનું લક્ષ્ય છે. એરપોર્ટનું ૭૫ ટકા કામ પૂરું થઇ ગયું છે. અદાણી ગ્રુપે અહીં એર ટ્રાફિક કન્ટ્રોલ રૂમ અને રનવેને બનાવવાનું કામ પૂરું કરી લીધું છે. એરપોર્ટના સંચાલન માટે ટેક્નિકલ અને જમીનની સુવિધાઓ વિકસિત કરવામાં આવી રહી છે. ચાર દિવસ પહેલાં જ અહીં એરપોર્ટ નિર્માણ સ્થળ પર કાર્યાલય પણ ખૂલી ગયું છે. સિડકો અને ઉડ્ડયન મંત્રાલય અનુસાર નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થવાથી મુંબઈમાં એર ટ્રાફિકનું દબાણ ઓછું થશે. ■

### પાલિકાની હૉસ્પિટલોમાં

હોય છે. આ દંડ ઓનલાઈન પદ્ધતિથી લેવામાં આવી રહ્યો છે. હવે આ જ કાર્યવાહી મુંબઈ પાલિકાની હોસ્પિટલોમાં પણ વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હોસ્પિટલોમાં ગંદકી કરનારાઓ સામે કાર્યવાહી કરીને તેઓ પાસેથી દંડ વસૂલવામાં આવશે. ■

### ૩૬ કલાકનો

જેટલી સર્વિસ રદ કરવામાં આવશે, એવું પણ અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું. મધ્ય રેલવે દ્વારા સીએસએમટી યાર્ડ તેમ જ લાંબા અંતરની ટ્રેનો માટેના પ્લેટફોર્મની લંબાઈ વધારવાનું કામ હાથ ધરવામાં આવશે જેને કારણે શનિવારે, પહેલી જૂનના મધરાતથી બ્લોક હાથ ધરવામાં આવશે.

સીએસએમટી એ ભારતનું સૌથી વ્યસ્ત અને જૂનું રેલવે સ્ટેશન છે અને મધ્ય રેલવે દ્વારા દરરોજ મેન લાઈન અને હાર્બર લાઈન પર ૧,૮૧૦ લોકલ દોડાવવામાં આવે છે જેમાંથી ૧,૨૦૦ જેટલી ટ્રેનો તો સીએસએમટીથી જ દોડાવવામાં આવે છે. બ્લોક દરમિયાન હાર્બર લાઈન પર લોકલ ટ્રેનો વડાલા સ્ટેશન સુધી તેમ જ મેન લાઈન પર ભાયખલા સુધી જ દોડાવવામાં આવશે. આ ઉપરાંત લાંબા અંતરની ટ્રેનો પણ મોડી પડવાની શક્યતા અધિકારી દ્વારા વ્યક્ત કરાઈ છે. બ્લોક દરમિયાન સીએસેમટીની પ્લેટફોર્મ નંબર ૧૦થી લઈને ૧૪ સુધીના પ્લેટફોર્મની લંબાઈ વધારવામાં આવશે. હાલમાં આ પ્લેટફોર્મ પર ૧૮ કોચની એક્સપ્રેસ ટ્રેનો ઊભી રહી શકે છે, પરંતુ અપગ્રેડેશન બાદ આ પ્લેટફોર્મ પરથી ૨૪ કોચની એક્સપ્રેસ ટ્રેન પણ દોડાવી શકાશે. આને કારણે ટ્રેનની પ્રવાસીઓ વહન કરવાની ક્ષમતામાં ૨૦ ટકાનો વધારો થશે. મધ્ય રેલવેના પીક સમર સીઝનમાં જ સીએસએમટી રેલવે સ્ટેશનના અપગ્રેડેશન વર્ક હાથ ધરવાના નિર્ણયને કારણે પ્રવાસીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવશે. હાલમાં સીએસએમટીમાં ૧૮ પ્લેટફોર્મ આવેલા છે અને જેમાંથી એકથી સાત નંબર પ્લેટફોર્મ લોકલ ટ્રેનો માટે દોડાવવામાં આવે છે અને ૧૧ પ્લેટફોર્મ લાંબા અંતરની ટ્રેનો દોડાવવામાં આવશે. આ અપગ્રેડેશન પ્રોજેક્ટની અંદાજિત કિંમત ૫૦ કરોડ રૂપિયા જેટલી હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ■

### હવેથી રેલવે બ્રિજનું

બેરિકેટ કરવામાં આવ્યું હતું, જોકે તેને કલેક્ટરના આદેશ બાદ હટાવી દેવામાં આવ્યું હતું. ૨૦ ફ્લડ લાઈટ અને સોલર પેનલ પણ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. વીડિયો કોન્ફરન્સમાં હાલના એડિશનલ કલેક્ટરે કહ્યું હતું કે અસ્થાયી રીતે બેરિકેટ હટાવવામાં આવ્યા છે, જેને બાદમાં પાછા લગાવી દેવામાં આવશે. ■

### મધ્ય રેલવેમાં બ્લોક

ટ્રેનો મોડી પડશે. હાર્બર લાઈન પર સીએસએમટી-ચુનાભટ્ટી/બાન્દ્રા વચ્ચે અપ ડાઉન લાઈન પર સવારે ૧૧.૪૦ કલાકથી બપોરે ૪.૪૦ કલાક સુધી બ્લોક હાથ ધરાશે. આ સમયગાળા દરમિયાન સીએસએમટી/વડાલાથી વાશી /બેલાપુર/પનવેલ વચ્ચે ટ્રેન વ્યવહાર બંધ રહેશે. જોકે આ સમયગાળા દરમિયાન કુર્લાથી પનવેલ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# રણસંગ્રામ IPL-2024

## મુંબઇ ઇન્ડિયન્સ પ્લેઓફની રેસમાંથી બહાર, કોલકાતાએ ૨૪ રનથી આપી હાર

મુંબઇઃ કોલકાતા નાઈટ રાઈડર્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૪ રને હરાવ્યું હતું. કોલકાતાએ પ્રથમ બેટિંગ કરતા ૧૬૯ રન કર્યા હતા. કોલકાતા તરફથી વેંકટેશ ઐય્યરે ૭૦ રનની શાનદાર ઇનિંગ રમી હતી. જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ ટાર્ગેટનો પીછો કરવા ઉતરી ત્યારે ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ટીમે ૪૬ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. રોહિત શર્મા ૧૧ રન, ઈશાન કિશન ૧૩ રન અને નમન ધીર પણ માત્ર ૧૧ રનનું યોગદાન આપી શક્યા હતા. બાદમાં સૂર્યકુમાર યાદવે ૩૫ બોલમાં ૫૬ રન ફટકાર્યા હતા. દરમિયાન તેણે છ ફોર અને બે સિક્સ પણ ફટકારી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી સુનીલ નરેન અને વરુણ ચક્રવર્તીએ ખૂબ જ શાનદાર બોલિંગ કરી હતી.

લક્ષ્યનો પીછો કરતા મુંબઇએ પાવરપ્લેમાં ત્રણ વિકેટ ગુમાવી ૪૬ રન કર્યા હતા. જેના કારણે મુંબઈની ટીમ સંઘર્ષ કરી રહી હતી, તેણે ૭૧ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી સૂર્યકુમાર યાદવે ઝડપી બેટિંગ શરૂ કરી અને ૩૦ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. પરંતુ જ્યારે ૧૬મી ઓવરમાં ૫૬ રન કરીને સૂર્યકુમાર યાદવ આઉટ થયો ત્યારે મુંબઇની હાર નિશ્ચિત થઇ ગઇ હતી.



મુંબઇને છેલ્લી ચાર ઓવરમાં જીતવા માટે ૪૬ રનની જરૂર હતી અને ટિમ ડેવિડ હજુ પણ ક્રિઝ પર હતો. પછીની બે ઓવરમાં માત્ર ૧૩ રન કર્યા હતા. જેના કારણે મુંબઈને છેલ્લી બે ઓવરમાં ૩૨ રનની જરૂર હતી. ટિમ ડેવિડ ૧૯મી ઓવરના બીજા બોલ પર ૨૪ રનના સ્કોર પર આઉટ થયો હતો અને આ સાથે જ મુંબઇની જીતની આશા લગભગ ખતમ થઈ ગઈ હતી.

કોલકાતા નાઈટ રાઈડર્સ માટે સ્પિનરોએ શાનદાર બોલિંગ કરી હતી. સુનીલ નરેન અને વરુણ ચક્રવર્તી, બંનેએ ચાર ઓવર ફેંકી હતી અને બંનેએ ૨૨ રનમાં ૨-૨ વિકેટ લીધી હતી. મિશેલ સ્ટાર્કે ડેથ ઓવર્સમાં શાનદાર બોલિંગ કરી અને ચાર વિકેટ ઝડપી હતી. આન્દ્રે રસેલે બે વિકેટ ઝડપી હતી. ■

## ગુજરાત ટાઇટન્સ ૧૪૭ રનમાં ઓલઆઉટ, બેંગલૂરુના બોલરોનો તરખાટ




બેંગલૂરુઃ બેંગલૂરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા આવેલી ગુજરાત ટાઇટન્સ ૧૪૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ ૬ ઓવરમાં ટીમનો સ્કોર ૩ વિકેટે માત્ર ૨૩ રન હતો. જો કે, રાહુલ તેવટિયાના ૨૧ બોલમાં ૩૫ રન, શાહરુખ ખાનના ૨૪ બોલમાં ૩૭ રન, ડેવિડ મિલરના ૨૦ બોલમાં ૩૦ રન અને રાશિદ ખાનના ૧૪ બોલમાં ૧૮ રનની મદદથી ગુજરાત ટાઇટન્સ સન્માનજનક સ્કોર સુધી પહોંચ્યું હતું.

આ પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુના કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ગુજરાત ટાઇટન્સ માટે શાહરુખ ખાને સૌથી વધુ ૨૪ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતા. આ સિવાય ડેવિડ મિલરે ૨૦ બોલમાં ૩૦ રન ફટકાર્યા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી મોહમ્મદ સિરાજ ઉપરાંત યશ દયાલ અને વિજયકુમારે ૨-૨ વિકેટ ઝડપી હતી. આ સિવાય કેમરુન ગ્રીન અને કર્ણ શર્માને ૧-૧ સફળતા મળી હતી.

ગુજરાત ટાઇટન્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. પહેલો ઝટકો માત્ર ૧ રનના સ્કોર પર લાગ્યો હતો. રિદ્ધિમાન સહા ૧ રન કરીને આઉટ થયો હતો. ટીમને ૧૦ રનના સ્કોર પર બીજો ઝટકો લાગ્યો હતો. શુભમન ગિલ ૨ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. સાઈ સુદર્શને માત્ર ૬ રનનું યોગદાન આપ્યું હતું. જોકે, આ પછી ડેવિડ મિલર અને શાહરુખ ખાન વચ્ચે સારી ભાગીદારી જોવા મળી હતી, બંને બેટ્સમેનોએ ૬૧ રનની ભાગીદારી કરી હતી. શાહરુખ ખાનને વિરાટ કોહલીએ રન આઉટ કર્યો હતો. રાહુલ તેવટિયાએ છેલ્લી ઓવરોમાં સારી બેટિંગ કરી હતી. તેણે ૨૧ બોલમાં ૩૫ રન ફટકાર્યા હતા. રાશિદ ખાને ૧૪ બોલમાં ૧૮ રન કર્યા હતા. ■

## પીઠમાં સમસ્યા હોવાના કારણે ઇમ્પેક્ટ પ્લેયર તરીકે રમ્યો રોહિત શર્માઃ પીયૂષ ચાવલા



મુંબઇઃ લેગ સ્પિનર પીયૂષ ચાવલાએ કહ્યું હતું કે ભારતીય કેપ્ટન અને મુંબઈ ઈન્ડિયન્સના ઓપનર રોહિત શર્માની પીઠમાં થોડી સમસ્યાના કારણે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ઈન્ડિયન પ્રીમિયર લીગ મેચમાં ઇમ્પેક્ટ પ્લેયર' તરીકે રમવા માટે મજબુર થવું પડ્યું હતું.

ઇમ્પેક્ટ પ્લેયર તરીકે રમવા આવેલો રોહિત ૧૨ બોલમાં માત્ર ૧૧ રન જ કરી શક્યો હતો. આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને કોલકાતાએ ૨૪ રનથી હાર આપી હતી. જેના કારણે પાંચ વખતની ચેમ્પિયન ટીમ આ વર્ષની આઇપીએલમાંથી લગભગ બહાર થઈ ગઈ છે.

ચાવલાએ મેચ બાદ મીડિયાને કહ્યું હતું, તેની પીઠમાં સમસ્યાના કારણે સાવચેતીના પગલા તરીકે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ૧૧ મેચોમાં મુંબઈ ઈન્ડિયન્સની આ આઠમી હાર છે, જેણે હાર્દિક પંડ્યાની કેપ્ટનશિપ હેઠળની મુંબઇના પ્લેઓફના દરવાજા લગભગ બંધ કરી દીધા છે અને ચાવલાએ પણ સ્વીકાર્યું કે તે હવે માત્ર સન્માન માટે જ રમશે.

તેણે કહ્યું હતું કે અમે સન્માન માટે રમીશું કારણ કે જ્યારે તમે મેદાનમાં ઉતરો છો ત્યારે તમે વિચારતા નથી કે તમે ક્વોલિફાય થશો કે નહીં. ■

## કોલકાતા સામે હાર બાદ હાર્દિક પંડ્યાએ કહ્યું, લક્ષ્યનો પીછો કરતા સમયે ભાગીદારી બનાવવામાં નિષ્ફળ રહ્યા



મુંબઈઃ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ઈન્ડિયન પ્રીમિયર લીગ મેચમાં ૧૭૦ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે ૨૪ રનથી હારનો સામનો કર્યા બાદ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ કહ્યું કે આ હાર નિરાશાજનક રહેશે. કારણો શોધવા માટે થોડો સમય લાગશે.

મુંબઈની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૪૫ રન કરી ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ માટે માત્ર સૂર્યકુમાર યાદવ (૫૬) જ સારી બેટિંગ કરી શક્યો હતો. પંડ્યાએ મેચ બાદ એવોર્ડ સમારોહમાં કહ્યું, સ્વાભાવિક રીતે અમે ભાગીદારી બનાવી શક્યા નહીં અને વિકેટો ગુમાવતા રહ્યા. ઘણા બધા સવાલો છે અને આ બધાના જવાબો શોધવામાં થોડો સમય લાગશે.

તેણે કોલકાતાના બોલરોની પ્રશંસા કરી હતી. તેણે કહ્યું હતું કે આ પીચ પર બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું. જો હું ખોટો ના હોઉં તો બીજી ઇનિંગમાં ઝાકળને કારણે વિકેટ સારી બની હતી. આપણે જોવું પડશે કે આપણે શું વધુ સારું કરી શકીએ છીએ. અમે રમતમાં લડત આપવાનું ચાલુ રાખો. ■

## આજે કોલકાતા સામે ટકરાશે લખનઊ, પ્લેઓફમાં પહોંચવાના ઇરાદા સાથે ઊતરશે મેદાનમાં



લખનઊઃ ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૪માં આજે લખનઊ સુપરજાયન્ટ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ની ટીમો રવિવારે સામસામે ટકરાશે. બંન્ને ટીમોનો ઇરાદો મેચ જીતીને પ્લેઓફની રેસમાં મજબૂત દાવો કરવાનો રહેશે. મુંબઈ ઈન્ડિયન્સને તેમના હોમ ગ્રાઉન્ડ પર લો-સ્કોરિંગ મેચમાં ૨૪ રને હરાવ્યા બાદ કોલકાતા પાસે ૧૪ પોઈન્ટ છે અને ટીમ પ્લેઓફ ક્વોલિફિકેશનની ખૂબ નજીક છે. આવી સ્થિતિમાં લોકેશ રાહુલના નેતૃત્વમાં લખનઊ પર કોલકાતા સામે જીતવાનું દબાણ રહેશે. લખનઊના ૧૦ મેચમાં છ જીત અને ચાર હાર સાથે ૧૨ પોઈન્ટ છે અને તે કોલકાતાથી માત્ર એક સ્થાન નીચે ત્રીજા સ્થાને છે.

સનરાઈઝર્સ હૈદરાબાદ (૧૨ પોઈન્ટ) ચોથા સ્થાને છે જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સ (૧૦ પોઈન્ટ) અને દિલ્હી કેપિટલ્સ (૧૦ પોઈન્ટ) પણ ટોપ ચારમાં સ્થાન મેળવવાની રેસમાં મજબૂત છે. લખનઊએ અહીં એકાના સ્ટેડિયમમાં અગાઉની મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ૧૪૫ રનના સાધારણ લક્ષ્યનો પીછો કરવા માટે મહેનત કરવી પડી હતી. ટીમ છેલ્લી ઓવરમાં માત્ર ચાર વિકેટે જીતી શકી હતી.

કેપ્ટન રાહુલ અને ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસે લખનઊ માટે સારું પ્રદર્શન કર્યું છે અને દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટન ડી કોકને ફરીથી તક મળશે કે નહીં તેને લઇને આશંકા છે. નિકોલસ પૂરને આ સીઝનમાં અત્યાર સુધી અડધી સદી ફટકારી નથી પરંતુ તેણે ઘણી વખત છેલ્લી ઓવરમાં ટીમ માટે ઝડપી રન કર્યા હતા. જો કે, તે મુંબઈ સામે રન કરવામાં સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો જેના કારણે તેની 'ફિનિશિંગ સ્કિલ' પર સવાલો ઊઠી રહ્યા છે. આયુષ બદોની પણ આ સીઝનમાં પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહ્યો છે.

કોલકાતાના આક્રમક બેટ્સમેનોને રોકવા માટે લખનઊની ટીમના બોલરોએ પૂરો પ્રયાસ કરવો પડશે. મયંક યાદવનું પણ આ મેચમાં રમવા પર શંકા છે. કોલકાતાને આ સીઝનમાં ત્રણ હારનો સામનો કરવો પડ્યો છે. આ ત્રણ હાર બાદ ટીમે જોરદાર વાપસી કરી છે. ■

## આજે ચેન્નઇ સામે થશે પંજાબ કિંગ્સની પરીક્ષા, પ્લેઓફની રેસમાં ટકી રહેવા સીએસકે માટે જીત જરૂરી

ધર્મશાલાઃ ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ રવિવારે અહીં ઈન્ડિયન પ્રીમિયર લીગ મેચમાં પંજાબ કિંગ્સ સામે ટકરાશે. પ્લે ઓફની રેસમાં ટકી રહેવા માટે ચેન્નઇ માટે આ મેચ જીતવી જરૂરી છે. માત્ર ત્રણ દિવસ પહેલા પંજાબ કિંગ્સે ચેપોકમાં સીએસકેને સાત વિકેટે હરાવ્યું હતું. છેલ્લી ત્રણ મેચમાં હોમ ટીમની આ બીજી હાર હતી જેના કારણે ટીમ મુશ્કેલીમાં છે. ચેન્નઇ ૧૦ પોઈન્ટ સાથે ટેબલમાં પાંચમા સ્થાને છે અને પાંચ વખતની ચેમ્પિયન આશા રાખશે કે નોકઆઉટ સ્ટેજમાં તેમનું સ્થાન નક્કી કરવા માટે માત્ર ચાર મેચ બાકી હોવાથી મેચ જીતવી ખૂબ જરૂરી છે. હરપ્રીત બ્રાર અને રાહુલ ચહરની સ્પિન જોડી સામે સીએસકે સારું પ્રદર્શન કરી શક્યું નથી જેના પરિણામે તેણે સાત વિકેટે ૧૬૨ રન કર્યા હતા. તેમની બેટિંગ પણ કેપ્ટન ગાયકવાડ અને શિવમ દુબે પર નિર્ભર બની રહી છે અને જેમ જેમ તેમાંથી કોઈ એક નિષ્ફળ જાય છે તેમ તેમ ટીમના અન્ય બેટ્સમેનો પર દબાણ વધી જાય છે.



ગાયકવાડે સીઝનમાં પાંચ વખત ૫૦ કરતા વધુ સ્કોર કર્યો છે જ્યારે અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણે ફરી એકવાર શરૂઆતનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ ગયો જ્યારે રવિન્દ્ર જાડેજા અને સમીર રિઝવી સ્પિન સામે સંઘર્ષ કરી રહ્યા હતા.

ચેન્નઇ તેના ઝડપી બોલરોની ફિટનેસને લઇને ચિંતિત છે. જેમાં દીપક ચહરનો સમાવેશ થાય છે. દીપકની પંજાબ કિંગ્સ સામેની બીજી મેચમાં રમવાની શક્યતા નથી. મતિષા પથિરાના અને તુષાર દેશપાંડેની ગેરહાજરીને કારણે ટીમને નુકસાન થયું હતું. રિચર્ડ ગ્લીસને છેલ્લી મેચમાં આઈપીએલની શરૂઆત કરી હતી અને સીએસકે મુકેશ ચૌધરીને પરત બોલાવી શકે છે.

પંજાબ કિંગ્સ વિશે વાત કરીએ તો તેણે સતત જીત મેળવીને પ્લેઓફની આશા વધારી છે. ચેન્નઇ સામેની જીત સાથે પંજાબ કિંગ્સ મુંબઈ ઈન્ડિયન્સ પછી બીજી ટીમ બની હતી જેણે ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઇ પર સતત પાંચ જીત નોંધાવી હતી અને હવે તેઓ આનો લાભ લેવા માંગે છે.

સતત જીત બાદ પંજાબ કિંગ્સ આઠ પોઈન્ટ સાથે સાતમા સ્થાને પહોંચી ગઈ છે અને તેણે પોતાની આશા જીવંત રાખવા માંગશે. જોની બેયરસ્ટો ટીમ માટે મહત્ત્વનો રહેશે જ્યારે રિલી રુસો, શશાંક સિંહ અને પ્રભસિમરન સિંહે પણ સારું પ્રદર્શન કરવું પડશે. ટીમના બોલિંગ વિભાગમાં કાગીસો રબાડા, હર્ષલ પટેલ, અર્શદીપ સિંહ અને સેમ કુરન જેવા અનુભવી નામો સામેલ છે જેમણે સતત સારી બોલિંગ કરવી પડશે. ■

## ટી-૨૦ વર્લ્ડ કપમાં ઇમ્પેક્ટ પ્લેયર ના હોવાના કારણે કેપ્ટનોએ બદલવી પડશે રણનીતિઃ સ્ટાર્ક

મુંબઇઃ કોલકાતા નાઈટ રાઈડર્સ અને ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કનું માનવું છે કે આવતા મહિને અમેરિકામાં ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે ત્યારે ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈમ્પેક્ટ પ્લેયર નિયમની ગેરહાજરીને કારણે કેપ્ટનો વધુ સારી રણનીતિ અંગે વિચારવા મજબુર થઈ જશે. ઈમ્પેક્ટ પ્લેયરના નિયમ હેઠળ ટીમોને મેચ દરમિયાન એક ખેલાડીને બદલવાની સ્વતંત્રતા છે. ગયા વર્ષે તેનો અમલ કરવામાં આવ્યો હતો. જે બાદ ટીમો સરળતાથી ૨૦૦ રન કરી રહી છે.



શુક્રવારે આઇપીએલ ટી-૨૦ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૨૪ રને હરાવ્યા પછી કોલકાતાના બોલરે કહ્યું હતું કે ઈમ્પેક્ટ પ્લેયરના નિયમથી વસ્તુઓ ઘણી હદ સુધી બદલાય છે. ટીમને વધુ એક બેટ્સમેન અથવા બોલર રાખવાની સ્વતંત્રતા મળે છે અને આ બેટિંગને વધુ ઊંડાણ આપે છે. આ સાથે ટીમ પાસે એવા ખેલાડીઓ છે જે આઠમા કે નવમા ક્રમ સુધી બેટિંગ કરી શકે છે. પાવર પ્લેમાં પણ બેટ્સમેનો ડર્યા વગર રમે છે. મુંબઈ સામે ૩૩ રનમાં ચાર વિકેટ ઝડપનાર સ્ટાર્કે કહ્યું કે આ નિયમ ટી-૨૦ વર્લ્ડ કપમાં રહેશે નહીં, તેથી તેની અસર સ્કોર પર જોવા મળશે. આઈપીએલમાં કેટલાક મોટા સ્કોર, કેટલીક શાનદાર ભાગીદારી જોવા મળી. આવતા મહિને યોજાનાર વર્લ્ડ કપમાં આવો કોઈ નિયમ નહીં હોય. આવી સ્થિતિમાં સ્કોર પર તેની શું અસર થાય છે તે જોવાનું રહેશે.

તેણે કહ્યું હતું કે તમારે કોઈ વધારાના ખેલાડીઓ વિના ટીમને સંતુલિત કરવી પડશે. આવી સ્થિતિમાં ઓલરાઉન્ડરોનું મહત્ત્વ વધી જશે. ચોક્કસપણે વર્લ્ડ ક્લાસ ઓલરાઉન્ડરો ટીમને સંતુલિત કરે છે. ■

## યુરોપ ટૂર માટે ભારતીય જુનિયર પુરુષ હોકી ટીમ જાહેર, રોહિતને સોંપી કેપ્ટનશિપ

નવી દિલ્હીઃ ભારતીય જુનિયર પુરુષ હોકી ટીમ રોહિતની કેપ્ટનશિપમાં ૨૦-૨૯ મે દરમિયાન યુરોપ પ્રવાસ પર પાંચ મેચ રમશે. ૨૦ સભ્યોની આ ટીમમાં શારદાનંદ તિવારીને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. હોકી ઈન્ડિયાની તેના ખેલાડીઓને અનુભવ આપવા અને તેમનું પ્રદર્શન સુધારવાની પહેલના ભાગરૂપે ભારતીય ટીમ બેલ્જિયમ, જર્મની અને નેધરલેન્ડ્સમાં પાંચ મેચ રમશે.

હોકી ઈન્ડિયાની પ્રેસ રિલીઝમાં કેપ્ટન રોહિતે કહ્યું, ''અમે અમારા કેમ્પમાં સખત ટ્રેનિંગ લઇ રહ્યા છીએ અને એકબીજાની રમતની શૈલીને સમજી રહ્યા છીએ.'' અન્ય દેશોની ટીમો સામે એકસાથે રમવું અદ્ભુત રહેશે, જે અમને અમારી રમતને સુધારવામાં મદદ કરશે.

ભારત આ પ્રવાસની શરૂઆત ૨૦ મેના રોજ એન્ટવર્પમાં બેલ્જિયમ સામે કરશે. ત્યારબાદ ટીમ ૨૨ મેના રોજ નેધરલેન્ડ્સના બ્રેડામાં ફરી બેલ્જિયમનો સામનો કરશે. આ જ સ્થળે ટીમ ૨૩ મેના રોજ નેધરલેન્ડ્સની ક્લબ ટીમ બ્રેડ્ઝ હોકી વેરેનિગિંગ પુશ સાથે રમશે. આ પછી તે ૨૮ અને ૨૯ મેના રોજ જર્મની સામે રમશે. પ્રથમ મેચ જર્મનીમાં જ્યારે બીજી મેચ બ્રેડામાં યોજાશે. ■

**ટીમઃ**

ગોલકીપર્સ - પ્રિન્સ દીપ સિંહ, બિક્રમજીત સિંહ.

ડિફેન્ડર્સ - શારદાનંદ તિવારી, યોગેમ્બર રાવત, અનમોલ એક્કા, રોહિત, મનોજ યાદવ, તાલેમ પ્રિયો બાર્ટા.

મિડફિલ્ડર - અંકિત પાલ, રોશન કુજુર, બિપિન બિલવારા રવિ, મુકેશ ટોપ્પો, મનમીત સિંહ, વચન એચ.એ.

ફોરવર્ડ - સૌરભ આનંદ કુશવાહા, અર્શદીપ સિંહ, ગુરજોત સિંહ, મોહમ્મદ કોનન દાદ, દિલરાજ સિંહ, ગુરસેવક સિંહ ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

ત્યારે સરકારે બેરોજગારી અને મોંઘવારી દૂર કરવા કશું કર્યું નથી તેથી ભાજપને મત ના આપતા એવી અપીલ કરતો બનાવટી વીડિયો ફરતો થયો. આમીર ખાન પણ ભાજપને મત નહીં આપવાની અપીલ કરતો હોય એવી ડીપફેક વીડિયો વાઈરલ થયેલો. બંનેએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ તો બે ઉદાહરણ આપ્યાં, પણ ટેકનોલોજીનો દુરુપયોગ કરીને ચૂંટણીને પ્રભાવિત કરવાની વાત નવી નથી. પ્રજ્વલની સેક્સસીડી ટેકનોલોજીનો દુરુપયોગ નથી, પણ કદાચ સદ્‌ઉપયોગ છે કેમ કે આવા હવસખોરોને ઉઘાડા પાડવા જ જોઈએ. પ્રજ્વલ જેવા દસ લોકો આ દેશના રાજકારણમાં આવી જાય તો દેશમાં સ્ત્રીઓ સલામત જ ના રહે.

કમનસીબે આવાં સેક્સકૌભાંડોની અસર બહુ લાંબા ગાળાની નથી હોતી ને રાજકારણીઓ પણ તેનો ઉપયોગ ચૂંટણીમાં જીતવા માટે અને રાજકીય ફાયદો મેળવવા જ કરે છે. એ પછી આખી વાતને ભૂલાવી દે છે. બલ્કે જેની સામે આક્ષેપો કર્યા હોય એમને પણ પોતાના પક્ષમાં લેવામાં પણ એમને શરમ નથી નડતી. પોતે રાજકીય ફાયદા માટે કોઈની બદનામી કરી એ બદલ એની માફી માગવી જોઈએ એવું સૌજન્ય પણ એ લોકો નથી બતાવી શકતા. આનું શ્રેષ્ઠ ઉદાહરણ હાર્દિક પટેલનું છે.

ગુજરાતમાં પણ ૨૦૧૭ના નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર ચરમસીમા પર હતો ત્યારે પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના કન્વિનર હાર્દિક પટેલની કહેવાતી સેક્સસીડી એક ટીવી ચેનલે બહાર પાડી હતી. પહેલાં યુટ્યુબ પર મુકાયેલી એ સેક્સ સીડી ટીવી ચેનલ પર પ્રસારિત થઈ પછી આખા ગામમાં ફરતી થઈ ગયેલી. બે ભાગમાં વહેંચાયેલી સેક્સસીડીના પહેલા ભાગમાં હાર્દિક જેવી લાગતી વ્યક્તિ એક યુવતી સાથે ગુજરાતીમાં વાતચીત કરે છે. એમાં યુવતીનો ચહેરો દેખાતો નથી , પણ વાતો પરથી એની ઓળખ છતી થઈ હતી. બીજી સીડીમાં બંનેની સેક્સલીલા દર્શાવાઈ હતી.

ગુજરાતની ચૂંટણીમાં એ વખતે પાટીદાર અનામતનો મુદ્દો ગરમ હતો. હાર્દિકે ભાજપને ફીણ પડાવી દીધું છે ત્યારે જ આ સીડી બહાર આવતાં વિરોધીઓ એના પર તૂટી પડ્યા હતા.

હાર્દિક ચારિત્ર્યહીન ને લંપટ માણસ છે' તેવા આક્ષેપોનો મારો ચાલ્યો. ભાજપે હાર્દિક સામે મોરચો માંડી દીધો, પણ લોકોને ફરક નહોતો પડ્યો કેમ કે હાર્દિક એ વખતે પરણેલો નહોતો. કોઈની સાથે એના આવા સંબંધ હોય તેમાં કોઈને કશું અજુગતું લાગ્યું નહોતું.

વિધાનસભાની ચૂંટણી વખતે સુરતમાં કોંગ્રેસના બીજા ઉમેદવાર દિનેશ કાછડિયાની સેક્સ ટેપ પણ બહાર આવી હતી. હાર્દિક અને દિનેશની સેક્સ ટેપે થોડો સમય ખળભળાટ મચાવ્યો પણ ચૂંટણી પતતાં જ આ મુદ્દો હવાઈ ગયો.

અત્યારે હાર્દિક પટેલ ભાજપનો ધારાસભ્ય છે અને આ સીડીની વાત સાવ ભૂલાઈ જ ગઈ છે, પણ હાર્દિકની સીડીના કારણે જે યુવતીની બદનામી થઈ એ વિશે કોઈ વિચારતું નથી. પ્રજ્વલ રેવન્નાના કેસમાં પણ એવું થવાની પૂરી શક્યતા છે કેમ કે આ દેશમાં 'સમરથ કો નહીં દોષ ગુંસાઈ' નો સિદ્ધાંત લાગુ પડે છે. પ્રજ્વલની હવસનો શિકાર બનેલી છોકરીઓ કે મહિલાઓ મોટા ભાગે ગરીબ પરિવારની છે, જ્યારે પ્રજ્વલ બડે બાપ કી બિગડી ઓલાદ છે. આ બિગડી ઔલાદના બાપની પડખે ભાજપ છે. અત્યારે કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર છે તેથી તપાસ શરૂ કરાવી, પણ કાલે પ્રજ્વલનો પરિવાર કોંગ્રેસ સાથે બેસી જાય તો કોંગ્રેસને પણ પ્રજ્વલનાં પાપ ધોવામાં કશું ખોટું નહીં લાગે.

બીજું એ કે, આપણી પ્રજાની યાદદાશ્ત પણ ટૂંકી છે. પ્રજા પણ આવા લોકોને પાઠ ભણાવવામાં માનતી નથી તેથી પ્રજ્વલ સેક્સકાંડ ચાના કપના તોફાનથી વધારે કંઈ નથી. ચૂંટણી પતતાં જ શમી જશે એ લખી રાખજો. ■

## મોર્નિંગ મ્યૂસિંગ (સાતમા પાનાનું ચાલુ)

ધનવાન થાય છે, બુનિયાદી સુવિધાઓ લોકો સુધી પહોંચતી નથી, સરકારી તંત્રને જનતાની કોઈ પડી નથી ઈત્યાદિ.

કદાચ એટલા માટે જ, ભારતના ૮૫ ટકા લોકો દેશમાં મિલિટરી શાસન અથવા સરમુખત્યારશાહીની તરફેણ કરતા હોય તો એમાં આશ્ચર્ય ન થવું જોઈએ. વૈશ્વિક સ્તરે સામાજિક અને રાજકીય વલણોનો સર્વે કરતી અમેરિકા સ્થિત સંસ્થા 'પ્યુ રિસર્ચ સેન્ટર'નો, વર્ષ ૨૦૨૩નો ૨૪ દેશોનો એક સર્વે કહે છે કે આ બધા દેશના લોકોને એમના દેશનું તંત્ર જે રીતે ચાલે છે તેની સામે અનેક ફરિયાદો છે, પરંતુ તેમાં ભારતમાં જ સૌથી વધુ (૮૫ ટકા) લોકોએ કહ્યું હતું કે કડક હાથે કામ લીધા વગર સુધારો નથી થવાનો.

આ સર્વેનું તારણ એ હતું કે પૂરી દુનિયામાં લોકો જનપ્રતિનિધિ લોકતંત્રને સૌથી શ્રેષ્ઠ શાસન વ્યવસ્થા ગણે છે, પરંતુ તે જે રીતે અસલમાં કામ કરે છે તેનાથી લોકો નિરાશ છે. આ સર્વે તો ૨૪ દેશમાં થયો હતો, પણ આપણે ભારતને લગતાં ચોંકાવનારાં અમુક તારણો જોઈએ,

જેમ કે....

- લોકતાંત્રિક વ્યવસ્થા સૌથી ઉત્તમ છે તેવું માનતા ભારતીયોમાં ૮ ટકાનો ઘટાડો થયો છે
- ૬૭ ટકા ભારતીયોએ કહ્યું કે સરમુખત્યારશાહી હોવી જોઈએ
- ૨૯ ટકા લોકોએ કહ્યું કે મિલિટરી શાસન 'કંઇક અંશે' સારું હશે
- ૪૩ ટકા લોકોએ કહ્યું કે મિલિટરી શાસન 'ઘણું સારું' હશે
- ૫૪ ટકા ભારતીયોએ કહ્યું કે જનપ્રતિનિધિઓ જનતાની ચિંતા નથી કરતા

સરમુખત્યાર શાસનનું એક દેખીતું નુકશાન એ છે કે તેમાં જનતાના હાથમાં સત્તા રહેતી નથી, કારણ કે સરમુખત્યાર વોટ માંગવા નથી આવવાનો તો પછી સવાલ એ ઊભો થાય કે લોકશાહીમાં સારા નેતાને ચૂંટવાની અને ખરાબ નેતાને ઘરે બેસાડવાની પોતાની સત્તાને જતી કરવા માટે લોકો કેમ તૈયાર થતા હશે?

તેનું કારણ તાર્કિક નહીં, મનોવૈજ્ઞાનિક છે. લોકતંત્રની અંદર, તીવ્ર ધ્રુવીકરણમાં વહેંચાઇ ગયેલા મતદારો એમનાં હિતોના રક્ષણની વાત કરે તેવા નેતાને ચૂંટવા માટે થઈને લોકતાંત્રિક પ્રતિસ્પર્ધાને નેવે મૂકવા તૈયાર થઇ જાય છે. બીજી રીતે કહીએ તો, લોકતંત્રની ખામીઓ જ સરમુખત્યાર નેતાઓને અવસર પૂરો પાડે છે કે એ વધુને વધુ ધ્રુવીકરણ પેદા કરે, જેથી લોકો પાસે એમને ચૂંટવા સિવાય બીજો વિકલ્પ ન રહે, પછી ભલે એમાં લોકતંત્રનો બલિ ચઢતો હોય.

સરમુખત્યારશાહીમાં ઉપરથી નીચેનો અભિગમ હોય છે. સૈન્યની જેમ, ટોચનો નેતા આદેશ જારી કરે છે અને અધિકારીઓ મગજ ચલાવ્યા વગર તેનું પાલન કરવાનું હોય છે. એ નેતા કામ કરવા અને કરાવવા માટે કડક નિયમો, નીતિઓ અને પ્રક્રિયાઓ પર આધાર રાખે છે. તે કોઈને પૂછીને કે સલાહ મંત્રણા કરવાને બદલે સ્વતંત્ર રીતે નિર્ણયો લે છે.

સામાન્ય લોકોને આવા 'રિઝલ્ટ ઓરિયંટેડ' નેતાઓ ગમતા હોય તે સમજી શકાય છે, કારણ કે જનતા માત્ર પોતાની જરૂરિયાતના દૃષ્ટિકોણથી વિચારતી હોય છે, અને એને એવો પણ ભરોસો હોય છે કે એની જરૂરિયાતો કાયમ માટે નેતાની પ્રાથમિકતા બની રહેશે. ઈતિહાસમાં ઊંધું પુરવાર થયું છે- જનતાની સેવા કરવા માટે એકહથ્થુ સત્તાને હાથમાં લેનારા નેતાઓ અંતતઃ પોતાનાં હિતોની રક્ષા કરતા થઇ જાય છે.

અનેક ઉદાહરણો સાબિત કરે છે કે સરમુખત્યારોની સત્તા સકારાત્મક (જનતા લક્ષી) કામોમાં નથી વપરાતી. તે બીજા કોઈને કશું કામ નહીં કરવા દેવામાં વપરાય છે. એ અર્થમાં કડક માણસ વાસ્તવમાં કમજોર હોય છે. એ બીજા લોકોને કમજોર બનાવીને જ ટકી રહેતો હોય છે.

બીજી તરફ, લોકશાહીના ઘણા દોષ હશે, પરંતુ કમ-સે-કમ નેતાઓની ગરદન પર એટલી ધૂંસરી તો રહે છે કે એમણે દર પાંચ વર્ષે જનતા પાસે વોટની 'ભીખ' માંગવા માટે આવવું પડે છે. લોકશાહી એને તમારો' નેતા બનાવે છે, જ્યારે સરમુખત્યાર 'તમારો' બનીને નથી રહેતો.

વિન્સ્ટન ચર્ચિલ દ્વિતીય મહાયુદ્ધમાં બ્રિટનના પ્રધાનમંત્રી હતા. યુદ્ધની શરૂઆતથી જ બ્રિટનનો સામનો નાઝી જર્મનીથી હતો. ચર્ચિલ ઉત્તમ નેતા ઉપરાંત એક સૈનિક અને યુદ્ધ રિપોર્ટર પણ હતા. ચર્ચિલના નેતૃત્વમાં બ્રિટન જર્મની સામે અડીખમ ઊભું રહ્યું એટલું જ નહીં, બ્રિટને કુનેહપૂર્વક અમેરિકા અને સોવિયેત સંઘ સાથે મોરચો બાંધ્યો હતો. યુદ્ધમાં જર્મનીનો પરાજય થયો પછી ચર્ચિલ બ્રિટનમાં હીરો બની ગયા હતા.

૧૯૪૫માં, યુદ્ધ સમાપ્ત થયું તેના બે મહિનામાં ચર્ચિલે ચૂંટણી જાહેર કરી. એમની કન્ઝર્વેટિવ પાર્ટીએ યુદ્ધમાં વિજયના નામે વોટ માગ્યા, પણ જનતાએ, ચર્ચિલથી ઓછા લોકપ્રિય, લેબર પાર્ટીના ક્લેમેન્ટ એટલીને સત્તામાં ચૂંટયા. કેમ? બ્રિટિશ જનતાએ એવું નક્કી કર્યું હતું કે યુદ્ધ વિજેતા તરીકે ચર્ચિલ ગમે તેટલા મહાન હોય, શાંતિકાળ માટે તે અયોગ્ય છે અને ઘરેલું સમસ્યાઓ માટે એટલી અને એમની લેબર પાર્ટી વધુ ઉત્તમ છે.

ચર્ચિલને આનું બહુ દુઃખ થયું હતું, પણ એમને એમાં બોધપાઠ મળ્યો અને થોડા જ વર્ષોમાં ચૂંટણી જીતીને પાછા સત્તામાં આવ્યા.

સારઃ જનનાયકોનો આપણે આદર કરવો જોઈએ, ભક્તિ નહીં. આદરમાં એમને પોતાની જવાબદારીનું ભાન રહે છે. ભક્તિમાં એ પોતાને આલોચનાની પાર ગણે છે. ■

## ક્રાઈમ સીન (આઠમા પાનાનું ચાલુ)

પૂછ્યું. 'ખાલિસ્તાની મૂવમેન્ટ કે લિયે' ભાલેરાવે કપાળ પરનો પરસેવો લૂછ્યો.

'મુસલમાન લોગ ખાલિસ્તાની મૂવમેન્ટ કો મદદ કર રહે હૈ....ઇતની હમદર્દી ક્યું ભાઇ.?' 'શીખ ઔર મુસ્લિમ દોનોંને મિલ કે..' ભાલેરાવ આગળ બોલ્યો નહીં..

'અવસ્થી કા રોલ ક્યા હૈ.?' કુમારે પૂછ્યું...

'વો આઇએએસ ઓફિસર હૈ...પૈસા સેફ પહોંચ જાતા હૈ....સર, મુઝે બક્ષ દેના પ્લીઝ. મૈં તો શતરંજ કા એક મામુલી પ્યાદા હું...કિસી ઓર કે હાથોં કા ખિલોના' ભાલેરાવ ગળગળો થઇ ગયો. 'ભાલેરાવજી, આપને કાફી મદદ કી હૈ હમારી.....એક ઔર મદદ કર દેના....અપના મુંહ બંધ રખના.' અભિમન્યુ સિંહે ઉઠતી વખતે કહ્યું. (ક્રમશઃ) ■

## આકાશ મારી પાંખમાં (આઠમા પાનાનું ચાલુ)

હૉસ્પિટલના બિછાના પર સૂતેલી દેવકી બબડવા લાગી- હે ભગવાન, મને મારાં કયા પાપની આ સજા મળી છે, મારી સાથે જ આવું કેમ બન્યું, હવે હું શું કરું- કયાં જઉં. તે દિવસે આઈએ પૈસા માટે મને શેઠની રૂમમાં ધકેલી હતી, મારા બાબા પણ અહીં આવતા નથી..

આમ વલોપાત કરી રહેલી દેવકી હીબકાં ભરતી સૂઈ ગઈ. તે તાપમાં સપડાઈ ગઈ. દેવકીના રોગની તીવ્રતા જોઈ ડો.અજય અને ડો.વસુધા ચિંતિત હતાં.

ડો.અજયે મુંબઈના ચર્મરોગના નિષ્ણાત ડો.કેળકરની સાથે ફોન પર દેવકીના કેસની ચર્ચા કરી અને પર્સનલ વિઝિટ માટે એપોઈંટમેન્ટ લઈ લીધી. બીજી ચિઠ્ઠી રામુના પિતા ધોંડુને લખી. આ ધોંડુ જ દેસાઈ સર સાથે દેવકીને હૉસ્પિટલમાં લાવ્યો હતો અને પાલક તરીકે સહી કરી હતી. ડો.અજયે ધોંડુને ભારપૂર્વક જણાવ્યું હતું કે દેવકીનો રોગ તીવ્રતાથી વધી રહ્યો છે. તેની માનસિક સ્થિતિ પણ ગંભીર બની શકે તેમ છે. હું મુંબઈથી મોટા ડોકટરની એપોઈંટમેન્ટ લઉં છું. આ વખતે દેવકીના પિતા ગણપતે અને તમારે હાજર રહેવું પડશે.

તે પત્ર રામુના હાથમાં આપતાં ડો,અજયે કહ્યું- રામુ, આ પત્ર તારા પિતા ધોંડુને આપજે. અને દેવકીના માતા અને પિતા ગણપતને કહેજે કે દેવકીની હાલત ગંભીર છે, એટલે અહીં જરૂર આવે. આજે સાંજની બસમાં જ તુ ગામ જા.

રામુએ કહ્યું- જી સાહેબ. (ક્રમશઃ) ■

## ટૂંકી વાર્તા (નવમા પાનાનું ચાલુ)

જરૂર છે, કેમકે તમારે જિંદગી ચલાવવી છે. એમ તમે લોકો અથવા તો તમારા સંતો, ને સાયન્ટીસ્ટો સતત આ સંસારના મહાઉત્પાતમાંથી સાર શોધ્યા કરે છે, સતત ગોઠવ ગોઠવ કરે છે, આ સાચું, આ ખોટું એમ મથ્યા કરે છે. પણ હવે તું જાગીશ ત્યારે આ સપનું હોવાનો ખ્યાલ આવશે. એમ તું મારી પોજીસનમાં આવીને જુએ તો ખ્યાલ આવે કે આ બધું સપનું છે. કે સિનેમા છે.'

'પણ હજી અધ્યાત્મનો ખુલાશો થયો નથી, પરમાત્મા.'

'દીકરા, ગેસ ને ટેલિફોન ને સિનેમા, ને માખી ને મૃત્યુ, ને મનુષ્યની જાતિ એ બધી વસ્તુઓ ગૌણ છે. એ બધાથી પર થઈને તું દુનિયાને જોતો થાય તો તે આધ્યાત્મ છે.'

'ને મર્યા પછી આત્માનું શું થાય છે, પરમાત્મા?'

'તું સ્વર્ગ ને નરકની વાત કરતો હોય તો એ બધી તમારા લોકોએ ઊભી કરેલી ટેકનીક છે. તમે કાંઈ ખરાબ કામ કરો તો તે ખરાબ કામ કરવા જેટલા નીચા થયા તે જ નર્ક છે. એવા નીચા હોવું એ જ ખરાબ કામની સજા છે, અને સારા કામ કરવા જેટલા ઊંચા થાઓ, એ જ સારા હોવું એ જ, સારા હોવાનો સરપાવ છે.'

હરિને હવે ઉઘાડ થયો. સિનેમા ને માખી બાખીથી પર થવું તે, સારા અને ખરાબથી નિસ્પૃહ હોવું તે જ આધ્યાત્મ છે.

'કરેક્ટ. પણ ગગા, ભૂલતો નહીં કે આ તું જે સમજ્યો તે પણ તારી પોતાની સમજણ માટે ગોઠવેલું એક સપનું છે.' કહીને ભગવાને એક સ્માઇલ આપ્યું. શંખચક્રગાદપદ્મના વેશમાંથી અચાનક ભગવાનના હાથમાં ધનુષ બાણ દેખાયાં. હરિયો આંખો પટપટાવે ત્યાં પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા.

હરિએ મનોમન દોહરાવ્યું, હું જે સમજ્યો તે પણ એક સપનું છે. સાચું ખોટું રામ જાણે.

૩

હરિભાઈ સહેજ જાગ્યા તો જોયું કે વહુના હાથપગ પણ એની આસપાસ વીંટો વાળીને ભિડાયેલા હતા. હજી નીંદર પૂરેપૂરી ઊડી નહોતી. વહુના હાથ સહેજ હાલ્યા. સહેજ પોઝ બદલાયો. વહુએ હરિભાઈની ચિબુકે આંગળીઓ ફેરવીને પૂછ્યું,

'પછી ફોડ પયડો?'

હરિભાઈને થયું આનેયે આધ્યાત્મ કહેવાય કે નહીં?

'સેનો ફોડ'

'ઓલું સું પૂછતા હતા અધીયાત્મનું?'

હરિભાઈને જવાબ સું દેવો એની બેફલ થઈ ગઈ. તોયે જવાબ દઈ દીધો.

'વસ્તુતઃ એ એક ટેકનીક છે, ડીયર!' ■

## ભારતીય દૃષ્ટિએ ઈતિહાસ (અગિયારમા પાનાનું ચાલુ)

દેશમાં સાસ્કૃતિક એકતાઃ- ભારતની ભાવાત્મક એકતા અને પોતે પ્રબોધેલાં ધાર્મિક-સાંસ્કૃતિક મૂલ્યો જળવાઈ રહે એવા શુભ ઉદ્દેશથી પ્રેરાઈને શંકરાચાર્યે ભારતની ચારેય દિશામાં પ્રખ્યાત તીર્થસ્થાનોમાં સ્થાપેલા ચાર મઠ - એ એમની અદ્યાપિ-પર્યંત એ જ પરંપરામાં સુરક્ષિત એક અવિસ્મરણીય મહાસિદ્ધિ છે.

તેમણે ઉત્તર ભારતના હિમાલયમાં સ્થિત બદ્રીનાથ ધામમાં દક્ષિણ ભારતના બ્રાહ્મણ પૂજારી અને દક્ષિણ ભારતના મંદિરમાં ઉત્તર ભારતના પૂજારી, પૂર્વી ભારતના મંદિરમાં પશ્ચિમના પૂજારી અને પશ્ચિમ ભારતના મંદિરમાં પૂર્વ ભારતના પૂજારીને રાખવામાં આવ્યા હતા. જેથી ભારત ચારેય દિશામાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક રૂપથી મજબૂત થાય અને એકતા જળવાયેલી રહે.

ચારેય શિષ્યો જુદા જુદા વેદોના અનુયાયીઓ અને વેદ-અનુસાર દિશાઓમાંની પીઠના સૌપ્રથમ અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા જે આ પ્રમાણે છે.

૦૪ વેદ - ૦૪ મઠ :- 'શંકર-દિગ્વિજય'માં આલેખિત અને વિવેકચુડામણી અનુસાર જે પ્રકારે બ્રહ્માના ચાર મુખ છે અને તેમના દરેક મુખમાંથી એક વેદની ઉત્પત્તિ થાય છે. પૂર્વના મુખથી ઋગ્વેદ, દક્ષિણથી યર્જુર્વેદ, પશ્ચિમથી સામવેદ અને ઉત્તરથી અથર્વવેદની ઉત્પત્તિ થઇ છે. આ આધારે શંકરાચાર્યે ૦૪ વેદો અને તેમાંથી ઉત્પન્ન થતાં અન્ય શાસ્ત્રોને સુરક્ષિત રાખવા માટે ૦૪ મઠ અને પીઠની સ્થાપના કરી. ઋગ્વેદથી ગોવર્ધન પુરી મઠ એટલે પૂર્વ ભારતમાં જગન્નાથ પુરી, યજુર્વેદથી શૃંગેરી જે દક્ષિણ ભારતમાં રામેશ્વરના નામથી ઓળખાય છે. સામવેદથી શારદા મઠ જે પશ્ચિમ ભારત દ્વારકામાં છે અને અથર્વવેદથી જ્યોતિર્મઠ જે ઉત્તર ભારત જે બદ્રીનાથ સાથે જોડાયેલું છે. ચાર મઠ બાદ આદિ ગુરુ શંકરાચાર્યે સમાધિ લઇ લીધી હોવાનું મનાય છે.

દેશ અને ધર્મની રક્ષાઃ- આદિ શંકરાચાર્યે દશનામી સંન્યાસી અખાડાને દેશ અને ધર્મની રક્ષા માટે વહેંચ્યાં. આ અખાડાના સંન્યાસીઓના નામ પાછળના શબ્દ જ તેમની ઓળખ છે. તેમના નામ પાછળ વન, અરણ્ય, પુરી, ભારતી, સરસ્વતી, ગિરિ, પર્વત, તીર્થ, સાગર અને આશ્રમ જેવા શબ્દો લાગે છે.

આદિ શંકરાચાર્યે તેમના નામ પ્રમાણે જ વિવિધ જવાબદારીઓ આપી. તેમાં વન અને અરણ્ય નામના સંન્યાસીઓએ નાના-મોટા જંગલમાં રહીને ધર્મ અને પ્રકૃતિની રક્ષા કરવી પડે છે. આ જગ્યાએથી કોઇ અધર્મી દેશમાં આવી શકે નહીં, તેનું ધ્યાન રાખવાનું હોય છે.

પુરી, તીર્થ અને આશ્રમ નામના સંન્યાસીઓએ તીર્થ અને પ્રાચીન મઠની રક્ષા કરવાની હોય છે. ભારતી અને સરસ્વતી નામના સંન્યાસીઓનું કામ દેશના ઇતિહાસ, આધ્યાત્મ, ધર્મ ગ્રંથોની રક્ષા અને દેશમાં ઉચ્ચ સ્તરની શિક્ષાની વ્યવસ્થા કરવાની હોય છે.

ગિરિ અને પર્વત નામના સંન્યાસીઓને પહાડ, ત્યાંના નિવાસી, ઔષધિ અને પ્રાકૃતિક સંસાધનોની રક્ષા માટે નિયુક્ત કરવામાં આવ્યાં છે. સાગર નામના સંન્યાસીઓને સમુદ્રની રક્ષા માટે તૈયાર કરવામાં આવ્યાં છે.

અનુવાદક બલદેવ ઉપાધ્યાય 'શ્રી શંકરદિગ્વિજય (માધવાચાર્ય વિરચિત)' પુસ્તકમાં જણાવ્યા અનુસાર શંકરાચાર્ય રચિત ગ્રંથો કે એમની કૃતિઓને આટલા વિભાગોમાં વહેંચી શકાય : (૧) ભાષ્યો, (૨) પ્રકરણ-ગ્રંથો, (૩) તંત્ર-ગ્રંથો અને (૪) સ્તોત્રો છે જે નીચે મુજબ છે.

(૧) ભાષ્યો : અહીં પણ (અ) પ્રસ્થાનત્રયી-ગ્રંથો પરનાં ભાષ્યો અને (બ) ઈતર ગ્રંથો પરનાં ભાષ્યો, - એમ બે પેટા વિભાગો પાડી શકાય. (અ) પ્રસ્થાનત્રયી પરનાં ભાષ્યોમાં (૧) બ્રહ્મસૂત્ર પરનું ભાષ્ય (૨) ૧૧ કે ૧૨ ઉપનિષદો પરનાં ભાષ્યો, ઈશાવાસ્ય, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂકાર, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, મૃહ્દાદારણ્યક, શ્વેતાશ્વતર, નૃસિંહતાપિની, કૌષીતક વગેરે ઉપનિષદો પરનાં ભાષ્યો. (૩) શ્રીમદ ભગવદ્ ગીતા પરનું ભાષ્ય. (બ) ઈતર ભાષ્યોમાં વિષ્ણુસહસ્રનામ, સનત્સુજાતીય, લલિતાત્રિશતી (દેવી લલિતાનાં ૩૦૦ નામો), મૈત્રાયણીય-ઉપનિષદ, કૈવલ્ય-ઉપનિષદ, મહાનારાયણીય-ઉપનિષદ, અમરુશતક, ઉત્તર- ગીતા, શિવગીતા વગેરે.

(૨) પ્રકરણ-ગ્રંથોઃ અદ્વૈતપંચક, અદ્વૈતાનુભૂતિ, અપરોક્ષાનુભૂતિ, આત્મબોધ, ઉપદેશપંચક, ઉપદેશ- સાહસી, તત્ત્વબોધ, નિર્વાણમંજરી, મણિરત્નમાલા, વિવેકચૂડામણિ, સ્વાત્મનિરૂપણ, શતશ્લોકી, સર્વવેદાન્ત-સિદ્ધાંત-સાર-સંગ્રહ, મનીષાપંચક, - વગેરે ૩૪ ગ્રંથો.

(૩) તંત્ર-ગ્રંથોમાં સૌદર્યલહરી, પ્રપંચસાર. (૪) સ્તોત્રોમાં પણ ત્રણથી ચાર વિભાગો છે. (અ) વેદાન્ત-સ્તોત્રો, (બ) ગણેશ-શિવ-વિષ્ણુ-સૂર્ય, રામ, હનુમાન, ભવાની, કૃષ્ણ, ગોવિંદ, જગન્નાથ વગેરે ભક્તિ-સ્તોત્રો, (ક) ગંગા, નર્મદા, યમુના વગેરે નદી-સ્તોત્રો અને પરચૂરણ-સ્તોત્રો. આમ, શંકરાચાર્યની અને એમનાં નામે ચઢેલી કૃતિઓની સંખ્યા ૨૦૦થી વધારે છે.

સંસ્કૃતમાં 'શંકર-વિજય' અને 'શંકર-દિગ્વિજય' નામના દસ મહાન ગ્રંથો છે. આ તમામ પુસ્તકો ઘણા વિદ્વાનો દ્વારા લખવામાં આવ્યા છે, પરંતુ આમાંના ઘણા ઉપલબ્ધ નથી. આ પૈકી સ્વામી શંકરાચાર્યના મુખ્ય અનુયાયી વિદ્યારણ્ય સ્વામી દ્વારા લખાયેલ 'શંકર-દિગ્વિજય' અધિકૃત છે.

બારથી બત્રીસ સુધી એ વીસ વર્ષ દરમિયાન તેમણે આખા દેશમાં અનેક વાર ભ્રમણ કર્યું. ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ, કેરળથી લઈને બદ્રીનાથ અને ત્યાંથી પાછા તેઓએ બધી જ દિશામાં ભ્રમણ કર્યું. તેઓ ખૂબ જ ઝડપથી ચાલનારા રહ્યા હશે કારણ કે, આટલા ટૂંકા આયુષ્યમાં તેમણે આટલું ભ્રમણ કર્યું અને તેની વચ્ચે તેમણે હજારો પૃષ્ઠોનું સાહિત્યનું સર્જન કર્યું. ■

## ટ્રાવેલ સ્ટોરી (બારમા પાનાનું ચાલુ)

જોઈને કોઈ પણ કહી શકે કે હમણાં કડડભૂસ કરતા આ પહાડો નીચે આવશે પણ વર્ષોથી એ તસુભાર પણ નથી હલ્યા. અહીં બેસીને સ્પિતિના ઠંડા અને સૂકા પવનોની લહેરખી કાનમાં સ્પિતીની ભવ્યતાનો ભૂતકાળ વર્ણવી જાય છે. અનેક સદીઓ જોઈ ચુકેલો ધનકારનો કિલ્લો પોતાનાં પાયામાં સદીઓથી અનેક રહસ્યોને સંગોપીને બેઠો છે. આ કિલ્લાનાં અંત સમયે આ કિલ્લા પર લૂંટારાઓ અને હુમલાખોરો તૂટી પડ્યા હતા અને બ્રિટિશ અમલદારોએ આ કિલ્લોને સંપૂર્ણ રીતે લૂંટી લીધો હતો. એ પહેલા પણ એક સમયે લૂંટારાઓ કિલ્લાની તળેટીએ મોકાની રાહમાં ડેરો જમાવ્યો અને સમય પારખીને કિલ્લાના દરવાજા સુધી પહોંચી ગયા. કિલ્લામાં રહેતા લોકોએ આ હુમલાખોરોને પહોંચી વળવા એક અલગ જ વ્યૂહરચના ઘડીને તેઓને કિલ્લાની અંદર બોલાવી લીધા અને તેઓને ખવડાવ્યું પીવડાવ્યું. મોડી રાત્રે નશામાં ઘેરાતા હુમલાખોરોને કિલ્લાની બહાર નદી તરફ ધકેલી મુખ્ય માર્ગ બંધ કરી દીધો. કડકડતી ઠંડીમાં સ્પિતિ નદીમાં ફેંકાતા જ હુમલાખોરોનો જીવનો અંત આવ્યો. આજે પણ હજારો ફૂટ ઊંચાઈએ ઊભેલા એ ગુમનામ સ્થળને જોતા આપણે સ્પિતિ વિષે કેટલું ઓછું જાણીએ છીએ એવો એહસાસ થયાં વિના ન રહે.

સામાન્ય રીતે બળદને, એમાં પણ હાલ તો આપણે ટ્રેક્ટર જ ખેતરમાં ચાલતા જોયા હશે પણ સ્પિતિમાં આપણે ખેતર ખેડતા યાક જોવા મળશે. ખૂબ જ ઓછા સંસાધનો , પ્રતિકૂળ વાતાવરણમાં પણ અહીંમાં લોકો પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર પોતાનો નિર્વાહ કરી જાણે છે. અહીં લીલા વટાણાંની ખેતી ઉનાળુ પાક તરીકે કરવામાં આવે છે. સ્પિતિનું મુખ્ય આકર્ષણ છે અહીંની કી મોનેસ્ટ્રી. ત્યાં પહોંચતા રસ્તાઓના તીવ્ર વળાંકો, પહાડોના બદલાતા જતા રંગો અને વાદળો આપણને એકદમ રોમાંચિત કરી દેશે. કી મોનેસ્ટ્રી સ્પીતિની સૌથી જૂની અને સૌથી મોટા મઠમાંની એક છે. રસ્તામાં દૂરથી જ આપણે કી મઠને જોઈ શકીએ એટલી ઊંચાઈ પર સ્થિત છે અને મઠની નીચે જ તીવ્ર વળાંક લેતી સ્પિતિ નદી વહી રહી દેખાય છે. મોનેસ્ટ્રી પરથી પણ સ્પિતિ નદીનો પ્રવાહ અને આસપાસનાં ગામડાં જોઈ શકાય છે અને એ દ્રશ્ય પણ એટલું સુંદર હોય છે કે અહીં મે કલાકોના કલાકો વિતાવ્યા છે. મોનેસ્ટ્રીથી થોડે ઉપર હાઈક કરીને ત્યાં જઈને બેસીને કી મઠ અને તેની પાછળ વહેતી સ્પિતિ નદીનું દ્રશ્ય શબ્દોમાં ના વર્ણવી શકાય એટલું આશ્ચર્યજનક અને અનન્ય છે. સ્પિતિ ઉપરથી વહેતા વાદળો જાણે સાગરને નદીઓના સંદેશાઓ આપવાની ઉતાવળમાં હોઈ એવા દ્રશ્યમાન થયા છે.. સ્પિતિ એની ધૂનમાં એકદમ નિર્મળતા સાથે વહેતી જતી હોય એવું દીસે અને આસપાસની ધારાઓ સ્પિતિ સાથે મૂક રીતે ભળી જતી લાગે. એમ લાગે જાણે તે ઉપર ઉડતા મેઘદૂતો મારફતે સાગરને સંદેશો પાઠવતી હોય. સ્પિતિ નદીના કિનારા પર બેસીને સાંભળેલું તેનું સંગીત તમને અભિભૂત કરી દેશે. આપણે મોટા ભાગે શહેરોમાં ફેક્ટરીઓની ચીમનીમાંથી નીકળતા ધુમાડા જોતા આવ્યા છીએ. અહીં કોઈ પડાહી પર ઉભા રહી હાથ લાંબા કરી તો જુઓ વાદળો તમને દોડીને ગળે લગાવી લેશે. સ્પિતિની કોઈ પહાડી પર બેસીને સૂર્યાસ્તના રંગો જોવા એ જીવનભરનું સંભારણું બની જશે. એમાં પણ કોઈ ગમતી કંપની હોય, હાથમા ગરમ ચાનો કપ હોય, ધીમે ધીમે પહાડીઓ પાછળ સૂર્ય લપાતો જતો હોય અને તે સમયના રંગો દુનિયાના કોઈ ચિત્રકારની એવી આવડત નહીં હોય કે એ રંગોને હૂબહૂ કેનવાસમાં કંડારી શકે એટલા અદભુત, સૂર્યપ્રકાશની લાલિમા વાદળોને વીંધીને પહાડીઓ અને નદી પર પડે ત્યારે તમામ જાણે તેના રંગે રંગાયું હોઈ એવું દ્રશ્ય ખડું થાય. એ સમયે સાચા અર્થમાં એમ થાય કે આપણે જિંદગીને ચિયર્સ કરી અને કુદરતની કરામતની થોડી ક્ષણો આપણા જ કોઈ કર્મના બદલે બક્ષિસમાં મળી હોય.

જીવનમાં શ્રેષ્ઠ ક્ષણો આપોઆપ આવતી નથી, એને અથાગ પ્રયત્નોથી લાવવી પડે છે અને જાળવવી પણ પડે છે. જેમ છોડને પાણી આપીએ એમ એ ખીલે છે એ જ રીતે જિંદગીને ફુરસદની ક્ષણોમાં એક અલગ માહોલ આપવો પણ જરૂરી છે. દેશનાં એવાં સ્થળો જે ઓછા જોવાયા છે અથવા તો છુટાછવાયા લોકો જ જ્યા રહે છે તેઓને મળવાની ઈચ્છા મને ઘણા સમયથી હતી. મિડલ લેન્ડ તરીકે ઓળખાતા સ્પિતિમાં ફુરસદની ક્ષણો એ રીતે વિતાવવાનું નક્કી કર્યું કે હું ત્યાંનો જ રહેવાસી હોઉં. સ્થળને સ્થળ તરીકે નહીં પણ મારા પોતાનાં ઘર તરીકે અપનાવીને મેં કાઝામાં આવેલી કી મોનેસ્ટરીને નજીકનાં પહાડ પર ચઢીને નિહાળી. માટીનાં બનેલા વિશાળકાય પહાડો, આકાશમાં ઉડાઉડ કરતા હિમાલયનાં પંખીઓ, શાંતિ અને સૌમ્યતાં ફેલાવતાં પ્રેયર ફ્લેગ્સ, એક સાથે અનેક પ્રવાહોમાં વહેતી સ્પિતિ નદી અને દૂર ક્યાંક પહાડોમાંથી ઊડતી ધૂળ આ બધું જ એક સાથે મનમાં એ રીતે વસી ગયું જાણે હું સ્પિતિનો નહીં, સ્પિતિ મારું છે.

## ઈકો સ્પેશિયલ (બારમા પાનાનું ચાલુ)

જેને 'ઈએમઆઈ' કહેવાય છે. આમ ઈપીઆઈનો સીધો અર્થ થાય છે ઈએમઆઈ. બેન્કો અને ફાઈનાન્સ કંપનીઓએ લોનધારકોને લોનને લગતા અન્ય મહત્ત્વના દસ્તાવેજો સાથે કેએફએસની કોપી ઈમેલ કે એસએમએસના માધ્યમથી મોકલવાની રહેશે. ડિજિટલ ધિરાણના કેસમાં, લોનધારક તેના સ્ક્રીન પર લોનની વિગતો અંતર્ગત કેએફએસની માહિતી મેળવી શકશે. જેને ધારક આસાનીથી વાંચી શકશે અને ડાઉનલોડ કરી શકશે.

**સમજાવવાની ભાષા સરળ હોવી જોઈએ :** આરબીઆઈનો આદેશ છે કે લોનધારકને સમજાય તે ભાષામાં કેએફએસ લખાયેલું હોવું જોઈએ. બેન્કોએ લોનધારકને કેએફએસની વિગત સમજાવવાની રહેશે. ધારો કે લોનધારકને કેએફએસ મળ્યું ન હોય અથવા એને એમાં કોઈ ખામીઓ જણાય તો તે એને લોન આપનાર નિયમનકાર બેન્ક કે કંપનીને તે વિશે જાણ કરી શકે છે. આમાં સૌથી પહેલા ઋણદાતા બેન્ક કે કંપનીના આંતરિક ઓમ્બડ્સમેનને ફરિયાદ કરવાની એને તક મળશે, જેમણે તે ફરિયાદનો ૩૦ દિવસની અંદર નિકાલ કરવાનો રહેશે. ધારો કે લોનધારક એની ફરિયાદના નિવારણથી સંતુષ્ટ ન થાય તો એ આરબીઆઈના બેન્કિંગ ઓમ્બડ્સમેન (એક પ્રકારનું ફરિયાદ નિવારણ તંત્ર) પાસે પોતાની ફરિયાદ નોંધાવી શકશે. ■

## ટેક વ્યૂહ (તેરમા પાનાનું ચાલુ)

ચાર પેનલ આપી શકે છે.જેનો વ્યૂ ઊભો છે એને આડો પણ કરી શકાશે. ટૂંકમાં ફૂલી કસ્ટમાઈઝડ જેમ મેળ આવે એમ વાપરો. એમાં પણ જો લેઆઉટ બદલ્યું તો તો કંપની માટે કરોડો યુઝર્સનું સો ટકા કમિટમેન્ટ.

મેસેજિંગ સર્વિસમાં વૈવિધ્ય લાવનાર આ એપ્લિકેશનનો લાંબો ઈતિહાસ રહ્યો છે. સામાન્ય મેસેજથી મલ્ટિમીડિયા સુધી અને મલ્ટિમીડિયાથી હવે AI સુધી આવેલી આ યાત્રામાં યુઝર્સને કંઈક નવું જ મળ્યું છે. પહેલી વખત જ્યારે આવ્યું ત્યારે એ વપરાશકર્તા માટે શોકિંગ હતું. આટલા બધા પ્રયોગ પછી હવે કંપની એવું તે શું નવું લાવે છે એના પર ટેકનોપ્રેમીઓની નજર રહે છે. જો કે, દુઃખની વાત એ છે કે, અમેરિકા અને કેનેડા જેવા મહાકાય દેશમાં આ એપ્લિકેશન મોટાભાગના લોકો નથી વાપરતા. ત્યાં ચાલે છે 'બોટિમ' જે ઓછા નેટવર્કમાં પણ બેસ્ટ સર્વિસ આપે છે. જ્યારે વોટ્સએપમાં તો નેટવર્ક ઓછું હોય ત્યારે વીડિયોકોલ ટીવી પરના ખોવાયેલા પ્રસારણ જેવું દેખાય. હા, નવી અપડેટમાં કંપની આનો પણ નીવડો લાવે તો નવાઈ નહીં. જે રીતે ઓટીટી પ્લેટફોર્મ પર પેઈડ કરો પછી કેટલીક ફિલ્મ અને વેબસિરીઝ જોઈ શકાય એમ વોટ્સએપમાં પણ આવું થવાના એંધાણ છે. જો થયું તો એના કેટલાક ફીચર્સ એક ચોક્કસ વર્ગ પૂરતા જ મર્યાદિત રહેશે. બીટા વર્ઝનની સફળતા અને વી ચેટની નિષ્ફળતા જગજાહેર થઈ છે, છતાં દુનિયાના કેટલાક દેશોને વોટ્સઅપ સામે વાંધો છે. કોમ્યુનિટીથી લઈને ચેનલ સુધી બધુ વીજળી વેગે અપડેટ થાય છે એમાં સરળતાની સાથે ખોટા ડેટાનો ફલો વધી રહ્યો છે. જે રીતે ઈ-વેસ્ટ વધી રહ્યો છે. આવા ખોટા ડેટામાં ગુડ મોર્નિંગના મેસેજ પણ આવી જાય છે. આવા મેસેજ આવે એમાં વાંધો નથી, પણ ફોટો આવે ત્યાં લોડ વધે છે. મોબાઈલની બેટરી ઉપર ને ઈન્ટરનેટના ડેટા પર બોજ વધે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

***ડિજિટલ યુગમાં હવે ફોન અને મેસેજ માટેની ડિસિપ્લીન પણ શીખવી પડશે. ગમે ત્યારે કોઈને મેસેજ કરવાની અને પૂછ્યા વગર કોઈને કોઈ ગ્રૂપમાં નાખી દેવાની આદત વ્યક્તિની ડિજિટલ ઈમેજ છતી કરે છે.***

## વલો કચ્છ (દસમા પાનાનું ચાલુ)

તેંજો જભાભ હી સ્થાપત્ય ડેતો.

મિંધરજા તોરણ મથે બ્રહ્મા, વિષ્ણુ, મહેશજી ત્રે પ્રતિમાઉં તીં ચામરધારિણી કંડારેલી આય. ઓતરાધે પાસે જલાધારી નેં ગોમુખ ડસાંધા હૂંધે જે કારણ મહાડેવજો મિંધર વેજી કો શંકા રે નતી, જકાં ગર્ભગૃહમેં શિવલિંગ નાય. કોટાયજે મહાડેવજે મિંધરમેં ઇનીજી ઓતરે ને ડખણે પાસે હિકડી ઝરુખાબારી ઐં. સડંગ પથ્થર મિંજાનું કોરીવારી જારીયું ત અજ ટૂટી પિઇયું ઐં. ખાલી હિકડે ઝરુખેમેં નમૂના જેડો જારીજો થોરો ભાગ ભચેલો આય. બારાજી દિવાસ્લ તેં કોતરેલી મૂર્તિએંજે મથાડે ત યુગલ-શિલ્પજો હિકડો નમૂનો વિશિષ્ટ આય. જેંમેં પુરુષ મત્સ્યાકારજો તંતુવાદ્ય વગાડીએંતા. હિન મથાનું ચિઇ સગાજે ક હુન સમોમેં સંગીતજો જ્ઞાન વિકસેલો હૂંધો. શ્રી રવિશંકર રાવલ ત અજંતાજી શિષ્ટ કલાપ્રણાલીજી સરખામણી ભેરી કોટાયજે હિન મિંધરજી કિઇ આય. જેંસે અજંતાજી કલાજો પ્રચાર ગુજરાતમેં ૫ વધુ હૂંધો ઇ સાબિત થિએતો.

હિન જૂને પાયણે મિંજાનું માનવતાજી ખુશ્બુ, જીયણજો રંગ, સંસારજો રસ, કર્તવ્યજો આનંદ ને ઉમડકો નીતરધા લગે. શિલ્પજી ઍડી સુંદરતા ન્યારીને ઇં થિએ ક સંસાર અસાર નાય. હિન શિલ્પમેં કસાયેલી પ્રિજાજી કારીગરી પ્રાણવાન રસિક્તા તરવરેતી. હિતજી શિલ્પશૈલીમેં કલ્પનાએંકે સ્થાપિત સરુપ જુડ્યો આય. ટાંકણે મથેજો સંયમ હી કઠણ પાયણેમેં કલ્પનાઉં કોતરાજીને ભનાયમેં આવઇ આય. કચ્છ પાછલે બો ત્રે ડયકેમેં પ્રિવાસનમેં હરણફાળ ભરી આય ઇ નોંધનીય સાબિત થિઈ આય તડે હી મિંધર પ માડૂએંસે અભિભૂત થિએ ઇ જરૂરી આય. પ્રિવાસનજી ડેખરેખ ભેરો મુલાકાતીએંકે આકર્ષેલા વિકસાયમેં અચે ત મિંધરજી ઉદાસીનતા જીવંતતામેં ફેરવાજી વિઞે તીં આય. ■

# કર્ણાટકમાં સેક્સ સીડી કૌભાંડ

# લખી રાખજો, ચૂંટણી પતતાં જ બધું ભૂલાઈ જશે!



**ભૂતપૂર્વ વડા પ્રધાન દેવગૌડાના કહેવાતા સેક્સકાંડ્નો આરોપી પૌત્ર પ્રજવલ રેવન્ના જર્મની ભાગી ગયો છે. આવાં સેક્સ કૌભાંડ ચૂંટણી વખતે જ કેમ 'પ્રગટે' છે?**

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
વિજય વ્યાસ

કર્ણાટકમાં લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પહેલાંપહેલાં જ 'જેડીએસ' (જનતા દલ -સેક્યુલર)ના સાંસદ અને ભૂતપૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાના સેક્સ કાંડે ખળભળાટ મચાવી દીધો છે.

પ્રજ્વલ રેવન્નાની ૩૦૦૦થી વધુ સેક્સ સીડી અને પેન ડ્રાઈવ ફરતી થતાં લોકોની આંખો ફાટી ગઈ છે. માત્ર ૩૩ વર્ષનો પ્રજ્વલ પુખ્ત વયનો થયો ત્યારથી હવસખોરીનો જ ધંધો કરે છે કે શું એવો સવાલ પણ લોકોને થઈ રહ્યો છે.

પ્રજ્વલની સાથે એના ધારાસભ્ય પિતા અને એચ.ડી. દેવગૌડાના મોટા પુત્ર રેવન્ના પણ સેક્સ કાંડમાં ફસાયેલા છે કેમ કે એમની સામે પણ પોતાની કામવાળી પર બળાત્કારનો કેસ નોંધાયેલો છે. ફરિયાદ નોંધાવનારી ૪૭ વર્ષની મહિલા પ્રજ્વલની માતા ભવાનીની સંબંધી છે. એની ફરિયાદમાં આક્ષેપ છે કે,રેવન્ના-પ્રજ્વલ નોકરાણીઓને સ્ટોર રૂમમાં બોલાવીને ગમે ત્યાં ટચ કરતા ને એમની મજબૂરીનો લાભ ઉઠાવીને શરીર સંબંધો બાંધતા.

આ વીડિયો વાઇરલ થયા પછી પ્રજ્વલ તો જર્મની ભાગી ગયો, પણ પ્રજ્વલની પાર્ટી જેડીએસ અને તેના સાથી ભાજપના માથે માછલાં ધોવાઈ રહ્યાં છે. 'જેડીએસ' એ પ્રજ્વલને સસ્પેન્ડ તો કરી દીધો છે, પણ આ સીડીઓ નકલી હોવાનો દાવો પણ કર્યો છે. જો કે, સીડીઓ જોતાં તે નકલી હોવાની શક્યતા ઓછી છે

પ્રજ્વલ સેક્સકાંડની ચૂંટણી પર શું અસર વર્તાશે એ કહેવું મુશ્કેલ છે , પણ પ્રજ્વલ કાંડે ભારતની ચૂંટણીમાં ટેકનોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે એ સાબિત કર્યું છે. પ્રજ્વલની સેક્સ સીડીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરીને જબરદસ્ત પ્લાનિંગ સાથે ફરતી કરવામાં આવી છે. ત્રણ હજાર જેટલા વીડિયો-ફોટોની ૫૦૦૦ જેટલી પેન ડ્રાઈવ બનાવીને એને બસની સીટો પર, પાનના ગલ્લે , વગેરે જાહેર સ્થળો પર પેન ડ્રાઈવ મૂકીને મહત્તમ લોકો સુધી પહોંચતી કરવામાં આવી. સાથે સાથે કલાકોમાં તો સોશિયલ મીડિયા પર વીડિયો-ફોટા વાઇરલ કરી દેવાયા તેના પરથી ઓર્ગેનાઈઝ્ડ નેટવર્કની મદદથી આ આખો કાંડ કરવામાં આવ્યો છે એ સ્પષ્ટ દેખાએ આવે છે.

પ્રજ્વલ સેક્સકાંડની જેમ રાજકીય ફાયદા માટે ટેકનોલોજીનો ઉપયોગ બીજે પણ વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે. પ્રજ્વલ સેક્સકાંડ પછી તો ભાજપમાંથી તગેડી મુકાયેલા બીજા નેતા ઈશ્વરપ્પાના પુત્ર કાંતેશે પોતાની આવી સેક્સસીડી પ્રસારિત ના કરવામાં આવે એટલે કોર્ટમાંથી રીસ્ટ્રેઈન ઓર્ડર લેવો પડ્યો.

હમણાં 'ડીપફેક' શબ્દ બહુ ગાજી રહ્યો છે અને તેનો ઉપયોગ પણ વ્યાપક રીતે થઈ રહ્યો છે તેથી કાંતેશને ડર છે કે ડીપફેકની મદદથી પોતાની સેક્સસીડી બનાવીને પણ ફરતી કરી દેવાશે.

ડીપફેકનો ઉપયોગ કરીને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની બનાવટી સીડી બની છે. 'અમિત શાહ અનામત નાબૂદ કરી દેવાનું કહે છે' એવા નકલી વીડિયોનો મુદ્દો પણ બહુ ગાજ્યો છે. આ કેસમાં તેલંગાણાના મુખ્ય મંત્રી રેવંત રેડ્ડીને દિલ્હી પોલીસે સમન્સ આપીને પૂછપરછ માટે બોલાવ્યા છે. અમિત શાહને લગતા બીજા એક ડીપફેક વીડિયોના કેસમાં ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીના પીએ અને ગુજરાતના 'આમ આદમી પાર્ટી'ના બીજા એક નેતા સામે પણ ફરિયાદ નોંધાઈ છે.

આ વખતની ચૂંટણીમાં રણવીર સિંહ અને આમીર ખાન જેવા ફિલ્મ સ્ટાર્સના ડીપફેક વીડિયો પણ બહાર આવ્યા છે. રણવીર સિંહ નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં ગયો (જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com
મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી



## ભારતમાં લોકોને કેમ સરમુખત્યારશાહીનું આકર્ષણ છે?

**સામાન્ય** લોકો, જે નિયમિત રીતે ચૂંટણીમાં વોટ આપવા જાય છે, તે રાજકારણથી ઉબાઈ ગયા છે?

વિશ્વમાં જે રીતે લોકલુભાવનવાદ (પોપ્યુલિઝમ)નો ફેલાવો થઇ રહ્યો છે અને લોકશાહીમાંથી વિશ્વાસ ઓછો થઇ રહ્યો છે તે જોતાં એવું લાગે છે કે જનતાને રાજકીય સિદ્ધાંતો, મૂલ્યો, નૈતિકતા કે નિષ્પક્ષતા નિરર્થક લાગે છે, કારણ કે એમાં નેતાઓનું તો ભલું થાય છે, પણ જનતા ઠેરની ઠેર રહે છે.

દુનિયાના અનેક દેશોની જનતામાં એવી લાગણી ઘર કરી ગઈ કે લોકશાહી વધારે પડતી ઉદાર છે અને ઉદારતાવાદી શાસકો સાધારણ માણસો અને એમની ભાવનાથી તદ્દન કપાઈ ગયેલા છે.

બીજા અર્થમાં કહીએ તો લોકોમાં એવી માન્યતા મજબૂત બની કે 'લોકો' માટેની 'લોકશાહી' અમુક લોકો માટે સીમિત રહી ગઈ છે.

લોકવાદનો પ્રવેશ અહીંથી થાય છે. લોકવાદ લોકશાહીનું જ શીર્ષાસન છે. લોકશાહીમાં, લોકોની લાગણીઓએ મૂલ્યો અને સિદ્ધાંતોની પરિપાટી પર ખરી ઉતરવું પડે તો તેના પર અમલ થાય. લોકવાદમાં જે મૂલ્યો અને સિદ્ધાંતો લોકોની લાગણીઓ પર ખરા ઉતરે તેનો જ અમલ થાય.

દાખલા તરીકે, લોકશાહીમાં એક અપરાધીના માનવીય અધિકારોનું રક્ષણ કરવામાં આવે છે, પરંતુ લોકવાદમાં લોકો એવું માનતા હોય છે કે અપરાધનો ભોગ બનેલી વ્યક્તિના પણ માનવીય અધિકારો હોય છે એટલે અપરાધીને કાનૂની સહાય આપવાને બદલે એને ગોળી મારી દેવી જોઈએ.

લોકોને કેમ લોકશાહીમાંથી વિશ્વાસ ઉઠી રહ્યો છે? કારણ કે લોકોમાં એવી માન્યતા ઘર કરતી જાય છે કે લોકશાહીમાં કશું કામ થતું નથી, નેતાઓ દુષ્ટ અને ભ્રષ્ટ છે, મુઠ્ઠીભર લોકોનાં ઘર ભરતાં રહે છે, કાનૂન નિષ્પક્ષ નથી, જેની લાકડી તેની ભેંસ જેવો નિયમ છે, ગરીબ લોકો વધુને વધુ ગરીબ થાય છે, ધનવાન લોકો વધુને વધુ (જુઓ પાનું ૬) ▶▶

neil@veenaworld.com
અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

# ટ્રાન્ઝિટના પ્રવાસીઓ માટે દુનિયાનાં શ્રેષ્ઠ એરપોર્ટ્સ

જો તમે મારા લેખ અને પોડકાસ્ટ્સ (સ્પોટિફાઈ, જિયોસાવન અને એપ્પલ પોડકાસ્ટ્સ પર ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફ અને ૫ મિનિટ ટ્રાવેલ ટિપ્સ)ના નિયમિત અનુયાયી હોય તો તમને જાણ થશે કે હું હંમેશાં કહું છું કે આ દુનિયામાં પ્રવાસ પણ સ્થળ જેટલો જ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને ટ્રાન્ઝિટ દરમિયાન એરપોર્ટસ પર નોંધપાત્ર સમય વિતાવતા લાખ્ખો પ્રવાસીઓ માટે આ લાગુ થાય છે. આધુનિક એરપોર્ટસ હવે ફક્ત ટ્રાન્ઝિટ પોઈન્ટ્સ રહ્યા નથી,પરંતુ શ્રેણીબદ્ધ એમિનિટીઝ અને સેવાઓ સાથે પ્રવાસ અનુભવ ઉત્તમ બનાવવા માટે તૈયાર કરાયેલાં અનુકૂળ સ્થળ બની ગયાં છે.

પ્રવાસના શોખીનો આ એમિનિટીઝને આધારે કઈ એરલાઈન્સથી પ્રવાસ કરવો તે નક્કી કરી શકે છે. એરલાઈન્સની પસંદગી તેથી જ ખાસ કરીને ટ્રાન્ઝિટ સંકળાયેલું હોય તેવા રૂટ્સ માટે એરપોર્ટની પસંદગી સાથે બારીકાઈથી જોડાયેલી છે. જો એરપોર્ટ ઓછામાં ઓછો તાણ અને મહત્તમ આરામ સાથેઉત્તમ અનુભવ પ્રદાન કરતું હોય તો પ્રવાસીઓ તે એરપોર્ટને અગ્રતા આપી શકે છે.

તો ચાલો, આજે ટ્રાન્ઝિટની કળામાં નિપુણતા હાંસલ કરનારાં મારાં ફેવરીટ પાંચ એરપોર્ટસ વિશે જાણીએ.

### ચાંગી એરપોર્ટ, સિંગાપોર

વૈશ્વિક પ્રવાસ કેન્દ્રની ચર્ચા કરીએ ત્યારે સિંગાપોરમાં સિંગાપોર એરલાઈન્સનું હબ ચાંગી એરપોર્ટ પર ટ્રાન્ઝિટ અનુભવ સતત ટોચ પર બિરાજમાન છે.તેના હાર્દમાં જ્વેલ ચાંગી એરપોર્ટ છે, જે અદ્દભુત મિશ્રિત ઉપયોગનું સંકુલ છે, જે નિસર્ગ અને રિટેઈલને સહજતાથી જોડે છે. તે દુનિયામાં સૌથી ઊંચું ઈનડોર વોટરફોલ રેઈન વોર્ટેક્સ પણ ધરાવે છે, જે અધધધ ૪૦ મીટર ઊંચું છે. આ અદ્દભુત વિશિષ્ટતાનો નજારો અજોડ હોવા સાથે હરિયાળા જંગલની ખીણનોઆભાસ કરાવતા વિશાળ ઈનડોર ગાર્ડનનો પણ હિસ્સો છે.

જ્વેલ ઉપરાંત ચાંગી એરપોર્ટ પ્રવાસીઓને વિવિધ થીમ ગાર્ડન્સનો લહાવો કરાવે છે. પરિવારોમાં મનગમતા બટરફ્લાય ગાર્ડનમાં ૧૦૦૦થી વધુ પતંગિયાની જાતિઓ છે, જે શૈક્ષણિક અને ઈન્ટરએક્ટિવ અનુભવ પ્રદાન કરે છે. દરમિયાન ટર્મિનલ-૨ ખાતે સ્થિત સનફ્લાવર ગાર્ડન પ્રવાસીઓને હવાફેર કરવા આહલાદક સ્થળ પ્રદાન કરે છે, જેમાં રનવે અને એરક્રાફ્ટ પાર્કિંગ બેઝનો મનોહર નજારો સમાવિષ્ટ છે. લાંબો ટ્રાન્ઝિટ સમય હોય તો ચાંગીમાં ટર્મિનલની અંદર જ મફતમાં મુવી પણ પ્રવાસીઓ જોઈ શકે છે.

### હમદ ઈન્ટરનેશનલ એરપોર્ટ, દોહા

૨૦૧૪માં શરૂ થયેલું કતારના દોહામાં હમદ ઈન્ટરનેશનલ એરપોર્ટ આધુનિક એરપોર્ટ ડિઝાઈન અને લક્ઝરીનું ઉત્તમ સ્થળ તરીકે ઊભરી આવ્યું છે. તેના સુંદર, સમકાલીન સ્થાપત્ય અને અત્યાધુનિક સુવિધાઓ માટે પ્રસિદ્ધ તે કતારના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ભવિષ્યલક્ષી ધ્યેયનું પ્રતિક છે. હમદ ઈન્ટરનેશનલની એક સૌથી આકર્ષક વિશિષ્ટતામાં ઘણાં બધાં આર્ટ ઈન્સ્ટોલેશન્સનો સમાવેશ થાય છે. સ્વીસ આર્ટિસ્ટ ઉર્સ ફિશ્ચર દ્વારા પ્રસિદ્ધ લેમ્પ બેરથી નામાંકિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય આર્ટિસ્ટો દ્વારા નંગો સુધી આ કૃતિઓ ટર્મિનલને વિશાળ, ગતિશીલ આર્ટ ગેલેરીમાં ફેરવી દે છે.

એરપોર્ટ બધા પ્રવાસીઓની જરૂરતોને પહોંચી વળવા માટે ખાસ તૈયાર કરાયેલી શ્રેણીબદ્ધ એમિનિટીઝ પણ ઓફર કરે છે. આમાંથી એઆઈ મુરજેન બિઝનેસ લાઉન્જ તેની વિશાળ જગ્યા, ઉત્કૃષ્ટ કમ્ફર્ટ અને વ્યાપક સુવિધાઓ સાથે લક્ઝરીનો નવો દાખલો બેસાડે છે, જેમાં કોન્ફરન્સ રૂમ અને ડાઈનિંગ એરિયાનો સમાવેશ થાય છે. શાંતિ ચાહતા હોય તેમને માટે હમદ ઈન્ટરનેશનલ સ્પા ટ્રીટમેન્ટ રૂમો, ધમધમતી એરપોર્ટની પ્રવૃત્તિઓથી દૂર રિલેક્સ અને ધ્યાન કરવા માગતા પ્રવાસીઓ માટે શાંતિપૂર્ણ જગ્યા ક્વાયટ રૂમ્સ પૂરા પાડે છે. આથી વિશેષ હમદ ઈન્ટરનેશનલ ઈનડોર ટ્રોપિકલ ગાર્ડન અને વિશાળ જળ વિશિષ્ટતાઓ સહિત નોંધપાત્ર વિસ્તરણનું નિયોજન કરી રહી છે, જેથી પ્રવાસીઓનો અનુભવ વધુ નવી ઊંચાઈએ લઈ જાય છે.




### સ્કિફોલ એરપોર્ટ, એમ્સ્ટરડેમ

એમ્સ્ટરડેમમાં સ્કિફોલ એરપોર્ટ યુરોપના મુખ્ય એર ટ્રાવેલ હબ તરીકે અનોખું તરી આવે છે, જે તેના હાઈ ટ્રાફિક સાથે ઉત્તમ પ્રવાસી અનુકૂળસુવિધાઓ માટે પણ જાણીતું છે. સ્કિફોલનું અજોડ પાસું ડચ સંસ્કૃતિ અને કળા પ્રત્યે તેની સમર્પિતતા છે. એરપોર્ટમાં રિક્સ મ્યુઝિયમનો સમાવેશ થાય છે,જે પ્રદર્શનમાં અસલ ૧૭મી સદીના ડચ નંગો સાથે મિની- મ્યુઝિયમનો અનભુવ પ્રદાન કરે છે, જેની પ્રવાસીઓ નિ:શુલ્ક મુલાકાત લઈ શકે છે. આ સાથે એરપોર્ટની લાઈબ્રેરી ડચ સંસ્કૃતિ પર ૪૦ ભાષા અને એક્ઝિબિટ્સમાં પુસ્તકો સાથે સાંસ્કૃતિક સ્વર્ગ પૂરું પાડે છે, જે પુસ્તક પ્રેમીઓ અને સાંસ્કૃતિક ઉત્સુકો માટે શાંતિપૂર્ણ રિટ્રીટ સમાન છે.

સ્કિફોલ પડદા પાછળની એરપોર્ટની ટુર પણ ઓફર કરે છે, જે ઉડ્ડયનના શોખીનો અને ઉત્સુક પ્રવાસીઓને યુરોપનાં સૌથી વ્યસ્ત એરપોર્ટસમાંથી એકની ભીતરની કામગીરીની ઝાંખી કરાવે છે. આ ટુરમાં એરપોર્ટની કામગીરીના કોમ્પ્લેક્સ લોજિસ્ટિક્સ જોઈ શકાય છે અને ઉડ્ડયન ઉદ્યોગમાં અદભુત ઈનસાઈટ્સ પણ આપે છે. ડચ પર્યાવરણીય સતર્કતા સાથે સુમેળ સાધતાં સ્કિફોલે અનેક હરિત પહેલો પણ અપનાવી છે. એરપોર્ટ સક્રિય રીતે મધ નિર્માણમાં સંકળાયેલું છે,જ્યાં મધપૂડાઓ સ્થાનિક જૈવવિવિધતા અને સક્ષમતામાં યોગદાન આપે છે.

કનેક્ટિવિટી સ્કિફોલની વધુ એક મજબૂત ખૂબી છે. એરપોર્ટ ઉત્કૃષ્ટ રેલ અને રોડ લક ધરાવે છે, જે એમ્સ્ટરડેમ સિટી સેન્ટર અને નેધરલેન્ડ્સ તથા યુરોપમાં અન્ય મુખ્ય શહેરોમાં પહોંચવાનું પ્રવાસીઓ માટે એકદમ આસાન બનાવે છે.

### કોપનહેગન ઈન્ટરનેશનલ એરપોર્ટ

કોપનહેગન ઈન્ટરનેશનલ એરપોર્ટ ડેન્માર્કને સેવા આપતું અને સ્કેન્ડિનેવિયા માટે મુખ્ય કેન્દ્રનું કામ કરે છે, જે ફંકશનાલિટી અને એસ્થેટિક ડિઝાઈનનો ઉત્તમ સુમેળ દર્શાવે છે. આ એરપોર્ટ મારી યાદીમાં સ્થાન પામશે એવું મેં વિચાર્યું નહોતું. જોકે હું પહેલી વાર ત્યાં ગયો ત્યારે મોહિત થઈ ગયો હતો. તેની કાર્યક્ષમતા માટે પ્રસિદ્ધ એરપોર્ટ મનોહરતા અને વ્યવહારુતા દર્શાવે છે, જે સ્કેન્ડિનેવિયન ડિઝાઈનનાં સીમાચિહનો પ્રવાસીઓ માટે આવકાર્ય અને આરામદાયક વાતાવરણ નિર્માણ કરે છે.

એરપોર્ટનું શિલ્પશાસ્ત્ર અને ઈન્ટીરિયર ક્લાસિક સ્કેન્ડિનેવિયન ડિઝાઈનનાં તત્ત્વોથી સમૃદ્ધ છે, જેમાં સાફ લાઈનો, નૈસર્ગિક મટીરિયલ્સ અને પ્રકાશથી સમૃદ્ધ જગ્યાઓ દેખાવ ઉત્તમ બનાવવા સાથે તાણમુક્ત ટ્રાન્ઝિટ અનુભવમાં પણ યોગદાન આપે છે. પારિવારિક પ્રવાસીઓ, ખાસ કરીને એરપોર્ટના પરિવાર અનુકૂળ અભિગમ સરાહના કર્યા વિના રહેશે નહીં. સમર્પિત રમવાની જગ્યા સર્વ ઉંમરના બાળકોનું મનોરંજન કરે તે રીતે તૈયાર કરાઈ છે, જે ટ્રાન્ઝિટમાં સમય વિતાવવાનું વાલીઓ માટે વધુ રિલેક્સિંગ અને મનોરંજક અને બાળકો માટે મોજીલું બનાવે છે.

### દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ

આખરે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ દુનિયામાં સૌથી વ્યસ્ત અને સૌથી અદભુત એરપોર્ટમાંથી એક છે, જે દુબઈ માટે મુખ્ય પ્રવેશદ્વાર અને ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમ વચ્ચે પ્રવાસ કરનારા એમિરેટ્સ એરલાઈન્સના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. એરપોર્ટ તેના વિશાળ સ્તર સાથે તેની લક્ઝુરિયસ એમિનિટીઝ માટે પણ વખણાય છે, જે દુબઈની મનોહરતાનું પ્રતિબિંબ પાડે છે. તેના વિશાળ ટર્મિનલો વર્ષમાં ૮૮ મિલિયન પ્રવાસીઓ હાથ ધરી શકે છે, જે પ્રવાહ કાર્યક્ષમતા સાથે તેની ભવ્યતા સાથે સુમેળતાની ખાતરી રાખે છે.

એરપોર્ટની વિશ્વ કક્ષાની સુવિધાઓમાં પ્રસિદ્ધ દુબઈ ડ્યૂટી ફ્રી છે, જે ઉચ્ચ કક્ષાનાં ઈલેક્ટ્રોનિક્સથી લક્ઝરી ફેશન બ્રાન્ડ્સ સુધી ઉચ્ચ સ્તર અને વિવિધતાસભર શોપિંગ અનુભવ પ્રદાન કરે છે. ઉપરાંત એરપોર્ટમાં ઝેન ગાર્ડન્સ, સ્પા સુવિધાઓ અને ઈનડોર સ્વિમિંગ પૂલ પણ છે, જે પ્રવાસીઓને ફ્લાઈટ્સ વચ્ચેના સમયમાં રિલેક્સ અને કાયાકલ્પ કરવામાં સહાય કરે છે. એરપોર્ટ ટેકનોલોજી અને ઝડપી સેવા પર ભાર આપીને વૈશ્વિક હવાઈ પ્રવાસના ભવિષ્યને આકાર આપવામાં તેને આગેવાન બનાવીને પ્રવાસીઓને સહજ અને યાદગાર ટ્રાન્ઝિટ અનુભવ થાય તેની ખાતરી રાખે છે.

ચાંગી, હમદ ઈન્ટરનેશનલ, સ્કિફોલ, કોપનહેગન અને દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટસ થકી સમાન ધાગો ગ્રાહક અનુભવ બહેતર બનાવવા માટે તેમનો વધુ ભાર છે, જે અજોડ સાંસ્કૃતિક ખૂબીઓ દર્શાવે છે. આ એરપોર્ટસમાં ટ્રાન્ઝિટનો કંટાળાજનક સમય કળા, રિલેક્સેશન અને ખોજ સાથે મજેદાર અનુભવ બનાવે છે.તમે પ્રવાસનું નિયોજન કરો ત્યારે ટ્રાન્ઝિટના અનુભવ પર વધુ પ્રભાવ પાડતાં આ પાસાંનો જરૂર વિચાર કરો, જે તમારા પ્રવાસમાં જરૂરી ટ્રાન્ઝિટનો સમય તમારા પ્રવાસના સાહસનો સમૃદ્ધ હિસ્સો બનાવે છે.

શું તમે પ્રવાસ દરમિયાન આ એરપોર્ટસ ખાતે અનન્ય સેવા અથવા અજોડ વિશિષ્ટતા અથવા અન્ય કશું અનુભવ્યું છે? તમારી વાર્તા મને neil@veenaworld.com પર શેર કરો અને ચાલો, આ એરપોર્ટસ અન્યથી અનોખાં કઈ રીતે તરી આવે છે તે વિશે ચર્ચા કરીએ!

**નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.**



feedback@bombaysamachar.com

## આકાશ મારી પાંખમાં

કલ્પના દવે

# વસંતમાં આવે જો પાનખર



(ભાગ- ૨)

તે દિવસે દેવકીને મળવા મિહિર હોસ્પિટલમાં આવ્યો હતો. ગુલાબનાં બે ફૂલ દેવકીના હાથમાં આપતાં બોલ્યોઃ- દેવકી, તું જલદી સાજી થઈ જા. તારા વગર મને શાળામાં ગમતું નથી. આપણે તો સ્કૂલમાં અને પછી કોલેજમાં પણ સાથે જ ભણીશું. હા,મિહિર મને પણ અહીં ગમતું જ નથી,પણ જો ને મને સારું થતું જ નથી. દેવકીએ આંખોમાં આંસુ લાવતા કહ્યું.

દેવકી તું બરાબર દવા લેજે. તને સારું થઈ જશે. આપણા દેશમુખ મેડમ અને દેસાઈ સરે પણ આશિષ આપ્યા છે. મિહિર સાથે અડધો કલાક વાત કરી ત્યારે દેવકી ખુશ થઈ ગઈ. મને સારું થશે, હું પાછી સ્કૂલમાં જઈશ.

તે દિવસે મને શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે દેશમુખ મેડમે મારી ટ્રોફી સાથે મને એમની બાજુમાં ઊભી રાખી અને ફોટો પડાવ્યો હતો. તે વખતે પણ આઈ કે બાબા કોઈ આવ્યું ન હતું. શું કામ આવે એમને કયાં દેવકી ગમે છે? આઈ તો નાની બહેન મધુને અને નાના ભાઈ સોનુને જ વહાલ કરે છે. અને, તે દિવસે તો આઈએ જ મને પેલા શેઠની રૂમમાં ધકેલી હતી ને, કોઈની પણ આઈ આવું કરે?

દેવકીની નજર સામે પેલો ભયંકર પ્રસંગ તરવરી ઊઠ્યો.

તે દિવસે હું આઈ સાથે શેઠના ઘરે કામ કરવા ગઈ હતી. બપોરના ભોજનના સમયે મોટા શેઠ આવ્યા. દેવકી એમનો બેડરૂમ સાફ કરી રહી હતી. શયનખંડના ટેબલ પર મૂકેલી મા લક્ષ્મીની મૂર્તિ એણે કપડાંથી સાફ કરી. નમન કરતાં માથે લગાડી મૂર્તિ ટેબલ પર ગોઠવી.

દેવકી રૂમ સાફ કરી રહી હતી. ત્યાં તો શેઠ શયનખંડમાં આવ્યા. ઝીણી નજરે દેવકીને જોઈ રહ્યા. દેવકીની ઊગતી કળી જેવી માદક સુગંધ તેમને સ્પર્શી ગઈ. ખાટલામાં આડા પડખે થતાં મોટેથી કહ્યું- દેવકી. મારા માટે પાણી લઈ આવ.

દેવકી નીચે રસોડામાં ગઈ, આઈએ તેને પાણીનો લોટો ભરી આપ્યો. દેવકી ઉપલે માળે શેઠના શયનખંડમાં ગઈ. ગોળ ટેબલ પર પાણીનો લોટો મૂકતી હતી, ત્યાં જ દરવાજાનો આગળો કોઈ ભીડી રહ્યું હોય તેવો અવાજ આવ્યો, પલંગ તરફ જોયું તો શેઠ પલંગ પર ન દેખાયા.

ખંડમાં ભેંકાર શૂન્યતા ફરી વળી હતી, દેવકી ભયભીત બની ગભરાયેલા પંખીની જેમ ફફડી ઊઠી. તે માતાજીની મૂર્તિને તાકી રહી. શેઠે ભૂખ્યા વરુની પેઠે એની તરફ આવી રહ્યા હતા. પોતાની જાતને બચાવવા તે બારી તરફ નાઠી, પણ શેઠે ઝડપથી બે હાથ વચ્ચે ભીંસી દીધી.પોતાના બાહુબળના જોરે સુવડાવી તેના મોઢા પર પોતાનો હાથ દાબી દીધો. શેઠની વિકરાળ આંખો, બીભત્સ ચહેરો જોતાં દેવકી ગભરાઈ ગઈ. એનો શ્વાસ ફૂલી રહ્યો હતો, તેની આંખો બેબાકળી બની ગઈ. એક ગીધ જેમ તેના શિકારને સકંજામાં લે અને પછી પ્રાણ લઈને જ છોડે, એવો ઘાટ દેવકીનો હતો. શેઠના બરછટ આંગળા દેવકીના નાજુક દેહને નિર્દયતાથી પીસી રહ્યા હતા. એણે બે-ત્રણ લાત મારી છટકવાનો પ્રયત્ન કર્યો. એની નજર પેલી લક્ષ્મીમાતાની મૂર્તિ પર પડી અને એક ચમત્કાર થયો.

અચાનક શેઠની પકડ ઢીલી થઈ. શેઠ પલંગ પરથી ગબડી પડ્યા. તક મળતાં જ દેવકી ભાગી. તે આઈ, આઈ કરતી બૂમો પાડતી નીચે ગઈ.

હાંફતી હાંફતી ગભરાયેલી દેવકી નીચે જઈને તેની આઈને શોધવા લાગી. આઈ રસોડામાં કે નાની રૂમમાં ન હતી. એ તો વરંડામાં બેઠી બેઠી પાન ચાવતી હતી, અને ૨૦,૪૦,૫૦ એમ રૂપિયા ગણવામાં મશગૂલ હતી.

દેવકી રડતા રડતા ગભરાતાં પોતાની વાત કહી રહી હતી. પણ, આઈ એકદમ ચૂપ. શેઠ પર ન કોઈ ગુસ્સો, ન દેવકી સાથે શેઠે આવું કર્યાનું દુઃખ. આતા ગપ બસ કી, હે કુણાલા સાંગુ નકો. બાબાલા પણ સાંગુ નકો . શેઠ પૈસે દેતે, આણિ તુઝે બાબા દારૂ પીઉન ચેતે, પૈસે કમવત નાચ.

આઈ, ચાલ આપણા ઘરે, તું પણ કાલથી અહીં ન આવતી. દેવકી બોલી.

આ શેઠ ૫૦-૬૦ રૂપિયા આપે એટલે જ તને અહીં લાવી હતી. આઈએ કહ્યું. આઈ, પૈસા માટે તારી દીકરીને આવા લંપટ શેઠને સોંપતા તારો જીવ કેમ ચાલ્યો, તને શરમ ન આવી? દેવકીએ પૂછ્યું.

આપણે ગરીબોને શેની શરમ- આ ચામડું વેચીને પણ ઘર ચલાવવું પડે છે.

આ ઘટના યાદ આવતાં આજે દેવકી આઈને ફરીથી ધિક્કારવા લાગી. શું આઈ પોતાની જ દીકરીને પૈસા કમાવવાનું સાધન બનાવે? અને મારા બાબા પણ મને પ્રેમ નથી કરતા, મને આટલી બધી તકલીફ થાય છે, પણ દવા ન લાવ્યા. મને મળવા પણ નથી આવતા.

હોસ્પિટલના બેડના ઓશિકા નીચે દેવકીએ એક છાપું સંતાડી રાખ્યું હતું, વોર્ડબોય રામુએ આપ્યું હતું, આ છાપામાં મિહિરનો ફોટો હતો. આંતરસ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મિહિરની ટીમને ટ્રોફી મળી હતી. દેવકીને જયારે મિહિર યાદ આવે ત્યારે આ ફોટો જોયા કરતી.

દેવકીને શાળામાં ગઈ હતી, એ છેલ્લો દિવસ યાદ આવી ગયો. એ દેશમુખ મેડમને મળવા ગઈ હતી, પણ દેશમુખ મેડમ આવ્યાં ન હતાં. દેવકી હતાશ થઈ ગઈ. એને થયું કે આખી દુનિયામાં મારું કોઈ નથી. સુલેખા એની ખાસ સહેલી પણ એને આ ચેપીરોગ થયો છે, એમ કહી એની બાજુમાં બેસતી નથી, એની સાથે ડબ્બો પણ ખાતી નથી. દેવકી વર્ગમાં ગઈ, દફતરમાંથી ડબો કાઢયો. ડબામાં ચાર-પાંચ બિસ્કીટ મૂક્યા હતા.

દેવકી ગૌરી પાસે ગઈ અને ડબો ખોલીને ગૌરીને આપતાં બોલી- ચાલ, આપણે સાથે નાસ્તો કરીએ. ગૌરી બિસ્કીટ હાથમાં લઈને મોઢામાં મૂકવા જતી હતી ત્યાં જ સુરેખા આવીને બોલી- અરે, ગૌરી. તું આના ડબામાંથી ખાય છે ? જોતી નથી એના શરીરે કેવો રોગ થયો છે? ગૌરીએ બિસ્કીટ પાછી દેવકીના ડબામાં મૂકી દીધી.

(જુઓ પાનું ૬) ▶▶




# ખાખી મની-૨૭

અનિલ રાવલ
anil.rawal@bombaysamachar.com

**'બદનામીનો ડર સામાન્ય માનવી કરતાં રાજકારણીને થોડો વધુ હોય છે કારણ કે બદનામીને ખુરસી સાથે સીધો નાતો હોય છે'**

ગુપ્ત માહિતીની મીઠીમધુરી લસ્સી પીને ટાઢે કોઠે બહાર આવેલા બલદેવરાજ અને શબનમના મનમાં પોલીસ ઇન્સ્પેકટર છોકરીનું નામ જાણવા ન મળ્યું એનો અફસોસ રહી ગયો.

'લડકી કા નામ માલૂમ પડતા તો ઢૂંઢના આસાન હોતા. લડકી સુરત મેં ઇન્સ્પેક્ટર હૈ. સર, અબ સુરત કે સારે પોલીસ સ્ટેશનો મેં કોલ કર કે પતા લગાના હોગા.' શબનમે કહ્યું.

'વક્ત બિગાડને કી ઝરૂરત નહીં.' બલદેવરાજે મોબાઇલ પર કોઇને કોલ લગાવ્યો. 'નમસ્કાર.વિજય સહાય સહાબ. મેં રો ચીફ બલદેવરાજ ચૌધરી બોલ રહા હું.'

'નમસ્કાર સરજી, આપકા નંબર મોબાઇલ મેં સેવ હૈ. હુકુમ સરજી.' સુરતના પોલીસ કમિશનર વિજય સહાય બોલ્યા.

'સહાય સાહબ, આપકી સહાયતા ચાહિયે.'

'બતાઇએ જી.'

'સુરત યા સુરત જિલ્લે મેં એક લેડી પોલીસ ઇન્સ્પેક્ટર હૈ...હમેં નામ નહીં પતા...આપકો પતા કરના હૈ.'

'સરજી, આગે પીછે કૂછ બતા સકતે હો?'

'ઉસકી મા કા નામ લીલી હૈ....લીલી પટેલ. મુઝે મા-બેટી કી સારી ડિટેલ ચાહિયે.'

'સુરત યા સુરત જિલ્લે મેં હોગી તો તુરંત પતા લગ જાયેગા.' સહાયે કહ્યું.

'બસ ઇતના ખયાલ રહે...રાયતા ફૈલ ન જાયે.' ધન્યવાદ. કહીને એમણે ફોન મૂકી દીધો.

****

અડધી રાતે નેશનલ સિક્યોરિટી ચીફ અભય તોમારના મોબાઇલની રિંગ વાગી. નાઇટ લેમ્પને અજવાળે બુક વાંચી રહેલા તોમારે મોબાઇલના સ્ક્રીન પર નજર કરીને હળવેકથી હેલો કહ્યું.

'સર, સોરી ટુ ડિસ્ટર્બ યુ એટ ધીસ અવર.' કેનેડાથી તોમારની ખાસ એસેટ હિનાએ કહ્યું.

'નો ઇશ્યુ.'

'સર, બબ્બર કી વાઇફ મનપ્રિત સતિન્દર સે નારાઝ હૈ....મા ઔર બેટા લાસ્ટ મિટિંગ મેં ભી નહીં આયે થે.'

'ઉનકી નારાઝગી કારન હમારે કામ કા હૈ?' તોમારે પૂછ્યું.

'બિલકુલ હમારે કામ કા હૈ સર..બબ્બર કે મોત કે બાદ ઉનકો અહેસાસ હો ગયા હૈ કી ઉનકે પતિ કી મોત કા કારન સતિન્દર ઔર તજિન્દર હૈ. મૈને મનપ્રિત કો ફોન કર કે સારી બાતેં પતા કી.'

'દોસ્તી બઢાઓ ઉનકે સાથ...ફિર હમ ઉનકે લાયક કામ નીકાલેંગેં'

'ઓકે સર, ગુડ નાઇટ.' હિનાએ ફોન કાપ્યો. તોમારે બુક બંધ કરી...લેમ્પ સ્વિચ ઓફ કર્યો અને દિમાગની બત્તી ઓન કરી.

****

હિના થોડા વખતથી તોમાર માટે કેનેડાની ત્રાસવાદી પ્રવૃત્તિની અને ખાસ કરીને સતિન્દર અને તજિન્દરની જાસૂસી કરીને માહિતી પહોંચાડતી હતી..

એણે બબ્બર અને સરદાર સંધુને ઉડાવી દેવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. બબ્બરની લાશ મળી આવી એ મેપલ લેક પર પણ પોતે હાજર હતી અને સંધુને ઉડાવ્યો એ દેખાવોમાં પણ એની હાજરી હતી. ત્યાર પછી તો હિના એક કદમ આગળ વધીને ત્રાસવાદી ચળવળનો એક ભાગ બની ગઇ હતી. ગુરુદ્વારામાં ભરાતી બેઠકોમાં હાજર રહેવું....અંદરની વાતો અને વ્યૂહ જાણવા...સતિન્દર અને તજિન્દરના ફોટાઓ મોકલવા...સતિન્દરની રાજકીય કામગીરી, ડ્રગ્સના ધંધા, એના પાર્ટનરોની રજેરજની માહિતી એકઠી કરવી.

તજિન્દરના ધર્મની આડમાં ચાલતી ત્રાસવાદી ચળવળ પર ચાંપતી નજર રાખવી...આવા બધા કામની ઝીણીઝીણી બાબતો હિના અભય તોમારના કાનમાં નાખતી. હવે એણે મનપ્રિતના મનમાં ઝરેલા તણખાને હવા આપીને ભડકો કરવાનું કામ શરૂ કર્યું હતું.

****

રોના ચીફ અને પોતાના એક જૂના મિત્ર બલદેવરાજે સોંપેલી અતિ ગુપ્ત કામગીરીથી સુરતના પોલીસ કમિશનર વિજય સહાય થોડી ક્ષણો માટે પોરસાઇ ગયા, પણ પછી તરત જ એની ગંભીરતા પામી ગયા. રોના ચીફ ખુદ એક માણસની તપાસ કરતા ફરે એટલે મામલો રાષ્ટ્રીય સલામતીનો જ હોય. 'રાયતા ફેઇલ ન જાયે.' ચીફના આ શબ્દો યાદ આવતા એણે આ ખુફિયા કામગીરી અન્ય કોઇનેય ન સોંપતા પોતે કરવાનું યોગ્ય માન્યું. એમણે કમ્પ્યુટર પર સુરત અને સુરત જિલ્લાની તમામ પોલીસ કેડરની યાદી તપાસવાનું શરૂ કર્યું. ખાસ કરીને મહિલા પોલીસનાં નામો પર ઝીણી આંખ ફેરવવા લાગ્યા. પટેલ અટકવાળી મહિલા પોલીસના બાયોડેટા ચકાસ્યા...અંગત માહિતીમાં ક્યાંય એમને માનું નામ લીલી પટેલ દેખાયું નહીં. સહાય કરવાનો મક્કમ નિર્ધાર કરીને બેઠેલા વિજય સહાયે હવે આસપાસનાં ગામો શહેરોની યાદીઓ જોવાની શરૂઆત કરી....યાદીઓ જોતા જોતા તેઓ છેક લીલાસરી પોલીસ ચોકી અને ત્યાંથી દમણ પહોંચી ગયા. માઉસ ફરતું ફરતું લીચી લીલી પટેલના નામ પર જઇને અટક્યું. લગભગ બે-ત્રણ કલાકની જાત જહેમતને અંતે સુરતના પોલીસ કમિશનરે સબ-ઇન્સ્પેક્ટર લીચી લીલી પટેલની પોલીસ ચોકી અને દમણના ઘરનું સરનામું મોબાઇલમાં ટપકાવ્યું. નામઠામ ફરી વાંચી ગયા...મૂછો પર હાથ ફેરવતા મૂછમાં હસ્યાઃ 'ક્યા ગજબ કા નામ હૈ....લીચી.' પણ રોના ચીફને લીચીનું શું કામ હશે..? એમણે મેસેન્જરમાં સેન્ટનું બટન દાબ્યું. બરોડામાં બપોરનું ભોજન લઇ રહેલા બલદેવરાજના મોબાઇલમાં મેસેજનો ટીંગ અવાજ આવ્યો. ખોલીને જોયું તો વિજય સહાયની સહાય કરવાની ઝડપને માની ન શક્યા. નેપકીનથી હાથ લૂછતા બોલ્યાઃ 'ઉપરવાલે કી લીલા અપરંપાર હૈ. શબનમ, દમણ મેં દારૂ સસ્તા મિલતા હૈ.. ચલો, વહાં જાકે સસ્તા દારૂ પિયેંગેં.' બલદેવરાજ ક્યારેય અર્થહીન વાત કરતા નહીં. એમની દરેક વાતનો કોઇને કોઇ સંદર્ભ હોય જ. વરસોથી એમની સાથે નિકટથી કામ કરતી ચબરાક શબનમે તરત જ કહ્યુંઃ 'સર, પેટ ભરા હો તો પીને કી મજા હી ક્યા હૈ...સર, હાથ ધો લો....અભી નિકલતે હૈ.'

****

ઉદયસિંહના રૂમમાંથી પાટીલ રસ્તોગીને લેન્ડલાઇન પર ફોન લગાડવાની ટ્રાય કરી રહ્યો હતો. રિંગ વાગી જતી, પણ કોઇ ઉપાડતું નહોતું. સામે બેઠેલી લીચીને સૌથી વધુ અકળામણ થઇ રહી હતી. જ્યારે ઉદયસિંહ ફોન ન લાગે તો સારું એવું ઇચ્છતો હતો..કેમ કે એનો પ્લાન લીચીને જ ખતમ કરવાનો હતો. અચાનક લીચીએ અકળાઇને ઉદયસિંહનો મોબાઇલ માગ્યો ને રસ્તોગીનું કાર્ડ કાઢીને એમાંથી મોબાઇલ નંબર લગાવ્યો.

'હેલો..' રસ્તોગીએ કહ્યું....ને લીચીએ ફોન ઉદયસિંહને પકડાવી દીધો. લીચીને ખતમ કરવાનું કાવતરું ઘડી રહેલા બિચારા ઉદયસિંહ પાસે વાત કરવા સિવાય બીજો કોઇ રસ્તો જ ક્યાં હતો.

'હેલો...સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર ઉદયસિંહ બોલું છું.'

હા, તમારા વતી કોઇ પાટીલનો ફોન આવેલો...બોલો શું હતું.? રસ્તોગીએ પૂછ્યું.

'મળીને વાત કરીએ.'

'બોલો ક્યાં અને ક્યારે મળવું છે.?'

'એ તો લીચી મેડમ કહેશે એ રીતનો ટાઇમ ને જગ્યા નક્કી કરશું....કેમ કે એ સેટલમેન્ટની વાત કરતી હતી.' ઉદયસિંહે નાખેલી ગૂગલીથી લીચી ઉકળી ઉઠી. એ સમસમીને બેસી રહી.

'ભલે તમારા મેડમને પૂછી લો..મારે પણ એમને થોડી પૂછપરછ કરવી છે....એમનું સ્ટેટમેન્ટ લીધા પછી જ હું ન્યૂઝ છાપીશ.' રસ્તોગી કાનૂની રીતે મુશ્કેલીમાં ન આવે એ રીતે ફોન પર સેફ વાત કરતો હતો. લીચીએ ઉદયસિંહના મોબાઇલ પરથી જ ફોન લગાડીને ઉદયસિંહને ફસાવી દેવાનો કારસો ઘડ્યો....બીજી બાજુ ઉદયસિંહના મનમાં લીચીને જ ખતમ કરવાનો પ્લાન આકાર લઇ રહ્યો હતો.

****

કુમારને અવસ્થીનું પગેરું કાઢતા પવનહંસ એરપોર્ટ ઑથોરિટીના એક કર્મચારી પાસેથી એક મહત્ત્વની બાતમી મળી કે અવસ્થી ઉપરાંત કોઇ મેજર નામનો માણસ દિલ્હી માટે હેલિકૉપ્ટર બુક કરતો હતો....મેજર કોણ હશે...કુમારે વધુ ઊંડા ઊતરતા એ કર્મચારીએ પોતાનું ક્યાંય નામ ન આવે એવી શરતે કોઇ મેજરનો નંબર આપ્યો. કુમારે ફોન લગાવ્યો....ફોન ઉપાડનારે પૂછ્યુંઃ 'કૌન ચાહિએ.?'

'મેજર ચાહિયે..' કુમારે કહ્યું. સામેવાળાએ તરત જ ફોન કાપી નાખ્યો...પછી એનો ફોન સ્વિચ ઓફ આવવા લાગ્યો...કુમારને શંકા ગઇ. એણે નંબર કોનો છે એની તપાસ કરી..તો એ ચોંકી ઉઠ્યો...નંબર મહારાષ્ટ્રના મિનિસ્ટર ભાલેરાવના નામે બુક હતો. કુમારે અભિમન્યુ સિંહને વાત કરી. બીજી જ મિનિટે અભિમન્યુ સિંહ અને કુમાર મંત્રાલયમાં ભાલેરાવની કેબિનમાં બેઠા હતા.

કુમારે અભિમન્યુ સિંહની ઓળખ આપી..ત્યારે ભાલેરાવના ભાલ પ્રદેશ પર પરસેવાના ઝીણા બિંદુઓ તગતગી રહ્યા હતા.

'આપ બે ફિકર રહીએ...આપકો તકલીફ નહીં દેંગેં....આપ બસ હમેં દિલ્હી પૈસે ભેજનેવાલે કા નામ બતા દિજિયે' કુમારે કહ્યું....

ભાલેરાવ બેઉ હાથના આંગળા એકમેકમાં ભેરવીને સાંભળી રહ્યો હતો...ને વચ્ચે વચ્ચે ખુરસીના હાથા પરનું નેપકિન લઇને પરસેવો લૂછતો હતો.

'હમ આપકો સેફ કર દેંગેં... સિર્ફ ઉનકા નામ બતાઓ' અભિમન્યુ સિંહની આંખોમાં હમદર્દી અને અવાજમાં વિનમ્રતા હતી. ભાલેરાવ થોડી ક્ષણો બંનેને જોતો રહ્યો પછી ઢીલા અવાજે બોલ્યોઃ

'ઇમામ સલાઉદ્દિન.... બાપુનગર.... અહમદાબાદ'

'ફોન નંબર દો.' ભાલેરાવે થરથરતા હાથે ડાયરી ખોલીને નંબર આપ્યો. કુમારે નોંધી લીધો.

'ઇમામ દિલ્હી મેં કિસ કો પૈસા ભેજનેવાલે થે?'

'મુઝે માલુમ નહીં' એણે માથું હલાવ્યું.

'દેખો અગર આપકો અપની ખુરસી, વોટબેક, મિનિસ્ટરશિપ બચાની હૈ તો પ્લીઝ હમેં બતા દો....વરના હમ આપકો સબ કે સામને મંત્રાયલ સે ઉઠા કે લે જાયેંગેં.' અભિમન્યુ સિંહનો અવાજ બદલાયો. ભાલેરાવ મુંઝાયો...ચૂપ થઇ ગયો. પોતાની વોટબેંક...અને જનતા સામે પોતે સાવ નાગો થઇ ગયો હોવાની કલ્પના કરવા લાગ્યો. બદનામીનો ડર સામાન્ય માનવી કરતા રાજકારણીને થોડો વધુ હોય છે. કારણ કે બદનામીને ખુરસી સાથે સીધો નાતો હોય છે. આખરે એણે બદનામીના ડરથી મોં ખોલ્યું.

'આપ મેરે સામને કોઇ કારવાઇ નહીં કરેગેંના.?'

'નામ નહીં બતાઓગે તો કારવાઇ કરની પડેગી' અભિમન્યુ સિંહે કહ્યું.

'દિલ્હી કે ચીફ મિનિસ્ટર કો..' બોલીને ભાલેરાવ નીચું જોઇ ગયો.

'ઇમામ કો દિલ્હી કે ચીફ મિનિસ્ટર કો પૈસે ભેજને કી ક્યા ઝરૂરત પડી..?' અભિમન્યુ સિંહે

(જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

## ત્રિકોણનો ચોથો ખૂણો

વિક્રમ વકીલ


# મૃત્યુને સમજવું છે? અરુણ શૌરીને વાંચો!

**મૃત્યુ પહેલાં અને મૃત્યુ પછી થતી યાત્રાઓ અને ધાર્મિક વિધિ કઈ રીતે મૃત્યુને સમજવામાં મદદ કરે છે ? આપણાં ધાર્મિક પુસ્તકોથી માંડીને યોગ પુરુષો પાસેથી શું જાણવું જોઈએ ? સંથારા જેવી મૃત્યુ સ્વીકારી લેવાની જૈનોની પરંપરા કેવી છે ?**

કોરોના વાયરસના આક્રમણ પછી આપણામાંથી ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જેણે આ વાઈરસને કારણે, કોઈએ સ્વજન કે મિત્ર ગુમાવ્યા નહીં હોય. કોરોનાકાળ પહેલા પણ આપણે યેનકેન કારણોસર મૃત્યુને નજીકથી જોયું જ છે. ફિલસૂફોથી માંડીને આધ્યાત્મિક ગુરુઓ સુધીનાઓએ મૃત્યુ વિશે અઢળક લખ્યું છે, પરંતુ અરુણ શૌરી જેવા પત્રકાર-લેખક મૃત્યુની તૈયારી વિશે લખે ત્યારે એમાં અલગ જ પ્રકારનો એમનો દ્રષ્ટિકોણ ફ્લેવર હોય. અરુણ શૌરીએ લખેલું છેલ્લુ પુસ્તકઃ 'પ્રિપેરિંગ ફોર ડેથ' પ્રકાશિત થઈ ચૂક્યું છે. લગભગ ૬૦૦ પાનાં અને ૬૦૦ રૂપિયાની કિંમતના આ પુસ્તકમાં ઢગલાબંધ ક્વોટેશન્સ-અવતરણ-ઉદાહરણો અને જાત અનુભવનો ઉપયોગ શૌરીએ બખૂબી કર્યો છે. રામકૃષ્ણ પરમહંસથી માંડીને ગૌતમ બુદ્ધ જેવા મહાનુભાવો મૃત્યુ માટે કઈ રીતે તૈયાર હતા એની વાતો પણ શૌરીએ કરી છે.

મૃત્યુ પહેલાં અને મૃત્યુ પછી થતી યાત્રાઓ અને ધાર્મિક વિધિ કઈ રીતે મૃત્યુને સમજવામાં મદદ કરે છે ? આપણાં ધાર્મિક પુસ્તકોથી માંડીને યોગ પુરુષો પાસેથી શું જાણવું જોઈએ ? સંથારા જેવી મૃત્યુ સ્વીકારી લેવાની જૈનોની પરંપરા કેવી છે ? જેવા અનેક સવાલોના જવાબો આ પુસ્તકમાંથી મળે છે. આજે આપણે અહીં અરૂણ શૌરી જેવી પ્રખર હસ્તિને જાણી-સમજી લઈએ..

હાલનું જનરેશન તો કદાચ અરુણ શૌરીને નરેન્દ્ર મોદીના વિરોધી અને યશવંત સિંહા તેમજ વકીલ પ્રશાંત ભૂષણના સાથીદાર તરીકે જ ઓળખતા હશે. ૨૦૧૪માં એનડીએ કેન્દ્રમાં સત્તા પર આવ્યું ત્યાર પછી અરુણ શૌરી નરેન્દ્ર મોદીના ટીકાકાર થઈ ગયા એ હકીકત છે. કેટલાક એમ માને છે કે એ સરકારમાં અરુણ શૌરીને નાણાપ્રધાન નહીં બનાવ્યા એટલે નારાજ થઈને એમણે ભાજપ છોડી દીધું. જો કે, અરુણ શૌરીને નજીકથી ઓળખનારાઓ આ વાત નહીં માને. અરુણ શૌરી વાજપેયી સરકાર વખતે ડિસ-ઇન્વેસ્ટમેન્ટ મંત્રી રહી ચૂક્યા છે. એક જમાનામાં એ દેશના સૌથી નામાંકિત પત્રકાર પણ હતા. ઇન્દિરા ગાંધીએ જ્યારે કટોકટી લાદી ત્યારે અરુણ શૌરી દૈનિક 'ઇન્ડિયન એક્સપ્રેસ'-ના તંત્રી હતા અને કટોકટી સામે લડનાર પત્રકારોમાં અગ્રેસર હતા.



૧૯૪૧ની બીજી નવેમ્બરે જન્મેલા અરુણ શૌરીએ કારકીર્દીની શરૂઆત અર્થશાસ્ત્રી તરીકે કરી હતી. શરૂઆતમાં એમણે વર્લ્ડ બેન્કમાં કામ કર્યું હતું. ત્યાર પછી ભારત આવીને 'પ્લાનિંગ કમિશનર ઓફ ઇન્ડિયા' ના સલાહકાર તરીકે કાર્યરત રહ્યા હતા. 'ઇન્ડિયન એક્સપ્રેસ' ના માલિક રામનાથ ગોયંકાએ છાપાની સંપૂર્ણ જવાબદારી અરુણ શૌરીને સોંપી દીધી હતી. શૌરીને એ પોતાનો દીકરો જ માનતા હતા. ૭૦ના દાયકાના અંત અને ૮૦ના દાયકાની શરૂઆતમાં પત્રકાર તરીકે અરુણ શૌરીએ ભલભલાને ભૂ પીતા કરી દીધા હતા. પક્ષ માટે ભંડોળ ઊઘરાવવા માટે તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ એક ટ્રસ્ટની સ્થાપના કરી હતી. એ વખતના મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અબ્દુલ રહેમાન અંતુલેએ મહારાષ્ટ્રમાં વિવિધ ઉદ્યોગપતિઓ પર દબાણ લાવીને આ ટ્રસ્ટ માટે નાણાં ઉઘરાવ્યાં હતાં. અરુણ શૌરીએ પુરાવા સહિત આ કૌભાંડના અહેવાલો પ્રકાશિત કર્યા પછી દેશભરમાં એટલો મોટો ઊહાપોહ મચ્યો કે અંતુલેએ રાજીનામું આપવું પડ્યું હતું.

રાજીવ ગાંધી સત્તા પર આવ્યા ત્યારે શૌરીના સરકાર વિરોધી સ્ટેન્ડને કારણે 'ઇન્ડિયન એક્સપ્રેસ' ની ઓફિસ પર દરોડાઓ પાડીને અરુણ શૌરીને હેરાન કરવામાં આવ્યા હતા. જો કે, શૌરી ડર્યા કે ડગ્યા નહોતા. ત્યાર પછી રામનાથ ગોયંકા સાથે કોઈ બાબતે મનદુઃખ થતાં અરુણ શૌરીએ 'ઇન્ડિયન એક્સપ્રેસ' છોડી દીધું હતું. તંત્રી પદ છોડ્યા પછી પણ એ વિવિધ અખબારોમાં નિયમીત કટાર લખતા રહ્યા હતા. એ વખતે અરુણ શૌરીની વિચારસરણી જમણેરી અને હિન્દુવાદી હતી. એમનાં લખાણોમાંથી વિદ્વતા ટપકતી હતી. કોઈપણ વિષય પર એ લખે તે પહેલાં ખૂબ ઊંડો અભ્યાસ કરતા. અત્યાર સુધીમાં શૌરીએ ૩૦ થી વધુ પુસ્તક લખ્યા છે. એમનું કોઈ પણ પુસ્તક લો,એ ઉપરછલ્લું નહીં લાગે. ઇસ્લામમાં બહાર પાડવામાં આવતા જાતભાતના ફતવાઓ ઉપર એમણે 'ધ વર્લ્ડ ઓફ ફતવાઝ' નામનું પુસ્તક લખ્યું હતું. કોર્ટની અવમાનનાનો ડર રાખ્યા વગર એમણે 'કોર્ટ્સ એન્ડ ધેર જજમેન્ટ્સ' નામનું અદ્ભુત પુસ્તક લખ્યું છે. આ પુસ્તકમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાઓની પણ ગંભીર ટીકાઓ કરવામાં આવી છે આમ છતાં એમણે દરેક ચુકાદાઓને એટલા સરસ રીતે મુલવ્યા છે કે કોર્ટ પણ એમને કઈ કરી શકી નહોતી. એમના બીજા જાણીતાં પુસ્તકોમાં 'વર્સિપીંગ ફોલ્સ ગોડ' 'એમીનન્ટ હિસ્ટોરિયન્સ' - 'સેક્યુલર એજન્ડા' અને 'ડઝ હી નો અ મધર્સ હાર્ટ ?' ખૂબ જ વખણાયા છે.

બીજી તરફ, અરુણ શૌરીનું અંગત જીવન ખાસ્સું તકલીફવાળું રહ્યું છે. એમનો એક માત્ર પુત્ર બાળપણથી જ 'સેરિબ્રલ પાલ્સી' નામની બીમારીથી પીડાઈ છે. આજે એ પુત્રની ઉંમર ૪૪ વર્ષ થઈ છે. રાબેતા મુજબની દરેક -ક્રિયા - પ્રક્રિયા માટે એણે બીજા પર આધાર રાખવો પડે છે. છેલ્લા કેટલાંક વર્ષોથી શૌરીનાં પત્ની અનિતા પાર્કિન્સનથી પિડાઈને પથારીવશ છે.

દીકરાની તકલીફોને કેન્દ્રમાં રાખીને એમણે 'ડઝ હી નો અ મધર્સ હાર્ટ?' નામનું પુસ્તક લખ્યું હતું. તમામ ધર્મનો અભ્યાસ કરીને પોતાની તકલીફોનો જવાબ મેળવવાનો એમણે જે પ્રયત્ન કર્યો હતો એનો ઉલ્લેખ આ પુસ્તકમાં છે. શૌરીના માનવા પ્રમાણે બૌદ્ધ ધર્મની ફિલોસોફી સૌથી શ્રેષ્ઠ ઉત્તર આપી શકે છે. થોડા સમય પહેલાં આજ અરુણ શૌરી પર સીબીઆઇ કોર્ટે કહેવાતા ભ્રષ્ટાચારના મામલે વોરંટ કાઢ્યું હતું. જો કે , અરુણ શૌરી વિશેના આવા વાહિયાત આક્ષેપો એમના કટ્ટર દુશ્મનો પણ નહીં માને! ■

henry.shastri@bombaysamachar.com

ઝબાન સંભાલ કે




હેન્રી શાસ્ત્રી

# નિત નાહવા જાય, પણ મન ચોખ્ખું મળે નહીં, એ ચોખ્ખો તો ન કહેવાય, સાચું સોરઠિયો ભણે



સોરઠ પ્રદેશના વૈભવનું વર્ણન અનેક સિદ્ધહસ્ત કલમથી થયું છે. સોરઠો અથવા સોરઠિયા દુહા એ વૈભવનો જ હિસ્સો છે. સાચું સોરઠિયો ભણે શૈલીમાં રજૂ થયેલા દુહામાં જીવન પર એવો સરસ પ્રકાશ ફેંકવામાં આવ્યો છે કે મનનો અંધકાર દૂર થઈ જાય. **સારે સગા થાય, ગરીબીમાં કોઈ ગણે નહીં, એને ફાલતુ જાણ. સાચું સોરઠિયો ભણે.** આ સમાજનો જ શું કામ, આ દુનિયાનો નિયમ છે કે તમારો સારો સમય હોય, તમારી પાસે સુખ સાહ્યબી હોય ત્યારે તમારી આસપાસ લોકો મધમાખી જેમ મધની ફરતે જોવા મળે એમ તમારી આસપાસ મંડરાતા રહે છે. જો કોઈ કારણસર તમારી સંપત્તિ ચાલી ગઈ તો સતત તમને ઘેરાઈને રહેતા લોકો અચાનક એવા ગાયબ થઈ જાય કે શોધ્યા જડે નહીં. આવા લોકો સાવ નકામા - ફાલતુ હોય છે એ સમજણ આ સુભાષિત દ્વારા અમલ છે. માનવ સ્વભાવનું પ્રતિબિંબ દેખાડતો દુહો છે કે **નિત નિત નાહવા જાય, પણ મન ચોખ્ખું મળે નહીં, એ ચોખ્ખો ન કહેવાય, સાચું સોરઠિયો ભણે.** ગંદકી બે પ્રકારની હોયઃ શરીરની અને મનની. દિવસ દરમિયાન વારંવાર નાહવાથી કે પાણી રેડવાથી શરીર પરની ગંદકી તો સહેલાઈથી દૂર કરી શકાય છે, મિટાવી શકાય છે. પણ મનના મેલનું શું? કોઈ વિશે ખરાબ વિચાર કે કપટની ભાવના, અનીતિ આચરવાનો વિચાર જે સંઘરે છે એ માણસ ચોખ્ખો ન કહેવાય. મનના મેલા હોય એનું શરીર ભલે ને ગમે એટલું ચોખ્ખું કેમ ન હોય, એ નિર્મળ તો ન જ કહેવાય. મનુષ્યના આચાર - વિચારનું મહત્ત્વ અહીં ઊંચું આંકવામાં આવ્યું છે. ગયા સપ્તાહમાં આ કોલમમાં માણસના સ્વભાવનું દર્શન કરાવતી કવિ શ્રી દલપતરામની પંક્તિઓનો આસ્વાદ માણ્યો હતો. સ્વભાવનું મહત્ત્વ સમજાવતું સુભાષિત છેઃ **ઔષધ કર્યા અનેક, વિધિએ વિવિધ રોગના, ઓસડ સ્વભાવનું નહીં એક, સાચું સોરઠિયો ભણે.** માથું દુખતું હોય એની દવા અલગ. પેટની તકલીફ કે શરદી - ઉધરસની દવા નોખી નોખી, પણ મનુષ્ય સ્વભાવનું કોઈ ઓસડ યાને કે ઔષધ નથી બન્યું. ટૂંકમાં સ્વભાવ પડી ગયો હોય એ દૂર નથી થતો. ધન - સંપત્તિ અને મનુષ્ય મનના સ્વભાવની ચંચળતા કે અવસ્થા સાથે સીધો સંબંધ હોય છે.

લોભને થોભ ન હોય એ કહેવત ખૂબ મૂડી મેળવ્યા પછી પણ અસંતોષી જીવનું પ્રતિબિંબ છે. ઘણા ધનથી શ્રીમંત પણ મનથી ગરીબ હોય છે જે **ઘરમાં ધન અપાર, ગરીબાઈ ગાતો ફરે, ધૂળ પડી ઈ ધનમાં, સાચું સોરઠિયો ભણે** સુભાષિતમાં સુપેરે વ્યક્ત થાય છે. છતી મૂડીએ અછતની રોકકળ કરતાં લોકોના ધનમાં ધૂળ પડી એટલે કે એવું ધન વ્યર્થ છે એમ કહેવાયું છે. સંસારમાં એવા કેટલાક લોકો હોય છે જે મબલક કમાઈ લેવામાં માનતા હોય છે, પણ એમાંથી રતીભાર ખર્ચવાની વાત આવે તો તેમને આકરું લાગે છે. આવું સંઘરેલું નાણું ક્યારેક બીજાના હાથમાં જતું રહે છે, ખબર પણ નથી પડતી. **ઢગલે ધન કમાય, સંઘરે પણ ખરચે નહીં, તે પરને હાથ જાય, સાચું સોરઠિયો ભણે.** સંગ્રહ અને સંગ્રહખોરી વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે.

## ENglish વિંGLISH — ENGLISH - ગુજરાતી

લિપિ અને બારાખડી ભાષાને અલગ પાડે છે. અંગ્રેજી - ગુજરાતીની વાત કરીએ તો letter - word અક્ષર - શબ્દ બને પણ અંગ્રેજીમાં Earth જે ભાવાર્થ ધરાવે છે એ જ અર્થ પૃથ્વી સાથે સંકળાયેલો છે. બંને ભાષાની સામ્ય ધરાવતી કહેવતો જોઈએ. An uninvited guest is like a straw. સ્ટ્રો એટલે સૂકું ઘાસ કે તણખલું યાને કે તુચ્છ પદાર્થ. વણબોલાવ્યા મહેમાનને આવકાર નથી મળતો એ એનો ભાવાર્થ છે. આ કહેવત ગુજરાતીમાં અણબોલાવ્યું બોલે ને તણખલાને તોલે તરીકે જાણીતી છે. ભાવાર્થ બરાબર જળવાયો છે. આ કહેવત શેઠ આવ્યા છે તો નાખો વખારે તરીકે પણ જાણીતી છે. વધારાની વસ્તુ અથવા ખપ ન હોય એ માલ વખારમાં મૂકી દેવામાં કે ભરી દેવામાં આવતો હોય છે. અંગ્રેજીમાં એક રૂઢિપ્રયોગ છે False promises - જૂઠા વચન એવો એનો શબ્દાર્થ છે. આ પ્રયોગ ગુજરાતીમાં સાવ નવું સ્વરૂપ ધારણ કરે છે અગસ્ત્યના વાયદા. આ રુઢિપ્રયોગ પાછળની કથા મજેદાર છે. અગસ્ત્ય ઋષિ મહાજ્ઞાની હતી. વિંધ્ય પર્વતની પેલે પાર ઉત્તર પ્રદેશમાં આશ્રમ બાંધીને રહેતા હતા દક્ષિણ ભારતના લોકોમાં સંસ્કૃતિ, શિક્ષણ અને જ્ઞાન પ્રસરે તેવા વિચારે ઋષિએ દક્ષિણમાં યાત્રા કરવાનો નિશ્ચય કર્યો, પણ વચ્ચે વિંધ્ય પર્વત આવતો હતો. પોતે પાછા ન ફરે ત્યાં સુધી પર્વતને ઊંચે નહીં વધવા ઋષિએ વિનંતી કરી. વિંધ્ય પર્વતે ઋષિની વિનંતી માન્ય રાખી અને ઊંચે નહીં વધવાનું વચન આપ્યું. જોકે અગસ્ત્ય મુનિ ફરી વિંધ્ય ઓળંગી ઉત્તર પ્રદેશમાં પાછા ફર્યા નહીં અને તેમના પાછલા જીવનમાં દક્ષિણમાં જ રહ્યાં. ઋષિ પાછા ફર્યા નહીં તેથી હજી સુધી વિંધ્ય પર્વત ઊંચો નથી થઈ શક્યો. તેણે ઋષિની પાછા ફરવાની રાહ જોઈ પણ ઋષિ પાછા ફર્યા જ નહીં. આ ઘટનાને અગસ્ત્યના વાયદા કહેવામાં આવે છે. આપણે કોઈ વાયદો કરીને તેને પાળીએ નહીં, તેને અગસ્ત્યના વાયદા કહેવામાં આવે છે. કેટલીક અંગ્રેજી કહેવતો એવી છે જેના શબ્દ દેહ અલગ અલગ હોય પણ ભાવાર્થ એક જ હોય. જેમ કે ૧) As the tree is, so is the fruit. ૨) As we think, so we speak. ૩) As you sow, so you will reap. ૪) Speech is the image of action. ઉદાહરણ પરથી સ્પષ્ટ સમજાય છે કે ચારેય કહેવતનો ભાવ એકસમાન છે. આ ચારેય માટે ગુજરાતીમાં એક જ કહેવત છે કે અન્ન તેવો ઓડકાર. તુલનાત્મક કહેવત જોઈએ. One man's food is another man's poison. આ કહેવત ગુજરાતીમાં અફીણનો કીડો સાકરમાં ન જીવે તરીકે પ્રસિદ્ધ છે.

## રાષ્ટ્ર ભાષા — गुजराती कहावत हिंदी में

સફળતા પચાવવી અઘરી હોય છે અને નિષ્ફળતા સ્વીકારવી મુશ્કેલ હોય છે. નિષ્ફળતા માટે બહાના તૈયાર કરવામાં મગજ ગજબનું દોડતું હોય છે. કલ્પનામાં ન હોય એવું કારણ શોધી કાઢવામાં આવે છે. ચાલતા કે દોડતા જો અચાનક લપસી પડ્યા તો કહે દેવને નમસ્કાર. લપસી પડવાની નિષ્ફળતા ઢાંકવા ભગવાનને નમન કરવા વાળ્યો એવું બહાનું કાઢવામાં આવતું હોય છે. કહેવતનો ભાવાર્થ જાળવી એ હિન્દીમાં **फिसल पडे कि हर गंगे** સ્વરૂપમાં નજરે પડે છે. મોરના ઈંડાં ચીતરવા ન પડે કહેવત તમે જાણતા જ હશો. જોકે, વિચારશીલ લોકોએ આ કહેવત ઢેલના ઈંડાં ચીતરવા ન પડે એમ હોવી જોઈએ એવો આગ્રહ રાખ્યો છે. મોર - ઢેલનો વિવાદ બાજુએ રાખી એનો ભાવાર્થ સમજીએ - અમુક પિતા કે પરિવારનું સંતાન એક હદ સુધી ઘડાયેલું હોય જ. આ કહેવત હિન્દીમાં **मछली के बच्चे को तैरना कौन सिखाता है?** તરીકે નજરે પડે છે. માછલીના બચ્ચાને તરતા શીખવવું ન પડે. એનામાં જન્મજાત ગુણ હોય અને કોઈ પણ તાલીમ વિના એ તરવા લાગે. પ્રેમ ના જાણે જાત પાત - બે દિલ જ્ઞાતિ પૂછીને એક નથી થતા. આ ભાવ દર્શાવતી મજાની કહેવત છે કે રાજાને ગમી તે રાણી ને છાણાં વીણતી આણી. સામાન્ય કુળની અને ગમાણમાંથી છાણ એકઠું કરી છાણાં થાપતી સ્ત્રી હોય પણ જો એ રાજાને ગમી ગઈ હોય તો બીજું બધું બાજુ પર રહે અને એ રાજરાણી બની જાય છે. જ્યાં મન મળે છે અથવા મન માને છે ત્યાં નાત, જાત, કુળ કે દરજ્જો જોવાતા નથી. સામાન્ય રીતે આ કહેવત કોઈ મોટી વ્યક્તિ કોઈ સામાન્ય લાગતી ચીજ અથવા વ્યક્તિની પસંદગી કરે ત્યારે વપરાય છે. આ કહેવત હિન્દીમાં **इशक लगा मेढकी से, पदमणी कया चीज है?** બની જાય છે. અહીં દેડકી જે દેખાવે કદરૂપી હોય છે અને પદમણી એટલે નાજુક બાંધો ધરાવતી સ્ત્રી એવા બે છેડાના રૂપકથી બનાવર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

## સગ્ગી बहिण — मनी वसे ते स्वप्नी दिसे

શાળામાં ભણતાં બાળકોને ક્યારેક એવું શીખવવામાં આવે છે જે કાચી ઉંમરે પલ્લે ન પડે, પણ ઉંમર વધતા સમજણના વિસ્તાર સાથે એનો અર્થ સમજાય. **मनी वसे ते स्वप्नी दिसे** એવી જ એક કહેવત છે. જગતમાં સૌથી વધુ ઝડપી શું? તો એનો જવાબ છે માનવીનું મન. એક ક્ષણે મુંબઈના એક ખૂણામાં ફરતું મન બીજી જ ક્ષણે યુએસ - યુકે કે પછી એન્ટાર્કટિકા પહોંચતા વાર નથી લાગતી. મનની જે લાક્ષણિકતા છે એમાંની એક છે સપનાં. કેટલાક સ્વપ્ન સાકાર થાય, કેટલાંક અધૂરાં રહી જાય તો કેટલાક અસંભવ પણ હોય. જોકે, સપનાં જોવા દરેકને ગમતા હોય છે. ભારતના માજી રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામે કહ્યું હતું કે 'ઊંઘી ગયા પછી જે દેખાય એ સપનાં નહીં, પણ જે બાબત તમને ઊંઘવા ન દે એ સપનાં કહેવાય.' સપનાંને વાસ્તવિક બનાવવાની કોશિશ કરતી વખતે મનનો કબજો એ સપનાં લઈ લે છે. પરિણામે ઉઘાડી આંખે પણ સપનાં નજર સામે તરવરવા લાગે છે. એ સપનું કઈ રીતે સાકાર કરવુંથી લઈને એ સાકાર કઈ રીતે થશે એના સપનાં પણ આવવા લાગે છે. મનોવૈજ્ઞાનિકની ભાષામાં કહીએ તો તમારા 'સબ કોન્શિયસ માઇન્ડ' (અર્ધ જાગૃત મન)માં જે ઘરબાઈ પડ્યું હોય એ નજર સામે સતત તરવરતું રહે. આટલું વાંચ્યા પછી તમને આને સમાનાર્થી કહેવત 'હૈયે હોય એ હોઠે આવે' યાદ જરૂર આવી હશે. ભાષાનું આ સામર્થ્ય છે કે જીવનની સંકુલ (કોમ્પ્લેક્સ) વાત પણ સાદી સરળ વાણીમાં સમજાવી દે છે. ■

praful.shah@bombaysamachar.com

વિશ્વના યુદ્ધવીર

પ્રફુલ શાહ

# જયારે દુર્ગાદાસે પોતાનાથી નાની ઉંમરના રાજાના ચરણસ્પર્શ કર્યા

(૪૩)



વીર દુર્ગાદાસ રાઠોડ નારાજ થઇને ઔરંગઝેબ પાસે જતા રહ્યા એની અસરની મહારાજા અજિતસિંહને તરત ખબર ન પડી. ત્યારબાદ વધુ રાઠોડ આગેવાનો અજિતસિંહથી નાખુશ થયા.

એક દિવસ મહારાજા અજિતસિંહને માહિતી મળી કે મોહકમસિંહ ઇન્દ્રસિંહજોત લશ્કર સાથે જાલોર ભણી ધસી આવી રહ્યો છે. છતાં પોતાની તાકાત પર મુશ્તાક રહીને તેમણે આ બાબત પર ઝાઝું ધ્યાન ન આપ્યું, પરંતુ ખરેખર મોહકમસિંહ એકદમ નજીક આવી ગયો. ત્યારે પોતાના આગેવાન સરદારો સાથે ચર્ચા-મંત્રણા કરી.

આ સૌની સલાહ મુજબ તેઓ જાલોર છોડીને અગવરી નામના ગામે જતા રહ્યાં. અને મોહકમસિંહ આવ્યા બાદ મહારાજાના સરદારો લડયા. ત્રણ દિવસ સુધી લડતા રહ્યા અને પછી લડાઇ છોડીને બચેલા સરદારો મહરાજા અજિતસિંહ પાસે પહોંચી ગયા.

અંતે જાલોર પર મોહકમસિંહએ કબજો જમાવી લીધો. શું દુર્ગાદાસ રાઠોડની હાજરીમાં આવું બની શકયું હોત? ખેર, આ આંચકાજનક ખબર મળતા જ આસપાસના રજવાડા ભેગા થયા. આના રાજાઓ લશ્કર લઇને મહારાજા અજિતસિંહ પાસે પહોંચી ગયા. ફરી મોટી સંખ્યામાં સૈનિકો મળી જતા મોહકમસિંહને લલકારાયો, પરંતુ સામે વિરાટ સૈન્ય જોઇને મોહકમસિંહ લડયા વગર જાલોર છોડી ગયા, પરંતુ, અજિતસિંહની છાવણીએ તેમનો પીછો કર્યો અને ધમાસણ લડાઇમાં બન્ને પક્ષે મોટી ખુવારી થઇ.

ત્યારબાદ રાઠોડ સરદારોના મતભેદ અને વિચિત્ર આચરણને લીધે મહારાજા અજિતસિંહને મોગલ સેના સામે ખાસ સફળતા ન મળી. આની વચ્ચે ગુજરાતમાં ઔરંગઝેબ નબળો પડતાં મરાઠાઓએ કબજો જમાવી દીધો.

મોગલ સેનામાં આ અંધાધૂંધીનો મહારાજા અજિતસિંહે લાભ લીધો. તેમણે નજીકના ઘણાં મોગલ અમલદારોને ધૂળ ચાટતા કર્યા.

આ અરાજકતાનો લાભ દુર્ગાદાસ રાઠોડે પણ લીધો. અમદાવાદના સુબેદાર કેદારબખ્તે તેમની વિરુદ્ધ પ્રચંડ સેના મોકલી, તો દુર્ગાદાસ થરાદ થઇને સુરત નજીકના સ્થળે જતા રહ્યા.

અહીં અમુક કોળી આગેવાનોની મદદથી પાટણના નાયબ ફોજદાર શાહકુલીને પડકારીને ખત્મ કર્યો. ત્યારબાદ વીરમગામના મોગલ અમલદાર માસુમઅલીને ધૂળ ચાટતો કરી દીધો. મહારાજા અજિતસિંહની સેના મારવાડ અને આસપાસના રાજયોમાં ધાંધલધમાલ મચાવતા હતા, ત્યાં સમાચાર આવ્યા કે બાદશાહ ઔરંગઝેબ અવસાન પામ્યો છે.

હા, ઇ.સ. ૧૭૦૭ની ત્રીજી માર્ચે ઔરંગઝેબનો અંત આવ્યો. સેના ત્રણેય પુત્રે દૂર હતા. પણ બાપાની ગાદી અને સંપત્તિ માટે દોડી આવ્યા, ને લડયા. અંતે નવા મોગલ બાદશાહ તરીકે મોસજજમ બહાદુર શાહ તખ્તનશીન થયો.

ઔરંગઝેબ જેવો હતો એવો મોટું મોગલ વટવૃક્ષ હતો. એના પતન કે ગેરહાજરીથી ફરક પડે જ. મહારાજા અજિતસિંહે જોધપુરમાં પગદંડો જમાવી લીધો. આને પગલે દુર્ગાદાસ રાઠોડ પણ જોધપુર જવા નીકળ ગયા.


દુર્ગાદાસ આવી રહ્યાંના વાવડ મળતા જ મહારાજા અજિતસિંહ ખુદ ભાંડેસર તળાવ સુધી એમને આવકારવા પહોંચી ગયા. મહારાજાને આવતા જોઇને દુર્ગાદાસે અશ્વ પરથી ઉતરીને અજિતસિંહના ચરણ સ્પર્શ કર્યાં. અજિતસિંહ ભલે ઉંમરમાં ઘણાં નાના હતા પણ એ મહારાજા હતા. આવી ગજબનાક હતી દુર્ગાદાસની સ્વામી-ભક્તિ. પોતે દુશ્મનથી જેમનો જીવ બચાવેલ એ બાળકનું મહારાજા તરીકે કદ વધતું હતું એનાથી મોટો કર્યો સંતોષ હોઇ શકે દુર્ગાદાસ માટે? (ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com

ટૂંકી વાર્તા

# હરિભાઈનું હાર્ટ

મધુ રાય



**હરિને** એકદિ બેઠાં બેઠાં સોલો ચયડો કે લાવ ને આજે ભગવાન ભેરા જરીક વાયડાય કરીએં. ઘણા ટાઇમથી એને રઈ રઈને થયા કરતુંતું કે સંતો ને મારાજો અધીયાત્મ અધીઆત્મના ઉપાડા લીધા કરેછ તી અધીયાત્મ ગધનું સું હસે?

હરિને ધરમ કરમમાં સર્ધા ખરી પણ અંધસર્ધાવર્ધા? ન મળે! વઉ એનાં પૂજાપાઠ કરે, ને એકટાણાં ને સરાધિયાં ને ચોઘડિયાં ને એવું બધું સંભાળે પણ ઈ ડિપારમેટમાં હરિભાઈ ખાસ ઇનરેસ્ટ લિયે? નહીં! સુકન અપસુકન એક સેટ્રામાં તો જોકે વઉયે મોસલી માનતી નોતી. જન્મે હરિભાઈ આમ પોતે સુધ્ધ બ્રામિન બાય કાસ્ટ પણ ઈયે બધું ઠીક મારાભાઈ, જનોઈ કયુંની ઓલાઈ ગઈતી, ને સંધ્યામાળા તો કહે કે હરિ હરિ. સ્લોકબોક આવડે હજીયે કેમકે ફાધર સંધ્યા કરતા ને હરિયા પાસે સ્લોક બોલાવતા, ને મધર ગીતાના પાઠ કરતી, મીન્સ કે સંસ્કાર ખરા ખરા, પણ હવે નોકરીની હડિયાપટ્ટી ને છોરાંઉની હાયહાય ને આખોદિ મેમાન બેમાન આવે એની મેમાનગતિમાં ને ભાઈને ફોટોગ્રાફીનું ઘોયું હતું એટલે એના ચાળામાં ટાઇમની એવી રામાયણ થાય, ને સંધ્યામાળાનો ઉલાળો થઈ ગ્યોતો કેદુનો.

ઓઓયસ, બેનું રાખડી બાંધવા આવે ને ભાઈબીજ ને ઇ બધું ઓલરાયટ. ને વઉને મંદિરેયે લઈ જાય, ને બેય હસબંડ વાઈફ ભાવથી ભગવાનની સામે હાથ જોડીને ઊભા રિયે, રૂપિયો નાખવાનો હોય તો નાખે, ઘંટ વગાડે, સભાવિક છે. ને ભામણ જમાયડો હોય કે ઈવન કથા બેસાડી હોય તો દખણા બખણા ઈ બધું વેવારે કરે ને એમાં કોઈ અંચાઈ નઈ. મીન્સ કે અગાસીમાં જઈને રાડું ન પાડે કે હું નાસતીક છું, કે કોક મારાજની કથા હાલતી હોય તયેં હાથમાં પાટિયું લઈને ન ફરે કે બંધ કરો, બંધ કરો! ઓન્ધ કોનરરી ભગવાનમાં તો હંડરેડ પરસન બિલીવ કરે ને કોક શુધરેલો દોસ્તાર ભગવાનનું ઘસાતું બોલે તો મનમાં ને મનમાં હરિભાઈ જીભ કચરે. ભગવાન ભેરી એની ફ્રેનસીપ હતી, ને ઓફકોસ, ભગવાનનેયે હંડરેડ પરસન ગેરંટી હતી કે હરિભાઈનું હાર્ટ એકસો ને દસ ટકા ક્લીયર છે.

પણ આ એક અધીયાત્મની વાતમાં હરિભાઈ ફમ્મલી બિલીવ કરતાતા કે એમાં પડવા જેવુ? નથી! માણસ મરી ગ્યા પછી એતો આતમા ક્યાં જાય એની ડિટેલ પ્રસનલી મૂઆ વગર ગધની કેમ હેન્ડી થાય? ઈ વાત જ હરિભાઈને ગળે ઊતરતી નોતી. એટલે, આજે મન થઈ ગયું કે લાવ ને ભગવાનને જ પૂછીએં કે ભાઈ માણસનું ડેથ થાય પછી એના આતમાનું સું થાય છે? હવે ભગવાને એની ટોટલ બાજી હરિભાઈ પાસે ઓપન કરી દીધી છે, ગમે એવો ઓકવડ સવાલ પૂછે તો કોઈદિ 'નો' કહ્યું નથી તો આજે એને સટ્ટપ થોડા જ કેવાના છે!

એટલે મોઢામાં જરદાવાળું પાન હતું ઈ કાઢી કર્યા કોગળા, ને વાળી પલાઠી ને આંખું બંધ કરી ને લીધું દુવારકાના નાથનું નામ. હલો? હલો? નોરમલી આવું કરે એટલે ભગવાન રિસપોન આપે, પણ આજે ભગવાન વ્યસ્ત હૈં? મારા વાલાને ડાઉટ આવી ગયો હસે કે હરિયો ડીફીકલ ક્વેશ્ચન પૂછવાનો છે? હેંહેંહેં, હરિભાઈ હશવા મંઈડા, ભગવાનને તો બધી ડિટેલ હેન્ડી હોય ને, ગાંડા, એને ડાઉટ બાઉટ ન હોય, એને તો હરિભાઈને સું વીચાર આવવાનો છે ઈ આઇડીયોયે એડવાન્સમાં હોય! ભગવાન કેને કિયેછ! અરે? ઓલી આવી! આંખું બંધ હતી હરિભાઈની, તોયે ગમ્મે એટલા ડિસ્ટનથીયે વઉના પગલાંની ખબર પડી જાતી હરિભાઈને.

'પાછા તમારા વગદાવેડા માંયડા? નોરતાં ચાલુ થાય ને તમને જાણે માતાજી પંડમાં આવેછ. ગ્યે વખતેયે ભગવાન જાણે સું લવલવ કરતાતા.'

'સેની વાત કરછ?'

'કાં? ઓલો ને ડાબો પગ ને જમણ પગ ને મૂછુંનો સનેપાત ઊપયડોતો.'

'ઈ બધી બઉ ડીપ વાતું છે, ડીયર!' હરિભાઈ ટેસમાં આવે તો વઉને ડીયર કહી દેતા. ઓલીને ઈ ગમતુંતું બઉવ્વ જ પણ ઉપર ઉપરથી ખિજાવાનો 'સો' કરતી.

'બે દિથી ગેસની ટાંકી ખલાસ થઈ ગઈ છે, તી લાવોને મને સીખવાડી દિયો ને, હું મગાવી લઉં.'

આહા! વઉની વઢ હરિભાઈને ભારી ગમતી. વઉનેયે હરિભાઈના આ પલાઠીના પોઝની ખબર હતી. ભગવાનની વિઝિટ લેવાની હોય ત્યારે હરિભાઈના ફેઈસ ઉપર એક જાતની લાઇટ આવી જતી. બિગિનિંગમાં હરિભાઈ ભગવાનને બહુ બોધર કરતા, બહુ બોધર કરતા. પણ પછી લગન થઈ ગ્યાં એટલે ભગવાન ઓછા યાદ આવતા. છોરાંઉ થિયા પછી તો મોસલી મનમાં યાદ કરી લ્યે, પણ ઇન્ટરવ્યુનું બોધોરેસન? મિનીમમ! રિટાયર થયા પછી ટાઇમ તો ટનબંધી મળતોતો પણ ખાસ કોઈ જિગનાસા રઈ નોતી. ઠીક છે, રિલેસન છે, ને કોક વાર વન્સીના બ્લુમૂન ભગવાન સાથે ફેસટુફેસ થઈ જાય. વઉ એને વગદાવેડા કેતી.

'ડીયર, તને અધીયાત્મનું કાંઈ નોલેજ છે?'

'સેનું?' વઉએ એવી આંખું કાઢી કે હરિભાઈને છાતીમાં હોર્ન વાગવા માંડ્યાં.

'તું કથા સાંભરવા જાછ એમાં મારાજ કોકવાર અધીયાત્મની વાત નથી કરતા?'

એવામાં ટપાલી આવ્યો ને વાત આગળ વધી નહીં. ને ભગવાને પણ કાંઈ દાદ દીધી નહીં એટલે હરિભાઈએ ગેસની ટાંકીવારાને ફોન જોડ્યો, ને પછી તો સાક લઈ આવો, ને મોબાઇલ રીચાજ કરી આવો ને એવા ઓડર બહાર પડ્યા ને હરિભાઈ બીઝી થઈ ગયા.

૨

'સોરી ગગા!' ભગવાને હરિયાને ઉઠાડ્યો.

'ઓહ, આવો, આવો!' હરિભાઈએ હાથ જોડ્યા. 'ગુડ મોરનિંગ!'

'બપોરે તારે જે વાત કરવી હતી એને માટે પ્રોપર ટાઇમ નોતો.' ભગવાને ખુલાશો કર્યો. 'એને માટે સપનું બેટર કહેવાય.'

'અધીયાત્મની વાત કરો છો, ભગવાન?'

'યસ. તું આત્માનું પૂછતોતો ને?'

'જી, પરમાત્મા.'

'આ આપણે વાત કરીએ છીએ ઈ સપનું છે, રાઈટ?'

'સપનું, કરેક્ટ.' હરિએ કહ્યું.

'ઘણા લોકો કહે છે કે જીવન પણ એક સપનું છે, સમજ્યો?' ભગવાને કહ્યું. 'એટલે આ આપણે જે વાત કરીએ છીએ તે સપનામાંયે સપનું ચાલે છે, યુ ફોલો?'

'ઓહો, ઓલી અર્જુનના દીકરા ને પોપટની વાત કરો છો?'

'ગગા, માઠું ના લગાડતો, પણ મનુષ્યની સમજણ બહુ લિમિટેડ છે, અને પોતાની મતિ મુજબ ઈ સંસારની લીલા જોયા કરે છે ને સરવાળા બાદબાકી કર્યા કરે છે. પહેલાંયે મેં તને કહેલું કે સૃષ્ટિ એવી વિરાટ છે, અને એમાં એવી એવી વસ્તુઓ છે, જીવો છે, કે તમને લોકોને એની કોઈ ખબર જ નથી, કે નથી ખબર પડવાની. તમારી પાંચ ઇન્દ્રિયોથી તમે જે જુઓ કે સૂંઘો એના ઉપરથી અડસટ્ટા લગાડ્યા કરો, ને જે ઘુરી ચડે ઈ નામ આપ્યા કરો, કે આને આત્મા કહેવાય ને આને પરમાત્મા.'

'હા, આપણે અગાઉ આ ખુલાશો થઈ ગયો છે.' હરિને ખાશ સીરિયસતા લાગી ભગવાનના અવાજમાં. પોતેયે પણ એકદમ શજાગ થઈ ગયો.

'માનો કે તમારી પાસે એક વધારાની ઇન્દ્રિય હોય જે જેનો આજે અનુભવ કરી શકતા નથી, તેનો અનુભવ કરાવે. જેમકે અવાજનો રંગ દેખાય. માનો કે તમારા જેવા જ બીજા અનેક જીવો તમારી આજુબાજુ વસે છે, જેની આજે કે કદી તમને કલ્પનાયે આવવાની નથી. આજે તમે નેગેટિવ મેટરની વાતો કરો છો, કાલે નેગેટિવ સ્પેસ, નેગેટિવ ટાઇમ, નેગેટિવ લાઇફનો અંદાજ આવે. તો?'

'સું?' હરિયો ભગવાન સામું જોતો રહ્યો.

'તું માને છે કે હું સાચેસાચ શંખચક્રગદાપદ્મ ધારણ કરીને ચોવીસે કલાક ફરતો હોઈશ? તું મને માણસના રૂપમાં જુવે છે, બીજા માણસો મને બીજા રૂપમાં ભજે છે, ને કેટલાય લોકો નિરંજન નિરાકાર માને છે. પણ વસ્તુતઃ તો બધી એ કલ્પના જ છે ને?'

'બરાબર.' હરિની સાથે એક બે ખ્રિસ્તી જણ કામ કરતા હતા, ને પાડોસમાં એક મુસલમાનનો પ્રેસ હતો એટલે એ લોકોના ભગવાનનીયે હરિને માહિતી હતી.

'પરમાત્માની જુદી જુદી કલ્પના કરેલી છે એમ આત્મા પણ તમારી લોકોની કલ્પના છે, ગગા! તમે લોકો સિનેમામાં કોકના ખોળિયામાંથી આત્માને નીકળતો બતાવો ત્યારે જાણે મરેલા માણસના જ આકારનું કાંઈક ભૂત જેવું એના ખોળિયામાંથી બહાર નીકળતું બતાવો.'

'ઈ તો વસ્તુતઃ એક ટેકનીક છે, પરમાત્મા!'

'એક્ઝેક્ટલી. ટેકનીક. સિનેમામાં અમિતાભ બચ્ચન મરી જાય એટલે સાચેસાચ થોડો જ મરી જાય છે? એક સમજવા ખાતર માની લે કે તમારી લોકોની આ દુનિયા મેં ઉતારેલી સિનેમા છે. ઓકે?'

'તમે કહો છો કે માણસ મરે તે ખાલી તમારી ટેકનીક છે? કે તમે કહો છો કે સિનેમામાં મર્યા પછી અમિતાભ કમ્પ્યુટરજી પાસે જાય છે તેમ આ દુનિયામાંથી મરીને માણસ તમારી પાસે જાય છે?'

'હું કાંઈ કહેતો નથી, ગાંડા, તું કહે છે ને તમારા સંતો ને મારાજો કહે છે ને તમે લખેલાં શાસ્ત્રો કહે છે.'

'તો સાચું શું છે?'

'સાચું? તે બી તમે લોકો જ ભેદ કરો છો ને? સાચું ને ખોટું. તને ખબર છે કે સાયન્ટીસ્ટો હવે કહે છે કે માણસની સરખામણીએ માખીનો ટાઇમ ચારગણા સ્લો મોશનમાં વીતે છે? અરે જેમ જેમ મોટા થતા જાઓ તેમ તેમ ટાઇમ ધીમો પડતો જાય છે, એની ખબર છે?'

હરિયો ચૂપચાપ સાંભળતો હતો. મગજમાં બહુ ગોટાળા ચાલુ થઈ ગયા હતા. વિચાર સામસામા અથડાતા હતા. ભગવાન કાંઈક ઇમ્પોટન વાત કરતા હતા? કે એને વધારે ને વધારે મૂંઝવતા હતા? સપનું, સિનેમા, માખી ને ટાઇમ ઈ બધાને અધ્યાત્મ સાથે શી લેવાદેવા?

'કાલે સવારે કોક ઊઠીને કહેશે કે મૃત્યુ એ માણસની સ્વાભાવિક નિયતિ નથી, વૃદ્ધાવસ્થા ફક્ત રોગ છે અને કાલે કે આજથી હજાર વર્ષ પછી મૃત્યુ આઉટ ઓફ ડેટ થઈ જાય તો? આજે સ્ત્રી ને પુરુષ એમ બે જાતિ છે અને કોઈક કુદરતના અકસ્માતથી બેલિંગી મનુષ્યો જન્મે તેને અસ્વાભાવિક ગણાય છે. માનો કે આજથી એક લાખ વરસમાં એવો સમો આવે કે પુરુષ કે સ્ત્રી તરીકે જન્મેલાં માણસ અસ્વાભાવિક કહેવાય ને બેને બદલે એક જ જાતિ થઈ જાય તો? કે બંને લિંગ વાળી ત્રીજી જાતિ પણ પ્રચલિત થઈ જાય તો?'

'ભગવાન, કાંઈક સમજાય એવું બોલો!' હરિએ કહ્યુ.

'દીકરા, તારે જેમ ગેસની ટાંકીની જરૂર છે, ટેલિફોન, સિનેમા, ઇલેક્ટ્રિક બધાની જરૂર છે, તેમ આત્મા, પરમાત્મા ને આધ્યાત્મની

(જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

### બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી

# માર્કેટિંગની ઓપન યુનિવર્સિટીઓ લોકલ દુકાનદારોથી ફેરિયાઓ સુધી



**ઘણીવાર** અમુક વાતો આપણી આસપાસ વર્ષોથી થતી હોય છે ,પણ આપણે તેના તરફ ધ્યાન નથી આપતા તેનું એકમેવ કારણ, કદાચ તે વાતો આપણા જીવનને લાગતી વળગતી નથી હોતી. જો કે, ક્યારેક એવી વાત પણ થાય કે આપણે તેની સાથે કનેક્ટ થઈએ પછી વિચારીયે : અરે, આ તો મારી સામે હતું અને મેં ક્યારેય તેના પર ધ્યાન જ ના આપ્યું.!

મારી સાથે હમણાં તેજ થયું. ગયા અઠવાડિયે મારી પત્નીએ કહ્યું: ‘અર્જન્ટ આ વસ્તુ

જોશે,’ મેં કહ્યું ઘરની નીચેની દુકાન આટલી સવારે બંધ હશે. એ કહે: તે સ્ટોર વહેલો ખોલે છે. હું ગયો અને જાણ્યું કે, બાજુ બાજુમાં બે જનરલ સ્ટોર છે , જેમાંથી એક વહેલો ખોલે છે અને બીજો મોડો. ઘણા વખતથી આવું હતું,

પણ મેં તે વાતને નજરઅંદાજ કરી હશે ને જેવી જરૂરિયાત આવી અને આ વાતનો ખ્યાલ આવ્યો. કહેવાનું તાત્પર્ય વેપારમાં અને ખાસ માર્કેટિંગમાં તમને તક શોધતા આવડવી જોઈએ. આ વાત આપણને ખબર છે પણ જયારે મેં આ દુકાનવાળાને સવારમાં ખોલતો જોયો તો સમજાઈ ગયું કે આ તેનો માસ્ટર સ્ટ્રોક છે. સવારમાં એની બાજુની દુકાન અર્થાત એનો પ્રતિસ્પર્ધી દુકાન ખોલે તે પહેલાં બને તેટલો

માલ વેચો. માનશો નહિ , પણ મેં ત્યાં થોડો સમય વિતાવ્યો અને સમજી ગયો કે તે દિવસનો ૨૫% વકરો તો આ સમયમાં કરે છે. વેપાર થાય છે તે એક વાત છે પણ સૌથી મોટી વાત તે કે ગ્રાહકોને ખબર છે કે તે સમયે

જો કાંઈ ખરીદવું હશે તો આની પાસે જાવ.

આ જોયાં -જાણ્યાં પછી મારું એન્ટિના કામે લાગી ગયું. દુકાનદારો, ફેરિયાઓ અને આખરે વોટ્સએપ પર અમુક વાતો જોઈ હતી તે યાદ આવી ગઈ અને મેં તેને માર્કેટિંગ સાથે સરખાવી.

સૌપ્રથમ માર્કેટિંગના બે મોટા પાસા, જેને અંગ્રેજીમાં ફાઈન્ડિંગ ‘ધી ગેપ’ અને કસ્ટમર એક્વિઝિશન’ કહીયે છીએ તે બંને વાત ખઇઅ ના વર્ગમાં ગયા વગર આ દુકાનદારે અપનાવી. એણે જોયું કે બાજુની દુકાનવાળો મોડો આવે છે અને તે સૌથી મોટી તક છે , જે એણે સમજી લઈને સવારે દુકાન વહેલી શરૂ કરી. આના થકી એને નવા ઘરાકો મળ્યા.

બીજી વાત તમે જોઈ હશે તો, જેમ આ દુકાનવાળા બાજુ બાજુમાં હતા તેમ માર્કેટમાં બે શાકવાળા કે ફળવાળા કે રસ્તા પર કપડાં , ચપ્પલ વગેરે વેચવાવાળા બાજુ બાજુમાં બેઠા હોય છે. એ એકબીજાના પ્રતિસ્પર્ધી છે , પણ ક્યારેય એ તેનાથી ડરી ગયા કે નારાજગી વ્યક્ત કરી કે એમને ગાળો આપી હોય એવું જોવા નહિ મળે. બંને કદાચ નવરાશના સમયમાં સાથે ચા પણ પીતી હશે. કદાચ આવી આકરી સ્પર્ધા તો કોર્પોરેટમાં નહિ જોવા મળતી હોય અને નહિ કે એ સાથે બેસી ચા પીતા હશે. અહીં સ્પર્ધાને પણ સકારાત્મકતાથી લઇ વેપાર કરવો એવું આપણને સમજાવે છે.

આપણે વોટ્સએપ પર એક વીડિઓ જોયો હશે, જેમાં ટ્રેનમાં એક માણસ કવિતાઓ સંભળાવી,

મજાની વાતો કરી માલ વેચે છે. તમારા ગ્રાહક સાથે તમે કઈ રીતે સંપર્ક સાધો છો તે મહત્ત્વનું છે. તમારી નજીકના દુકાનદારો તમારી સાથે વ્યક્તિગત વાતો કરશે, ઘરના અને તમારા હાલચાલ પૂછશે. આના થકી

એ ખરા અર્થમાં માર્કેટિંગનો કસ્ટમર રિનશિપનો પાઠ શીખવે છે.

બીજો એક મેસેજ આવ્યો હતો જે રમૂજ માટે મોકલ્યો હતો કે કોવિડ સમયે જે ભાઈ ‘રેમેડિસવીર’ દવા આપતા હતા તેના મોબાઈલ પરથી મેસેજ આવ્યો છે રત્નાગીરી હાફુસ ખરીદવાનો! આ માર્કેટિંગનો મહત્વનો

પાઠ છે. ગ્રાહકની જરૂરિયાત સમજી માલ બનાવો -વેંચો. હાલમાં આફૂસ જોઈએ છે તો તેની વાત ઘરાકો સાથે કરો. મારું કહેવાનું તાત્પર્ય તે નથી કે સબ બંદરના વેપારીઓ બનો, પણ ગ્રાહકની જરૂરિયાત સમજી માલ બનાવો- રાખો. આ માર્કેટિંગની આવી વાત આપણે જાણવી રહી.

આપણે ઘણીવાર ઘણી દુકાનો પર એમનાં સાઈન બોર્ડ પર ત્યાં શું મળે છે તે જોતાં હશું અને કદાચ એની જોડણી કે વ્યાકરણ ખોટા પણ હશે, છતાં આપણને સમજાશે કે એ શું વેચે છે એની માહિતી એની દુકાનના બોર્ડ દ્વારા આપી દે છે. ખરીદનાર સમજી જાય છે કે એને જે જોઈએ છે તે અહીં મળી જશે.

બીજા શબ્દોમાં કહીએ તો માર્કેટિંગમાં તમારું કોમ્યુનિકેશન કિલયર રાખો. ખોટા વ્યાકરણ કે જોડણી કે શબ્દ રચના ખોટા હશે તો ચાલશે તે કહેવાનું તાત્પર્ય એ નથી, પણ આ વેપારીને ખબર છે કે પોતે શું વેચે છે અને ઘરાકને કઇ રીતે તે જણાવવું છે. ટૂંકમાં, એડવર્ટાઇઝિંગ અને માર્કેટિંગ મેસેજ સરળ રાખો , જેથી લોકો સમજી શકે.

બીજી વાત : વાર્તાઓ આપણને આકર્ષે છે. બ્રાન્ડ પોતાની વાર્તા તૈયાર કરે છે. તમે જયારે અમુક આવા વેપારીઓને જોશો તો તમે એમની દુકાને પહોંચો ત્યારે એ વિવિધ વાતો કરતા હશે. તમને ઊભા રાખશે- દુકાનમાં વાતોએ વળગાડશે અને તમારું દિલ જીતશે. ગ્રાહકને જીતશો તો માર્કેટ જીતી જશો તે આપણે સારી રીતે જાણીયે છીએ. સૌથી મોટી વાત એ કે દુકાનદાર તમારો વિશ્વાસ જીતે છે. તમે આજે તેને દામ નહિ ચૂકવો તો પણ એ કહેશે : પૈસા ક્યાં ભાગી જવાના છે કાલે આપજો !

જો માલમાં ખરાબી નીકળે તો અહીજ બેઠો છું ક્યાં જવાનો છું ?’ આમ, વિશ્વાસ,

સાતત્યતા, તક, કોમ્યૂનિકેશન, ગ્રાહકની જરૂરિયાત, ગ્રાહકને મેળવવાની કળાઓ અને આવી ઘણી માર્કેટિંગ માટેની પાયાની વાતો આ દુકાનદારો અને ફેરિયાઓ પાસેથી જાણવા મળશે. બસ, આંખ અને કાન ખુલા રાખવાની જરૂર છે, કારણ કે આપણી આજુ બાજુમાં તમને ખરા અર્થની ઓપન યુનિવર્સિટીઓ મળશે , જ્યાં તમે

માર્કેટિંગ અને બ્રાન્ડની વાતો મફતમાં શીખી શકશો. ■

### સ્પોટ લાઈટ

મહેશ્વરી

# હીરોઈનના રોલ કર્યા એ જ નાટકમાં સાઈડ રોલ કરવાનો વારો આવ્યો

**મુંબઈમાં** દેશી નાટક સમાજના પહેલા જ નાટકમાં સારા અભિનયથી શુભ શરૂઆત તો થઈ ગઈ, પણ આ તો હજી મેં પા પા પગલી માંડી હતી. બાળકને કે.જી.માં ભણવા મૂક્યું હોય અને પહેલા સપ્તાહે જ જો એ કવિતા કડકડાટ બોલતો થઈ જાય તો આનંદ થાય એનો વાંધો નહીં, પણ ‘આ બાળક નામ કાઢશે’ એવું માની લેવાની ઉતાવળ નહીં કરવાની. સ્વભાવ હંમેશાં સૂર્ય જેવો રાખવો. ઉગતી વખતે જરાય અભિમાન નહીં કરવાનું અને ડૂબવાનો ડર નહીં રાખવાનો. છેક છેલ્લી ઘડીએ પડકાર ઝીલી એમાં સફળતાનું સર્ટિફિકેટ મળ્યું એટલે કંપનીએ મારા માટે ‘સંતાનોના વાંકે’ નામનું જૂનું નાટક તૈયાર કર્યું. આ નાટક મેં અગાઉ કર્યું હતું, પણ દેશી નાટક સમાજ માટે કર્યું એમાં એક મોટો ફરક હતો. શાલિની બહેન હિરોઈન હતાં, નીલમ બહેનની પણ એક ભૂમિકા હતી અને મારો સરોજિની નામની એક છોકરીનો રોલ હતો. અહીં ખાસ વાત એ હતી કે મારો પ્રવેશ થયો એ સમયે જે પુરુષ નટ હતા એ લગભગ ૬૦ - ૬૫ વર્ષના હતા. હિરોઈનો પણ ચાલીસી વટાવી ગયેલી હતી. સરખામણીમાં હું યુવાન હતી. નવી સફર શરૂ કરવાનો રોમાંચ તો હતો જ અને નવી વ્યવસ્થામાં આટલી જલદી સરસ રીતે ગોઠવાઈ જઈશ એની કલ્પના નહોતી. જોકે, કલ્પના સુંદર હોય છે, પણ જીવી શકાતી નથી અને વાસ્તવિકતા વરવી હોય છે જે મિટાવી શકાતી નથી. દરેક પડકાર ગભરાયા વિના ઝીલી લેવો અને દરેક પાત્ર નિષ્ઠાથી ભજવવું એ જીવનમંત્ર તો ક્યારનો ગોખાઈ ગયો હતો. શનિ - રવિમાં ‘ચંદ્રગુપ્ત મૌર્ય’ નાટક તો ફિટ થઈ ગયું હતું. બુધવારે - ગુરુવારે જે નાટક ભજવાતાં હતાં એમાં અલગ અલગ પાત્ર ભજવવાની તક મળતી હતી. એમાં મહત્ત્વની વાત એ હતી કે મોટાભાગના નાટક અગાઉ કર્યા હતા એટલે એના વિશે જાણકારી તો પૂરેપૂરી હતી. જોકે, એક મોટો ફરક એ હતો કે અગાઉ નાટકોમાં હું હિરોઈનના રોલ કરતી હતી અને દેશી નાટક સમાજમાં એ જ નાટકોમાં સાઈડના રોલ મળતા હતા. એટલે એના રિહર્સલ કરવા તો આવવું જ પડતું હતું. મેઈન રોલ હોય કે સાઈડનો રોલ, પૂર્ણ નિષ્ઠા અને એકાગ્રતા સાથે ભજવવો એ કલાકારનો દ્રષ્ટિકોણ હોવો જોઈએ એ સમજણ સાથે મારો ઉછેર થયો હતો અને એને બરાબર અનુસરવાની મારી કોશિશ રહેતી હતી. ‘સજ્જન કોણ?’, ‘સંતાનોના વાંકે’, ‘વડીલોના વાંકે’, ‘સંપત્તિ માટે’ વગેરે નાટકો શ્રી દેશી નાટક સમાજમાં ભજવાતા હતા. જરૂરિયાત અનુસાર મને રોલ મળતા ,હું એ રોલ કરતી અને એ દરમિયાન મને ઘણું શીખવા મળ્યું. ગામડાની નાટક કંપની અને



ભજવણીમાં ટ્રેજેડી અને કોમેડી એવા બે વિભાગ પાડવામાં આવતા. નાટકની મૂળ કથામાં ત્રણ ચાર સીન (ટ્રેજિક હોય કે પછી સામાજિક તાણાવાણાવાળાં દ્રશ્યો હોય) ભજવાયા પછી સેટ બદલવાનો હોય ત્યારે કર્ટન - પડદો પાડી દેવામાં આવે. પછી શરૂ થાય ‘કર્ટન કોમેડી’ જેનો એકમાત્ર હેતુ દર્શકોનું મનોરંજન કરવાનો જ રહેતો. નાટકની મૂળ કથા સાથે કોમેડીને નાહવા નિચોવાનો સંબંધ ન હોય. એનો ટ્રેક સાવ અલગ જ હોય. કર્ટન પડે એટલે લોકો રાજી રાજી થઈ જાય અને એમાંય ખાસ તો બાલ્કનીમાં બેઠેલા પ્રેક્ષકો સીટી મારે, ચિચિયારીઓ પાડે. એ સમયે કોમિક રોલમાં સુશીલા નામની અભિનેત્રીની બોલબાલા હતી. એની એન્ટ્રી થાય એટલે દર્શકો ગાંડા ઘેલા થઈ જાય. બાલ્કનીની ટિકિટના દર પણ સૌથી ઓછા રાખવામાં આવતા જેથી સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા લોકો પણ નાટકનો આનંદ લઈ શકે. એને પણ મનોરંજન મળે. નાટકની સફળતામાં આ પ્રેક્ષકોનો મોટો ફાળો રહેતો. સતત સંઘર્ષ કરી જીવતા સામાન્ય સ્થિતિના માણસને કોમેડી ટ્રેક માનસિક રાહત આપતો. એના જીવનની વિષમતાઓ, એની સમસ્યાઓ થોડા સમય માટે ભુલાવી દેતો અને એ જ એની લોકપ્રિયતાનું મુખ્ય કારણ હતું. આ બધું મેં સાવ નજીકથી જોયું. આ રીતે મુંબઈમાં મારી નોકરી શરૂ થઈ ગઈ. ત્યારે મારો પગાર હતો ફક્ત ૫૦૦ રૂપિયા હતો. ૫૦૦ રૂપિયા ઓછા છે એવું હું શરૂઆતમાં વિચારતી જ નહોતી. એનું કારણ એટલું જ હતું કે આંખમાં સપનાં આંજીને હું દેશી નાટક સમાજમાં આવી હતી. અભિનેત્રી તરીકે નામના તો મેળવવી જ હતી, પણ સાથે બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ અપાવવું હતું અને માસ્તરની દસ બાય દસની ઓરડી છોડી વધુ ઓરડાવાળું મોટું ઘર બનાવવું હતું. હું એ વાતથી વાકેફ હતી કે અભિનયના અજવાળા પાથરીશ તો જીવનમાં રહેલા અન્ય અંધકાર આપમેળે દૂર થઈ જશે. જીવન એક વળાંક પર આવીને ઊભું હતું અને મારે યોગ્ય દિશા પારખી ધ્યાનપૂર્વક જીવનની ગાડી આગળ વધારવાની હતી.■

### ગંગા ડોશીઃ અમૃત જાનીનો યાદગાર રોલ

જૂની રંગભૂમિની પુરુષો દ્વારા ભજવાતાં સ્ત્રી પાત્રોની વાત નીકળે ત્યારે સૌથી પહેલું અને અનેકવાર આવતું નામ એટલે જયશંકર ‘સુંદરી’. શ્રી મૂળશંકર મુલાણી લિખિત ‘સૌભાગ્યસુંદરી’ નાટકમાં બાપુલાલ નાયક નામના અભિનેતાએ સૌભાગ્યની ભૂમિકા ભજવી હતી અને સુંદરીનો રોલ જયશંકર ભોજક નામના નટે કર્યો અને આખું મુંબઈ ‘સુંદરી’ પર આફરીન થયું અને જયશંકર ભોજક જયશંકર ‘સુંદરી’ બની ગયા એ ઈતિહાસ જગજાહેર છે. જોકે, તેમના ઉપરાંત પણ કેટલાક નટે સ્ત્રી પાત્રો ભજવ્યાં હતાં, પણ જયશંકર ભાઈ જેટલી ખ્યાતિ તેમને નથી મળી. ગયા સપ્તાહની ‘સ્પોટ લાઈટ’ કોલમમાં છપાયેલી તસવીરમાં મારી સાથે શ્રી અમૃત જાની નજરે પડે છે. આ અમૃત ભાઈ (૧૯૧૪ - ૧૯૯૯) મૂળ તો અમદાવાદના અને ખૂબ કસાયેલા કલાકાર હતા. તેમણે પણ સ્ત્રી પાત્રો ભજવી લોકપ્રિયતા મેળવી હતી. તેમની એક ઓળખાણ ગુજરાતી નાટકોના ઓછા જાણીતા ‘સુંદરી’ તરીકે પણ હતી. અમૃત ભાઈએ એક નાટકમાં ગંગા ડોશીની યાદગાર ભૂમિકા ભજવી હતી. કિશોરાવસ્થામાં ‘ભારતગૌરવ’ નામના નાટકમાં છાયા દેવીની ભૂમિકાથી તેમની અભિનય યાત્રાનો પ્રારંભ થયો હતો. તેમને નામના મળી પરમાણંદ ત્રાપજકરના ‘રણગર્જના’ કે ‘રણહાક’ નામના નાટકથી. એમાં અમૃત ભાઈએ કમળાનો રોલ કરી સ્ત્રી પાઠના કાબેલ નટ તરીકે નામના મેળવી હતી. ’એક જ ભૂલ’ નાટકમાં અમૃત જાનીએ કાન્તિનું પાત્ર એવું મોહક રીતે રજૂ કર્યું કે પ્રેક્ષકોએ તેમના પર ભેટોનો વરસાદ વરસાવ્યો હતો. ‘સરસ્વતીચંદ્ર’ નાટકમાં કુમુદ સુંદરીની ભૂમિકા માટે તેમની ઘણી પ્રશંસા કરવામાં આવી હતી. (સંકલિત)

feedback@bombaysamachar.com

### વલો કચ્છ

ડો. પૂર્વી ગોસ્વામી

# કોટાયનું શિવમંદિર કલાભિરૂચિ રજૂ કરતું ઉત્કૃષ્ટ સ્થાપત્ય


**લોકસમૂહ** અનેક અભાવો અને હાડમારીઓનો સામનો કરવા છતાં રસાનંદમયી કળાસૃષ્ટિને પોતાના હૃદય ધબકારની જેમ જીવે છે અને ખરું કહીએ તો આજ લોક પ્રકૃતિ છે જેણે અભાવ અને સુવિધા બંનેને બેલેન્સ કરીને જીવવાની કળા સામૂહિક દ્રષ્ટિએ વિકસાવી છે. કચ્છનું પણ આવું જ છે, અભાવે અને સ્વભાવે પ્રદેશે જે કળા સંસ્કૃતિનો વિકાસ કર્યો છે તે બેજોડ છે.

ગુજરાતનું કોક જ એવું ગામ હશે કે જેમાં ગામની વચ્ચે ચોરામાં સીતારામ કે રાધાકૃષ્ણની પૂજા ન થતી હોય અને ગામની પાદરે શિવમંદિર ન હોય. ઘણાં ગામોમાં શૈવમંદિરો નદી કાંઠે કે ગામથી દૂર એવી જગ્યાએ હોય છે કે ત્યાં જવાથી ચિત્તમાં રહેજે શાંતિ, વૈરાગ્ય અને ભક્તિનો ઉદય થાય. આજે જે કોટાય ગામના સદીઓ પુરાણા એ શિવમંદિરની વાત કરવી છે જેની નીરવ શાંતિ લોકાભિમુખ થવા એકાંતમગ્ન બની રાહ જોઈ રહ્યું છે.

જ્યારે સૂર્યપૂજક કાઠી કોમનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો ત્યારે આરાધ્યદેવનું મંદિર હબાયના ડુંગરોની મધ્યમાં પહેલું કોટયર્કનું મંદિર ચણાવ્યું અને એ કોટયર્ક ઉપરથી જ આ સ્થળ ‘કોટાય’ કહેવાયું હશે. કર્કવૃત્ત ઉપર બંધાયેલું આ કોટયર્ક મંદિર હાલ તો નામશેષ છે. કોટિ એટલે કરોડ અને અર્ક એટલે કિરણ એટલે કે કરોડ કિરણ જ્યાં સૌપ્રથમ પ્રવેશતાં હતાં તે કોટયર્ક. ભારતનાં ઘણાંખરાં સૂર્યમંદિરો આ રીતે કર્કવૃત્ત પર બંધાયેલાં છે.

એજ કોટાયની બાજુમાં અન્ય એક જર્જરિત હાલતમાં એક શિવમંદિર આવેલું છે. મંદિરની સ્થાપત્ય શૈલીને નિહાળીને મંત્રમુગ્ધ થઈ જવાય તેવું. કાળની થપાટોએ પથ્થરને પણ ઓગાળી નાખ્યા છે છતાંય કચ્છના પ્રાચીન અવશેષોમાં આ મંદિર ચૂંટાયેલા મોતી સમાન પોતાની સુંદરતા સાથે અડીખમ ઊભું છે. મંદિરના બહારના ભાગમાં દ્વાર પર કેટલીક ભવ્ય પ્રતિમાઓ ઉતારેલી છે. ને ભોંયતળિયેથી શિખર સુધી મંદિરનું સ્થાપત્ય શિલ્પસભર છે. કમળપુષ્પો, પ્રાણીઓ, હાથીઓ, મનોહર અંગભંગિમાં લાવણ્યવંતી રપસુંદરીઓને અનેક પ્રસન્ન દેવમૂર્તિઓ ઘસાઈને તૂટી ગયાં છતાં તેમની ભાવના છતી કરે છે. અને તેમની સૌન્દર્યપૂજક કલાભિરચિ કેટલી ઉચ્ચકક્ષાએ પહોંચી હશે? તેનો ઉત્તર આ સ્થાપત્ય જ આપે છે.

મંદિરના તોરણ ઉપર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રણ પ્રતિમાઓ તથા ચામરધારિણીઓ કંડારેલી છે. ઉત્તર દિશાએ જળધારી અને ગોમુખ સ્પષ્ટ દેખાતાં હોઈ શિવમંદિર હોવા અંગે કોઈ શંકા રહેતી નથી, જોકે ગર્ભગૃહમાં શિવલિંગની બાદબાકી છે. કોટાયના શિવમંદિરમાં તેની ઉત્તરે અને દક્ષિણે એક એક ઝરુખાબારી છે. સળંગ પથ્થરમાંથી કોરી કાઢેલી તેની જાળીઓ તો આજે તૂટી ગઈ છે. માત્ર એક ઝરુખામાં નમૂના જેવો જાળીનો થોડો ભાગ બચવા પામ્યો છે. બહારની દીવાલ પર કોતરેલી મૂર્તિઓને મથાળે કંદોરા







ઉપરની ખાલી જગ્યાઓમાં છૂટક છૂટક કંડારેલાં યુગલ-શિલ્પોનો એક નમૂનો વિશિષ્ટ જણાય છે. જેમાં પુરુષ મત્સ્યાકારનું તંતુવાદ્ય વગાડે છે. જેના પરથી કહી શકાય કે તે સમયે સંગીતનાં વાદ્યો અને સંગીતનું જ્ઞાન વિકસેલું હશે. શ્રી રવિશંકર રાવળે તો અજંતાની શિષ્ટ કલાપ્રણાલીની સાથે કોટાયના આ મંદિરની શિલ્પકૃતિઓ, અલંકારોને સરખાવ્યાં છે. જેનાથી અજંતાની શિષ્ટ પ્રણાલીનો પ્રચાર એ ગુજરાતમાં પણ વિસ્તૃત હતો એવું સાબિત થાય છે.

એ પુરાણા પથ્થરોમાંથી માનવતાની ખુશ્બુ, જીવનનો રંગ, સંસારનો રસ, કર્તવ્યનો આનંદ અને ઉમળકો નીતરતાં લાગે. શિલ્પની આવી સૌન્દર્યકળા જોતાં તો થાય કે સંસાર અસાર નથી. ત્યાંના શિલ્પમાં પહોંચેલી પ્રજાની કારીગરી સમી પ્રાણવાન રસિકતા તરવરે છે. અહીંની શિલ્પશૈલીમાં સૌન્દર્યની કલ્પનાને સ્થાપિ સ્વરૂપ મળ્યું છે. ટાંકણા પરનો સંયમ ઉચ્ચકક્ષાનો રહી કઠણ પથ્થરોમાં કલ્પનાઓ કોતરાઈને નિર્માણ પામી છે. કચ્છે છેલ્લા બે - ત્રણ દાયકાઓમાં પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરી છે તે નોંધનીય સાબિત થઈ છે ત્યારે આ મંદિર પણ લોકોથી અભિભૂત બને તે જરુરી બની જાય છે. પ્રવાસનની દેખરેખ સાથે મુલાકાતીઓને આકર્ષવા માટેનું નજરાણું ઉમેરાય તો મંદિરની પ્રત્યેની ઉદાસીનતા જીવંતતામાં ફેરવાઇ જાય તેમ છે.

**ભાવાનુવાદઃ** લોકસમૂહ કિઇક અભાવ નેં હાડમારીએંજો સામનો કે છતાં રસ તીં આનંધજે કલાજગતકે પિંઢજે ધિલમેં ધબકાર વાંકે સાચવે જીવેતા નેં સચો ચો ત હી જ પ્રિકૃતિ આય જુકો અભાવ ને સુવિધા બોંયકે સાચવેને જીએજી કલા વિકસાય આય. કચ્છજો પણ એડો જ આય, અભાવ નેં સ્વભાવે પ્રડેસ જુકો કલા સંસ્કૃતિજો વિકાસ ક્યો આય ઇ અનોખો આય.

ગુજરાતજો કોક જ એડો ગામ હૂંધો કે જિત ગામજી વિચે ચોરેમેં સીતારામ ક રાધાકૃષ્ણજી પૂજા ન થીંધી હુંધી નેં ગામજી પાધરતે મહાડેવજો મિંધર ન વે. ગણે ગામેમેં સિવજા મિંધર નદીજે કિનારેક ગામથી પર્યા એડી જગ્યાએ વેંતા ક હૂત બનેથી મનમેં શાંતિ, વૈરાગ્ય નેં ભક્તિજો ભાવ જગે. અજકોટાયજે સધિયું જૂને માડેવજે મિંધરજી ગાલ કેંણી આય જેંજી નિરવ શાંતિ લોકાભિમુખ થેલા એકાંતમગ્ન ભની વાટ ન્યારેતો.

જડે સૂર્યપૂજક કાઠી કોમજો સિજ મધ્યાહ્નતે તંપધો વો તેર આરાધ્યડેવજો મિંધર હબાયજે ડુંગરેજી વિચમેં પેલો કોટયર્ક’જો મિંધર ચણાયો નેં ‘કોટયર્ક’ તાંનું જ તેંજો નાંલો ‘કોટાય’ પ્યો હૂંધો. કર્કવૃત્ત તે બંધલ હી કોટયર્ક મિંધર હેવર ત નામશેષ થિઇ વ્યો આય. ‘કોટિ’ ઇતરે કરોડ નેં ‘અર્ક’ ઇતરે કિરણ ઇતરે ક કરોડ કિરણ જિત પેલે પ્રવેશધા વા ઇ કોટયર્ક. ભારતજે લગભગ સૂર્યડેવજા મિંધર હિન રીતે કર્કવૃત્ત તે બંધાણા ઐં.

ઇજ કોટાયજી મૂરમેં અના હિકડો જર્જરિત હાલતમેં શિવમિંધર આય. મિંધરજી સ્થાપત્ય શૈલીકે નિહાડીને મંત્રમુગ્ધ થિઇ વિનાજે એડો. કાલજી થપાટું ખાઇંધે પાયણા પણ ઓગરી વ્યા ઐં તે છતાં કચ્છજે પ્રાચીન અવશેષમેં હી મિંધર ચૂંટલ મોતી સમાન અડીખમ ઊભો આય. મિંધરજી બારાજી કુરા ધરવાજે તે કિતરીક જાજરમાન પ્રતિમાઉં ઐં નેં તરીયે સે શિખર તઇં મિંધરજો સ્થાપત્ય શિલ્પસભર આય. કમલપુષ્પ, પ્રાણી, હાથી, મનોહર અંગભગિમાવારીયું રૂપસુંદરીયું નેં દેવમૂર્તિયું ઘસાજેને ટૂટી પિઇ આય છતાં ઇનીજી ભાવના છતી કરેતા. નેં ઇનીજી સૌન્દર્યપૂજક કલાભિરુચિ કિતરી મહાન હૂંધી

(જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

## ભારતીય દૃષ્ટિએ ઈતિહાસ

ડૉ. રાજેશ ચૌહાણ

### આદિ શંકરાચાર્ય જયંતીએ

# આદિ શંકરાચાર્ય હિંદુ ધર્મ અને સાંસ્કૃતિક એકતાના પુનઃ સ્થાપક

- શંકરાચાર્ય એક બ્રહ્મચારી, તપસ્વી અને વિદ્વાન અને યોગી હતા. તેમનો જન્મ સનાતન વૈદિક ધર્મની પુનઃસ્થાપના માટે થયો હતો.
- ભારતીય જ્ઞાન પરંપરામાં ગર્ભ સંસ્કારથી લઈને નાની વયે જ્ઞાન, અધ્યાત્મ, વીરતા, તપ અને ધૈર્યની એક લાંબી પરંપરા આજદિન સુધી ચાલુ રહી છે


**૬ સદી** પછીના સમયમાં વૈદિક ધર્મ લુપ્ત થવાના આરે હતો ત્યારે કુમારિલ ભટ્ટ અને મંડન મિશ્રા જેવા મહાન વ્યક્તિઓએ વિવિધ સ્થળોએ વાદવિવાદ કરીને વૈદિક ધર્મનો પ્રચાર કર્યો, પરંતુ ભારતને નાસ્તિકતાના ભયાનક ખાડામાંથી બહાર લાવવા માટે કેટલાક વિશેષ દૈવી વ્યક્તિત્વની જરૂર હતી. તેમાંના એક ભગવાન શંકરાચાર્ય હતા.

જો તે સમયે શંકરાચાર્ય ન હોત તો હિંદુ ધર્મ અદૃશ્ય થઈ ગયો હોત. જગતમાંથી સાચા શાશ્વત વૈદિક ધર્મનું નામ ભુંસાઈ ચુક્યું હોત. જે રાષ્ટ્રને પોતાના વૈદિકવાદ પર ગર્વ છે તે આજે નાસ્તિકવાદની ઊંડી ખાઈમાં પડી ગયું હોત! તે સ્વામી શંકરાચાર્ય હતા જેમણે તેમની તપસ્યા, તેજ, જ્ઞાન અને બુદ્ધિમત્તાથી વૈદિક ધર્મનું રક્ષણ કર્યું હતું. વૈદિક ધર્મના ઉદ્ધારક સ્વામી શંકરાચાર્યનું મહત્ત્વપૂર્ણ જીવન અને વૈદિક ધર્મના પ્રચાર માટે તેમની પ્રવૃત્તિઓની આ લેખના માધ્યમથી સમજીશું.

પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરામાં ગર્ભ સંસ્કારથી લઈને નાની વયે જ્ઞાન, અધ્યાત્મ, વીરતા, તપ અને ધૈર્યની એક લાંબી પરંપરા રહી છે. ભક્ત પ્રહ્લાદ, નચિકેતા, અભિમન્યુ કે અન્ય આ પરંપરાઓને આગળ ધપાવે છે. આદિ શંકરાચાર્ય જ્યારે ત્રણ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું મૃત્યુ થઇ ગયું. ગુરુના આશ્રમમાં તેમણે ૮ વર્ષની ઉંમરમાં વેદોનું જ્ઞાન થયું. આધુનિક સમયમાં શ્રીમદ્દ રાજચંદ્ર, સ્વામી વિવેકાનંદ અને જગદગુરુ રામભદ્રાચાર્ય જેમણે માત્ર બે મહિનાની ઉંમરે પોતાની આંખોનો પ્રકાશ ગુમાવી (અંધાપો) પરંતુ આ અંધાપો તેમના જ્ઞાનના પ્રકાશને ન રોકી શક્યો. તેમણે માત્ર ૫ વર્ષની ઉમરે શ્રીમદ્દ ભગવદ્‌ગીતા કંઠસ્થ કરી લીધી હતી. ઝાંસીની ગૌરાંગી ભારદ્વાજે માત્ર ૭ વર્ષની ઉંમરે પ્રથમ વખત ૭ દિવસ સુધી ભાગવત કથા કરી. ભારતની આ પરંપરા આજે પણ શરૂ છે. જે આવનારી પેઢીઓ માટે તે આદર્શ પણ છે. એક માન્યતા પ્રમાણે તેમનો જન્મદિવસ પાંચ એપ્રિલે છે.

જયાનન્દ દવે પોતાના સંપાદકીય પુસ્તક આદ્ય શંકરાચાર્ય - વિરચિત 'વિવેકચુડામણી'માં લખે છે કે, ભારતવર્ષના છેક દક્ષિણ છેડે, વન-વગડા વીંધતા, અનેક નદીઓ અને મોટા પર્વતો ઓળંગતા અને આ બધાં જંગલોમાંનાં હિંસક જાનવરોની પરવા કર્યા વિના મધ્યપ્રદેશમાં નર્મદા-તટે આવોને 'ગોવિંદ'-વનમાં શ્રીગોવિંદપાદચાર્યની ગુફાના દ્વારે પહોંચીને ઊભા રહ્યા અને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા તેમણે આચાર્યશ્રીને પ્રાર્થના કરી. ગોવિંદાચાર્યએ પૂછ્યુ કે તમે છો કોણ? તમારો પરિચય તો આપો! શંકરાચાર્યે આત્મપરિચય આ પ્રમાણે આપ્યો :

नाहं मनुष्यो न च देवयक्षो ब्राह्मणः क्षत्रियवैश्यशूद्राः ।
न ब्रह्मचारी न गृही वनस्थो भिक्षुर्न निजबोधरुपः।।



''હું મનુષ્ય, દેવ કે યક્ષ નથી; તેમ જ હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રમાંથીયે કોઈ નથી; વળી, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસીમાંથી પણ હું કોઈ નથીઃ હું તો કેવળ જ્ઞાનસ્વરૂપ આત્મા છું!''

વાણીની નિશ્ચયાત્મકતા, અર્થની ગંભીરતા અને ઉત્તર તથા ઓળખાણની અદ્‌ભુત-અભૂતપૂર્વ અસામાન્યતા! ગોવિંદાચાર્ય તો સાનંદ આશ્ચર્યચકિત થઈ ગયા. આવું નમ્ર છતાં નિશ્ચલ નિવેદન કરનાર, બીજું કોઈ નહીં, પરંતુ બુદ્ધ અને મહાવીર પછી છેલ્લાં અઢી હજાર વર્ષોમાં જેમની કક્ષાનો કોઈ તત્ત્વજ્ઞાની અને મહાપુરુષ ભારતમાં પાક્યો નથી તેવા યુગપુરુષ આદ્ય શ્રીશંકરાચાર્ય !

આવું અદ્‌ભુત, અલૌકિક અને અનન્ય-સાધારણ વ્યક્તિત્વ છે, આદ્ય શ્રીશંકરાચાર્યનું! પરંતુ માત્ર વ્યક્તિત્વ જ નહીં, એમનું તો આખુંયે જીવન સર્વ પ્રકારની સામાન્યતાઓથી પર અને લોકોત્તર છે. એમનાં જન્મ, જન્મસ્થળ, આયુષ્યની અવધિ, ગ્રંથો અને બ્રહ્મલીન થવાનાં સ્થળ વિશે વિદ્વાનો, ચરિત્ર-લેખકો અને ઇતિહાસકારોમાં અનેક-વિવિધ મતમતાંતરો હોવા છતાં લગભગ ચમત્કાર-સમકક્ષ એવી એમની જીવન-કારકિર્દીની લોકોત્તરતા વિશે પંડિતો, પરામર્શકો અને સામાન્ય જનસમાજ મહદંશે એકમત છે.

મહામાનવનો જન્મ ક્યારે થયો, એ વિશે વિદ્વાનો અને વિવેચકોમાં એવો ઉગ્ર મતભેદ પ્રવર્તે છે કે ઈ. સ. પૂર્વે છઠ્ઠા શતકથી ઈ. સ.નાં નવમા શતક સુધીનાં લગભગ દોઢ હજાર વર્ષોમાં એમના જન્મ વિશે અનેક ભિન્ન ભિન્ન મતો, સિદ્ધાંતો, અભિપ્રાયો, તર્કો અને વાદો હજુ આજે પણ પ્રચલિત છે. ખાસ તો આચાર્યશ્રીએ ભારતમાં સ્થાપેલા ચાર સુપ્રસિદ્ધ મઠો પર આજ સુધી અધ્યક્ષસ્થાને રહેલા અધ્યક્ષોની સંખ્યા અને તેમનાં સરેરાશ આયુષ્યની સ્થૂલ ગણતરીના આધારે પ્રાચીન મતને અનુસરનારા પાઠશાળા-પદ્ધતિના આચાર્યો અને અધ્યાપકો શંકરાચાર્યનો જન્મ કેરળના કાલડી ગામમાં દક્ષિણ ભારતના નમ્બૂદરી બ્રાહ્મણ કુળમાં ઈ. સ. પૂર્વે ૫૦૯માં થયો હતો. જ્યારે પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે યુનિવર્સિટી-શિક્ષણ પામેલા આધુનિક બહુસંખ્યક વિદ્વાનો ઈ. સ. ૭૮૮થી ૮૨૦ સુધીના ૩૨ વર્ષના સમય-ગાળાને શંકરાચાર્યનાં આયુષ્ય તરીકે માન્ય રાખે છે. આમ ૩૨મા વર્ષની ઉંમરે કેદારનાથ ખાતે સમાધિ લીધી.

વળી, એક મત પ્રમાણે એમના જન્માક્ષર અને જન્મસમયની ગ્રહ-પરિસ્થિતિના આધારે તત્કાલીન જ્યોતિષીઓએ તેમનું આયુષ્ય માત્ર આઠ જ વર્ષનું હોવાનું જણાવ્યું હતું; પરંતુ આચાર્યશ્રીનાં માતાએ પુત્રને સંન્યાસી બનવાની સંમતિ આપી તેથી પ્રસન્ન થઈને ભગવાન શંકરે એ આયુષ્ય બમણું એટલે કે ૧૯ વર્ષનું કરી આપ્યું હતું અને એમના ચરિત્રકારોએ નોંધ્યું છે તે પ્રમાણે આ આયુષ્યની અવિધ પૂરી થવામાં હતી ત્યારે ''બ્રહ્મસૂત્ર''ના સૂત્રકાર શ્રીબાદરાયણ વ્યાસને આચાર્યશ્રીએ આ ગ્રંથ પરનાં પોતાનાં ભાષ્ય વડે દેસન્ન કર્યા તેથી વ્યાસે એમનું આયુષ્ય ૧૯થી વધારીને ૩૨નું એટલે કે મૂળથી બમણું કર્યું હતું. આ સમગ્ર જીવન યાત્રામાં દર્શન, સિદ્ધાંતો, મઠ, અનેક શિષ્યો અને ગ્રંથોનું સર્જન કર્યુ છે. જેના વિશે ચર્ચા કરીએ.

શંકરાચાર્યના ચાર મુખ્ય શિષ્યો : તેમના ચાર પ્રમુખ શિષ્યો. તેમના પ્રથમ અને પરમપ્રિય શિષ્ય સદાનંદ. જેઓ ગુરુજ્ઞાનમાં આકંઠ ડૂબેલા રહેતા હતા. સદાનંદને ગુરુ ઉપર અતૂટ વિશ્વાસ. સદાનંદે અલકનંદા પાર કરેલી તે સમયે તેમના પગ નીચે ફૂટેલા પદ્મ (કમળ)થી પ્રભાવિત થઈને શંકરાચાર્યે તેમનું નામ સ્વામી પદ્મપાદચાર્ય રાખ્યું, જેઓ જગન્નાથપુરીના ગોવર્ધન મઠના પહેલા શંકરાચાર્ય બન્યા.

તેમના દ્વિતીય શિષ્ય મંડનમિશ્ર ઉત્તર ભારતના પ્રકાંડ વિદ્વાન હતા, જેમને શાસ્ત્રાર્થમાં શંકરાચાર્યે પરાજિત કર્યા હતા. મંડનમિશ્રના પત્ની ઉભયભારતી સાથે આદિ શંકરાચાર્યનો શાસ્ત્રાર્થ જગપ્રસિદ્ધ છે. અહીં એ સિદ્ધ થાય છે કે અધ્યયન અને મનન જ નહીં પણ અનુભવ પણ અનિવાર્ય છે. અનુભવથી જ સાચું જ્ઞાન થાય છે. મંડનમિશ્રને તેમણે સુરેશ્વરાચાર્ય નામ આપ્યું અને દક્ષિણ ભારતમાં સ્થિત શૃંગેરી મઠના પહેલા આચાર્ય બનાવ્યા.

તૃતીય શિષ્ય પૃથ્વીધર જડ અને મૂંગો હતો. પરેશાન માતા-પિતા પૃથ્વીધરને આદિ શંકરાચાર્ય પાસે લઈ ગયા અને બાળકને સ્વસ્થ કરવાની પ્રાર્થના કરી. શંકરાચાર્યે થોડું વિચારીને બાળકને સંસ્કૃતમાં સવાલ પૂછ્યા અને સંસ્કૃતમાં બેજોડ જવાબ આપ્યા. ગુરુએ પહેલી નજરમાં જડ જેવા દેખાતા બાળકમાં વિદ્વતા પારખી લીધી હતી. તેમણે બાળકને શિષ્ય બનાવતા નામ આપ્યું હસ્તામલક. તેઓને ભારતના પશ્ચિમ સ્થિત શારદાપીઠ-દ્વારકાના આચાર્ય બન્યા.

ગિરિ નામનો એક ચતુર્થ શિષ્ય જે ખાસ ભણેલો ન હતો. પણ આજ્ઞાકારિતા, કર્મઠતા, સત્યવાદિતા તથા અલ્પભાષણમાં તેનો કોઈ મુકાબલો ન હતો. જ્યોતિર્મઠ જે ઉત્તર ભારત જે બદ્રીનાથ સાથે જોડાયેલું છે. તેઓ જ્યોતિર્મઠ આચાર્ય બન્યા.

(જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com

## કેન્વાસ

અભિમન્યુ મોદી

# ભારત માટે પૂર્વગ્રહોથી પીડિત અમેરિકન મીડિયાનો આ તે કેવો દંભ?

### આ અમેરિકન જટિલતાનો એક્સ-રે શું કહે છે










શું આપણે ક્યારેય વિચાર્યું છે કે શા માટે અમેરિકન મીડિયા વારંવાર ભારતને નકારાત્મક રીતે રજૂ કરે છે? શું આપણે પશ્ચિમી અપવાદવાદના શિકાર છીએ, જેમાં અમેરિકા અમુક ચોક્કસ દેશોની સતત આલોચના જ કરતું હોય? કે પછી કતાર, સાઉદી અરેબિયા અથવા ચીનના વિદેશી નાણાંનો પ્રભાવ છે, જે સતત ભારતની છબી ખરડવા ઈચ્છે છે કે પછી કદાચ અમેરિકન સમાજમાં વધતા જતા વોક કલ્ચરનું એ કારણ છે?

ચાલો, આપણે ભારત પ્રત્યે અમેરિકન મીડિયાની દેખીતી દુશ્મનાવટ પાછળની જટિલતાનો એક્સ-રે લઈને એને સમજવાનો પ્રયત્ન કરીએ.

વિખ્યાત અમેરિકન દૈનિક 'વોશિંગ્ટન પોસ્ટ' ભારત પ્રત્યેના તેના પૂર્વગ્રહ માટે વધુ જાણીતું છે. તે એક અહેવાલ પ્રકાશિત કરે છે જેનું શીર્ષક છે-'અમેરિકાની ધરતી પર હત્યાનું કાવતરું મોદીના ભારતની કાળી બાજુને ઉજાગર કરે છે'. આવો લેખ ચૂંટણી ટાણે જ કેમ પ્રકાશિત કર્યો?અત્યારે આવા લેખ પાછળનું ટાઈમિંગ અને ઇરાદા પર પ્રશ્ન ઊઠે તે સ્વાભાવિક છે. ભારતની રાષ્ટ્રીય ચૂંટણીઓ દરમિયાન બહાર આવતા આ અહેવાલના સંયોગની નોંધ બધા લે છે. વધુમાં,અન્ય લેખોથી વિપરીત, 'આ વિશેષ' અહેવાલ મુક્તપણે ઉપલબ્ધ છે. અર્થાત આ જ અખબારના બીજા લેખો ઓનલાઈન વાંચવા હોય તો પેમેન્ટ કરવું પડે, પરંતુ આ લેખ મફતમાં બધા જ વાંચી શકે. આવું કેમ?

જો કે, આ કોઈ પહેલીવારની ઘટના નથી. પશ્ચિમી મીડિયા અને એમાં પણ ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં,ખાસ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના ભારત અને એમની સરકાર વિરુદ્ધ સતત શાબ્દિક હુમલાઓ ચાલુ જ હોય છે. તે જ મહિને 'ધ ગાર્ડિયને' ૨૦૨૦થી પાકિસ્તાનમાં થયેલી '૨૦ હત્યાઓ' ના કેસમાં ભારતની સંડોવણીનો આક્ષેપ કરતી તેની પોતાની 'ખાસ' સ્ટોરી પ્રકાશિત કરી. ગયા વર્ષે વોશિંગ્ટન ડીસીમાં મોદીની મુલાકાત દરમિયાન પણ 'ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે' 'ઈન હોસ્ટિંગ'શીર્ષકવાળા લેખ સાથે એમનું વ્યંગભેર સ્વાગત કર્યું હતું અને મોદી તથા બિડેને લોકશાહી સંબંધિત ચિંતાઓને પૃષ્ઠભૂમિમાં ધકેલી દીધી - એવો આરોપ લગાવ્યો હતો. 'ટાઇમ' મેગેઝિન તો એક ડગલું આગળ વધ્યું અને પ્રતિષ્ઠિત ગણાતા એ સામયિકે જાહેર કર્યું, 'ભારતની બગડતી લોકશાહી તેને અવિશ્વસનીય સાથી બનાવે છે'

ભારતની બહાર હત્યા થાય અને પશ્ચિમી મીડિયા તેનો આરોપ ભારત પર લગાવે! આ કઈ રીતે ગળે ઊતરે તેવી વાત છે ? આ આરોપો વિશે જ્યાં સુધી સત્તાવાર તપાસ ન થાય અને આરોપખોરો તેનો ખુલાસો ન આપે ત્યાં સુધી ભારતે ચુપ બેસવું ન જોઈએ. જ્યારે ભારત સરકારે તેની ભૂમિકાને નકારી કાઢી છે અને તપાસમાં સહકાર આપી રહ્યું છે ત્યારે ભારતના સહકાર-વાદી વલણની નોંધ લેવાના બદલે પશ્ચિમી મીડિયા અને નિહિત હિતો દેશની છબી ખરાબ કરવાનું કામ કરી રહ્યા છે,જે વર્તમાન ચૂંટણીઓને સંભવિતપણે અસર કરે છે.

આ સિનારિયો ચિંતાજનક છે,ખાસ કરીને તે લોકો માટે જે લોકશાહી,કાયદાના શાસન અને ઉદારવાદને જાળવી રાખવાનો પૂરતો પ્રયત્ન કરતા હોય.

પશ્ચિમી 'લિબરલ' સિસ્ટમનાં બેવડાં ધોરણો સ્પષ્ટ છે. એ લોકશાહી અને સ્વતંત્ર અભિવ્યક્તિનો ઉપદેશ આપ્યા રાખે છે, પરંતુ જ્યારે કોઈ સ્વતંત્ર રીતે આગળ વધી રહ્યું હોય અને તેની હામાં હા ન મિલાવે ત્યારે તેની અવગણના કરવામાં આવે અને તેનો વિરોધ કરવામાં આવે ત્યારે તેમની દોગલાબાજી જોવા જેવી હોય છે. તે આમ સલાહ આપશે કે ભારતે તેના પર થતી આલોચનાને ખેલદિલીપૂર્વક સ્વીકારવી જોઈએ પરંતુ એ જ અમેરિકન મીડિયા પોતાના ઘરના આંગણમાં એ જ પ્રકારનું ખોટું થઇ રહ્યું હોય તેને પ્રકાશિત નહિ કરે! આ મીડિયા વિપક્ષી નેતા સામે ફોજદારી માનહાનિના કેસ માટે ભારતના ન્યાયતંત્રની ટીકા કરે છે,પરંતુ જ્યારે ભૂતપૂર્વ યુએસ પ્રમુખની ધરપકડ કરવામાં આવી અને તેને દાબવાનો પ્રયાસ થયો તેને હાઈલાઈટ નહિ કરે..

વ્યક્તિઓ અને રાષ્ટ્રોને 'આતંકવાદી' અથવા 'દુષ્ટ' તરીકે લેબલ મારવા પર પશ્ચિમી મીડિયાનો એકાધિકાર સ્પષ્ટ છે. અમેરિકાની આ જૂની આદત છે કે જે તે દેશ ઉપર એક લેબલ મારી દેવું. કોલેટરલ ડેમેજના નામે વિદેશોમાં થતી હત્યાઓ અને નિર્દોષ નાગરિકોની જાનહાનિને એ વાજબી ઠેરવે છે. ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બરાક ઓબામા દ્વારા વાસ્તવિક આતંકવાદીઓને નિશાન બનાવવામાં ન્યૂનતમ સફળતા હોવા છતાં તેની કોઈ આલોચના કરતું નથી. વિદેશની ધરતી ઉપર હત્યા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવે છે, પણ ભારતમાં હ્યુમન રાઈટ્સ નથી એવું ચિલ્લાવામાં આવે છે. આ દંભ છે અને તેને અમેરિકન દંભ કહેવો પડે. એનાથી પણ વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે કેવી રીતે ઓબામા જેવી વ્યક્તિઓ, જેમની શંકાસ્પદ કાર્યપદ્ધતિઓ હોવા છતાં, પશ્ચિમી ઉદારવાદી વિશ્વમાં હીરો તરીકે આદરણીય લેખાય છે. આવાં ઉદાહરણો તે યુગની યાદ અપાવે છે જ્યારે શ્વેત વર્ગના લોકો 'અન્ય' ગણાતા લોકો સામે એક થયા હતા અને અશ્વેત લોકોને ઊતરતા ગણવામાં આવતા હતા.

જ્યારે અમેરિકન ડ્રોને અફઘાનિસ્તાનમાં અલ કાયદાના આતંકવાદી અયમાન અલ-ઝવાહિરીને મારી નાખ્યો ત્યારે પશ્ચિમે આ કૃત્યને બિરદાવ્યું. કેનેડાના જસ્ટિન ટ્રુડો જેવા ડાબેરી નેતાઓએ પણ માનવ અધિકારો અને આંતરરાષ્ટ્રીય ધોરણોની હિમાયતને ભૂલ્યા વિના બિડેન વહીવટની પ્રશંસા કરી હતી. જો કે, ટ્રુડોનો ભારતે એની ધરતી પર ખાલિસ્તાની આતંકવાદીને માર્યો હોવાનો તાજેતરનો આક્ષેપ નિહિત હિતો અને વિદેશી એજન્ડાઓનો પ્રભાવ દર્શાવે છે. અહી ટ્રુડોનું વલણ બદલાય કેમ જાય છે?

સત્ય એ છે કે કેનેડા અને અન્ય પશ્ચિમી દેશોમાં૧૯૮૦ના દાયકાથી ખાલિસ્તાની ઇકોસિસ્ટમ લાંબા સમયથી અસ્તિત્વમાં છે, તેની સરકારો દ્વારા મોટાભાગે અવગણના કરવામાં આવી છે. ૧૯૮૫ના એર ઈન્ડિયા બોમ્બ વિસ્ફોટ, જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા,તે આ બેદરકારીનું પરિણામ હતું. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે કેવી રીતે પશ્ચિમી મીડિયા હરદીપ સિંહ નિજ્જર જેવી વ્યક્તિઓના ગુનાહિત ભૂતકાળને હાઇલાઇટ કરે છે. ઘણાને આતંકવાદી અને આતંકવાદીને કાર્યકર્તા તરીકે રજૂ કરે છે.

કટ્ટરવાદ અને વિદેશી નાણાંના બળે ટૂલકીટ ગેંગ અને નિહિત હિત સાથે પશ્ચિમી મીડિયાનું જોડાણ ભારત અને યુએસ વચ્ચેના સંબંધોને નબળા બનાવે છે. પરંપરાગત સાથી ન હોવા છતાં ભારત અમેરિકા સાથે ઉદાર લોકતાંત્રિક મૂલ્યો શેર કરે છે. હવે સમય આવી ગયો છે કે અમેરિકન મીડિયામાં થતી આપણી નિંદા બંધ ન થાય તો ઓછી થાય. આલોચના અને સમીક્ષા તો પત્રકારત્વનું કામ છે પણ એ તટસ્થ હોવી જોઈએ. બાકી આપણને શું અમેરિકા કે બીજા પશ્ચિમી દેશો વિરુદ્ધ લખતા કે ભાષણ આપતા નથી આવડતું? અમેરિકા વિરુદ્ધ આપણી પાસે પાંચસો મુદ્દા છે પણ આપણે વિના કારણે કોઈ વખોડતા રહેતા નથી. પશ્ચિમી મીડિયા સતત ભારતને વખોડવાનું કામ કરે છે એ ખોટી વાત છે. આ આખા દ્રશ્યને બીજા એક દ્રષ્ટિકોણથી પણ જોઈ શકાય કે જેમ કોઈ માણસ કે દેશ ઊંચે ચડે તેમ તેના વિરોધીઓ વધતા જાય. ભારત કઈ ઓટોરિક્ષા નથી નહીતર પાછળ આપણે પણ લખાવ્યું હોત કે 'ઈર્ષ્યાળુને આશીર્વાદ'. એકવીસમી સદીમાં એશિયાનું વજન વધ્યું છે અને એશિયાના મુખ્ય નાયક તરીકે ભારત ઊભરી આવ્યું છે આ હકીકત છે. આર્થિક, સાંસ્કૃતિક, સામાજિક અને ટેક્નોલોજી તથા ઉત્પાદનની દ્રષ્ટિએ પણ ભારત અગ્રેસર રહે છે. ભારતની પ્રગતિ ઘણાને ખૂંચે છે માટે ભારતને બદનામ કરવાના કાવતરા થાય છે.

અલબત્ત, ભારત ધી બેસ્ટ અને પરફેક્ટ છે એવું કહેવાનો અર્થ નથી. આપણામાં પણ ઘણી ઊણપ છે જેને આપણે સાથે મળીને સુધારવાની છે અને એક બહેતર રાષ્ટ્રનું નિર્માણ કરવાનું છે. ■

sanjay.chhel@bombaysamachar.com

## મિજાજ મસ્તી

સંજય છેલ

# હસતા હસતા રડી પડે ભૈ માણસ છે



**ટાઇટલ્સઃ 'વહેમ-રોગ'ને 'પ્રેમ-રોગ'ની કોઇ દવા નથી. (છેલવાણી)**

**એન્ટોન** ચેખોવ, નામનાં જગવિખ્યાત રશિયન લેખક, જે એક સફળ ડોક્ટર પણ હતા, એમણે કહેલુંઃ ''મારી દરેક વાર્તામાં એક પેશંટ છુપાયેલ હોય છે અને દરેક પેશંટમાં એક વાર્તા!'' આપણે સૌ જીવંત વાર્તાઓ છીએ અને જન્મ્યાં ત્યારથી હરપળ, મોત નામની ખામોશ બીમારીનાં પેશંટ છીએં.

'વાર્તા'ની વાત પરથી એક વાર્તા યાદ આવી-એક હેંડસમ ને ગોરા જુવાનને એના રંગ-રૂપને લીધે, ચામડીની ક્રીમ બનાવતી કંપનીમાં સેલ્સમેનની નોકરી મળી. પણ પછી એક દિવસ સેલ્સમેનને પોતાને જ ગળાં પર લાલ ચકામું થયું. અઠવાડિયું પોતાની જ કંપનીનાં ૨-૩ મોંઘાં ક્રીમ અજમાવ્યાં પણ ચકામું વધીને લાલ ડાઘ બની ગયું. પછી સ્કિન સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરે તપાસીને ક્રીમ લખી આપી જે પેલાની જ કંપનીની હતી! પોતાની જ ટ્રેજિ-કોમિક હાલત પર સેલ્સમેન હસી પડ્યો પછી સેલ્સમેને જાતજાતનાં ઉપચારો કરી જોયા પણ પેલો ડાઘ તો વધતો જ ગયો. એ ડાઘ જોઇને મેનેજરે કહ્યું, 'ચામડીના ક્રીમના સેલ્સમેનને પોતાને જ ચામડીનો રોગ હોય એ કેમ ચાલે? થોડા દિવસ, ફિલ્ડ વર્ક છોડીને ઓફિસમાં કામ કરો' પણ પેલાનો રોગ મટ્યો જ નહીં એટલે મહિના બાદ મેનેજરે કહ્યું, 'સોરી, તમારો ચામડીનો રોગ મટતો નથી એટલે નોકરી છોડવી પડશે' 'પણ સર, આપણી જ દવાથી ડાઘ ના મટે તો શું કરું?'

'શટ અપ! કંપનીની વરસોની બ્રાંડ સામે આરોપ લગાડો છો? સાજા થઈને આવો, પછી જોઇશું.' મેનેજરે ભડકીને કહ્યું.

કંટાળીને સેલ્સમેને ક્રીમ લગાડવાનું જ બંધ કરી દીધું ને પછી ડાઘ આપોઆપ ગાયબ થઈ ગયો. પેલો ફરી એ જ કંપનીમાં નોકરી માગવા ગયો તો મેનેજરે કહ્યું, 'નોકરી?એક જ શરતે કે-' તારો ડાઘ આપણી કંપનીનાં નવાં ક્રીમથી જ સારો થયો છે'- એવો છાપાં-મીડિયામાં પ્રચાર કરવો પડશે. મંજૂર?' સળગતી રિંગમાંથી કૂદતાં પહેલાં ડરેલાં કૂતરા જેવી સેલ્સમેનની હાલત થઈ ગઈ. શ્રી આ.ના.પેડણેકરની આ સરળ મરાઠી વાર્તામાં, મેડિકલ જગત પરના ડાઘાઓનું જટિલ સત્ય છે.

હમણાં દિલ્હીમાં કેન્સરના નિદાનની કેમોથેરપી માટે વપરાતી નકલી દવાઓ વેંચતા ૧૨ લોકો પકડાયા! કેન્સર જેવી જીવલેણ બીમારીમાં પણ લોકો, આવી બેશર્મી આચરે તો બીજી દવાઓમાં શું શું કરતા હશે? દરરોજ નકલી દવાથી લોકોને 'ઝાડા-ઊલટી થયા' કે નકલી ઈંજેક્શનથી લોકોની 'આંખ જતી રહી' જેવા સમાચાર દેખાય છે.

**ઇંટરવલઃ**
**કાયા તારી રાખજે રૂડી,**
**ગરીબોની એ જ છે મૂડી (ઇંદુલાલ ગાંધી)**

અંગ્રેજીમાં કહેવત છેઃ 'એન એપલ અ ડે, કીપ્સ ડોક્ટર અવે!' અર્થાત્ 'રોજ એક સફરજન ખાવ તો તમારે ડોક્ટર પાસે જવું ન પડે.' પણ હવે જો ડોક્ટર પાસે જવાનું ન થાય તો એમની ફીના પૈસા બચી જાય. જો પૈસા બચે તો તમે એને શેરબજારમાં નાખશો. પણ જો શેરબજાર, ઉપર-નીચે થશે તો પાછું તમારું બી.પી. પણ ઉપર-નીચે થશે...અને પછી તમારે ના છૂટકે ડોક્ટર પાસે જવું પડશે! એટલે ઇન શોર્ટ, એક સફરજન ડોક્ટરને દૂર રાખી શકતું નથી- એવું અમારું લંગડું લોજિક છે! વળી સદા યે તબિયત ટનાટન રાખતું કોઇ ટોનિક છે?

ભગવદ્ ગીતામાં પણ કહ્યું છેઃ 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ' -જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત છે, છતાં આજે આપણે તબિયત માટે પહેલાં કરતાં વધુ સચેત ને શંકિત બની ગયા છીએ.

એક માણસ ડોક્ટર પાસે જઇને કહે છેઃ ડોક્ટર, જો હું રોજ સવારે ચાલવા જાઉં, રોજ યોગ કરું, શાકાહારી સાદું ભોજન ખાઉં, વ્યસનોથી દૂર રહું, રાતે જલદી સૂઈ જાઉં, પોઝિટિવ વિચાર રાખુંતો હું લાંબું જીવી શકીશ?

'તમે જીવન લાંબું જીવશો કે નહીં? એ કહેવાય નહીં, પણ જીવન લાંબું લાગવા માંડશે એ પાક્કું!'ડોક્ટરે હસીને કહ્યું. ટૂંકમાં 'જીવન લાંબું જીવવા'ની ઘેલછામાં નાનાં-નાનાં સુખોની બાદબાકી કરીને, જીવશો તો જીવન અઘરું-અકારું લાગશે. જે રીબાઇ-રીબાઇને અકારણ લાંબુ જીવ્યું હોય એને પૂછશો, તો અકારણ આનંદ લૂંટવાનો મહિમા સમજાશે.

એક માણસ ૧૦૦ વર્ષનો થયો તો પત્રકાર ઇન્ટરવ્યૂ લેવા આવ્યો. પત્રકારે પૂછ્યું, 'આ લાંબા આયુષ્યનું રહસ્ય શું?' પેલાએ સમજાવ્યું, 'જુઓ, ૧૦૦ વરસથી હું રાતે વહેલો સૂઈને સવારે વહેલો ઉઠી જઉં- એવું શિસ્તબદ્ધ જીવન જીવું છું. રોજ ચાલવા જાઉં, યોગ-ધ્યાન-કસરત કરું, સાત્ત્વિક ભોજન લઉં. અને ખાસ તો દારૂ-સિગરેટ જેવી આદતોથી દૂર રહું, અને..' એ આગળ બોલે, એવામાં બાજુની રૂમમાંથી ધડામ દઈને કશુંક પડવાનો અવાજ આવ્યો. 'શું થયું?' પત્રકારે ચોંકીને પૂછ્યું.

૧૦૦ વરસનાએ કહ્યું, 'કંઇ નહીં. મારો બેશરમ બાપ, ૧૨૦ વર્ષે પણ રોજ દારૂ પીને લથડિયાં ખાય છે, હેલ્થની પડી જ નથી!' વેલ, બેફિક્ર જીવન જીવવાના કે સેહત સંભાળવાના- આ બે વિકલ્પ છે. જેને જે ફાવે. અપના અપના નઝરીયા.

એક યોગગુરુ મિત્રએ મને સમજાવેલું, 'રોજ ૧૧ વાર ઊંડા શ્વાસના ૩ રાઉંડથી રોગનાં કીટાણુઓ ભાગી જાય.'

'પણ હું કીટાણુને સમજાવું કઇ રીતે કે એમણે ઊંડા શ્વાસ લેવાંના?', મેં ભોળાભાવે પૂછ્યું ત્યારથી એ યોગી-મિત્રએ, મામૂલી કીટાણુ ખાતર દોસ્તી તોડી નાખી, બોલો!

જોક્સ અપાર્ટ, મોડર્ન સાયકોલોજી કહે છે કે- જીવનની દરેક ક્ષણને જેવી છે તેવી, એને સ્વીકારીને, મોજમાં રહેવું- કદાચ લાંબા આયુષ્યની એ જ જડીબુટ્ટી હોય. માન્યું કે શરીરની કાળજી તો લેવી રહી પણ ઓફકોર્સ, અફસોસ ઓછો કરીને.

બસ મસ્ત રહો, સ્વસ્થ રહો. બાકી આમે ય કાંઇ છૂટકો છે?

**એંડ-ટાઇટલ્સઃ**
**આદમઃ દવા ચઢે કે દુઆ?**
**ઈવઃ તારા કેસમાં? નો આઇડિયા!** ■

feedback@bombaysamachar.com

## આજે આટલું જ

શોભિત દેસાઈ

# છે સમય વ્યાજખોર વેપારી


*તમને સમય નથી અને મારો સમય નથી*
*કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી*
*-બાપુભાઈ ગઢવી*

છે ને ટકોરાબંદ શેર! સામર્થ્ય છે જે પણ, એ કવિની કહેણીનું જ છે... વિષય તો ક્યાંથી નવા શોધી શકવાના કવિની જમાતવાળાઓ!!! વેદ વ્યાસ એટલે જ તો મહાકવિ ગણાયા... બધું જ સર કરીને ગયા... એક પણ વિષય આવનારી અનેકાનેક કવિપેઢી માટે બાકી નથી રાખ્યો... અને છતાં શેક્સપિયરે ય થયા, હેમિંગ્વે ય થયા, ગાલિબેય થયા... કારણ? જે પણ થયા એની પાસે પોતાની, સાવ પોતાની અલગ કહેણી હતી...

*હૈં ઔર ભી દુનિયામેં સુખનવર (કવિ) બહોત અચ્છે*
*કહતે હૈં કી ગાલિબકા હૈ અંદાઝ-એ-બયાં ઔર*

આ સાવ અહમ્ પ્રદર્શિત કરતા શેરનો કૌરાનિક અર્થ એટલો જ છે કે પોતાની શક્તિઓ ઉપરની અપાર શ્રદ્ધામાંથી નીપજતો અહમ અત્યંત વાજબી જ છે... અને એની કદર મર્યા બાદ તો મર્યા બાદ અને એ ય પાછા ખાસાં ત્રીસ વર્ષ પછી થશે જ... અને એ શરૂ થશે પછી રોજના ઓછામાં ૫૦થી ૧૦૦ની વચ્ચેના ચાહકો પાંચમી મે, ૨૦૨૪ સુધી તો મેળવશે જ... અને એ પછીના પ્રત્યેક દિવસદીઠ રોજના ૧૦૦થી ૧૫૦ ચાહકો... એટલે જ તો અનંત અસ્તિત્વ નામે મિર્ઝા અસદ્ઉલ્લાહ ખાં ગાલિબ ભવિષ્યયોગ પોતાનો પોતાના એક શેરમાં ભાખી જ ગયા છે...

*મહેરબાં હો કે બુલા લો મુઝે ચાહો જીસ વક્ત*
*મૈ ગયા વક્ત નહીં હું કી ફીર આ ભી ના સકું*



*મારો ખુદની શક્તિઓ પર આવો તો આધાર ન હોય...*
*કાળ બહુ વસમો ચાલે છે, મારો એ વિસ્તાર ન હોય...*

મનોજ ખંડેરિયા તો કેવડા મોટા, ખરા અર્થમાં મોટા ગઝલકાર/કવિ! કાળની કેડી ઉપર બહુ જ સુંદર ચાલે એમની જીવનયાત્રા પણ... પણ મોતને નાથવું ક્યાં શક્ય જ છે?!

*કફન કો જેબ નહીં હોતી*
*મૌત રિશ્વત નહીં લેતી*

એ મનોજની ઘણી બધી ગઝલો ગુજરાતે વાંચી, મમળાવી, ઉપાડી, માથે મૂકી... કબૂલ... પણ એક એવી ગઝલ આજે મારા દિમાગથી તમારી આંખો સુધી પહોંચવા થનગની રહી છે કે આજે તો હું અત્યારે છલકાઈ રહ્યો છું. સીધુંસાદું 'ગાલગાગા ગાલગાગા ગાલગા'નું મીટર છે, પણ સિદ્ધહસ્ત મનોજે એને 'ગાલગા ગાગા લગાગા ગાલગા'માં બદલ્યું છે, અને એને લીધે તમે જાણે ગામની કોઈ વાડીના વડ પર લટકતા ઝૂલા ઉપર બેઠા હો એવું તમને લાગે તો જરૂર જણાવજો. ઝૂલાને જ્યારે પગથી ઠેસ વાગે ત્યારે શેર પૂરો થાય છે એવું લાગે તો પણ મને જણાવજો.

*પાનખર પગલાં ભરે ઘડિયાળમાં*
*પાંદડાં ટન ટન ખરે ઘડિયાળમાં*

*દાબી દઈ બે હાથમાં ટક ટક અવાજ*
*મૌનને કહો વિસ્તરે ઘડિયાળમાં*

*ચીરતા કાંટા પળોના દેહને*
*કેટલું લોહી ઝરે ઘડિયાળમાં*

*(કાળપંખી આવીને ઊડી જતાં)*
*આંગણું સૂનું તરે ઘડિયાળમાં*

*ટેકવી કાંટા ઉપર મસ્તક સમય*
*રાતભર જાગ્યા કરે ઘડિયાળમાં*

તમારી સાથે આ ગઝલ share કરતાં આનંદ એ આવ્યો કે કૌંસમાં મૂકેલી પંક્તિ મેં બનાવી લીધી, કારણ? યાદ નહોતી આવતી! અને આ ગઝલે ૬૦ વરસ પહેલાં ગુજરાતી ભાષાને તરબતર કરી હોય તો કાળપંખી નામનો સહેજ કર્ણકટુ શબ્દ પણ ચાલે જ... જી હા... ૬૦ વર્ષ પહેલાં આ ગઝલ લખાઈ હતી, એવો સમય જોયો છે ગુજરાતી ગઝલે...

આજે આટલું જ... ■

feedback@bombaysamachar.com

## ઈકો સ્પેશિયલ

જયેશ ચિતલિયા

# ધિરાણ લેતી વખતે વ્યાજદર વત્તા બીજું શું શું જાણવું જરૂરી છે?

**રિઝર્વ બેંકે લોન લેનાર વર્ગના હિતમાં એક મહત્ત્વનું પગલું ભરવાનું નકકી કર્યુ છે, જેના દ્વારા લોન પરત કરતી વખતે તમારે ખરેખર કેટલો ખર્ચબોજ ઉઠાવવો પડશે તેનો ખ્યાલ આવશે અને લોનના વ્યવહારમાં પારદર્શકતા વધશે. આવો, આની સરળ સમજ મેળવીએ**




તમે બેંક કે ફાઈનાન્સ કંપની પાસેથી ધિરાણ-લોન લો છો ત્યારે સૌથી પહેલાં શું જુઓ છો વ્યાજદર શું છે, બરાબર? વ્યાજદર પછી ઈએમઆઈ; શું આવશે તે જાણવા ઉત્સુક રહો છો. કયા દસ્તાવેજ જમા કરાવવાનાં છે એ જાણો છો. અલબત્ત, બેંક કે ફાઈનાન્સ કંપની પણ તમને લોન આપતી વખતે તમારી પાસેથી ઘણું બધું જાણવા માગે છે. તેમને તમારી ઘણી વિગત જાણવી હોય છે. એમાંથી એ તમારી આખી કુંડલી કઢાવી લે પછી પણ તમે લોનના હપ્તા ન ભરો કે ડિફોલ્ટ કરો તો તેમની પાસે વસૂલીના માર્ગ રહે જ છે.

ખેર, આ બધી વાત કોમન વાતમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે તમે જયારે લોન લો છો એ પછી તમે બેંક કે કંપનીને ઈએમઆઈ-હપ્તા ભરો છો, પણ શું તમને એ ખબર હોય છે કે ખરેખર તમે બેંકને કઈ અને કેટલી વધારાની રકમ ભરો છો? તમારા પર વાસ્તવમાં કેટલો ખર્ચ બોજ આવે છે?

આના જવાબમાં થોડા મહિના બાદ એક નવું પગલું અમલમાં આવી રહ્યું છે, જેનું નામ છે : 'કી ફેકટસ સ્ટેટમેન્ટ' કી ફેક્ટ્સ સ્ટેટમેન્ટ તમને શું જણાવશે?

આગામી પહેલી ઓક્ટોબરથી તમામ બેન્કો અને નોન-બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ કી ફેક્ટ્સ સ્ટેટમેન્ટ (કેએફએસ) ઈશ્યૂ કરશે, જેની મદદથી રીટેલ લોન ગ્રાહકો એમની લોન પર લેવાતા વ્યાજનો વાસ્તવિક ખર્ચ જાણી શકશે. ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે ગયા ફેબ્રુઆરીમાં નાણાનીતિની સમીક્ષા વખતે કરેલી જાહેરાતને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. એમાં બેન્કોને એવો આદેશ આપવામાં આવ્યો હતો કે તેમણે એમના ધિરાણદારોને વાર્ષિક ટકાવારી દર એટલે કે APR (એન્યુઅલ પર્સેન્ટેજ રેટ, અર્થાત બીજા શબ્દોમાં લોનનો કુલ ખર્ચ) જણાવવો. એપીઆર એ માત્ર વ્યાજનો દર નહીં, લોનને લગતા બીજા તમામ ખર્ચને લગતો પણ હશે. હમણાં ૧૫ એપ્રિલે આરબીઆઈએ કી ફેક્ટ્સ સ્ટેટમેન્ટ વિશે એક સૂચના બહાર પાડી છે. આની પાછળનો ઉદ્દેશ્ય સેવામાં પારદર્શકતા લાવવા અને બેન્કોને એક માહિતગાર નાણાકીય નિર્ણય લેવાની સત્તા આપવાનો છે. આરબીઆઈની આ સૂચના નિયમનકારી બેન્કો, ફાઈનાન્સ કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ રીટેલ અને એમએસએમઈ (માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસ) ટર્મ લોન પ્રોડક્ટ્સને લાગુ થશે.

### કેએફએસ મારફત પારદર્શકતા

કેએફએસથી પારદર્શક્તા આવશે અને ધિરાણ લેનારને એ માહિતગાર નિર્ણયો લેવામાં એ રીતે મદદરૂપ થશે કે લોન લેતી વખતે અને ચૂકવતી વખતે એમને કુલ કેટલો ખર્ચ થશે એનો બરાબર ખ્યાલ મળશે. સરળ ભાષામાં કહીએ તો, આ ખર્ચમાં લોનની તમામ પ્રકારની શરતો અને લોન સંબંધિત ફી તથા વીમા ચાર્જિસ, લીગલ ચાર્જિસ સહિત ચાર્જિસને આમાં આવરી લેવામાં આવશે.

આ મહત્ત્વનું એટલા માટે છે કે કેએફએસ કાનૂની ભાષાને સાદી ભાષામાં સમજાવે છે અને બોરોઅર-ધિરાણ લેનારને એક ટૂંકા ફોર્મમાં બધી જ મહત્ત્વની વિગતો પૂરી પાડે છે.

વાર્ષિક ટકાવારી દર એ લોનધારકને એની લોનની રકમ પર ભોગવવો પડતો વાર્ષિક ખર્ચ છે. કેએફએસમાં એપીઆરની એક કમ્પ્યુટેશન શીટ (ખર્ચને લગતી વિગત) અને લોન ચુકવણીના સમયગાળા વિશેનું ટેબલ હશે. લોનધારકને એના પ્રત્યેક પેમેન્ટ માટે એની પાસેથી વસૂલ કરવામાં આવેલા ચાર્જિસની વિગત તેમજ રસીદ તથા સંબંધિત દસ્તાવેજો પણ પૂરા પાડવામાં આવશે. નિયમનકાર બેન્ક કે કંપની કેએફએસમાં દર્શાવ્યા ન હોય એવા કોઈ પણ ચાર્જિસ કે ફી લોનધારક પાસેથી એની સ્પષ્ટ મંજૂરી વગર કોઈ પણ તબક્કે વસૂલ કરી શકશે નહીં.

### કેએફએસ મેળવવાનું મહત્ત્વ

કી ફેક્ટ્સ સ્ટેટમેન્ટમાં ઉલ્લેખ કરાયેલ ઈક્વેટેડ પીરિયોડિક ઈન્સ્ટોલમેન્ટ (ઈપીઆઈ) વિશે પણ જાણી લેવું મહત્ત્વનું છે. કેએફએસમાં દર્શાવવામાં આવનાર મહત્ત્વની બાબતોમાં એક હશે, સમાન સમયાંતરના હપ્તા (ઈપીઆઈ)નો ઉલ્લેખ, જેમાં લોનધારકે લોનની ચુકવણી માટેના પિરિયડની નિશ્ચિત કરાયેલી સંખ્યા વખતના પેમેન્ટની સમાન અને નિશ્ચિત રકમની વિગત હશે.

ઈક્વેટેડ મન્થલી ઈન્સ્ટોલમેન્ટ્સને (ઈએમઆઈ) તરીકે ગણવામાં આવે છે. એ તો સૌ જાણે જ છે કે વ્યક્તિગત લોનધારકો એમની લોનની રકમની માસિક હપ્તાવાર ચુકવણી કરતા હોય છે, (જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

## ટ્રાવેલ સ્ટોરી


કૌશિક ઘેલાણી

# ભારત ને તિબેટ વચ્ચે ઈતિહાસનો ભવ્ય વારસો સાચવીને અડીખમ ઊભેલું કુદરતી વંડરઃ સ્પિતિ

આંખો પર વિશ્વાસ ન બેસે એવા ઉત્તુંગ પહાડો અને ધરતીનાં કેનવાસ પર જાણે કોઈ ખૂબ જ ઉમદા કલાકારે આર્ટવર્ક કર્યું હોય એમ એક સાથે અનેક વાંકાચૂકાં વહેણોમાં વહેતી સ્પિતિ નદી અને એક તરફ પિન નદી, બહુ જ ધ્યાનથી નાનું બાળક દરિયા કિનારે એના કોમળ હાથોથી રેતીનું ઘર બનાવે એ રીતે જ માટીમાંથી સર્જાયેલા ખડકો અને એ બધા જ વચ્ચે આપણા ઝીણકા અમથા અસ્તિત્વનું ભાન થાય એવા સૂક્ષ્મ આપણે કુદરતના વિશાળ સર્જનની વચ્ચે ફરી રહ્યા હોઈએ ત્યારે હિમાલયમાં આવેલી આ ''મિડલ લેન્ડ'' સ્પિતિની સુંદરતાનો એહસાસ થાય અને સાથે કુદરતની મહાનતાનો પણ. સ્પિતિ એ માત્ર સ્થળ નહિ પણ એક એહસાસ છે, એક આધ્યાત્મિક ઊર્જા છે અને જાતને મળવા માટેની એક ક્ષણ છે. શૂન્ય ડિગ્રીથી નીચું તાપમાન હોય છતાં પણ સૂર્યનાં કિરણો દઝાડતાં હોય, પરસેવો ન વળે એ પ્રકારની ગરમી, આંખો પહોંચે ત્યાં સુધી સફેદ વૃક્ષવિહીન ગગનચુંબી માટીનાં ડુંગરાઓ તો વળી ક્યાંક બરફની સફેદ ચાદર ઓઢેલાં પહાડો, દૂર ઊડતી માટીની ડમરીઓ... આ બધી જ વિષમ પરિસ્થતિઓ વચ્ચે લાલ કપડાં પહેરેલાં નિખાલસ હાસ્ય વેરતાં નાનકડા લામાઓને જોઈને એક નવી જ ઊર્જાનો સંચાર થાય એવી આ બૌદ્ધ ભૂમિ પર પગ મુકતા જ જાણે કોઈ નવા જ ગ્રહ પર આવ્યા હોઈએ એવું અનુભવી શકીએ.

અહીંનું નાનકડું નગર કાઝા એ સ્પિતિનું મુખ્ય મથક છે. ૪૨૭૦ મીટરની અધધ ઊંચાઈએ આવેલું કાઝા ખૂબ જ ભાવુક બૌદ્ધ ધર્મ ધરાવતાં માણસોનું નગર છે. સ્પિતિ વેલીમાં કાઝા જ એવું સ્થળ છે જ્યાં પેટ્રોલ, ATM અને જીવન જરૂરિયાતનું માર્કેટ છે. અહીંની માર્કેટમાં આપણે ઘણી બધી લોકલ વસ્તુઓ જેમ કે પ્રેયર માને, નવ ધાતુઓના બનેલા તિબેટિયન પ્રેયરબાઉલ, રંગબેરંગી પ્રેયર ફ્લેગ્સ વગેરે જેવી ઓથેન્ટિક વસ્તુઓ ખરીદીને સ્થાનિક લોકોને રોજગારી આપી શકીએ. કાઝામાં ઘણા એવા હોમસ્ટે અને એક માત્ર હોસ્ટેલ છે જ્યાં સસ્તા દરે રહેવાની સુવિધા અને લોકલ તિબેટિયન ફૂડ મળે છે. અહીંની મોટા ભાગનાં હોમ સ્ટેની વિશેષતા એ છે કે કોઈ પણ રૂમની બારીમાંથી સૂર્યાસ્ત અને સૂર્યોદય સમયે પહાડોમાં રમાતી કુદરતની સોનેરી ચાદર અને વાદળોમાં રંગોનો મેળાવડો જોઈ શકાય. સાંજ ઢળે કે કાઝામાં આવેલી મોનેસ્ટરીમાં ઇવનિંગ પ્રેયરમાં ભાગ લઇ શકાય જે જીવનમાં મેડિટેશનનો એક આગવો અનુભવ રહેશે. અહીંની રાત ઠંડી પણ ક્યારેય ન વિસરી શકાય એવી હોય છે ખાસ તો કૃષ્ણ પક્ષ હોય તો જ્યા નજર કરો ત્યાં સુધી ચમકતા સિતારાઓ તો વળી ક્યાંક ખરતા તારાઓનાં શેરડા, નરી આંખે સ્પષ્ટ રીતે નજર સમક્ષ તરવરતું તેજસ્વી આકાશગંગા, અવનવાં તારામંડળો એ આ નાનકડાં નગરની રાત્રિને દિવસ કરતાં વધુ મહત્ત્વની બનાવે છે.

વહેલા ઊઠીને કાઝાથી સવારે સૂરજની રોશની ધરતીને સ્પર્શે કે કુદરતી નજારાઓને જોવા નીકળી પડવું. સ્પિતિ નદીની આંગળી પકડીને થોડે દૂર સ્પિતિની જાહોજલાલીની ચાડી ખાતી



એકા ખૂબ જ જૂની અને ભવ્ય સભ્યતા અહીંનાં એક નાનકડા એવા ગામડાં ધનકારમાં વસે છે. અહીં આવેલ ધનકારનો કિલ્લો એ એક એવી ઇમારત એટલે કે ઇમારતનું ખંડેર કહી શકાય જેનું અસ્તિત્વ એક સમયે એટલુ સમૃદ્ધ હતું કે આખાયે સ્પિતિની એ સદીઓ સુધી રાજધાની રહી હતી. ધનકારનો કિલ્લો કોઈ પક્ષીનાં માળા જેવી રચના ધરાવે છે જે વિશ્વનાં સહુથી ઊંચા કિલ્લાઓમાંનો એક કિલ્લા છે. કિલ્લાની સાથે સાથે અહીં જૂની મોનેસ્ટરી પણ છે જે આજે જીર્ણ ખંડેર અવસ્થામાં છે અને આજે યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટમાં શામેલ થયા બાદ ભારતીય પુરાતત્ત્વ વિભાગની દેખરેખ હેઠળ છે. મધપૂડા માફક વિશાળ પહાડો પર દેખાતો ધનકાર ફોર્ટ એક સમયે સ્પિતિની જાહોજલાલી હતી. આશરે ૧૨૭૭૪ ફૂટ ઊંચાઈ પર આવેલા સ્પિતિ અને પિન નદીનાં સંગમ સ્થળે હિમાલયનાં પવનો સામે ઝીંક ઝીલીને આજે પણ જિર્ણ અવસ્થામાં ઊભા રહેલા આ અદભૂત સ્થળ સાથે બે ઘડી બેસીને કરેલી ચર્ચાઓમાં એનું અસ્તિત્વ માટીમાં મળી જશે એનું દુઃખ સ્પષ્ટપણે વર્તાઈ આવતું હતું.ધનકાર ફોર્ટ જેટલું અદ્ભૂત સ્થળ મેં આખા સ્પિતીમાં ક્યાય પણ નથી જોયું. ધનકારનો કિલ્લો અને વહેતી સ્પિતિ નદી સાથે ભૂખરા ધૂળિયા પહાડો જોઈને એના અસ્તિત્વ સામે સવાલ થાય કે આવા ધૂળિયા પહાડો અડીખમ કઈ રીતે ઉભા હશે?

ઇતિહાસના પાનાં ફેરવીએ તો સ્પિતિ એક સમયે પશ્ચિમ તિબેટનાં સામ્રાજ્યનો એક હિસ્સો હતો. ૧૧મી સદીનાં તિબેટના શાસકે એના બે દીકરાઓ માટે ઝંસ્કાર અને સ્પિતિ એમ બે વિસ્તારો સ્થાપ્યા જેમાં સ્પિતિ એ સમયે નોનો નામથી ઓળખાતું હતું. અજોડ સુરક્ષાનાં ઘેર વચ્ચે બનેલો ધનકારનો કિલ્લો તેના સ્થાનનાં લીધે જ ભેદવો ખૂબ જ મુશ્કેલ હતો. પિન અને સ્પિતિ નદીની સપાટીથી લગભગ ૧૦૦૦ ફૂટ ઊંચાઈ પર માટીનાં પહાડ પર સ્થિત આ કિલ્લો ઊંચી પહાડીઓ અને વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે પોતાનો ભવ્ય વારસો સાચવીને જીર્ણ અવસ્થામાં પણ અડીખમ ઉભેલો છે. કિલ્લો પાસે આવેલી ધનકાર મોનેસ્ટ્રીમાં કંઈક અલગ જ અનુભવ થાય છે. પહાડોમાં નાની ગુફા જેવું કોતરીને મેડિટેશન રૂમ બનાવેલ હોઈ, એ સ્થળ કંઈક અલગ જ વાઈબ્સ આપે છે. મોનેસ્ટ્રીની આસપાસ કમળના આકારના આઠ પહાડો છે જે માટીથી સર્જાયા છે. એ માટીથી સર્જાયેલાં પહાડો જ ધનકાર કિલ્લાનો મુખ્ય સુરક્ષા ઘેરો બની ગયો. ગામમાં જવાનો એક માત્ર રસ્તો એટલે ધનકારનો કિલ્લો. એ સમયે ફેલાયેલા ૭૫૦૦ સ્કવેર કિમી.ના વગડામાં ફેલાયેલા સામ્રાજ્યને સાચવવા માટે ધનકાર એક માત્ર સ્થળ રાજા માટે બધી જ રીતે યોગ્ય હતું. વેરાન વગડામાં હોવા છતાં આ સ્થળ હિન્દુસ્તાન અને ઓલ્ડ સિલ્ક રૂટ સાથે જોડાયેલું હતું. પશ્ચિમ તિબેટથી આવતા વેપારીઓ મહિનાઓ સુધી બરફ ઓગળે ત્યાં સુધી પ્રતીક્ષા કરતા. અહીંના લોકો મીઠું તથા કિંમતી રત્નો લઈને યાકનાં દૂધનું ચીઝ અને ઊનનો વ્યાપાર કરતા હતા. આશરે ૯૦૦ વર્ષ પહેલા અહીં તિબેટના રાજકુમારનું શાસન હતું. સ્થાનિક લોકો અનુસાર આઠસો વર્ષ જૂનો ધનકારનો કિલ્લો ૭૦નાં દાયકામાં આવેલા ભયંકર ભૂકંપ પછી લગભગ પડી ભાંગ્યો અને ઈમારતનો મુખ્ય હિસ્સો જમીનદોસ્ત થઇ ગયો છતાં પણ માટી, પથ્થર અને લાકડીથી બનેલા એ શાનદાર કિલ્લાનાં ત્રણ માળ ખંડેર અવસ્થામાં આજે પણ યથાવત છે. ધ વર્લ્ડ મોન્યુમેન્ટ ફંડ દ્વારા આ સ્થળ વિશ્વનાં ૧૦૦ સંકટગ્રસ્ત અવસ્થાનાં સ્થળોની યાદીમાં શામેલ કરવામાં આવ્યું છે. કિલ્લાની છત પરથી દૂર દૂર સુધી પિન અને સ્પિતિ નદીનાં પ્રવાહ અને રસ્તાઓને જોઈ શકાય છે. કુદરતની કરામત તો જુઓ, હજારો વર્ષો પહેલા સર્જાયેલા માટીનાં પહાડોને (જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

## પુસ્તકોની દુનિયા

### સ્વસ્થ હૃદયના ધબકારા શી રીતે જાળવશો?




લે. ડૉ. અક્ષય મહેતા કિંમત રૂા. ૨૫૦.૦૦

ખુબજ જાણીતા કાર્ડિયોલોજીસ્ટ અને ૩૦ વર્ષથી વધુ સમયની કારકિર્દીના જાણીતા ડૉ. અક્ષય મહેતાએ હૃદયરોગ વિશેની ખૂબ જ સુંદર સમજણ આપી છે. તેઓએ હાર્ટએટેક એટલે શું? હાર્ટ એટેકના પ્રથમ લક્ષણ શું હોય છે? હાર્ટ એટેકના લક્ષણો વિશે કેટલીક માન્યતાઓ અને ગેરસમજ, કાર્ડિયેક અરેસ્ટ શું હાર્ટ એટેક ટાળી શકાય? હાર્ટ એટેકથી બચવા માટે ત્રણ પગલાં. બ્લડ પ્રેશર વિશે, ઘરેબેઠા બ્લડ પ્રેશર અને ડાયાબીટીશ માપવાની કળા, કોલેસ્ટ્રોલનું કોયડું, આહાર, યોગ, નિંદ્રા, અમુક દવાઓ, ઈલેક્ટ્રો કાર્ડિયોગ્રામ, ટ્રેડમિલ સ્ટ્રેસ ટેસ્ટ, કોરોનરીસિટી, એન્જીયોગ્રાફી, બલુન એન્જીયોપ્લાસ્ટી, હૃદયરોગનો સર્વોત્તમ ઈલાજ શું? બાયપાસ પછી શું? જેવા વિષયોને લઈને માર્ગદર્શન આ પુસ્તકમાંથી આપને મળી જશે.

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, દવા બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨. મો.: ૯૮૨૧૧૪૬૦૩૪

### જડે તો જડીબુટ્ટી





લે. ડૉ. મલ્લિકા ઠક્કુર
કિંમત રૂા. ૪૫૦.૦૦
દ્વિતી આવૃત્તિ - પેજ : ૪૦૦

આ પુસ્તકમાં નાનાં નાનાં ઘરગથ્થુ આયુર્વેદિક નુસખા બતાવવામાં આવ્યા છે. લગભગ ૪૦૦ વનસ્પતિ તથા ઘરમાં રહેલા મરી મસાલા આપણા રોગોમાં કઈ રીતે ઉપયોગમાં આવી શકે તે પ્રયોગો સાથે બતાડવામાં આવ્યા છે. દા.ત. મીઠુ, સાકર, અખરોટ, અજમો, આદુ જેવી ઘરની બધી વસ્તુઓ લઈને કયા રોગમાં કયો પ્રયોગ કરીને દર્દ મટાડી શકાય તેનું વર્ણન કરવામાં આવ્યું છે. દા.ત. અપચો, અનિદ્રા, આધાશીશી, આંખના રોગોનાં જુદા જુદા ઉપાયો આંતરડાના રોગોનાં જુદા જુદા પ્રયોગો ઉલટી, કબજિયાત, કફ, કમળો, કમરનાં દર્દો, ખરતા વાળ, ચામડીના રોગો, તાવ, પગમાં સોજા, પાચન, પેટનાં રોગો, મરડો, મધુપ્રમેહ, મોમાં ચાંદા, લિવરના દર્દો, શરદી, સંધિવા, સોજા, હરસ, હૃદયરોગ જેવા અનેક રોગોના ઉપચારોની સમજણ આપી છે. આ પુસ્તકમાં રોગની સમજણ સાથે જડીબુટ્ટીઓની સમજણ સાથે તેના પ્રયોગો આપેલા છે.

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, દવા બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨. મો.: ૯૮૨૧૧૪૬૦૩૪


### આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંત




લે. આનંદમૂર્તિ ગુરૂમા
કિંમત રૂા. ૩૦૦.૦૦
પેજ : ૨૫૦

આ પુસ્તકના માધ્યમથી એક એવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે વધુમાં લોકો સુધી આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતોને પહોંચાડી શકાય. આ પુસ્તક આયુર્વેદનાં આધારભૂત તત્ત્વો, ઉત્તમ સ્વાસ્થનો વાસ્તવિક અર્થ શું અને કઈ રીતે કાયમ રાખી શકાય છે. રોગ થવાનાં કારણો શું છે અને કઈ રીતે સાધારણ ઘરેલું ઉપચાર દ્વારા પરચુરણ બીમારીઓથી છુટકારો મેળવી શકાય છે. શરીરનાં રોગો જેમાં વાત, પિત્ત, કફ ત્રિદોષોનો ઉપચાર પંચકર્મ ચિકિત્સા પ્રકૃતિ, લક્ષણ, આસન અને સજાગતા જેવા અનેક વિષયોને લઈને ખુબજ સરળ ભાષામાં સમજણ આપવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, દવા બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨. મો.: ૯૮૨૧૧૪૬૦૩૪







**ડો. મનુ કોઠારી તથા ડો. લોપા મહેતાનાં ખૂબ જાણીતા પુસ્તકો**

**૧) કેન્સર કેટલીક ભ્રમણા કેટલુંક સત્ય,** કિંમત રૂા. ૩૦૦.૦૦

**૨) હૃદયરોગ કેટલીક ભ્રમણા કેટલુંક સત્ય,** કિંમત રૂા. ૩૫૦.૦૦

કેન્સર પુસ્તકમાં કેન્સર સાહજિક કરણ આધારિત નહીં, કેન્સરના ઉપચાર વિસેના કેટલાક સિદ્ધાંત, કેન્સરની કાળજી અનિવાર્ય, કેન્સર વિરુદ્ધ પ્રતિકારક શક્તિ, કેન્સરને સમજીએ, કેન્સરને સદ્ભાવથી સમજો જેવા અનેક વિષયોની સમજણ ખૂબ જ સચોટ અને સરળભાષામાં આપી છે.

હૃદયરોગ પુસ્તકમાં હૃદયરોગમાં વપરાતી સામાન્ય પરિભાષા, પાયાની સમજ, કારણ, નિદાન, અર્થશાસ્ત્ર, સમીક્ષા, સૂચનો, ઉપચાર અને ઉપાયો જેવા અનેક વિષયોની છણાવટ કરવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, દવા બજાર, મુંબઈ - ૨. મો.: ૯૮૨૧૧૪૬૦૩૪

feedback@bombaysamachar.com
સુખનો પાસવર્ડ
આશુ પટેલ

# આજ ફિર જિને કી તમન્ના હૈ.!

## અમેરિકન લેખિકા પર્લ બકની સંઘર્ષથી સફળતા સુધીની જીવનસફર

૧૮૯૨ના જૂન મહિનાની ૨૬ તારીખે અમેરિકાના પશ્ચિમ વર્જિનિયાના હિલ્સબરોમાં એક છોકરીનો જન્મ થયો. એ છોકરીનું નામ માતા-પિતાએ પર્લ પાડ્યું. પૂરું નામ હતું પર્લ કમ્ફર્ટ સાયડેનસ્ટ્રીકર. તેનાં માતા-પિતા અમેરિકન હતાં, પણ એ ચીનમાં મિશનરી તરીકે કામ કરતાં હતાં.

ચાઈનીઝ લોકોને ખ્રિસ્તી ધર્મ તરફ વાળવા માટે (સીધી અને સરળ ભાષામાં કહીએ તો, ધર્મ પરિવર્તન કરાવવા માટે) એમની વચ્ચે રહેતાં હતાં.

પર્લનાં માતા-પિતા ચાઈનીઝ પોશાક પહેરતા અને એમની રહેણીકરણી ચાઈનીઝ લોકો જેવી જ હતી.

પર્લનો જન્મ થયો ત્યારે માતા અમેરિકા હતી, કારણ કે પર્લનાં માતા-પિતાએ નક્કી કર્યું હતું કે આપણે આપણાં સંતાનને અમેરિકામાં જ જન્મ આપીશું. પર્લ પાંચ મહિનાની થઈ પછી જ માતા-પિતા એને ચીન લઈ ગયાં. એ વખતે ઝેનજીયાનમાં રહેતાં હતાં. પર્લનો ઉછેર ચીનમાં જ થયો એટલે એ માતૃભાષા અંગ્રેજી શીખતાં પહેલાં જ ચીની ભાષા બોલતી થઈ ગઈ હતી.

પર્લ આઠ વર્ષની હતી ત્યારે ૧૯૦૦ના વર્ષમાં ચાઇનીઝ લોકો દ્વારા વિદેશી લોકો વિરુદ્ધ આક્રોશ ઠાલવતો બળવો (જે ‘બોક્સર બળવા’ તરીકે દુનિયાભરમાં જાણીતો થયો હતો) થયો. એટલે માતા-પિતાએ ઝેનજીયાનથી જીવ બચાવીને શાંઘાઈ નાસી જવું પડ્યું. પર્લનાં માતા-પિતાએ પર્લને ભણવા માટે અમેરિકા મોકલી દીધી. પર્લે અમેરિકામાં ગ્રેજ્યુએશન કર્યું અને ૧૯૧૪માં તે ફરી ચીન પરત આવી. એણે પણ માતા-પિતાની જેમ જ મિશનરી બનવાનું પસંદ કર્યું.

૧૯૧૭માં અમેરિકન મિશનરી જોહન લોસિંગ બક્સ સાથે પર્લનાં લગ્ન થયાં. એ સમયમાં પર્લ ફરી નાનજિંગ રહેવા ચાલી ગઈ હતી. પર્લનું લગ્નજીવન બહુ જ અશાંત હતું લગ્નજીવનમાં પારાવાર મુશ્કેલીઓ સહન કરવી પડી હતી. ૧૯૨૭નાં વર્ષમાં ચીની ક્રાંતિકારીઓએ નાનજિંગ પર હુમલો કરીને વિદેશીઓને લૂંટીને મારી નાખવાનું શરૂ કર્યું.

પર્લ અને એનાં સંતાનો પર પણ જોખમ તોળાઈ રહ્યું હતું. એ વખતે પર્લની એક ચાઈનીઝ બહેનપણી મદદે આવી. પર્લને અને બાળકોને પોતાના ઘરમાં છુપાવી લીધાં. એ વખતે ખૂબ જોખમો ઉઠાવીને પર્લ પોતાનાં બાળકો સાથે એક અમેરિકન જહાજ પર પહોંચી અને ચીનથી નાસીને એણે જાપાનમાં આશ્રય મેળવ્યો.



પર્લની એક દીકરી કેરોલ સ્પેશિયલ ચાઈલ્ડ હતી એટલે કે એનો વિકાસ અન્ય બાળકોની જેમ થયો નહોતો. એ માનસિક - શારીરિક અક્ષમ હતી. કેરોલની સંભાળ માટે અને પોતાનું ગુજરાન ચલાવવા માટે પર્લને પૈસાની જરૂર હતી. પર્લે કલમ ઉઠાવી અને નવલકથા લખવાનું શરૂ કર્યું.

જો કે કોઈ લેખક લખવાનું શરૂ કરે એ સાથે કંઈ તરત જ તેને પ્રકાશક મળી ન જાય. પર્લે પણ પ્રકાશક શોધવા માટે મથવું પડ્યું. ખૂબ કોશિશ પછી એક પ્રકાશન સંસ્થાએ એની સાથે કરાર કર્યો. એ પ્રકાશન સંસ્થા માટે પર્લે એક પુસ્તક લખ્યું.

એ પુસ્તક બહુ ચાલ્યું નહીં, પરંતુ એ પછી તેણે બીજું પુસ્તક લખ્યું ‘ધ ગુડ અર્થ’. એ પુસ્તક બેસ્ટ સેલર બન્યું. અને પર્લની આર્થિક તકલીફ દૂર થઈ. એ પછી તો એ પુસ્તકનાં અનેક ભાષામાં અનુવાદ થયાં. ત્યાર બાદ ૧૯૩૨માં પર્લને અમેરિકાનું પ્રતિષ્ઠિત ‘પુલિઝર પ્રાઈઝ’ મળ્યું એટલે દુનિયાભરના લોકો તેને પર્લ બક તરીકે ઓળખતા થઈ ગયા.

યસ, આ વાત છે જગમશહૂર લેખિકા પર્લ બકની. જે ૧૯૩૮ના વર્ષમાં સાહિત્યકાર તરીકે નોબલ પારિતોષિક વિજેતા બન્યાં હતાં.

એમણે નવલકથાઓ ઉપરાંત નવલિકાઓ, નિબંધો, જીવનચરિત્રો સહિત સાહિત્યનાં કેટલાય પ્રકારોમાં ખેડાણ કર્યું. નવલકથાકાર તરીકે દુનિયાભરમાં નામના મળી. પર્લે એંસી પુસ્તકો લખ્યાં એમાંનાં કેટલાંક પુસ્તકો જહોન સેજિસ’ના ઉપનામે લખ્યાં. લેખન એમના માટે જીવન બની ગયું હતું.

પર્લે ૧૯૩૫ના વર્ષમાં પ્રથમ પતિ જોન બકથી છૂટાછેડા લઈ લીધા અને એ જ દિવસે રિચાર્ડ જોન વોલ્શ સાથે લગ્ન કરી લીધાં. બીજાં લગ્ન પછી એમનું જીવન સરળ બન્યું અને એમણે નવીનવી પ્રવૃત્તિઓ શરૂ કરી.

પર્લ બકનો દ્રષ્ટિકોણ ઉદાર માનવતાવાદી હતો. એ માનતા હતા કે વંશભેદ, વર્ણ ભેદ, નાતિ ભેદ એવા બધા ભેદોને વટાવીને માણસોએ વિશાળ વિશ્વ કુટુંબના અંશ તરીકે જીવવું જોઈએ.

એમને લાગ્યું કે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે કોઈ સેતુ બનાવવો જોઈએ એટલે એમણે ‘ઈસ્ટ એન્ડ વેસ્ટ એસોસિએશન’ નામની એક સંસ્થા શરૂ કરી, પરંતુ એ સમયમાં અમેરિકા બીજા વિશ્વ યુદ્ધમાં જોડાયું એટલે એ સંસ્થા પડી ભાંગી. જો કે પર્લ એનાથી નિરાશ ન થયાં.

એમણે અમેરિકન સૈનિકોની એશિયન પત્નીઓનાં બાળકોને અમેરિકન કુટુંબમાં દત્તક લઈને અમેરિકામાં વસાવવા માટે એક બીજી સંસ્થાની સ્થાપના કરી , જેનું નામ તેમણે વેલકમ હાઉસ’ રાખ્યું. એમણે પોતે પણ નવ બાળકોને દત્તક લીધાં. આવાં બાળકોને એમના પોતાના જ દેશમાં સહારો અને આશ્રય મળી રહે તેવા હેતુથી તેમણે ‘પર્લ એસ બક ફાઉન્ડેશન’ નામની એક સંસ્થાની પણ સ્થાપના કરી.

પર્લ બકને જીવન દરમિયાન અકલ્પ્ય સફળતા મળી. જો કે, એમની બે ઇચ્છા અધૂરી રહી ગઈ હતી. એ મૃત્યુપર્યંત ચીન પ્રત્યે લાગણી ધરાવતાં હતાં. એ ફરી એક વાર ચીનની મુલાકાત લેવા ઇચ્છતાં હતાં, પરંતુ ચાઈનીઝ સરકારે ચીનની મુલાકાત માટે મંજૂરી આપી ન હતી. એ સિવાય એમની અન્ય એક ઇચ્છા પણ અધૂરી રહી ગઈ. જીવનના અંતિમ દિવસોમાં ‘ધ ગુડ અર્થ’નાં પાત્રોના વંશજોની કથા ‘ધ રેડ અર્થ’ લખી રહ્યાં હતાં, પરંતુ તે પૂરી ન થઈ શકી. ૧૯૭૩ના માર્ચ મહિનાની છઠ્ઠી તારીખે વરમોન્ટમાં એંસી વર્ષની ઉંમરે છેલ્લો શ્વાસ લઈ લીધો.

પર્લ બકનું નામ ન સાંભળ્યું હોય એવા વાચકો માટે એક રસપ્રદ.

૧૯૬૫માં દેવ આનંદે વિખ્યાત ભારતીય લેખક આર.કે. નારાયણની નવલકથા પરથી ‘ગાઈડ’ ફિલ્મ બનાવી હતી. એ ફિલ્મનું દિગ્દર્શન દેવ આનંદના ભાઈ વિજય આનંદે કર્યું હતું. અને એ ફિલ્મમાં દેવ આનંદની સાથે નાયિકા તરીકે ઉત્કૃષ્ટ અભિનેત્રી વહિદા રહેમાને અભિનય કર્યો હતો. એ ફિલ્મ ભારતમાં સુપરહિટ સાબિત થઈ હતી. એ ફિલ્મ અંગ્રેજીમાં પણ બની હતી. એ ફિલ્મ અંગ્રેજીમાં પર્લ બકે લખી હતી (પર્લ બકે ભારતને કેન્દ્રમાં રાખીને પણ એક નવલકથા લખી હતી, જેનું નામ હતું, ‘કમ માય બિલવેડ’).

જો કે અંગ્રેજીમાં બનેલી એ ફિલ્મ અમેરિકામાં બોક્સ ઓફિસ પર બહુ ખરાબ રીતે પિટાઈ ગઈ હતી. અંગ્રેજી ભાષામાં બનેલી ‘ગાઈડ’માં પણ હિરોઈન તરીકે વહિદા રહેમાનને તક આપવાનો આગ્રહ દેવ આનંદે રાખ્યો હતો, પરંતુ અંગ્રેજી ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક ટેડ ડેનિયલેવ્સકીએ એમની એ વાત માની ન હતી. ‘ગાઈડ’ ફિલ્મનાં તમામ ગીતો ખૂબ લોકપ્રિય સાબિત થયાં એમાંના એક ગીતને તો અપ્રતિમ સફળતા મળી હતી. એ ગીત એટલે ‘આજ ફિર જીને કી તમન્ના હૈ...’

પર્લ બકે જીવન દરમિયાન ઘણી તકલીફો વેઠી એમ છતાં એમનાં જીવનને એ ગીત બરાબર બંધબેસતું છે! ■

feedback@bombaysamachar.com
ટૅક વ્યૂહ
વિરલ રાઠોડ

# વોટ્સએપઃ અપડેટ ને આવિષ્કાર પછી અલવિદા?



**સોશિયલ** મીડિયા મેસેજિંગ એપ્લિકેશન- વોટ્સએપની સત્તાવાર વ્યાખ્યા આપવાની જરૂર નથી. આ એપ્લિકેશન એટલી હાથવગી છે કે, એમાં નવું શું છે એના પર જ લોકોની ચર્ચા હોય છે. એ પછી સામેથી કોઈએ મોકલેલ મેસેજ હોય કે એની અપડેટ. આપણે સૌ આ એપ્લિકેશનથી એવી રીતે કનેક્ટ થયા છીએ કે, લાખો લોકોના બિઝનેસ અને સોલ્યુશન આ એપ્લિકેશન પર ચાલે છે. એવામાં હવે બીટા વર્ઝનમાં AI નું ટુલ્સ આવતા ડેટા શેરિંગ અને સેવિંગ ઘણું સરળ બની રહ્યું છે. સૌથી મોટી તેમજ ખાસ વાત એ છે કે, ઉપયોગી મેસેજ પોતાના જ નંબર મોકલી દેવાથી એ થ્રેડ ઓટોમેટિક સેવ થાય છે, પણ જેટલી પોપ્યુલર આ એપ્લિકેશન છે એટલા જ મોટા ડખા એની કંપની મેટા’ના છે.

એકને ખીર ને બીજાને માત્ર ખાખરો જેવી સ્થિત ઊભી કરીને કંપનીએ તો મૌન સેવી લીધું. મૂળ વાત એ છે કે, બીટા વર્ઝનમાં AI આપીને પક્ષપાત કર્યો હોવાનું યુઝર્સ કહે છે. માત્ર સર્ચબટન ઉપર આપી દેવાથી જશ ન ખાટી લેવાય. બીજી તરફ કાયદાકીય રીતે પણ કંપનીને કાંટા લાગ્યા છે. દિલ્હી હાઈકોર્ટમાં એક કેસની સુનાવણીમાં ત્યાં સુધી દીધું કે, કંપની ભારત છોડવા પર મજબૂર થઈ જશે. વોટ્સએપ અને મેટા’એ ભારત સરકારના નવા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ સામે દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી છે. જેની કલમ અંતર્ગત હવે સોશિયલ મીડિયા કંપનીએ કોઈ મેસેજ ક્યાંથી આવ્યો અને પહેલા કોણે મોકલ્યો એની ઓળખ કરવી પડશે. જેની સામે વોટ્સએપ કંપનીએ કહ્યું કે, આ વસ્તુ અયોગ્ય છે. જે કંપનીઓ આ કલમને સ્વીકારવા માગતી નથી એની સામે કોઈ કાયદાકીય પગલાં ન લેવામાં આવે. હવે જો કંપની મેસેજ લખનાર અને મોકલનારની ઓળખ કરે છે તો એનું ડબલ એન્ક્રિપ્શન ફીચર (એક પ્રકારની સિક્યોરિટી વ્યવસ્થા) ખતમ થઈ જશે. હવે જો આની સામે ફરજિયાતપણું આવ્યું તો કંપની પોતાની સર્વિસ ભારતમાં બંધ કરી દેશે.

હવે મેસેજ અને પ્રોફાઈલ સિક્યોરિટી એ વ્યક્તિની સિક્રસી સાથે જોડાયેલો મુદ્દો છે. આની સામે સરકારનો મુદ્દો પણ સમજવા જેવો છે. આવું કરવા પાછળનો સરકારનો હેતું ફેક ન્યૂઝ પર લગામ ખેંચવાનો છે. અફવાઓને અટકાવવાનો છે. આ બધા કાયદાકીય ચડાવ-ઉતાર વચ્ચે વોટ્સએપે ઘણું અપડેશન આપી દીધું છે. AI ની મદદથી હવે માત્ર ટેક્સ્ટ મેસેજ કરો એટલે AI ઈમેજ રેડી થઈ જાય છે. આ ઉપરાંત સર્ચમાં પણ AI ટુલ્સ આવી રહ્યું છે. ઉપરાંત ગ્રૂપમાં સર્ચ કરવા માટે અલગથી ફીચર ઈન્ટ્રોડ્યુસ થશે. આ સિવાય કોઈ ચોક્કસ વ્યક્તિની ચેટને લોક પણ કરી શકાશે. જો કે, બીટા પ્લેટફોર્મ પર આ વસ્તુઓના ડેમો પણ મળી રહે છે. કંપનીના એક રિપોર્ટમાંથી વાત એવી પણ મળી રહી છે કે, ફેસબુકની સાથે હવે ઈન્સ્ટાગ્રામ ઉપર પણ સરળતાથી સ્ટોરીને શેર કરી શકાશે. કંપની મલ્ટિમીડિયામાં તો એવા ફેરફાર કરી રહી છે કે, ડીએસએલઆર કેમેરાનો ફોટો સીધો જ કોઈ ગ્રૂપમાં શેર કરી શકાય. ટૂંકમાં શેરિંગની ક્ષમતા વધારવાનો કંપનીનો અચૂક પ્રયાસ છે. પણ AI માં કંપનીએ કોઈ વિવાદમાંથી બચવા માટે પોલિટિકલ કોન્ટેટ બ્લોક કરી દીધા છે. જેના જવાબમાં AI કોઈ પ્રકારનો જવાબ દેતું નથી. હા, નવા નવા ફોટોની મજા માણવી હોય તો આ બેસ્ટ છે. એક વાત એ કે, આ ફોટો પાછા ઓટોમેટિકલી ફોનમાં કોઈ રીતે સેવ થતા નથી. જ્યારે વેબ વોસ્ટએપ પર આ ફીચર્સ તો દેખાતું જ નથી. એ છે ઓન્લી ફોર મોબાઈલ.

વેબને લઈને પણ કંપની કંઈક મોટું કરવાની છે. જેમાં વાવડ એવા પણ છે કે, એક જ સ્ક્રીન પર ત્રણથી (જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com
શરદ જોશી સ્પીકિંગ
ભાવાનુવાદઃ સંજય છેલ

# મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ?

એક નાના શહેર અને મહાનગર મુંબઈ વચ્ચે એક મોટો ફરક એ છે કે મુંબઈમાં કામ પૂરું થઈ ગયા પછી અહીં કોઈ કોઈને પૂછતું નથી. આજે જે ગાયક, ખેલાડી કે અભિનેતાની પાછળ મુંબઈવાળાઓ ગાંડાની જેમ દોડે છે, એમનો સમય પૂરો થઈ ગયા પછી એ બધા ક્યાં અને કેવી હાલતમાં જીવન જીવી રહ્યા છે એની ન તો કોઈને ખબર હોય છે અને ન તો કોઈને ચિંતા! આ શહેરમાં જો કોઈ માણસ કોઇનું કામનું નથી, તો તમે એ સમજી લો કે એ માણસ શહેર માટે મરી ચૂક્યો છે. અહીં જૂના ફિલ્મ સ્ટાર્સ એમની જૂની યાદોને સંભળાવવા માટે તરસે છે, પણ કોઈ એમને સાંભળવા માટે મળતું નથી. એટલે એમના માટે આખા જીવનમાં નિરાશા છવાઇ ગઈ. અહીંયાં વરસોથી રોજેરોજ આવું જ થાય છે. ધારો કે તમે કોઈ ફિલ્મમાં ડાયલોગ લખી રહ્યા છો. તમે લખેલા ડાયલોગનો છેલ્લો કાગળ હાથમાં આવ્યા પછી નિર્માતા, નિર્દેશક તમારા ઘરનું સરનામું ભૂલી જાય છે, ફોન નંબર ભૂલી જાય છે અને ડબિંગ પૂરું થયા પછી જે હીરો-હિરોઈનના ઘરનાં ચક્કર લગાવતા એ લોકો થાકતા નહોતા , હવે એ બધાં એમનાં ઘરની તરફ જોતા પણ નથી. એક જૂના જમાનાનો સુપરસ્ટાર અભિનેતા મને અફસોસ કરીને કહી રહ્યા હતા કે એક સમયે મારા જન્મદિવસ પર



એટલા બધા ગુલદસ્તા આવતા કે આખું ઘર ફૂલોથી ભરાઈ જતું. આજે કોઈ અભિનંદન આપવા માટે એક ફોન પણ કરતું નથી.

આપણાં ધંધાડું શહેરો આ બાબતમાં બહુ નિર્દય હોય છે. ત્યાં આત્મિયતા કે લાગણીનાં સમીકરણો સતત બદલાતાં રહે છે. આજે જે માણસ પોતાની ગરજને લીધે તમને ખાવાનું ખવડાવે છે, એ કાલે પાણીનાં ગ્લાસ માટે પણ પૂછતો નથી. અહીં તમે માત્ર બે જ સ્થિતિમાં જીવી શકો છો. એક માલિકની અને બીજી મજૂરની! આ સિવાય કોઈ પણ પ્રકારના માનવીય સંબંધની કલ્પના કરવી એક મૂર્ખતાભરી કલ્પનામાં રાચીને જીવવા જેવું છે. એ લોકો ખરેખર ધન્ય છે, જેઓ હજી યે આ જમાનામાં પારિવારિક સંબંધોને જીવતા રાખે છે. અહીં સમય કે કાળ, માણસ અને માનવતા બંનેને ખાઈ જાય છે. બસ સ્વાર્થ બાકી રહે છે અને સંબંધો ધીમે ધીમે મરી જાય છે. પછી તો એ જ રાગ : મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ?

છેલ્લાં ૩-૪ વરસથી હું જોઈ રહ્યો છું કે મુંબઈના લોકો વરસાદી મોસમમાં વરસાદથી હંમેશા નારાજ રહે છે, અને અતિવૃષ્ટિ પર સદા યે ગુસ્સે થયે રાખે છે. આ પહેલા પણ ગયાં બે વરસે ઘણો વરસાદ પડ્યો હતો અને એટલું પાણી ભરાઈ ગયું હતું કે મુંબઈ, જાણે બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. પણ ત્યારે કોઈ ગુસ્સે નહોતું થયું. ત્યારે જે તળાવમાં પીવાનું પાણી વરસાદથી ભરાય છે, એ ખાલી હતું અને મુંબઇને વરસાદની ખૂબ ગરજ હતી. જે રીતે ફિલ્મનું ગીત લખાવતાં પહેલાં ફિલ્મનો નિર્માતા, ગીતકારના બધા નખરાં સહન કરે છે, એ જ રીતે પીવાનું પાણી મળે ત્યાં સુધી મુંબઈને વરસાદના બધા અત્યાચારો માન્ય હતા, પણ તળાવમાં એક વાર પાણી ભરાઇ ગયું એટલે વરસાદના અત્યાચારો સહન કરવાની પછી જરૂર નથી રહેતી. જરૂરિયાત જેટલું પાણી ભરાઈ ગયું છે, શહેરની ગંદકીની સફાઇ માટે આખું વર્ષ રાહ જોઇએ છીએ એ બધું પાણીથી ધોવાઈ ગયેલું. પછી પાણીની શું જરૂર? તો પછી, અરે ભાઈ ઓ વાદળ, ચલો આગળ વધો, આમ અમને હેરાન ન કરો! હવે ઓ વાદળો, હવે અહીયાં કેમ ઊભા છો? અમને આવવા જવામાં તકલીફ પડે છે. જાવ, જાવ, હવે આવતા વર્ષે આવજો, હોં... માણસ માણસ વચ્ચેના સંબંધમાં જે સ્વાર્થ છે, એ જ સ્વાર્થ અહીંયાં માણસ ને પ્રકૃતિના સંબંધમાં છે. કામ પૂરું થઈ ગયા પછી કોઈ કોઈને પૂછતું નથી. એ જ રીતે દર વરસે લોકો, પાણી મળ્યા પછી કહે છે : ચાલો વાદળ નીકળો અહીંયાથી.. તમારું કામ પૂરું થઈ ગયું છે. હવે મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ?...ને આ મુંબઈ શહેરમાં આમ પણ બહારનાઓની હવે ક્યાં જરૂર છે? ■

feedback@bombaysamachar.com
કારકિદી માર્ગદર્શન
વ્રજ પટેલ

## CUSTOMS, INCOME TAX, GST, CBI, ED વિભાગમાં કોલેજમાં ભણવાનું ચાલુ રાખીને મહિને રૂ ૫૦,૦૦૦નો પગાર મેળવો.

વર્તમાન સમયમાં માત્ર એકાદ ડિગ્રી મેળવી લેવાથી સારા પગારની નોકરી મળતી નથી. હાલ SSC પાસ FYJC, SYJC, HSCમાં માં કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ ભારત સરકારના વિભાગો જેવા કે કસ્ટમ્સ, ઇન્કમટેક્સ, GST, CBI, DRI, ED ફોરેન એક્ષચેન્જ, નારકોટીક્સ તથા બીજા મંત્રાલયોમાં ડિગ્રી ના મેળવી હોય તો પણ નોકરી માટે પ્રયત્ન કરી શકે છે. વિધવા, ત્યકતા, તથા જ્યુડિસિયલી સેપરેટેડ સ્ત્રીઓ પણ અરજી કરી શકે છે.

આ પરીક્ષામાં પાસ થવાથી મહિને રૂપિયા ૫૦,૦૦૦ જેટલો પગાર મળશે. અને જો ટીવાયમાં ભણતા હોય અથવા કોઈપણ ડિગ્રી ધરાવતા હોય તો ઈન્સ્પેક્ટર, ઓફિસરની પોસ્ટ માટે પણ અરજી કરી શકો છો. અને તેમાં પાસ થવાથી મહિને રૂપિયા ૯૦,૦૦૦થી રૂપિયા ૧,૦૦,૦૦૦ જેટલો પગાર મળી શકે છે. ઉપરના બધાજ સરકારી વિભાગોની પરીક્ષાના વિષયો, તેનો અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ એક સરખી હોવાથી CUSTOMS, INCOME TAX, GST, CBI, ED પરીક્ષાની તૈયારી કરવાથી તેના આધારે બીજી સરકારી પરીક્ષાઓ આપી શકે છે.

આ પરીક્ષાની વધારે માહિતી, માર્ગદર્શન માટે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન IAS એકેડમી દ્વારા દરરોજ બપોરે ૪ વાગે નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. અરજી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના ફોટા અને આધાર કાર્ડની ઝેરોક્સ સાથે ફાઉન્ડેશનની લાઈબ્રેરીમાં સંપર્ક કરવો. અરજી કરવાની છેલ્લી તારીખ ૦૮/૦૫/૨૦૨૪ છે.

મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ એકેડમી, પામ વ્યુ, ‘‘એ’’ વિંગ, પહેલા માળે, સ્વામી નારાયણ મંદિર પાસે, લખમશી નપ્પુ રોડ, દાદર પૂર્વ, મુંબઈ ૧૪. ■

feedback@bombaysamachar.com
સાહબ બાથરુમ મેં હૈ
આશકરણ અટલ

# સંબંધોના પ્રકાર


સંબંધો વગર જિંદગી ચાલી શકતી નથી અને તેથી જ આ સંબંધો આપણી દુનિયામાં પણ હોય છે અને ફિલ્મોની દુનિયામાં પણ સંબંધો હોય છે. બંને પ્રકારના સંબંધોની તુલના કરવામાં આવે તો એવું લાગે છે કે ફિલ્મોમાં દેખાડવામાં આવતા સંબંધો સામે આપણા વાસ્તવિક સંબંધો સાવ ટૂચ્ચા પડે છે. આવો આપણે કેટલાક ફિલ્મી સંબંધોના પ્રકારો વિશેની જાણકારી મેળવીએ..

## પોતાના માણસને ગોળી મારનારો સરદાર

‘સરદાર, મેં તમારું નમક ખાધું છે.’

‘તો હવે ગોળી ખા.’

ધાંય! ધાંય! ધાંય! સરદારે પોતાના ત્રણ માણસોને ગોળી મારીને ખતમ કરી નાખ્યા. બિચારાઓએ આખી જિંદગી પોતાના સરકારની સેવા કરી, જી-હજુરી કરી. એક દિવસ એક નાની ભૂલ કરી એટલે સરદારે તેને મોતને ઘાટ ઉતારી દીધા. સારો સંબંધ નિભાવ્યો યાર! અનેરો સનકી સરદાર છે. આ લોકો તમારી સાથે પનારો પાડે છે કેવી રીતે? કોઈ દિવસે કોઈ વ્યક્તિ તમને ઊંઘમાં ગોળી મારી દેશે તો? આવી રીતે રોજ ત્રણ -ત્રણ વ્યક્તિને મારતા રહેશો તો અઠવાડિયામાં તો બધા લોકો મરણને શરણ થઈ જશે. આખરે તમારી પાસે છે કેટલી મોટી ફોજ.



## માનો પ્રેમ આપનારો પિતા

ફિલ્મોની દુનિયામાં એક માથાભારે દીકરી હોય છે અને આ દીકરી જ્યારે પોતાના પિતાની વાત નથી સાંભળતી ત્યારે તેનો પિતા એક ડાયલોગ કાયમ બોલતો હોય છે કે ‘દીકરી, તારી માતા તું નાની હતી ત્યારે જ આપણને છોડીને દુનિયાથી જતી રહી હતી. મેં તને મા અને બાપ બંનેનો પ્રેમ આપીને મોટી કરી છે.’ પોતાની જુવાની ખરાબ કરી ચૂકેલો પિતા પોતાની વૃદ્ધાવસ્થામાં પસ્તાઈ રહ્યો હોય એવા દશ્યનો દર્શકો પર ઘણો પ્રભાવ પડતો હતો. આવા અભિશાપિત પિતાની ભૂમિકા ભજવવા માટે સ્વ. નઝીર હુસેન એક આદર્શ કલાકાર હતા. તેઓ પોતાની મોટા ભાગની ફિલ્મોમાં આ જ ડાયલોગ બોલવા માટે અભિશાપિત થઈ ગયા હતા. તેઓ દરેક ફિલ્મમાં પોતાની એકમાત્ર દીકરીને મા અને પિતા બંનેનો પ્રેમ આપ્યો હતો અને કાયમ સદાબહાર રંડાયેલા રહ્યા હતા. ■



- શબ્દાંકનઃ વિપુલ વૈદ્ય

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહારાષ્ટ્રમાં ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી નીતિ, ઉદ્યોગો આવતાં પ્રગતિ થશેઃ એકનાથ શિંદે

## દેશને મહાસત્તા બનાવવા માટે વોટ આપો મુખ્યમંત્રી એકનાથ શિંદેની યુવાનોને અપીલ

હાતકણંગલેઃ મહારાષ્ટ્ર સરકારે ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી નીતિ અપનાવી છે અને તેને કારણે દાવોસમાં રૂ. ૩.૭૩ લાખ કરોડના રોકાણ રાજ્યમાં લાવવાની સફળતા મળી છે. ઉદ્યોગોને રેડ કાર્પેટ અપાય છે, સિંગલ વિન્ડો ક્લિયરન્સ અપાય છે, સબ્સિડી આપીએ છે. હિમાચલ પ્રદેશ અને ગોવામાં જઈ રહેલા ફાર્મા ઉદ્યોગો રાજ્યમાં આવે તે માટે કામ કરવામાં આવશે. ગઢચિરોલી જેવા જિલ્લામાં સ્ટાર્ટઅપ ઈનોવેશન હબ ટાટાની સાથે શરૂ કરવામાં આવ્યું છે. ઈન્વેનશન ઈનોવેશન અને ઈનક્યુબેશન શરૂ થયું છે. ગઢચિરોલીમાં દરવર્ષે પાંચ હજાર યુવાનોને રોજગાર મળશે. આગામી દિવસોમાં રિસર્ચ અને પ્રોડક્શનની જરૂર પડશે અને તેને કારણે રોજગાર નિર્માણ થશે. આપણે આખી દુનિયા સાથે સ્પર્ધા કરવાની છે, એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ યુવાનોને સંબોધતાં કહ્યું હતું.

બ્રેઈન ડ્રેઈનની સમસ્યા અત્યારની નથી, ઘણી જૂની છે. અહીંથી શિક્ષણ મેળવીને વિદેશમાં જતા રહે છે તેના પર સરકારના પગલાં અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે આપણા દેશમાં શિક્ષણ મેળવીને અહીં જ તેમને કામ મળે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની ડબલ એન્જિન સરકાર યોજના ઘડી રહી છે અને આગામી દિવસોમાં દેશમાં જ લોકોને રોજગાર મળશે અને વિદેશમાં જવાની જરૂર પડશે નહીં.

લોકસભાની આ ચૂંટણી દેશના વિકાસ, દેશભક્તિ, પ્રગતિની છે. દેશ અને દેશના નેતાની પસંદગી કરતી વખતે પ્રથમ વખત મતદાન કરનાર યુવાનોને તેમણે સલાહ આપી હતી કે તેઓએ પોતાના ભવિષ્ય અને પરિવારના ભવિષ્યને પોતાની નજર સામે રાખીને સમજી વિચારીને મતદાન કરવું જોઈએ.

એકનાથ શિંદે હાતકણંગલે મતવિસ્તારમાં અશોકરાવ માને ગ્રુપ (જુઓ પાનું ૪) ▶▶

# હવેથી રેલવે બ્રિજનું ઓડિટ પાંચ નહીં, પણ ત્રણ વર્ષે થશે

મુંબઈઃ પશ્ચિમ રેલવેને મુંબઈ હાઈ કોર્ટને સૂચિત કર્યું છે કે રેલવે બ્રિજનું એક્સટર્નલ ઓડિટ હવે પાંચ વર્ષને બદલે ૩ વર્ષે કરવામાં આવશે. જૂન, ૨૦૨૪ સુધી આ સંબંધે ટેન્ડરપ્રક્રિયા શરૂ કરવામાં આવશે. હાઈ કોર્ટે આ પહેલાંની સુનાવણીમાં વૈતરણા ક્રીક અને સફાલે બ્રિજ આસપાસ થઇ રહેલા ગેરકાયદે રેતી ઉલેચવાને કારણે બ્રિજની સુરક્ષાને લઇને ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે એવું પણ કહ્યું હતું કે આ બ્રિજ પરથી દરરોજ ૨૦ લાખ રેલવે પ્રવાસીઓ પસાર થતા હોય છે. મા માટે રેલવે પાંચ વર્ષને બદલે વારંવાર બ્રિજનું એક્સટર્નલ ઓડિટ કરાવવા પર વિચાર કરે.

રેલવેના વકીલે આ અંગે જણાવ્યું હતું કે રેલવે દર વર્ષે બ્રિજનું ઈન્ટરનલ ઓડિટ કરાવે છે. જોકે હવેથી દર ૩ વર્ષે એક્સર્ટનલ ઓડિટ પણ કરાવવામાં આવશે. હાલમાં ઈન્સ્પેક્શન અહેવાલમાં બ્રિજ નંબર ૮૮, ૯૦, ૯૧ અને ૯૩ પૂરી રીતે સલામત છે. રેતી ઉલેચવા પર પ્રતિબંધ મૂકવા માટે બ્રિજ નંબર ૯૨નજીક (જુઓ પાનું ૪) ▶▶

# આજે જૂહુ-ચોપાટી ફરવા જવાનું ટાળજો

## હાઇટાઇડ માટે પાલિકાની ચેતવણી



(અમય ખરાડે)

મુંબઈઃ હાલમાં વેકેશનનો સમયગાળો હોવાથી સાંજના સમયે મુંબઇના જૂહુ, ગીરગામ ચોપાટી જેવા દરિયા કિનારાના સ્થળોએ લોકોની ભારે ભીડ જોવા મળતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને બીએમસીએ હાલમાં તટવિસ્તારોથી દૂર રહેવાની નાગરિકોને અપીલ કરી છે.

ભારત હવામાન વિભાગ અને ઇન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઇન્ફોર્મેશન સર્વિસ (આઇએનઓઆઇએસ) દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર શનિવારે સવારે ૧૧ વાગ્યાથી રવિવાર પાંચમી મે ૨૦૨૪ના સુધી રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધીના સમયગાળા માટે ભરતી એને ઊંચા મોજાંની શક્યતાની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારો તેમજ નીચાણવાળા વિસ્તારો આ મોજાથી પ્રભાવિત થવાની આગાહી પણ કરવામાં આવી છે. ઉચ્ચ ભરતીના સમયગાળા દરમિયાન દરિયાઈ મોજાની ઊંચાઈ ૦.૫ મીટરથી ૧.૫ મીટરની સુધી રહેવાની અપેક્ષા છે. તેથી આ સમયગાળામાં લોકોએ દરિયામાં જવાનું ટાળવું જોઈએ. માછીમારોએ પણ યોગ્ય સાવચેતી રાખવી જોઈએ. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રશાસન નાગરિકોને તમામ સિસ્ટમને સહકાર આપવાની અપીલ કરી રહ્યું છે.

ઊંચા મોજાઓની આ ચેતવણીને ધ્યાનમાં (જુઓ પાનું ૪) ▶▶

# આજે અને કાલે હીટવેવની ચેતવણી

## રાજ્યમાં અન્ય વિસ્તારોમાં વરસાદની પણ આગાહી

મુંબઈઃ એપ્રિલ મહિનાથી જ મુંબઈ સહિત રાજ્યમાં નાગરિકો હીટવેવનો સામનો કરી રહ્યા છે અને હવે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી અનુસાર આગામી કેટલાક દિવસમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં તાપમાનમાં વૃદ્ધિ થવાની સાથે સાથે જ વરસાદ પડવાની આગાહી પણ કરી છે.

હવામાન ખાતા દ્વારા આપવામાં આવેલા અંદાજ અનુસાર મુંબઈ અને ચેમ્બુર તેમ જ પવઈ વિસ્તારમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં ઉષ્ણતામાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ સુધી વધવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. તેમ છતાં મુંબઈના અનેક વિસ્તારમાં આગામી ચાર-પાંચ દિવસમાં ઉષ્ણતામાનમાં બે થી ત્રણ ડિગ્રી ઘટાડો થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી છે. આઈએમડીએ કોંકણ અને મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં હીટવેવ માટે યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

કોંકણના રત્નાગિરી અને સિંધુદુર્ગ જિલ્લામાં પાંચમી અને છઠ્ઠી મે દરમિયાન ઉષ્ણતામાનમાં વૃદ્ધિ થવાની સાથે સાથે વાતાવરણ પણ (જુઓ પાનું ૪) ▶▶

# મધ્ય રેલવેમાં જૂનમાં ૩૬ કલાકનો જમ્બો બ્લોક

## હાર્બર લાઇનની ૬૦૦ સર્વિસ રદ થશે

મુંબઈઃ મધ્ય રેલવે પર જૂન મહિનામાં ૩૬ કલાકનો જમ્બો બ્લોક હાથ ધરવામાં આવશે અને એને કારણે મધ્ય અને હાર્બર લાઈનમાં ૬૦૦ સર્વિસ રદ કરવામાં આવશે, એવી માહિતી મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારી દ્વારા આપવામાં આવી છે.


અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ૧૩૭ વર્ષ જૂના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) રેલવે સ્ટેશનનું અપગ્રેડેશનનું કામ હાથ ધરવામાં આવશે જેને કારણે પહેલી અને બીજી જૂનના મધ્ય રેલવે પર ૩૬ કલાકનો બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકને કારણે મધ્ય રેલવે અને હાર્બર લાઈન પર આશરે ૬૦૦ (જુઓ પાનું ૪) ▶▶

### આજે મધ્ય રેલવેમાં બ્લોક

મુંબઈઃ દર રવિવારની જેમ જ આજે પણ રેલવે ટ્રેક તેમ જ સિગ્નલ મેઈન્ટેનન્સના કામ માટે રેલવે દ્વારા બ્લોક હાથ ધરવામાં આવશે, જેને કારણે લોકલ ટ્રેનોના ધાંધિયા જ જોવા મળશે. પરિણામે ફેમિલી અને બાળકો સાથે બહાર નીકળનારા મુંબઈગરાને ભાગે હાલાકી ભોગવવાનો વારો આવી શકે છે.

મધ્ય રેલવેમાં મુલુંડ-માટુંગા અપ અને ડાઉન લાઇન પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે, જેને કારણે આ સમયગાળા દરમિયાન અપ ડાઉન ફાસ્ટ લોકલ ટ્રેનો અપ ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આ ટ્રેનો નાહુર, ભાંડુપ, કાંજુરમાર્ગ, વિક્રોલી, વિદ્યાવિહાર, સાયન, અને માટુંગા સ્ટેશન પર ઊભી રહેશે, જેને કારણે (જુઓ પાનું ૪) ▶▶



**હાય હાય ગરમી, ઉફ ઉફ ગરમી...** અત્યારે મુંબઈ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે, જેને કારણે મુંબઈગરો પરસેવે રેબઝેબ થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓની હાલાકીનો પણ કોઈ પાર નથી. મુંબઈના દાદર, ચર્ની રોડ, મસ્જિદ બંદર, ડોંબિવલી સહિતના અનેક રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ પર અનેક ઠેકાણે છાપરા ના હોવાને કારણે બપોરના સમયે પ્રવાસ કરનારા પ્રવાસીઓને તડકામાં જ ટ્રેનની રાહ જોવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી. (અમય ખરાડે)

# બાન્દ્રા-વરલી સી-લિંક પર નવી ટોલ સિસ્ટમ

## જૂનના અંત સુધીમાં કાર્યરત

મુંબઈઃ બાંદ્રા-વરલી સી બ્રિજ પર હાલની ટોલ વસૂલવાની પદ્ધતિ જૂની છે. ઘણીવાર રોડ ટેક્સ વસૂલવામાં સમય લાગતો હોવાથી વાહનોની કતારો વધતી જાય છે. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) સી-લિંક પર ટોલ કલેક્શન સિસ્ટમને બદલવાનો નિર્ણય લીધો છે.

જૂન અંત સુધીમાં પર એક અત્યાધુનિક ઓટોમેટિક ટોલ કલેક્શન સિસ્ટમ ઇન્સ્ટોલ કરાશે, જેનાથી સી-લિંક પર રોડ ટેક્સ વસૂલવામાં ઝડપ આવશે અને ટોલ ભરવા માટે જરૂરી વાહનોની લાંબી કતારોની સમસ્યા હલ થશે, એવું માનવામાં આવી રહ્યું છે. હાલમાં સી-લિંક પર ઓટોમેટિક ટોલ કલેક્શન સિસ્ટમ કાર્યરત છે, પરંતુ આ સિસ્ટમ હવે જૂની થઈ ગઈ છે. ઉપરાંત તેનું મેન્ટેનન્સ અને (જુઓ પાનું ૪) ▶▶

# નાલાસોપારાની હોટેલમાં આગઃ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો

મુંબઈઃ નાલાસોપારામાં આવેલી દ્વારકા હોટેલમાં લાગેલી આગની ઘટનામાં આખરે ચાર દિવસ પછી આચોલે પોલીસે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. રસ્તાના ખોદકામ દરમિયાન બેદરકારીને કારણે ગૅસ પાઈપલાઈન ફૂટવાને કારણે હોટેલમાં આગ લાગી હોવાનું સ્પષ્ટ થયું હતું. ઘટના ૩૦ એપ્રિલે નાલાસોપારા પૂર્વના આચોલે સ્થિત દ્વારકા હોટેલમાં બની હતી. આગમાં સિલિન્ડરનો ધડાકો થતાં આખી હોટેલ સળગી ઊઠી હતી. ■

# નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટને મળશે નવી ઓળખઃ લોકેશન કોડ મળી ગયો

નવી મુંબઈઃ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (એનએમઆઈએ)ને લોકેશન કોડ મળી ગયો છે. શુક્રવારે બહાર પાડવામાં આવેલા ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિયેશન (આઈએટીએ)ની સૂચના અનુસાર ડિસેમ્બર, ૨૦૨૪થી પ્રારંભ થનારા નવી મુંબઈ ઈન્ટરનેશલ એરપોર્ટને એનએમઆઈ લોકેશ ટેગ મળી ગયો છે. ઈન્ટરનેશલ એર ટ્રાન્સપોર્ટ ધોરણ અનુસાર દરેક એરપોર્ટ માટે ટેકઓફ અને નામકરણ પહેલાં લોકેશન ટેગ આપવામાં આવે છે. નવી મુંબઈને આ ૩ અક્ષરનો જિયો ટેગ મળ્યો છે.

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ (સીએસઆઈએ)ને નવા નામકરણ પહેલા બીઓએમ કોડ આપવામાં આવ્યો હતો, જે આજે પણ કાયમ છે. નવી મુંબઈ ઈન્ટરનેશલ એરપોર્ટ માટે મળેલો આ એરપોર્ટ કોડ એક સ્થાન સંખ્યા છે, જેને જિયો કોડ કહેવાયો છે. આ દુનિયાભરના એરપોર્ટ અને મેટ્રોપોલિટન ક્ષેત્રોને આપવામાં આવનારા ૩ અક્ષરનો જિયો કોડ છે. વર્લ્ડ મેપ પર નવી મુંબઈ એરપોર્ટની ઓળખ આ જિયો કોડ એનઆઈએ દ્વારા માર્ક (જુઓ પાનું ૪) ▶▶

# લિવ-ઈન પાર્ટનર પાસેથી 30 લાખની ખંડણી માગવા પ્રકરણે મહિલાની ધરપકડ

મુંબઈઃ લિવ-ઈન પાર્ટનર અને તેના મિત્રો વિરુદ્ધ ગૅન્ગ રૅપની ફરિયાદ નોંધાવવાની ધમકી આપી ૩૦ લાખ રૂપિયાની કથિત ખંડણી માગવાના કેસમાં ભાયંદરની નવઘર પોલીસે મહિલાની ધરપકડ કરી હતી.

મીરા રોડના નયા નગર ખાતે રહેતા સય્યદ અનવર ઈસામુદ્દીન હુસેન (૩૬)ની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. લિવ-ઈન પાર્ટનર સંધ્યા ગજાનન અદાતે (૩૩) 'લવ જિહાદ'નો આક્ષેપ કરી જાન્યુઆરી, ૨૦૨૪થી રૂપિયાની માગણી કરી કથિત ત્રાસ આપતી હોવાનો દાવો હુસેને ફરિયાદમાં કર્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર હુસેન અને અદાતે સપ્ટેમ્બર, ૨૦૨૩માં મળ્યાં હતાં (જુઓ પાનું ૪) ▶▶

# વિદ્યાર્થીઓને પહેલે દિવસે મળશે મફત ટેક્સબુક્સ

મુંબઈઃ રાજ્યમાં સરકારી, પાલિકા અને અનુદાનિત પહેલીથી આઠમા સુધીની શાળાઓમાં ૨૦૨૪-૨૫ શૈક્ષણિક વર્ષના પહેલા દિવસે વિદ્યાર્થીઓને મફત ટેક્સબુક્સ મળવાની છે. આ વર્ષે ૧.૦૩ કરોડ ટેક્સબુક્સ પૂરી પાડવામાં આવશે. આ માટે રૂ. ૩.૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આમાં પીએમશ્રી શાળાની ૧.૩૯ લાખ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. મરાઠી, હિંદી, ઉર્દૂ, અંગ્રેજી, ગુજરાતી, કન્નડ, તેલુગુ, સિંધી, અરબી, તામિલ અને બંગાલી માધ્યમની ટેક્સબુક્સનો આમાં સમાવેશ થાય છે.

૨૦૨૪-૨૫ શૈક્ષણિક વર્ષમાં મફત ટેક્સબુક્સ પ્રાઈમરી સ્તરે પહેલાથી પાંચમા ધોરણ સુધીના દરેક વિદ્યાર્થી રૂ. ૨૫૦ અને સેકન્ડરીના છઠ્ઠાથી આઠમા ધોરણ સુધીના દરેક વિદ્યાર્થીને સરેરાશ રૂ. ૪૦૦ના ભાવે ૧.૦૨ કરોડ વિદ્યાર્થીઓને પુસ્તક આપવામાં આવશે. આ માટે રૂ. ૩.૧૫ કરોડની જોગવાઈ છે. તેમ જ પીએમશ્રીની રાજ્યમાં આવેલી શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવતા પુસ્તકો માટે રૂ. ૪.૩૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ■

# મતદાનકેન્દ્રો પર હશે વેઈટિંગ રૂમ, ઓઆરએસ, પાણીની વ્યવસ્થા

**ગરમીથી મતદારોને મળશે રાહત**

મુંબઈઃ લોકસભા ચૂંટણી ચાલી રહી છે ત્યારે અત્યાર સુધીના મતદાનમાં કાળઝાળ ગરમીને કારણે મતદારોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક આયોજકોને મતદાનના દિવસે મતદારો માટે પ્રત્યેક મતદાન કેન્દ્ર પર વેઇટિંગ રૂમ, ઓઆરએસ (ઓરલ રિહાઈડ્રેશન સોલ્ટ)ના પેકેટનું વિતરણ તેમજ પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકલિંગમે શુક્રવારે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 'મતદારો ગરમીથી પરેશાન ન થાય એ માટે ટોકન નંબર અનુસાર તેમને વેઇટિંગ રૂમમાં બેસાડવામાં આવશે. મોટાભાગના મતદારો ગરમી ઓછી થાય પછી સાંજના ભાગમાં મતદાન કરવા આવતા હોય છે. એટલે મતદાન કેન્દ્ર પર સાંજે છ વાગ્યે હાજર રહેલા પ્રત્યેક મતદારને મત આપવા દેવો એમ અમે સ્થાનિક આયોજકોને જણાવ્યું છે.' ૨૦૧૯ની સરખામણીએ ૧૯ એપ્રિલ અને ૨૬ એપ્રિલે મતદાનની ટકાવારી ઓછી હતી. ઓછી હાજરી માટે બળબળતી ગરમી પ્રમુખ કારણ આપવામાં આવ્યું હતું. ■

# રાજ્યમાં પાંચ તબક્કામાં ચૂંટણી કરાવવાની શું જરૂર છે?ઃ શરદ પવાર

કોલ્હાપુરઃ મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા ઘણા સમયથી ભારે ઉથલપાથલ ચાલી રહી છે. લોકસભાની ચૂંટણીને કારણે રાજ્યનું રાજકારણ ગરમાયેલું છે. મહારાષ્ટ્રમાં પાંચ તબક્કામાં ચૂંટણી કરાવવાની જરૂર છે, એ સ્પષ્ટપણે દર્શાવે છે કે સત્તામાં રહેલા લોકોની ચિંતા વધી ગઇ છે અને બીજું કારણ એ પણ છે કે વડા પ્રધાનને પણ પ્રચાર કરવાની તક મળવી જોઇએ. તેમને પણ મહારાષ્ટ્રમાં આવવાની તક મળશે, તેથી જ મહારાષ્ટ્રમાં કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી પાંચ તબક્કામાં મતદાન યોજવામાં આવ્યું છે, એમ પવારે જણાવ્યું હતું.શરદ પવારે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી એક જ કામ કરી રહ્યા છે કે મૂળભૂત મુદ્દાઓને નજરઅંદાજ કરીને બિનજરૂરી મુદ્દાઓ પર ધ્યાન આપી રહ્યા છે. તેમણે મોદીના ભાષણોની નકલ કરતા કહ્યું હતું કે તેમને દરેક ભાષણમાં શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેનું નામ લીધા વિના સંતોષ થતો નથી. તેમના ભાષણની એક ખાસ શૈલી છે. તેઓ કોલ્હાપુર આવશે તો હાથ જોડીને નમસ્કાર કોલ્હાપુરકર કહેશે અને તેઓ ભાષણની શરૂઆત કરશે અને પછી ફૂલે-સાહુ આંબેડકરનું નામ લેશે. તેઓ જ્યાં પણ જાય છે ત્યાં તેમના સ્થાનિક નેતાઓએ લખેલા પહેલા બે-ચાર વાક્યો બોલે છે અને ત્યાર બાદ ભાષણ ચાલુ રાખે છે.

જાતિ આધારિત વસ્તી ગણતરીને યોગ્ય ઠેરવતા સિનિયર પવારે જણાવ્યું હતું કે જો ધર્મ આધારિત અનામત આપવામાં આવશે તો સમાજમાં તણાવ અને કડવાશ ફેલાશે, તેથી અમે જાતિ આધારિત વસ્તી ગણતરીની વાત કરી રહ્યા છીએ, જેથી કરીને સમાજના વંચિત વર્ગોની સંખ્યા જાણી શકીએ જેઓ મુખ્ય પ્રવાહની બહાર છે. ■

# પાલિકાની હૉસ્પિટલોમાં હવે હશે ક્લીન-અપ માર્શલ

મુંબઈઃ મુંબઈમાં અસ્વચ્છતા ફેલાવનારાઓની વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી કરવા માટે પાલિકાએ ક્લીન- અપ માર્શલની નિમણૂક કરી છે. હવે આ જ કાર્યવાહી મુંબઈ પાલિકાની હોસ્પિટલોમાં પણ કરવામાં આવશે. હોસ્પિટલમાં આવનારા લોકો દ્વારા જો અસ્વચ્છતા ફેલાવાશે તો તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. આ માટે છ હોસ્પિટલોમાં ક્લીન-અપ માર્શલની નિમણૂક કરવામાં આવી છે. આગામી અઠવાડિયાથી કાર્યવાહીની શરૂઆત થાય એવી શક્યતા છે. માર્શલની નિમણૂક માટે દરેક હોસ્પિટલ પ્રશાસન પાસેથી પણ પ્રસ્તાવ મગાવવામાં આવ્યો છે.

મુંબઈ પાલિકાનાં ૨૪ વોર્ડમાં દરેકમાં ૩૦ ક્લીન-અપ માર્શલ પ્રમાણે તબક્કા વાર ૭૨૦ માર્શલની નિમણૂક કરવામાં આવશે. ખાનગી સંસ્થા તરફથી તેની નિમણૂક કરવામાં આવવાની હોઇ આમાંથી પાલિકાને મહેસૂલ પ્રાપ્ત થશે. જેટલો દંડ વસૂલાશે તેમાંથી ૫૦ ટકા મહેસૂલ પાલિકાને મળશે. બાકીની આવક ખાનગી સંસ્થાને મળશે.

અસ્વચ્છતા ફેલાવનારાઓની વિરુદ્ધ જુદાં જુદાં કારણો માટે રૂ. ૧૦૦થી રૂ. ૧૦૦૦ સુધીનો દંડ વસૂલવામાં આવતો હોય છે. આમાં કચરો ફેંકવો કે પછી થૂંકવા માટે રૂ. ૨૦૦નો દંડ છે. આ ઉપરાંત રસ્તા પર સ્નાન કરવું, શૌચ દ્વારા અસ્વચ્છતા ફેલાવવી, પક્ષીઓને અન્ન ખવડાવવું, રસ્તા પર વાહનો ધોવાં, સાફસૂફ કરવાં વગેરે માટે દંડ લેવામાં આવતો (જુઓ પાનું ૪) ▶▶

# મારા જીવનની બીજી ઈનિંગ છે રાજકારણઃ ઉજ્જવલ નિકમ

મુંબઈઃ ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં સંડોવાયેલા નરાધમ આતંકવાદી મોહમ્મદ આમીર અજમલ કસાબને ફાંસીના માંચડે લટકાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનારા સરકારી વકીલ ઉજ્જવલ નિકમને ભાજપ તરફથી ઉમેદવારી આપવામાં આવી છે અને તે પોતાના પ્રચારમાં વ્યસ્ત થઇ ગયા છે. જોકે, પોતાના પ્રચાર દરમિયાન નિકમે ભારતીય ન્યાય વ્યવસ્થા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વ હેઠળ ભારતે કરેલી પ્રગતિ વિશે વાત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે પ્રત્યાર્પણની પ્રક્રિયા ખૂબ જ જટીલ છે. આરોપીનું પ્રત્યાર્પણ કરીને ભારતમાં લાવવાની પ્રક્રિયા લાંબી અને ખર્ચાળ છે અને આપણે આ બાબતનો નિવેડો લાવવો જરૂરી છે. વિદેશની અદાલતો તેમના કાયદા પ્રમાણે પુરાવાઓ ચકાસે છે અને નિર્ણય લે છે. હું આ બાબતે અભ્યાસ કરી રહ્યો છું.

આ સિવાય તેમણે રાજકારણને પોતાના જીવનની બીજી ઇનિંગ ગણાવી હતી અને કહ્યું હતું કે હું હવે ન્યાયની અદાલતમાંથી લોકોની અદાલતમાં પ્રવેશ્યો છું. નિકમે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે વડા પ્રધાને દુનિયામાં ભારતનું કદ વધાર્યું છે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે તેમણે અનેક લોકકલ્યાણની યોજનાઓ બહાર પાડી છે. વડા પ્રધાનની લોકપ્રિયતાના કારણે મને પણ લોકોનો ખૂબ પ્રેમ મળી રહ્યો છે. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૦મી જૂન ૨૦૨૪ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# અબળા નારીની અજબ શક્તિ

મેકેન્ઝી ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટના વૈશ્વિક અર્થવ્યવસ્થામાં નારીના રોલ અંગે જે રિપોર્ટ છે તેમાં જાણવા મળે છે કે સાઉથ એશિયામાં અને વિશ્વમાં નારીનો રોલ શું છે, શું હોવા જોઇએ અને તેનાથી વૈશ્વિક અર્થવ્યવસ્થામાં શું ફરક પડી શકે છે.

હોલીવૂડની મહાન કોમેડિયન મહિલા જોન રિવર્સ જે સપ્ટેમ્બર ૨૦૧૪માં લગભગ ૮૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામી તે હંમેશાં કહેતી હતી કે જો તેણે તેની જાતને ઘરના કામકાજમાં કે જે ડોમેસ્ટિક મેડ કરી શકે તેમાં જ ગુજારી હોત તો તે આજે સફળ કોમેડિયન, ટીવીહોસ્ટ, ટીવી એંકર, રાઇટર અને પ્રોડયુસર ના હોત.

મેકેન્ઝી તેના રિપોર્ટમાં જણાવે છે કે સાઉથ એશિયામાં ૯૦ ટકા નારીઓની જિંદગી કલીનીંગ, કુકીંગની અનપેઇડ જેવી થેંકલેસ જોબમાં જ પૂરી થઇ જાય છે. ભારતના ટોટલ વર્કફોર્સમાં નારીઓની સંખ્યા જુજ છે અને કુલ જીડીપીમાં તેનો ફાળો માત્ર ૧૭ ટકા જ છે.

જયારે ચીનની કુલ જીડીપીમાં નારી શક્તિનો ફાળો ૪૧ ટકા છે.

રિપોર્ટ વધુમાં જણાવે છે કે વિકાસશીલ અને વિકસિત દેશોમાં પણ હજુ પણ નારીઓને નોકરીમાં પ્રમોશન, પગાર અને જોબ ક્વોલિટીમાં પુરુષ કર્મચારીના પ્રમાણમાં સહન કરવું પડે છે.

સાઉથ એશિયામાં નારીઓ ઘર, બાળકો, ઘરના સભ્યોની સંભાળ, રસોઇ અને ઘરકામ કરે છે. તેનું મૂલ્ય રૂપિયામાં તોલવું બહુ મુશ્કેલ છે અને તે રકમ જીડીપીમાં જોડી નથી શકાતી, કારણ કે તે અનપેઇડ જોબ છે! રિપોર્ટમાં જણાવ્યું છે કે જો આ નારીઓ બહાર જોબ કરે તો તેઓ કમાશે તેટલું જ નહીં પણ ઘરકામ કરનારી મહિલાઓને કામ મળશે અને આમ ડબલ રોજગાર પેદા કરી શકાશે. લોકોનું જીવન ધોરણ સુધરશે તેટલું જ નહીં પણ દેશની જીડીપીમાં આના કારણે ૫ ટકા જેટલો વધારો થઇ શકશે.

આ રીતે જો દુનિયાના બધા દેશોમાં નારીઓ ઘરકામ છોડીને કે તેની સાથે બહાર જોબ કરવા લાગે તો દુનિયાની જીડીપી ૨૮.૪ ટ્રિલિયન ડૉલર્સની થઇ શકે છે અને જે તે દેશોની કુલ જીડીપીમાં ૫ ટકાથી લઇને ૨૦ ટકા જેટલો તોતિંગ વધારો કરી તેઓની આર્થિક સ્થિતિમાં આમૂલ્ય પરિવર્તન લાવી શકે છે.

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

નારીઓના કામ કરવાથી જે તે દેશ કે સમૂહની આર્થિક સ્થિતિમાં ફાયદો થઇ શકે છે તેનો અંદાજ નીચે મુજબ છે. દા. ત. ભારતમાં જો નારીઓ ઘરકામની સાથે અથવા ઘરકામમાં બીજા કર્મચારીઓને રાખીને જોબ કરે તો આર્થિક ફાયદો ૬૦ ટકા સુધી થઇ શકે છે.

જયારે અન્ય દેશોમાં જોઇએ તો મીડલ ઇસ્ટ અને નોર્થ આફ્રિકામાં ૫૦ ટકા, સાઉથ એશિયા ભારત સિવાયના દેશોમાં ૪૫થી ૫૦ ટકા, લેટીન અમેરિકામાં ૪૦ ટકા, ઇસ્ટ અને સાઉથ ઇસ્ટ એશિયામાં ૩૦થી ૪૦ ટકા, વેસ્ટર્ન યુરોપમાં ૩૦ ટકા અને ચીનમાં ૨૦થી ૨૫ ટકા સુધી આર્થિક ફાયદો થઇ શકે.

ભારતમાં શિક્ષિત, અર્ધશિક્ષિત કે અશિક્ષિત નારીઓને ઘરની ચાર દીવાલમાં જિંદગી ગુજારવા મજબૂર કરવામાં અજ્ઞાનતા, સામાજિક પછાતતા, શંકાશીલ સ્વભાવ કે જો નારીઓ બહાર જોબ કરીને પૈસા કમાશે તો સ્વતંત્ર કે આઝાદ થઇ જશે કે પછી ઘરની આર્થિક સ્થિતિ સારી હોવાના કારણે નારીઓની આવક બિનજરૂરી છે તેવા ઘણાં કારણો છે. પણ આ બધાના કારણે સામાજિક અને આર્થિક નુકસાન બહુ મોટું થઇ રહ્યું છે, કારણકે તેનાથી દેશ સમાજના એક મોટા વર્ગની શૈક્ષણિક અને બુદ્ધિ ધનનો લાભ ગુમાવી રહ્યો છે.

આપણે જોઇ શકીએ છીએ કે વિદેશમાં અને દેશમાં કેટલીય બૅન્કસ જેવી કે સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, એક્સિસ બૅન્ક, આઇસીઆઇસીઆઇ બૅન્ક, એચએસબીસી બૅન્ક, બાયોકોન કંપની અને પેપ્સીકોલા જેવી કંપનીઓમાં નારીઓ ઉચ્ચ હોદા પર બેસીને અમુલ્ય સેવાઓ આપી રહી છે.

અફસોસની વાત તો એ છે કે ભારતમાં ૭૦ અને ૮૦ના દશકાઓમાં ૧૭ વર્ષ મહિલા વડાં પ્રધાન અને કેટલાંય રાજયોમાં મહિલા મુખ્ય મંત્રીઓ હોવા છતાં ૨૧મી સદીમાં માત્ર પુરુષના પ્રમાણમાં બહુ ઓછી નારીઓ જોબ કરે છે આમ નારી શક્તિને વિકસાવવા ઉપર ક્યારેય ધ્યાન કેન્દ્રિત નથી કરવામાં આવ્યું.

માત્ર ઇન્ટરનૅશનલ વીમેન્સ ડે ઉજવવાથી નારીઓનો વિકાસ નથી થવાનો ભારત અને વિશ્વના અન્ય દેશોએ મહિલા પાવરનો ઉપયોગ કરીને તેઓની અને સમાજની આર્થિક સ્થિતિ સુધારવાની જરૂર છે અને તેના માટે જરૂરી છે સમાજમાં નારીઓનું સ્થાન ઘરની ચાર દીવાલમાંથી બહાર કાઢીને તક આપીને યોગ્ય જગ્યાએ આપવાનું જેમ કે બ્રિટનની ભૂતપૂર્વ મહિલા વડાં પ્રધાન માર્ગારિટ થેચરનું કહેવું હતું કે ''એની વુમન વ્હુ અન્ડરસ્ટેન્ડસ ધ પ્રોબ્લેમ ઓફ રનિંગ અ હોમ વિલ બી નીઅરરર ટુ અંડરસ્ટેન્ડિંગ ધ પ્રોબ્લેમ્સ ઑફ રનિંગ અ કન્ટ્રી.'' (કોઇ પણ મહિલા જે ઘર ચલાવવાની સમસ્યા સમજ શકે છે તે દેશ ચલાવવાની સમસ્યા સમજી શકવાની અત્યંત નજીક છે). ■

# અરવલ્લીમાં ગેરકાયદે થતું ખનન અટકાવો: સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હી: દેશમાં ટકાઉ વિકાસ અને પર્યાવરણની સલામતી વચ્ચેનું સંતુલન જાળવી રાખવું જરૂરી હોવાનું અવલોકન કરતાં આજે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને રાજ્ય સરકારને અરવલ્લી વિસ્તારોમાં થઈ રહેલા ગેરકાયદેસરના ખનનને અટકાવવા જણાવ્યું હતું.

જસ્ટીસ બી. આર. ગવઈ અને અભય એસ. ઓકાની બૅન્ચે જણાવ્યું હતું કે સરકારે કસૂરવાર અધિકારીઓ સામે પગલાં લેવાની બાંયધરી આપવી જોઈએ.

અરવલ્લીમાં ગેરકાયદે થતું ખાણકામ અટકાવવું પડશે અને આ બાબતે જરૂરી પગલાં ભરવાની અધિકૃત સત્તાવાળાઓએ ખાતરી આપવી પડશે. અન્યથા પર્વતોનાં નામે માત્ર હાડપિંજર જેવાં ખાલી માળખા રાખવાનો શો અર્થ ? આમ ટકાઉ વિકાસ અને પર્યાવરણ સલામતી વચ્ચેનું સંતુલન બનાવવું પડશે, એમ બૅન્ચે અરવલ્લી વિસ્તારોમાં થતાં ગેરકાયદે ખનન બાબતે સુનાવણી કરતાં કહ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૦૯માં સર્વોચ્ચ અદાલતે પર્યાવરણ-સંવેદનશીલ અરવલ્લીના ટેકરીઓમાં મુખ્ય અને ગૌણ ખનીજોના ખનન પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો.

રાજસ્થાન સરકારે અગાઉ અદાલતને કહ્યું હતું કે જ્યાં સુધી ખનન પ્રવૃત્તિઓને નિસ્બત છે ત્યાં સુધી અરવલ્લીની પહાડીઓ અને પર્વતમાળા વચ્ચેનાં વર્ગીકરણને લગતાં નિર્ણય સર્વોચ્ચ અદાલતે લેવાની જરૂર છે. પ્રાથમિક દૃષ્ટિએ અમને એમ જણાય છે કે જો રાજ્યનું માનવું છે કે અરવલ્લી રેન્જમાં ખાણકામની પ્રવૃત્તિઓ પર્યાવરણીય હિત માટે પણ હાનિકારક છે, તો રાજ્ય સરકારને અરવલ્લી રેન્જમાં પણ ખાણકામની પ્રવૃત્તિઓને રોકવામાં કોઈપણ રોકી શકતું નથી, એમ સુપ્રીમ કોર્ટે ઉમેર્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં વધુ ૨.૪૧ અબજ ડૉલરનું ગાબડું

મુંબઈ: ગત ૨૬ એપ્રિલનાં રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં સતત ત્રીજા સપ્તાહમાં ઘટાડો નોંધાતા કુલ અનામત ૨.૪૧૨ અબજ ડૉલરના ગાબડાં સાથે ૬૩૭.૯૨૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેનાં સપ્તાહે કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૨.૨૮ અબજ ડૉલર ઘટીને ૬૪૦.૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ગત પાંચમી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત સપ્ટેમ્બર, ૨૦૨૧ની સર્વોચ્ચ સપાટી પાર કરીને ૬૪૮.૫૬૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૧૫૯ અબજ ડૉલર ઘટીને ૫૫૯.૭૦૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો પાઉન્ડ અને યેન જેવાં અન્ય મહત્ત્વના ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૨૭૫ અબજ ડૉલર ઘટીને ૫૫.૫૩૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧.૫ કરોડ ડૉલર વધીને ૧૮.૦૪૮ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેની અનામત ૮૦ લાખ ડૉલર વધીને ૪.૬૩૯ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# મથકો પર તેજી છતાં મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે દેશાવરોની માગ પ્રબળ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ભાવમાં ક્વિન્ટલદીઠ નીચલા મથાળેથી રૂ. ૨૦નો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આગળ ધપ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સુધારો અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડમાં ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૫ ઘટી આવ્યા હતા. જોકે, આજે હાજરમાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૯૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૦૬થી ૩૯૩૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. પાંચના સુધારા સાથે રૂ. ૩૬૮૦થી ૩૭૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ અને ઉપલા મથાળેથી રૂ. પાંચ ઘટીને રૂ. ૩૭૮૦થી ૩૮૪૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# ફેડરલ દ્વારા વ્યાજદરમાં ઘટાડાની અવઢવ સાથે તેજી-મંદી વચ્ચે ઝોલા ખાતુ સોનું



ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવો આશાવાદ, મધ્ય પૂર્વનાં દેશોમાં તણાવ વધવાની ભીતિ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં એકતરફી તેજીનો માહોલ જોવા મળ્યા બાદ આગલા સપ્તાહે મધ્યપૂર્વનાં દેશોમાં તણાવ વધવાની ભીતિ દૂર થતાં સલામતી માટેની માગનો ટેકો ખસી ગયો હતો. તેમ જ અમેરિકા ખાતે ફુગાવામાં અનપેક્ષિતપણે વધારો જોવા મળ્યા બાદ ગત પહેલી મેના રોજ અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકનાં અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર જાળવી રાખ્યા હતા, પરંતુ ફેડરલનાં અધ્યક્ષ જૅરોમ પૉવેલે વ્યાજદરમાં કાપ મૂકવાની બાબતે કોઈ સ્પષ્ટ સંકેત નહોતા આપ્યા અને વ્યાજદરમાં કાપ મૂકવામાં કોઈ ઉતાવળ કરવામાં નહીં આવે એવું જણાવતાં સોનાના વૈશ્વિક ભાવમાં ઘટાડો આવ્યો હતો. જોકે, સપ્તાહના અંતે અમેરિકાનાં જોબ ડેટા નબળા આવ્યા હોવાથી આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતાં ફરી સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. આમ ગત સપ્તાહનાં આરંભે ભાવમાં સુધારો, મધ્યમાં ઘટાડો અને અંતે ફરી ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. તેમ છતાં સાપ્તાહિક ધોરણે તો ભાવ દબાણ હેઠળ જ રહ્યા હતા. એકંદરે ફેડરલનાં વ્યાજદરમાં ઘટાડાની અવઢવ સાથે સપ્તાહ દરમિયાન સોનું તેજી-મંદી વચ્ચે અથડાતું રહ્યું હતું.

વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનાના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ છતાં ભાવ હજુ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧,૦૦૦ આસપાસની સપાટી પર હોવાથી સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૬ એપ્રિલનાં રૂ. ૭૨,૪૪૮ના બંધ સામે નરમાઈના ટોને રૂ. ૭૨,૨૩૯ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૭૨,૩૭૩ અને નીચામાં સપ્તાહના અંતે રૂ. ૭૧,૧૯૧ના મથાળે બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૫૭નો અથવા તો ૧.૭૩ ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. એકંદરે સોનામાં બે મહિના સુધી ચાલેલી તેજીને કારણે ભાવ ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાથી ગત સપ્તાહે સ્થાનિકમાં ભાવ ઘટાડાતરફી રહ્યા હોવા છતાં માગ શાંત રહી હતી. રિટેલ ખરીદદારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો ભાવમાં મોટા ઘટાડાની રાહ જોઈ રહ્યા હોવાનું મુંબઈ સ્થિત એક હોલસેલરે જણાવ્યું હતું. જોકે, આગામી ૧૦મી મેનાં રોજ સોનાની ખરીદી માટે શુકનવંતા દિવસે જો ભાવ હાલની સપાટીએ જળવાઈ રહે અથવા તો ઘટાડો આવે તો માગ ખૂલવાનો આશાવાદ જ્વેલરો રાખી રહ્યા છે. આમ અપેક્ષિત માગને ધ્યાનમાં લેતાં સ્થાનિક ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ એક ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હોવાના અહેવાલ હતા.

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

ગત શુક્રવારે જાહેર થયેલા અમેરિકનાં રોજગારીનાં ડેટામાં ગત એપ્રિલ મહિનામાં રોજગારોની સંખ્યામાં બજારની ૨.૫૦ લાખનાં ઉમેરાની અપેક્ષા સામે માત્ર ૧.૭૫ લાખનો ઉમેરો થવાની સાથે બેરોજગારીનાં દરમાં પણ વધારો થયો હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વહેલાસર કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા અમેરિકી ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમ જ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના હાજર ભાવ આગલા બંધ સામે ૦.૯૭ ટકા વધીને ઔંસદીઠ ૨૩૦૨.૫૨ ડૉલર આસપાસ અને ૨૯મી મેના રોજ પાકતા વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૦૮ ટકા વધીને ૨૩૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વૈશ્વિક બજારમાં ગત એપ્રિલ મહિનામાં એક તબક્કે સોનાના ભાવ ઔંસદીઠ ૨૪૩૧.૨૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ સોનામાં સતત બીજા સપ્તાહમાં સાપ્તાહિક ધોરણે ભાવઘટાડો જોવા મળ્યો હતો. જોકે, અમેરિકાનાં રોજગારીના ડેટાની જાહેરાત પૂર્વે સોનામાં ટ્રેડરો અને રોકાણકારોમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું, પરંતુ ઉભરતા દેશોની કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી જળવાઈ રહી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સનાં વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ માટે ઔંસદીઠ ૨૨૩૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૨૩૬૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા જણાય છે. બજારનાં અમુક વર્ગનું માનવું છે કે હાલમાં ખાસ કરીને ચીનમાં કોવિડ-૧૯ મહામારી પછી આર્થિક વૃદ્ધિમાં ધીમો સુધારો, પ્રોપર્ટી ક્ષેત્રમાં નરમાઈ અને ઈક્વિટી માર્કેટની અનિશ્ચિતતા તથા બૅન્કોની ફિક્સ્ડ ડિપોઝીટનાં વ્યાજદર ઓછા હોવાને કારણે ચીનનાં રોકાણકારોના સોનામાં રોકાણમાં વધારો થયો હોવાથી ભાવમાં મોટા ઘટાડાની શક્યતા ઓછી જણાઈ રહી છે. વધુમાં ચીન સોનાની અનામતમાં પણ સતત વધારો કરી રહ્યું છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનાં તાજેતરનાં અહેવાલ મુજબ છેલ્લાં ૧૭ મહિનામાં ચીનની સોનાની અનામતમાં ૧૬ ટકાનો વધારો થયો છે. તેમ જ ગત માર્ચ મહિનામાં જ પીપલ્સ બૅન્ક ઑફ ચાઈનાની સોનાની અનામતમાં ૧,૬૦,૦૦૦ ઔંસનો વધારો થયો હતો. આ સિવાય તુર્કી, ભારત, કઝાકિસ્તાન અને પૂર્વ યુરોપનાં અમુક દેશોની આ વર્ષે સોનામાં સક્રિય ખરીદી રહી હોવાના અહેવાલ હતા.

આમ કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી, ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની શક્યતા અને આર્થિક તથા રાજકીય અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં ગોલ્ડમેન સાશે વર્ષનાં અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૭૦૦ ડૉલર સુધી પહોંચે અને તેમાં પણ જો ઊભરતા દેશોની કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી પ્રબળ રહે તો ભાવ વધીને ૩૦૦૦ ડૉલર સુધી પણ પહોંચી શકે છે. ■

# ટીન અને નિકલ સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે જાહેર થયેલા અમેરિકાનાં રોજગારીનાં ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યાનાં નિર્દેશો સાથે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વહેલાસર કાપ મૂકવાની શરૂઆત કરવામાં આવે તેવો આશાવાદ સપાટી પર આવતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૯ અને રૂ. ૧૦નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આ સિવાય કોપર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી સાતનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આ સિવાય અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ટીન, નિકલ અને કોપર વાયરબારમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૯ વધીને રૂ. ૨૯૬૭, રૂ. ૧૦ વધીને રૂ. ૧૬૨૦ અને રૂ. સાત વધીને રૂ. ૮૮૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીનાં ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૮૪૬ અને રૂ. ૮૩૬, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૩ અને રૂ. ૨૪૨ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૩ અને રૂ. ૨૬૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૩૫ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૭૦, રૂ. ૧૯૦ અને રૂ. ૧૯૫ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# આરબીડી પામોલિનમાં સાધારણ ઘસરકો, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૬ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી એકમાત્ર આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ત્રણનો સાધારણ ઘસરકો આવ્યો હતો. આ સિવાયના અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સેલરિસેલ ધોરણે છૂટીછવાઈ બે-પાંચ ટ્રક આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૮૮૬થી ૮૮૮ની રેન્જમાં થયા હતા. આ સિવાય હાજર અને ડાયરેક્ટ ડિલિવરી શરતે વેપાર નિરસ રહ્યા હતા. જોકે, આજે મોડી સાંજે ડાયરેક્ટ ડિલિવરી શરતે માત્ર ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૮૯૦ અને રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૮૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૯૧૫થી ૯૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૮૮૭, ક્રૂડ પામતેલના રૂ. ૮૬૫થી ૮૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૧૫, સોયા ડિગમના રૂ. ૮૫૫થી ૮૬૦, સન રિફાઈન્ડના રૂ. ૯૦૫, સન ક્રૂડના રૂ. ૮૫૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૭૦ અને સરસવના રૂ. ૧૦૧૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૦૫થી ૯૧૫માં અને રૂ. ૧૪૫૦માં તથા સિંગતેલના તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૪૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# ફેબ્રુઆરીમાં ખનીજના ઉત્પાદનમાં આઠ ટકાની વૃદ્ધિ

નવી દિલ્હી: ગત ફેબ્રુઆરી મહિનામાં દેશમાં ખનીજના ઉત્પાદનમાં વર્ષાનુવર્ષ ધોરણે આઠ ટકાનો વધારો થયો હોવાનું સરકારે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

ગત ફેબ્રુઆરી મહિનાનો માઈનિંગ અને ક્વૉરિંગ ક્ષેત્રનો ઈન્ડેક્સ આઠ ટકા વધીને ૧૩૯.૬ની સપાટીએ રહ્યો છે. ઈન્ડિયન બ્યુરો ઑફ માઈન્સની આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષમાં એપ્રિલથી ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન દેશના ખનીજના ઉત્પાદનમાં ૮.૨ ટકાની વૃદ્ધિ થઈ હોવાનું ખનન મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ફેબ્રુઆરી મહિનામાં કોલસાનું ઉત્પાદન ૯૬૬ લાખ ટન, લિગ્નાઈટનું ઉત્પાદન ૪૨ લાખ ટન, કુદરતી ગૅસ (યુટિલાઈઝ્ડ)નું ઉત્પાદન ૨૮૮.૬ કરોડ ક્યુબિક મીટર, પેટ્રોલિયમ (ક્રૂડ)નું ઉત્પાદન ૨૩ લાખ ટન થયું હતું. તેમ જ જે ખનીજનાં ઉત્પાદનમાં સકારાત્મક વૃદ્ધિદર જોવા મળ્યો હતો તેમાં સોનું, કોપર કોન્સન્ટ્રેટ, બૉક્સાઈટ, ક્રોમાઈટ, ફોસ્ફેટ, ચૂનો અને કોલસાનો સમાવેશ થાય છે, જ્યારે આયર્ન ઑર અને લીડ કોન્સન્ટ્રેટના ઉત્પાદનમાં નકારાત્મક વૃદ્ધિદર જોવા મળ્યો હતો. ■

# અભૂતપૂર્વ વિરોધ વચ્ચે મુંદરા ખાતે ભાજપે રાજપૂત ક્ષત્રિય કાર્યકર સંમેલન યોજ્યું




(તસ્વીર: ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી જિલ્લા કચ્છમાં સર્વત્ર રાજપૂત ક્ષત્રિય સમાજ ભાજપ અને લોકસભા બેઠકના ઉમેદવાર વિનોદ ચાવડાનો ઉગ્ર વિરોધ કરી રહ્યો છે. ઠેર ઠેર કોંગ્રેસના ઉમેદવારને જ મત આપવાના સંકલ્પ લેવાઈ રહ્યાં છે ત્યારે રાજપૂત સમાજના અભૂતપૂર્વ વિરોધના લીધે ભાજપ સાથે જોડાયેલાં સમાજના નાનાં-મોટાં કાર્યકરોમાં આત્મવિશ્વાસ પૂરવા માટે મુંદરાના પ્રાગપર ખાતે માંડવી મુંદરા વિધાનસભા રાજપૂત ક્ષત્રિય કાર્યકર સંમેલન યોજાયું હતું.

ભાજપ સમર્થિત આ સંમેલનમાં માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, મુંદરા તાલુકા પંચાયત પ્રમુખ મહિપતસિંહ જાડેજા, મુંદરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કિશોરસિંહ પરમાર, મહેન્દ્રસિંહ જાડેજા સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી સંબોધન કર્યું હતું.

કેટલાંક આગેવાનોએ તો રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેના વિરોધને કોંગ્રેસપ્રેરીત ગણાવ્યો હતો તો કેટલાંકે રૂપાલાના નિવેદનને વખોડી તેનો બદલો નરેન્દ્ર મોદી અને ભાજપ સાથે ના લેવા અનુરોધ કર્યો હતો. સમાજના વિરોધનો ફાયદો કોંગ્રેસને મળતો હોવાનું અને પોતાના હાથે ઉગાડેલો કમળનો બગીચો પંજો મારીને ઉજ્જડ ના કરવા આહ્વાન કરાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, માંડવી, મુંદરા વિધાનસભા મત વિસ્તારમાં રાજપૂત ક્ષત્રિય સમાજની નોંધપાત્ર વસતિ છે.

રૂપાલા પ્રકરણના કારણે માંડવી અને મુંદરામાં સતત ભાજપ વિરોધી સંમેલનો યોજાઈ રહ્યાં છે. ભાજપનું સમર્થન કરતાં સમાજના નેતાઓને 'ભાજપૂત'થી સંબોધન કરાઈ રહ્યું છે. ગત ગુરુવારે ભાજપનો વિરોધ કરવા માંડવી ખાતે સમાજનું શહેર અને તાલુકા કક્ષાનું ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાયું હતું. બંદરીય નગર મુંદરા ખાતે ભાજપ દ્વારા આયોજિત કાર્યકર સંમેલનમાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય તે માટે સર્વત્ર પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ■

# ભાજપ વિરોધી મતદાનના શપથ: ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ લોકસભા બેઠકથી ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ક્ષત્રિયો દ્વારા જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો અપાઈ રહ્યા છે, જેના અનુસંધાને શુક્રવારે જામનગરના ખીજડીયા બાયપાસ નજીક ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. જેમાં ભાજપ વિરોધી મતદાન કરવા હાકલ કરવામાં આવી હતી.

ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં ક્ષત્રિય સમાજના રમજુભા જાડેજા, પી.ટી. જાડેજા, પી.એસ. જાડેજા, કરણસિંહ ચાવડા, હરપાલસિંહ ચુડાસમા અને તૃપ્તિબા સહિતના સૌરાષ્ટ્ર-કચ્છના અનેક ક્ષત્રિય આગેવાનો જોડાયા હતા. આ આગેવાનોએ ભાજપ વિરોધી મતદાન કરવા માટેની હાકલ કરી હતી. ક્ષત્રિય સમાજના આગેવાનોએ ભાજપ સામે કોઈપણ પ્રકારે નમતું નહીં જોખવાના નિર્ધાર કર્યો હતો અને જાહેરમાં કોંગ્રેસના ઉમેદવારને સમર્થન કરીને મતદાન કરવાનો સંકલ્પ લેવાયો હતો. ક્ષત્રિય મહિલા અગ્રણી તૃપ્તિબા દ્વારા બે અલગ વોટ્સએપ નંબર મંચ પરથી જાહેર કર્યા હતા. આ હેલ્પલાઈન નંબર મારફતે વહેલી સવારથી જ દરેક બૂથ પર ગોઠવાઈ જઈને ક્ષત્રિય સમાજને ૧૦૦ ટકા મતદાન કરાવવા અને ભાજપના વિરોધમાં મતદાન કરવા માટેની હાકલ કરી હતી. જ્યારે ક્ષત્રિય અગ્રણી પી.ટી. જાડેજાએ પ્રત્યેક ઉપસ્થિત જનમેદનીને જય ભવાનીના નારા સાથે ભાજપના વિરોધમાં મતદાન કરવાના શપથ લેવડાવ્યા હતા. ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના અન્ય કેટલાક સમાજના આગેવાનોએ પણ ઉપસ્થિત રહીને ક્ષત્રિય સમાજના અસ્મિતાના આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં જામનગર બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર જે.પી. મારવિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પક્ષ પલટો નહીં કરવા સોગંદનામું રજૂ કર્યું હતું. ■

# ભાવનગરના ગોળીબાર હનુમાનજી મંદિરના મહંત મદનમોહનદાસ બાપુનો દેહ વિલય

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરના રૂપાણી સર્કલ નજીક જવાહર મેદાનની સામે આવેલા સુપ્રસિદ્ધ અને ભાવનગરવાસીઓના આસ્થાના પ્રતિકસમા ગોળીબાર હનુમાનજી મંદિરના મહંત મદનમોહન દાસજીનું નિધન થયું છે. તેઓએ ૧૧૫ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. આજે સવારે ૭ થી ૯ કલાક સુધી તેમના પાર્થિવ દેહને ભક્તજનોના દર્શન માટે રખાતા મોટી સંખ્યામાં ભક્તજનો બાપુના અંતિમ દર્શન માટે ઉમટી પડ્યા હતા.

મદનમોહનદાસ બાપુ ખુબ જ લોકપ્રિય જગ્યા ગોળીબાર હનુમાનજી મંદિરના વર્ષોથી મહંત હતા. મહંત મદનમોહનબાપુ સમગ્ર સૌરાષ્ટ્રમાં ખુબ બહોળો ભક્ત સમુદાય ધરાવતા હતા. તેમના દેહ વિલયથી સમગ્ર ભાવનગરમાં અને ભક્તજનોમાં શોકની લાગણી પ્રસરી છે. મદનમોહનદાસજીનો ગૌ માતા પ્રત્યેનો પ્રેમ સેવા અને મદનમોહનદાસજીની ભાવનગર તેમજ સૌરાષ્ટ્રના અસંખ્ય સેવકો પ્રત્યેની પ્રેમ લાગણી હરહંમેશ જીવંત રહેશે. મદનમોહનદાસબાપુના દેહને હરિદ્વાર લઈ જવામાં આવશે. ગંગા નદીના કિનારે અંતિમસંસ્કાર કરાવવામાં આવશે.

(તસ્વીર: વિપુલ હિરાણી)







# રાજકોટ આરટીઓ દ્વારા એક મહિનામાં ₹ ૪૯.૯૧ લાખનો દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ આરટીઓ દ્વારા રોડ સેફ્ટીના નિયમોનો ભંગ કરવા બદલ છેલ્લે એક મહિનામાં ૧,૩૫૧ વાહનચાલકોને રૂ. ૪૯.૯૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. એપ્રિલ માસમાં ઓવરસ્પીડના ૫૧૫, મોબાઈલ પર વાત કરતા ૧૧૫ સહિત ૧,૩૫૧ કેસ કરવામાં આવ્યા હતા.

આ અંગે આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું કે, ઓવરલોડ વાહનના ૧૩૮ કેસ અને રૂ.૨૦,૦૯,૩૦૦નો દંડ, ઓવર ડાઈમેન્સનના ૫૫ કેસ અને રૂ.૩,૮૦,૮૫૦નો દંડ, કલેન્ડેસ્ટાઇન ઓપરેશનમાં ૪૫ કેસ અને રૂ.૪,૫૦,૦૦૦નો દંડ, ટેક્સ વગર ચાલતાં વાહનોમાં ૧૨ કેસ કરી રૂ.૪,૩૨,૭૧૫નો દંડ, રેડિયમ રેફ્લેકટર, અંડર એજ ડ્રાઈવિંગ, મોબાઇલ પર વાત કરવી વગેરે જેવા રોડ સેફ્ટીના ગુનાઓમાં ૧૧૫ કેસ અને રૂ.૧,૧૫,૦૦૦નો દંડ, ફિટનેસ, વીમા વગરના ૩૪ કેસ રૂ.૧,૭૦,૦૦૦નો દંડ, હેલ્મેટ, સીટબેલ્ટ, પીયુસી, વીમા વગર વાહન હંકારનારા સામે ૨૧૩ કેસ રૂ. ૧,૮૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત ભયજનક રીતે વાહન ચલાવનાર, ઓવરસ્પીડના ૫૧૫ કેસ રૂ.૧૦,૨૯,૫૦૦નો દંડ, ડ્રાઈવિંગ લાયસન્સ વિના વાહન ચલાવનાર સામે ૭૨ કેસ રૂ.૧,૪૪,૦૦૦નો દંડ અને અન્ય ગુનાઓમાં ૧૪૩ કેસ અને રૂ.૭૧,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનિય છે કે, આરટીઓ દ્વારા માર્ચમાં પણ કરવામાં આવેલી કાર્યવાહીમાં કુલ ૯૧૦ કેસ અને રૂ. ૪૯,૮૩,૪૦૧નો દંડ ફટકાર્યો હતો. તેમ છતા સતત બીજા મહિને પણ અડધા કરોડ જેટલો દંડ કરવા છતા વાહન ચાલકો કાયદાનો ભંગ કરી રહ્યા છે. ■

# રાજકોટમાં ભરઉનાળે પાણીનો વેડફાટ: પાણીની લાઈન તૂટતા હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું



(તસ્વીર: પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં પાણીની કાયમી સમસ્યા વચ્ચે વારંવાર પાણીનો વેડફાટ થવાની ઘટના બની રહી છે. વધુ એક વાર સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ નજીક પાણીની લાઈન તૂટતા હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું. જેના કારણે રસ્તાઓ નદી બની ગયા હતા અને વાહનચાલકો હેરાન-પરેશાન થયા હતા. ઘટનાની જાણ થતાં મનપા દ્વારા સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ શનિવારે સવારે શહેરની સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ પાસે પાણીની લાઈન તૂટતા અડધો કલાક સુધીમાં હજારો લિટર પાણી રસ્તા ઉપર વહી ગયું હતું. જોકે, બાદમાં મનપાનાં વોટર વર્ક્સ વિભાગની ટીમો દોડી આવી હતી અને પાણીનો સપ્લાય અટકાવી તાત્કાલિક સમારકામની કામગીરી હાથ ધરાઈ હતી. ઘટનાને પગલે પાણી રસ્તા પર વહી જતા વેડફાટ થવાની સાથે વાહનચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ અંગે મનપાનાં ઇન્ચાર્જ સિટી એન્જિનિયરે જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટરની બેદરકારીથી પાણીની લાઈન તૂટી હતી. આ ઘટનામાં કોન્ટ્રાક્ટરની બેદરકારી હોવાથી તેમને નોટિસ આપવામાં આવશે. તેમજ પાણીના વેડફાટ અંગે નિયમ મુજબ પેનલ્ટી વસૂલવા સહિતનાં પગલાં પણ લેવામાં આવશે. ■

# ગીર ગઢડા નજીક શિકારનો પીછો કરતી સિંહણનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના વડવીયાળાના ગ્રામીણ વિસ્તાર નજીક શિકારનો પીછો કરતી સિંહણનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં વન વિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી આવી પોસ્ટમોર્ટમ માટે જિલ્લા એનિમલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી.

ગીર સોમનાથ જિલ્લાના વન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, સ્થળ પર એક આખલો પણ ઇજાગ્રસ્ત હાલતમાં જોવા મળ્યો હતો. આખલાના શરીર પર લોહીના નિશાન તેમજ સિંહણના પંજાના નોહરના ઉઝરડા અને સિંહના દાંતના નિશાન જોવા મળ્યા હતા. તેમજ આ સિંહણના પૂંછડીના બાજુના ભાગમાં પણ ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા હતા, જેથી અથડામણથી મોત થયું હોવાની શંકા થઈ હતી. વન વિભાગ દ્વારા મૃતદેહનો કબજો મેળવી જસાધાર એનિમલ સેન્ટર પર પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. એનિમલ કેર સેન્ટર પર પોસ્ટમોર્ટમ થયા બાદ સત્ય હકીકત સામે આવશે. તે બાદ જ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ■

# આગામી બેથી ત્રણ દિવસ નભોમંડળમાં અદ્‌ભુત ઉલ્કાવર્ષા જોવા મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર દેશની સાથે સરહદી કચ્છમાં સોમવારની મધ્યરાત્રી સુધી ઈટા-એક્વેરીડ્સ નામની અદ્‌ભુત ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. રાજ્યમાં અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત નજારો નિહાળવા ભારત જનવિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે. રાજ્યભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે ખાસ આયોજન આદર્યા છે. અમુક દિવસોમાં વાદળાના અવરોધો વચ્ચે પણ ઉલ્કાવર્ષા જોવા મળશે.

આ અંગે કચ્છ એમેચ્યોર એસ્ટ્રોનોમી ક્લબના નરેન્દ્ર ગોર 'સાગરે' માહિતી આપતાં જણાવ્યું હતું કે,મધ્યરાત્રિથી સતત ત્રણ-ચાર દિવસ સુધી ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. મે મહિનાની તા.૫, ૬ અને તા. ૭ના રોજ તથા જૂનના અમુક દિવસોમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં એકસો ઉલ્કાવર્ષા દિવાળીના ફટાકડાની આતશબાજી જેવાં રોમાંચક દૃશ્યો જોઇ લોકો અચંબાનો અનુભવ કરશે. વાસ્તવમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો રીતસર વરસાદ જોવા મળશે. ઉલ્કા આકાશમાં જ બળીને રાખ થશે.

ઉપરાંત પ્રતિ કલાકે ૧૦થી ૨૦ જેટલી ઉલ્કાઓ જોઈ શકાશે.ખરતા તારાઓ જોવાનો શ્રેષ્ઠ સમય રાત્રિના ૨ થી ૩ વચ્ચે છે. ધૂમકેતુ ૯૬પી મેછોલ્ઝ આ મીટિઅર શાવર માટેનું કારણ બને છે. ધૂમકેતુ એક ટૂંકા ગાળાના છે, તે દર પાંચ વર્ષે આપણા વાતાવરણને પસાર કરે છે, જે પાછળ પાછળ જાય છે. તે વર્ષ ૨૦૨૮માં ફરી એકવાર પૃથ્વી પરથી પસાર થશે. આ વિશિષ્ટ મીટિઅર શાવર વિશેની એક સરસ વસ્તુ એ છે કે તે એક ચમત્કાર સાથે બને છે જ્યારે આપણે ચંદ્ર જોઈશું નહીં. તેથી, ઉલ્કા જોવા માટે અતિ સરળ હશે. જો તમે આ સુંદર શો જોવા માટે આગળ વધી રહ્યાં છો, તો ખાતરી કરો કે તમને પ્રારંભિક સ્થાન મળ્યું છે. ■

# ધોળાવીરા પાસે રાત્રે ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો: કલ્યાણપર નજીક કેન્દ્રબિંદુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આગામી લોકશાહી પર્વની ઉજવણી માટે જોવા મળી રહેલા 'ઠંડા' ઉત્સાહ વચ્ચે રણપ્રદેશ કચ્છમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે અનુભવાઈ રહેલી અસહ્ય ગરમીના કારણે જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે ત્યારે સતત આવી રહેલા ભૂકંપના નાના-મોટા આંચકાઓની વણથંભી વણઝાર યથાવત રહેતી હોય તેમ પુરાતન શહેર ધોળાવીરા નજીક ૨.૭ની તીવ્રતાના ડરામણા અવાજ સાથે આવેલા ધરતીકંપના રાત્રીના આવેલા આંચકાથી લોકોમાં ભયનું લખલખું પ્રસરી ઊઠ્યું છે.

આ અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી વિભાગ પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર, શુક્રવારે રાત્રે ૧૦ અને ૫૬ મિનિટના હડપ્પન નગરી ધોળાવીરાથી ૪ કિલોમીટર દૂર પૂર્વ-દક્ષિણ દિશામાં આવેલા ધોળાવીરા-જનાણ માર્ગ પરના કલ્યાણપર ગામ નજીક કેન્દ્રબિંદુ ધરાવતો ભૂકંપનો આંચકો ઉદ્‌ભવ્યો હતો.

ખડીર અને સરહદી વિસ્તારને જોડતા ટાપુની બેલ્ટ ફોલ્ટલાઇનમાં ઘણા સમય બાદ આ પ્રકારનું હળવું કંપન નોંધાતા ધરતી ધ્રૂજી ઊઠી હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ ભૂકંપની અસર કેન્દ્રબિંદુ આસપાસના અમરાપર, ગણેશપુર, બાંભણકા,વેરસર, લોદ્રાણી,બાલાસર સહિતના ગામોમાં જણાઇ હતી. નોંધનીય છે કે,ધરતીકંપ માટે અતિ સંવેદનશીલ વિસ્તારમાં આવતા કચ્છમાં આફ્ટરશોકનું પ્રમાણ અચાનક વધ્યું છે, ખાસ કરીને વાગડ ફોલ્ટ લાઈન પર તેની સંખ્યા વિશેષ રહેવા પામી છે. કચ્છમાં અવિરત આવી રહેલા આંચકાઓને લઈને બૃહદ કચ્છમાં વસતા કચ્છી પરિવારો ભારે ચિંતામાં મુકાયા છે. ■

# કચ્છમાં આપઘાત-અકસ્માતના વિવિધ બનાવોમાં એક પરિણીતા સહિત પાંચ લોકોના અકાળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી જિલ્લા કચ્છમાં બનેલી વિવિધ અપમૃત્યુની ઘટનાઓમાં પાંચ લોકોના અકાળે મોત નીપજ્યાં છે.

ભુજના પ્રમુખસ્વામી નગર, ભચાઉ તાલુકાના કુંભારડી ગામમાં અને કુકમા ખાતે ત્રણ વ્યક્તિઓએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું, જયારે ભુજ તાલુકાના પધ્ધર ગામ નજીક અને મુંદરા તાલુકાના ધ્રબ ગામ પાસે માર્ગ અકસ્માતમાં બે લોકોએ જીવ ખોયો હતો. પોલીસે આપેલી માહિતી મુજબ, ભુજના મુંદરા રોડ પરના પ્રમુખસ્વામી નગર ખાતે આવેલા ઓધવ એવેન્યુમાં પરિવાર સાથે રહેનારો ઉમંગ વિનોદભાઈ માંડવિયા નામનો ૩૪ વર્ષનો યુવક પોતાના ઘરે હતો ત્યારે તેણે કોઈ અકળ કારણે પંખામાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં તેને સારવાર માટે તાત્કાલિક જી.કે. જનરલ હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. જ્યારે પદ્ધર નજીક આવેલી બી.કે.ટી. કંપનીમાં નોકરી કરતો અને માધાપર (નવાવાસ) ખાતે રહેતો પરેશપુરી પ્રવીણપુરી નામનો યુવાન મોટર સાઈકલથી ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે હરિયાણા પાસિંગની ટ્રકે તેને અડફેટમાં લેતાં યુવકને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. હતભાગીને સારવાર નશીબ થાય તે અગાઉ તેણે અંતિમ શ્વાસ લીધા હતા. પદ્ધર પોલીસે માર્ગ અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ આદરી છે. વધુ એક જીવલેણ અકસ્માતનો બનાવ ધ્રબ પાસે બન્યો હતો જેમાં દિલીપસિંહ પ્રવીણસિંહ પલ નામનો ૨૦ વર્ષીય યુવાન તેની મોટર સાઈકલથી જઈ રહ્યો હતો, ત્યારે એક ખાનગી કંપનીના સી.એફ.એસ. નજીક રાજસ્થાની પાસિંગના ટ્રેઈલરના ચાલકે તેને હડફેટે લીધો હતો, જેમાં તેને હાથ-પગ, કમર તથા આંખના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતાં ઘટનાસ્થળે યુવાને દમ તોડી દીધો હતો. મુંદરા પોલીસે ગુનો નોંધી અકસમાત સર્જીને સ્થળ પરથી પલાયન થઇ ગયેલા ટ્રેઈલર ચાલકને પકડવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી છે. અપમૃત્યુનો વધુ એક બનાવ ભચાઉના કુંભારડી ગામના વાડી વિસ્તારમાં બન્યો હતો જેમાં એક વાડીમાં થોડા દિવસ પહેલાં મજૂરીકામ કરવા આવેલા રોહિત કોળી નામના કિશોરે થોડા દિવસો અગાઉ લીમડાના ઝાડ પર પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. લાંબા સમય સુધી કિશોરના દેહ તરફ કોઈનું ધ્યાન ગયું નહોતું. બાદમાં લટકતી લાશ નીચેથી પસાર થતા શ્રમિક પર પડતાં આ બનાવ પ્રકાશમાં આવ્યો હતો. પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે. દરમ્યાન, ભુજ તાલુકાના કુકમા ગામમાં રહેતી વસંતબા દિલીપસિંહ સોઢા (ઉ.વ. ૩૧) નામની પરિણીતાએ કોઈ અગમ્ય કારણે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતેની પોલીસ ચોકીએથી પ્રાપ્ત માહિતી અનુસાર, નવ વર્ષનો લગ્નગાળો ધરાવતી અને બે સંતાનની માતા વસંતબા નામની પરિણીતા પોતાના ઘરે એકલી હતી ત્યારે કોઈ અકળ કારણે પંખામાં બાંધેલી સાડી વડે ટુંપો ખાઈ લીધો હતો. પરિવારના લોકો સારવાર માટે પરિણીતાને નજીકની હોસ્પિટલે લઇ ગયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. પદ્ધર પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

ભાવનગર: ભાવનગરના ઘોઘારોડ, મૈત્રી સોસાયટી નજીક જાહેર રોડ પરથી એલસીબી પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર કબજે કરી એક શખ્સ વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે. એલસીબી પોલીસ સ્ટાફ ગત રાત્રીના સમયે ઘોઘારોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, કમલેશ ઉર્ફે કમો ગોરધનભાઈ બાટીયા (રહે. શીતળા માતાના મંદિર સામે, ચાઇના સોસાયટી, ઘોઘારોડ ભાવનગર) વાળો તેની કારમાં બહારથી ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂનો જથ્થો ભરી ઘોઘારોડ, મૈત્રી સોસાયટી પાસે આવેલા ખોડીયાર પ્રોવિઝન સ્ટોરની સામે જાહેર રોડ પર ઊભો છે. આ બાતમીના આધારે એલસીબી પોલીસે તપાસ કરતા મૈત્રી સોસાયટી પાસે રોડ ઉપર બાતમીવાળી કાર મળી આવી હતી. પોલીસે કારમાં તપાસ કરતા તેની અંદર ભારતીય બનાવટના વિદેશી દારૂની એક લીટરની બોટલ નંગ-૧૦૧, કિં. રૂ.૫૩,૫૩૦ મળી આવી હતી. એલસીબી પોલીસે વિદેશી દારૂ તેમ જ કાર મળી કુલ રૂ.૮,૫૩,૫૩૯નો મુદ્દામાલ કબજે કરી શખ્સ વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે. ■

# ભુજ-ભીમાસર રાષ્ટ્રીય ધોરીમાર્ગના નિર્માણકાર્યમાં ખનીજચોરી પકડાઈ: ૭૫ લાખનો મુદામાલ સીઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ૧ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા ૬૦ કિલોમીટરની લંબાઈ ધરાવતા ભુજ-ભીમાસરના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રકલ્પમાં સતત ત્રીજી વખત ખનીજ તસ્કરી પકડાતાં ચકચાર પ્રસરી જવા પામી છે.

ભુજની ખાણ-ખનીજ વિભાગની ટુકડીએ પૂર્વ બાતમીના આધારે ચુબડક વિસ્તારમાં કરેલી કાર્યવાહીમાં મંજૂરી વિના ખનન પ્રવૃત્તિમાં સામેલ ૭૫ લાખના બે ડમ્પર અને એક હિટાચી કબ્જે કર્યા છે. આ અંગે ભૂસ્તરશાસ્ત્રી ડી.એસ. બારિયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ મહત્વના પ્રકલ્પના ચાલી રહેલા નિર્માણ કાર્યમાં ગેરકાયદે ખનીજચોરી થઇ રહી હોવા અંગે બાતમી મળતાં ગત મોડી રાત્રે તેમની ટુકડીએ ચુબડક વિસ્તારમાં ચોરીછૂપે સેન્ડસ્ટોન ખનીજનું ગેરકાયદે ખનન ચાલુ હતું ત્યારે દરોડો પાડ્યો હતો. ભુજ-ભીમાસર માર્ગનું નિર્માણકાર્ય જી.આર.ઈન્ફ્રાસ્ટ્રક્ચર નામની કંપનીને સોંપવામાં આવ્યું છે તેઓ દ્વારા પેટા કોન્ટ્રાક્ટરને કામ અપાયું છે જેના દ્વારા મશીનરી ગોઠવીને ગેરકાયદે ખનીજ ચોરી કરવામાં આવતી હોવાનું જાણવા મળતાં સ્થળ પરથી એક ખાલી અને એક ભરેલું તેમ જ હિટાચી મળી ૭૫ લાખનો મુદામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે.

નિયમ પ્રમાણે રસ્તાના કામમાં ખનીજના ઉપયોગ અંગે લીઝ મંજૂર કરવામાં આવે છે, પરંતુ ચુબડક વિસ્તારમાં કોઈ લિઝ મંજુર થઈ નથી છતાં ગેરકાયદે ખનન ચાલુ હતું. વાહનો જપ્ત કરી સ્થળ પર માપણી કરવામાં આવી છે જેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ માઇન્સ સુપરવાઇઝર વાય.પી. ગઢવીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજ-ભીમાસર રાષ્ટ્રીય ધોરીમાર્ગના નિર્માણ કાર્યના દોઢ વર્ષમાં ત્રીજીવાર ખનીજ ચોરી સામે આવી છે. ગત જાન્યુઆરી ૨૦૨૩માં વાવડી-ચુબડક વિસ્તારમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી પકડી લેવામાં આવી હતી જેમાં કુલ ૩૨.૦૩ લાખનો દંડ ભરપાઈ કરાવાયો હતો. ત્યારબાદ એપ્રિલ મહિનામાં કુકમા નજીક રસ્તાના કામમાં વપરાતા બે ડમ્પર અને હિટાચી ઝડપી, માપણી કરતા ૧૮.૫૩ લાખની ખનીજચોરી સામે આવી હતી. વારંવાર સામે આવતી ખનીજચોરીને લઇને અનેક સવાલો ઊભા થયા છે. ■